વાર્ષિક લવાજમ
રૂા. ૧૫૦/-

વર્ષ : ૩૮મું
ઓગસ્ટ : ૨૦૧૩
અંક : ૪૨૩

શ્રી કચ્છી જૈન સેવા સમાજ

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર

તંત્રી મંડળ :
અશોક મહેતા મુખ્ય તંત્રી
મનુભાઈ શાહ
દિનેશચંદ્ર મહેતા

મુખ્ય કાર્યાલય
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-કુંદરોડીવાળા)
શ્રી કચ્છી જૈન ભવન
૩૩-૩૪, ધારાસભ્ય મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kutchi_jainamd@hotmail.com • Website : www.kutchijainahd.org

navbharat
sahitya mandir
An icon of literature

બાળસાહિત્ય હોય કે કિશોર સાહિત્ય, યુવાવર્ગ હોય કે પ્રૌઢ વર્ગ
દરેક વર્ગને ઉપયોગી સાહિત્ય અમારી પાસેથી આપને મળી રહેશે.

## નવભારત સાહિત્ય મંદિર પ્રકાશિત પરિવારમાં વસાવવા જેવાં પુસ્તકો

| પુસ્તકનું નામ | લેખક | કિંમત |
|---|---|---|
| કૃષ્ણાયન | કાજલ ઓઝા-વૈદ્ય | ૨૫૦.૦૦ |
| વ્હાલી આસ્થા | કાજલ ઓઝા-વૈદ્ય | ૨૫૦.૦૦ |
| મારી મમ્મી મારા પપ્પા | કાજલ ઓઝા-વૈદ્ય | ૨૦૦.૦૦ |
| પ્રેમનો પાસવર્ડ | અંકિત ત્રિવેદી | ૨૦૦.૦૦ |
| હાર્ટ બીટ | અંકિત ત્રિવેદી | ૧૫૦.૦૦ |
| મૌનની મહેફિલ | હર્ષ બ્રહ્મભટ્ટ | ૧૫૦.૦૦ |
| ખુદને ય ક્યાં મળ્યો છું | હર્ષ બ્રહ્મભટ્ટ | ૧૭૫.૦૦ |
| શબ્દ સાથે મારો સંબંધ | સં. હર્ષ બ્રહ્મભટ્ટ/અનિલ ચાવડા | ૨૫૦.૦૦ |
| સુખ-દુઃખ મારી દૃષ્ટિએ... | સં. અનિલ ચાવડા | ૪૦૦.૦૦ |
| એક હતી વાર્તા | અનિલ ચાવડા | ૧૨૫.૦૦ |
| કોફીબ્રેક | તુષાર શુક્લ | ૮૫.૦૦ |
| લેમન ટી | તુષાર શુક્લ | ૧૨૦.૦૦ |
| નરેન્દ્ર મોદીની જીવનકથા | આદિત્ય વાસુ | ૨૦૦.૦૦ |
| ધ પ્રોફેશનલ: સુબ્રોતો બાગ્ચી | અનુ. આદિત્ય વાસુ | ૨૨૫.૦૦ |
| રહસ્યની પેલે પાર | રોન્ડા બર્નબી | ૩૯૫.૦૦ |
| સમગ્ર મરીઝ | સં. રાજેશ વ્યાસ 'મિસ્કીન' | ૪૦૦.૦૦ |
| સ્વસ્થ હૃદય સ્વસ્થ શરીર | ડૉ. વિવેક કે. મેહતા | ૧૫૦.૦૦ |

| પુસ્તકનું નામ | લેખક | કિંમત |
|---|---|---|
| યુ કેન હીલ યોર લાઈફ | અનુ. આદિત્ય વાસુ | ૨૫૦.૦૦ |
| જસ્ટ એક મિનિટ ભા. ૧-૨ | રાજુ અંધારિયા | ૩૦૦.૦૦ |
| તમે... સફળતાના શિલ્પી | રાજુ અંધારિયા | ૧૫૦.૦૦ |
| ચિંતનને ચમકારે | કૃષ્ણકાન્ત ઉનડકટ | ૨૦૦.૦૦ |
| અવિસ્મરણીય ભા. ૧-૨ | ઈશા-કુન્દનિકા | ૫૦૦.૦૦ |
| સાત પગલાં આકાશમાં | કુન્દનિકા કાપડિયા | ૩૨૫.૦૦ |
| પ્રેમ તારો, મારો અને આપણો | ડૉ. હંસલ ભચેચ | ૨૯૫.૦૦ |
| પણ હું તો તને પ્રેમ કરું છું | ડૉ. હંસલ ભચેચ | ૨૫૦.૦૦ |
| દીકરી વહાલનો દરિયો | સં. વિનોદ પંડ્યા-કાન્તિ પટેલ | ૨૪૦.૦૦ |
| દીકરી એટલે દીકરી | કાન્તિ પટેલ | ૩૩૦.૦૦ |
| સફળતાનાં સ્વાતિબિંદુ | દીપક કાશીપુરિયા | ૧૫૦.૦૦ |
| તારક મહેતાના ઊંધા ચશ્મા | તારક મહેતા | ૧૪૦.૦૦ |
| પીડામાંથી પ્રેરણા | કાન્તિ ભટ્ટ | ૯૦.૦૦ |
| થિન્ક એવરેસ્ટ | અતુલ કરવલ/અનિતા કરવલ | ૩૨૫.૦૦ |
| ચિંતનની વિસ્તરતી ક્ષિતિજો | હર્ષદ પ્ર. શાહ | ૧૮૦.૦૦ |
| મનદુરસ્તી | ડૉ. પ્રશાંત ભીમાણી | ૨૦૦.૦૦ |
| સફળતાનો મંત્ર | કિશોર મકવાણા | ૧૯૫.૦૦ |

**નવભારત સાહિત્ય મંદિર**
૨૦૨, પેલિકન હાઉસ, આશ્રમરોડ, અમદાવાદ
ફોન : (૦૭૯) ૨૬૫૮૦૩૬૫, ૨૬૫૮૩૭૮૭
પતાસા પોળની સામે, ગાંધી રોડ, અમદાવાદ
ફોન : (૦૭૯) ૨૨૧૩૨૯૨૧, ૨૨૧૩૯૨૫૩

**આપને મનગમતાં કોઈ પણ પુસ્તક માટે સંપર્ક કરો તથા અમારે બે સેન્ટ્રલ એ.સી. શો-રૂમની મુલાકાત લો.**

Like us on :
e-mail : nsm@navbharatonline.com web : www.navbharatonline.com

BHARAT B. GALA
NAVINCHANDRA D. DEDHIA

SRE

Raju
ENTERPRISE

**RE-ROLLING / S.S. PATTA - PATTI**

179 & 323, Unit-2, G.V.M.M., Odhav, Ahmedabad - 382 415.
Telefax : 2290 0896, 2290 0300 Mob. : 93270 05460, 80006 05460

# Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

# We Provide

- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



**Corporate Office :**

**Deep Industries Limited**

6th Floor, N.G. Tower, Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

**Registered Office :**

**Deep Industries Limited**

Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com

BVQi UKAS QUALITY MANAGEMENT

AN ISO 9001 - 2000 COMPANY

IADC

# કેર ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીઝ

**સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર**

**મલ્ટી–સુપર સ્પેશિયાલીટી ગ્રીન હોસ્પિટલ**

**આપનો વિશ્વાસ...અમારી સારવાર**

**કેર ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાઇન્સીઝ એ અમદાવાદના હાર્દસમા વિસ્તારમાં ૧૫૦ બેડ ધરાવતી અતિ આધુનિક ઉપકરણોથી સજ્જ એક અદ્વિતિય મલ્ટી સ્પેશિયાલીટી હોસ્પિટલ છે.**








## હૃદયની સર્જરી ફક્ત ૩–૪ ઇંચના કાપાથી

**મિનીમલી ઈન્વેઝીવ કાર્ડિયાક સર્જરી (MICS)**




MICS ના અત્યાધુનિક સાધનોથી સુસજ્જ પશ્ચિમ ભારતની પ્રથમ હોસ્પિટલ

આ હૃદય રોગ સર્જરી (MICS) ના ફાયદા:

ઝડપી રીકવરી ● વહેલા ડિસ્ચાર્જ ● ઓછો દુ:ખાવો ● કોસ્મેટીક ફાયદો

**ક્લાસ ૧૦૦ લેમીનાર એરફ્લો મોડ્યુલર ઓપરેશન થીયેટર્સ**

### ૩૦૦૦ થી વધારે હૃદયની સર્જરીનો અનુભવ ધરાવતી કાર્ડિયાક સર્જરી ટીમ

- બાયપાસ સર્જરી
- નબળા અને પહોળા હૃદય માટેની વિશેષ પ્રકારની સર્જરી (SVR)
- વાલ્વ રિપેર અને રિપ્લેસમેન્ટ સર્જરી
- નાના ચેકાવાળી ઓપન હાર્ટ સર્જરી
- પીડિયાટ્રીક કાર્ડિયાક સર્જરી
- થોરાસીક સર્જરી
- મગજ અને હાથ-પગની ધમનીઓની સર્જરી
- વાસ્ક્યુલર સર્જરી

### સીમ્સ કાર્ડિયોલોજી ટીમની સિદ્ધિઓ

- ૨૫ વર્ષથી વધારે અનુભવ ધરાવતી ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજી ટીમ
- ૧૫૦૦૦ થી વધારે એન્જિયોપ્લાસ્ટી અને ૫૦૦૦૦ થી વધારે એન્જીયોગ્રાફીનો અનુભવ
- ઇન્ડિયાની અગ્રણીય ટીમ દ્વારા ૨૪ x ૭ કાર્ડિયોલોજીની સેવાઓ
- પશ્ચિમ ભારતમાં સૌપ્રથમ ચાર કાર્ટો-૩ સીસ્ટમ - હૃદયના અનિયમિત ધબકારા ચાલુ કરી માટે
- સ્ટેન્ટ/સર્જરીની જરૂર ન હોય ત્યાં દવા, કસરત, યોગ દ્વારા સારવાર
- પ્રથમવાર પીડિયાટ્રીક કાર્ડિયાક ઇન્ટરવેન્શનલ અને સર્જીકલ યુનિટ નિષ્ણાંત ટીમ સાથે

## સીમ્સ કાર્ડિયાક ટીમ

**કાર્ડિયાક સર્જન**

ડૉ. ધીરેન શાહ (સંભીયા) (મો) +૯૧-૯૮૨૫૫ ૭૫૯૩૩
ડૉ. ધવલ નાયક (મો) +૯૧-૯૦૯૯૯ ૧૧૧૩૩

**કાર્ડિયાક એનેસ્થેટીસ્ટ**

ડૉ. નિરેન ભાવસાર (મો) +૯૧-૯૮૭૯૫ ૭૧૯૧૭
ડૉ. હિરેન ધોળકિયા (મો) +૯૧-૯૫૮૬૩ ૭૫૮૧૮

**પીડિયાટ્રીક કાર્ડિયોલોજી**

ડૉ. કશ્યપ શેઠ (મો) +૯૧-૯૯૨૪૬ ૧૨૨૮૮
ડૉ. મિલન ચગ (મો) +૯૧-૯૮૨૪૦ ૨૨૧૦૭

**નીઓનેટોલોજીસ્ટ અને પીડિયાટ્રીક ઇન્ટેન્સીવીસ્ટ**

ડૉ. અમિત ચિતલીયા (મો) +૯૧-૯૦૯૯૯ ૮૭૪૦૦

**કાર્ડિયાક ઇલેક્ટ્રોફિઝિયોલોજીસ્ટ**

ડૉ. અજય નાઈક (મો) +૯૧-૯૮૨૫૦ ૮૨૬૬૬

**કાર્ડિયોલોજીસ્ટ**

ડૉ. અનિશ ચંદારાણા (મો) +૯૧-૯૮૨૫૦ ૯૬૯૨૨
ડૉ. અજય નાઈક (મો) +૯૧-૯૮૨૫૦ ૮૨૬૬૬
ડૉ. સત્ય ગુપ્તા (મો) +૯૧-૯૯૨૫૦ ૪૫૭૮૦
ડૉ. ગુણવંત પટેલ (મો) +૯૧-૯૮૨૪૦ ૬૧૨૬૬
ડૉ. કેયૂર પરીખ (મો) +૯૧-૯૮૨૫૦ ૨૬૯૯૯
ડૉ. મિલન ચગ (મો) +૯૧-૯૮૨૪૦ ૨૨૧૦૭
ડૉ. ઉર્મિલ શાહ (મો) +૯૧-૯૮૨૫૦ ૬૬૯૩૯
ડૉ. હેમાંગ બક્ષી (મો) +૯૧-૯૮૨૫૦ ૩૦૧૧૧
ડૉ. જોયલ શાહ (મો) +૯૧-૯૮૨૫૩ ૧૯૬૨૫
ડૉ. રવિ સિંઘવી (મો) +૯૧-૯૮૨૫૧ ૪૩૯૭૫

**CIMS®**
Care Institute of Medical Sciences

સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ,
સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.
ફોન :+૯૧-૭૯-૨૭૭૧ ૨૭૭૧-૭૫ (૫ નંબર)
મો : +૯૧-૯૮૨૫૦૬૬૬૬૪, ૯૮૨૫૦૬૬૬૬૮
એપોઇન્ટમેન્ટ માટે ફોન : +૯૧-૭૯-૩૦૧૦ ૧૨૦૦, ૩૦૧૦ ૧૦૦૮
મોબાઈલ: +૯૧-૯૦૯૯૦ ૬૬૫૪૦
ઇમેલ : opd.rec@cims.me વેબ : www.cims.me

**એમ્બ્યુલન્સ અને ઇમરજન્સી :**
**+૯૧-૯૮૨૪૪ ૫૦૦૦૦, ૯૭૨૩૪ ૫૦૦૦૦, ૯૦૯૯૦ ૧૧૨૩૪**



# જીવદયાપ્રેમીઓ દાનવીર દાતાઓ



## આપના અમૂલ્ય દાનની સરવાણીનો મોટો પ્રવાહ પાંજરાપોળો તરફ વાળો

- આપનો કે આપના પરિવારજનોનો, બાળકોનો જન્મદિવસ.
- લગ્નદિવસ, લગ્નતિથીની ઉજવણી, લગ્નના ૨૫ કે ૫૦ વર્ષની ઉજવણી.
- આપની જીંદગીના ૫૦/૭૫ વર્ષની ઉજવણી.
- આપના સ્વજનની પૂણ્યતિથી, દેવ-દેવીના પહેડી પ્રસાદનો દિવસ વગેરે પ્રસંગોને નિરાધાર-મુંગા જીવો માટે અભયદાનનો અવસર બનાવો.
- વર્તમાનકાળે પાંજરાપોળોને મુશ્કેલ પરિસ્થિતિ ઉદ્‌ભવી છે.
- વધુ વરસાદના કારણે લીલા દુકાળની પરિસ્થિતિ ઉદ્‌ભવી છે.
- ઘાસ-ચારા-દાણખાણના ભાવ વધતા જાય છે. ખુબ તંગી વર્તાય છે.
- હાલમાં પરિસ્થિતિ વિકટ છે તો ઉનાળામાં શું થશે ? પરિસ્થિતિ વધુ બગડશે.
- વધતા જતા વહિવટી ખર્ચ-મોંઘવારી અને ઘટતા જતા વ્યાજદરથી બે પાસા ભેગા કરવા મુશ્કેલ બન્યા છે.
- દરેક પાંજરાપોળોના બજેટખર્ચ દોઢાથી બમણા થઈ જવાની શક્યતા છે.
- વર્તમાનકાળમાં નવા નવા કતલખાના ખોલાતા પાંજરાપોળોની જરૂરિયાત વધી છે.
- યાંત્રિકરણ, શહેરીકરણ, વાહન વ્યવહાર વધવાથી પશુઓનો વપરાશ ઘટતો જાય છે.
- ચરિયાણ ગૌચરની જમીનો ઉદ્યોગોને અપાતા મોંઘી થતી જાય છે.
- ખેતીની પેદાશમાં રોકડીયા પાક તરફ ખેડૂતોનું વલણ વધી ગયુ છે. ચરિયાણ ગૌચર જમીનો પર દબાણ થતા જાય છે.
- ખેડૂતો તરફથી ભેટમાં મળતું ઘાસ ઓછું થવા લાગ્યું છે.
- આપણો વસવાટ શહેરોમાં થતા પશુઓ પ્રત્યે દયા-ભાવના લાગણી ઘટી છે.
- માંસાહારનો પ્રચાર વધતા, માંસની નિકાસ વધતા પશુઓની બેફામ કતલ વધી છે.
- પશુ બચશે તો દેશ બચશે, ખેતી બચશે, પર્યાવરણ બચશે, ગરીબી, ભૂખમરો ઘટશે.

કચ્છની કોઈપણ ૮૦ પાંજરાપોળમાં દાન મોકલવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકશો,
લિસ્ટ મંગાવી શકશો અથવા પ્રતિનિધીને રૂબરૂ બોલાવી લેશો.

### શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)

કાર્યાલય : શ્રી આશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પલેક્ષ, પહેલા માળે, ઓફિસ નં. ૧૨૭/૧૩૦. ભુજ-કચ્છ (ગુજરાત) ૩૭૦ ૦૦૧.

ભુજ ઓફિસ : ૦૨૮૩૨-૨૨૭૩૦૪. મો. ૦૯૯૦૪૮ ૩૧૫૧૪ (શ્રી ભરતભાઈ સેંઘરવા)

**સૌજન્ય દાતા : દીપક તથા ગીરીશ ધારશી માલશી ભેદા - મોખા (થાણા)**

: મુંબઈ ઓફિસ :

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)

૩૦૭/૩૧૧, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેન્શન, ગોકુલધામ હોટલની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪.

ટે. નં. ૨૩૮૧૩૭૩૩ / ૬૬૩૮૦૫૦૦. મો. ૯૯૨૦૨ ૯૮૭૨૬ / ૯૯૧૩૯ ૫૩૮૫૬

# ROMAN GROUP

## Give Your Society The Best!



Pest Control



Water Purifier



Water Proofing



Building Facilities



Silicon Acrylic Paint



Water Treatment Plant



Rain Water Harvesting



Solar Water Heating Systems



Tank And Ringwell Cleaning



Property Redevelopment And solutions



Landscaping And Play Equipment For Gardens

**Roman Group of Companies**
Sant Villa, Road No. 2, Juhu Scheme, Vile Parle (W), Mumbai - 400056
Tel: +91 22 6152 2400 / 6692 6166 / 67 / 68
Email Id: info@romangroup.in
**www.romangroup.in**

છેલ્લા ૩૮ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**

અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી
મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)
દિનેશચંદ્ર રતિલાલ મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**વિવિધ વિભાગો**

**વલોવતન**

દિનેશ આર. મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**સાર સમાચાર**

શાંતિલાલ સંઘવી

**બાલુડેં જ્યું ગાલિયું**

ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)

**સુડોકુ અને શબ્દ રમત**

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

*લેખ* — *લેખક પાના નં.*

● તંત્રી લેખ :
૬૭મા આઝાદી પર્વની શરૂઆતના સમયે વિચારણા કરીએ.................... અશોક મહેતા........૯

● ત્યાગ, તપ અને ક્ષમાપનાનું મહાપર્વ – પર્યુષણ ............................ પ્રા. સૂર્યકાંત ભટ્ટ..... ૧૧

● આગામી કાર્યક્રમોની એક ઝલક ................................................................................. ૧૨

*લેખ વિભાગ :*

**કચ્છ**

● કચ્છનું પુરાતત્ત્વ .................................................................. મુનિ વિદ્યાવિજયજી..... ૧૩

● લાખા ફુલાણીનો ઘોડો પબુબસર
કચ્છની રસધાર : મણકો-૧૨ ...................................................... દુલેરાય કારાણી..... ૧૬

● કચ્છમાં જૈન ધર્મના પ્રસારમાં અને પ્રજા કલ્યાણ ક્ષેત્રે શ્રેષ્ઠીઓનો ફાળો
કચ્છમાં જૈન સંસ્કૃતિ – એક દૃષ્ટિપાત : મણકો-૩ ........................... ડૉ. નીતા ઠાકર..... ૧૭

● કચ્છ રાજ્યનું મહેસૂલી તંત્ર ............................................................ નરેશ અંતાણી..... ૨૫

**માહિતી**

● કચ્છની મીઠી મધુરી ખારેક .................................................. માણેક એમ. સંગોઈ..... ૨૮

● હરખાઓ, નર્મદા બંધ પૂર્ણ થયો
હવે સિંચાઈની ચિંતા કરીએ ............................................................... વિદ્યુત જોષી..... ૩૦

**વિચાર મંથન**

● પગથી પગદંડી ને પથ ......................................................... ડૉ. ગિરીશ વીછીવોરા..... ૩૩

● જૈન એકતા ........................................................................................ ધનવંત શાહ..... ૩૫

**વિચાર વિમર્શ**

● મારા સ્વપ્નનું ભારત (માધ્યમ) ........................................................ યાસીન દલાલ..... ૩૮

**કૃષિ**

● કૃષિમાં અગત્યનું પરિબળ – મૂલ્યવૃદ્ધિ .................................. દિનેશભાઈ વઘાસિયા..... ૪૧

**સમાજની ક્ષિતિજો**

● "હમસફર"
સંભારણાની સફર : મણકો-૪..................... ડૉ. સુધા મૂર્તિ (અનુવાદ : સોનલ મોદી)..... ૪૪

● ધર્મમાં શ્રદ્ધાનો શંખ વાગવો જોઈએ, પોલીસની સાયરન નહીં! .............. દિનેશ પાંચાલ..... ૪૬

● ઉત્તરાખંડનો વિનાશ ............................................................................ લાલ રાંભિયા..... ૪૮

● ધાર્મિક બનવું છે? પ્રકૃતિ જોડે નાતો જોડો ............................................ એલ. ડી. શાહ..... ૪૯

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા
ઘર : ૩૦૧૫ ០૦૨૨, મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી કાંતિલાલ વેલજી સાવલા
ઘર : ૨૬૫૬૩૩૩૩/૨૬૪૪૯૯૪૪
મો. ૯૮૨૫૦ ૩૬૬૫૧

**ઉપપ્રમુખ-૨**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**માનદ્ મંત્રી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૨૬૪૦૫૦૪૭, ઓ. : ૨૬૪૦૧૭૩૫/૪૨
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**સહમંત્રી**
શ્રી દિનેશ રતિલાલ મહેતા
ઘર : ૨૬૬૭૦૨૪૬
મો. ૯૯૨૪૩ ૪૨૬૨૮

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (ઘર) ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## ઇતિહાસ


- સરદાર ઉધમસિંહ — ફાંસીના વરરાજાઓ : પ્રકરણ-૬ .......... સ્વામી શ્રી સચ્ચિદાનંદજી..... ૫૦
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ..... સંકલન : પ્રતાપ નારાણજી દંડ..... ૫૨ પ્રકરણ-૨૦


## સંસ્થા / વ્યક્તિ વિશેષ


- વિકલાંગોને જીવતા દેવ માનતા ઉદ્યોગપતિ............................ કિરણ ચાંપાનેરી 'સેતુ'..... ૫૫
- ગાંધીજી ................................................................................ શાંતિલાલ સંઘવી..... ૫૭
- કચ્છના મૂર્ધન્ય સાહિત્યકાર — ડૉ. ધીરેન્દ્રભાઈ મહેતા .................... પ્રા. સૂર્યકાંત ભટ્ટ..... ૫૮


## પર્યટન


- હિંદુઓના સાત પવિત્ર સ્થળો પૈકીનું એક 'ટેમ્પલ ટાઉન' હરિદ્વાર....... સંજય પી. ઠાકર..... ૫૯


## તંદુરસ્તી


- પ્રસૂતિ બાદ હતાશાની બીમારી..........................ડૉ. મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ શાહ (ગડા) ...... ૬૧


## વાર્તા


- માતૃત્વની મનેય ઝંખના છે પણ... ............................................... ડૉ. ઊર્મિલા શાહ..... ૬૩


## હળવાશની ક્ષણોમાં


- બાલુડેં જયું ગાલિયું .......................................સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા..... ૬૫


## નિયમિત વિભાગો


- આંજો કાગર....................................................................................... ૬૭
- અન્ય સંસ્થાઓના સમાચાર ................................................................... ૭૦
- 'મંગલ મંદિર' — પ્રાપ્ત થયેલાં લવાજમ ...................................................... ૭૬
- સાર સમાચાર........................................................ સંકલન : શાંતિલાલ સંઘવી..... ૭૭
- શબ્દ રમત-૮૫....................................................... સંકલન : રજનીકાંત પારેખ..... ૭૯
- સુડોકુ — ૧૦૪૧ ..................................................... સંકલન : રજનીકાંત પારેખ..... ૮૧
- જાણવા જેવું .......................................................... સંકલન : રજનીકાંત પારેખ..... ૮૩
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લાઈબ્રેરીને ભેટ મળેલ પુસ્તકો — સાભાર સ્વીકાર ..................................... ૮૪
- વલોવતન............................................................ સંકલન : દિનેશ આર. મહેતા..... ૮૫
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ — વાર્ષિક સ્નેહ મિલન તથા ક્ષમાપના કાર્યક્રમ : નિમંત્રણ ....... ૮૭
- સમાજ દર્પણ....................................................................................... ૮૮
- સંસ્થા સમાચાર.................................................................................... ૮૯
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ.......................................... ૯૨
- ઊડતી નજરે ....................................................................................... ૯૪


Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## ૬૭મા આઝાદી પર્વની શરૂઆતના સમયે વિચારણા કરીએ

*– અશોક મહેતા*

૧૫ ઓગસ્ટ, ૧૯૪૭થી ૧૫ ઓગસ્ટ, ૨૦૧૩. આપણી આઝાદીને ૬૬ વર્ષ પૂરા થયા. અગાઉના વર્ષોમાં રાજાશાહી, ત્યારબાદ મોગલશાહી અને ત્યારબાદ અંગ્રેજ ગુલામગીરીથી પ્રજા આઝાદ થઈ. પ્રથમ વખત જ લોકશાહી આવી. વાતાવરણમાં સ્વતંત્રતાનો નાદ ગુંજી ઉઠ્યો. સહુ ખુશખુશાલ હતા. ભારત સ્વતંત્ર દેશ બન્યો. પ્રજાની ઉન્નતિના દ્વાર ખૂલી ગયા.

લોકોના મનમાં અનેક શમણા આવ્યા. વિકાસના મનોરથો સેવાયા. પ્રજાના દુઃખભર્યા દિવસો દૂર થશે. દરેક વ્યક્તિ સુખના સ્વપ્નો જોવા લાગી. વાતાવરણમાં આનંદ આનંદ વ્યાપી રહ્યો.

એ પળને આજે ૬૬ વર્ષના વહાણા વીતી ગયા. આ ૬૬ વર્ષમાં આપણે ઘણું ઘણું મેળવ્યું. ઘણી દિશાઓમાં પ્રગતિ સાધી. અનેક ક્ષેત્રે હરણફાળ ભરી. વાતાવરણ બદલાયું. રહેણીકરણી બદલાઈ, વિચારતંત્ર બદલાયું. પરંતુ આમ આદમી સુખી થયો કે નહીં? થોડું અવલોકન કરીએ.

સમગ્ર દેશ ઉદ્યોગોથી ચારેબાજુ ધમધમી ઉઠેલ છે. શિક્ષણના ક્ષેત્રમાં પણ સારો એવો વિકાસ સાધેલ છે. આરોગ્ય ક્ષેત્રે પણ પ્રગતિ સાધેલ છે. ૪૨ની સરેરાશ ઉંમર ૬૨ વર્ષે પહોંચેલ છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે પણ આપણે વિકાસ સાધી શકેલ છીએ. જીવનના દરેક ક્ષેત્રમાં આપણે પ્રગતિના સોપાન સર કરતા હોઈએ એવું દેખાય છે.

પરંતુ પ્રશ્ન એ છે કે શું આ વિકાસ સમતોલ છે? અને તેનાથી શું આ સમાજની નૈતિકતાના ધોરણનો પણ વિકાસ થયેલ છે? સ્પષ્ટપણે કહી શકાય કે આ વિકાસ સમતોલ નથી અને તેની સાથે સાથે નૈતિકતાના ધોરણો પણ ઊંચે આવેલ નથી. આર્થિક દૃષ્ટિએ ભારતના બે ભાગલા પડી ગયા હોય તેવું દેખાય છે. એક ભાગ ભારત છે અને બીજો ભાગ ઈન્ડિયા. દેશની ૮૦ ટકા પ્રજા આજે ભારત છે. આ પ્રજા હાડમારીનું જીવન જીવી રહેલ છે. તેઓ બે ટંક ભોજન પણ નથી પામી શકતા. તેની સામે દેશની ૨૦ ટકા પ્રજા ઈન્ડિયા છે. તેઓ સુખી છે અને લીલા લહેરથી તેમની જિંદગી વિતાવી રહેલ છે. તેઓના કારણે હોટેલો, સિનેમા ગૃહો, નાટ્યગૃહો, ભરચક જાય છે. ઈન્ડિયાવાળાને ભારતના લોકોની કંઈ જ પડી નથી. તેઓ પોતાની મોજમજામાં જ વ્યસ્ત છે. આ વિકાસને સાચો અને સમતોલ વિકાસ કઈ રીતે કહી શકાય? આ દેશનું સંચાલન હાલે અવ્વલ નંબરના અર્થશાસ્ત્રીઓ કરે છે છતાં આ પરિસ્થિતિનું નિર્માણ થવા પામેલ છે. હાલે તો આનો કોઈ ઈલાજ દેખાતો નથી. સસ્તામાં અનાજ આપવું કે અન્ય ખેરાતો કરવી તે આ પરિસ્થિતિનો ઈલાજ નથી. સમતોલ વિકાસ માટે સર્વગ્રાહી નિરીક્ષણ કરવું ખૂબ જ જરૂરી છે. ઉદ્યોગો જેટલું જ ખેતીને પણ મહત્ત્વ આપવું જોઈએ અને તો જ કદાચ સમતોલ વિકાસ સાધી શકાશે.

જ્યાં લગી નૈતિક વિકાસનો સવાલ છે ત્યાં લગી આપણે કહી શકીએ કે મોટાભાગના લોકો નૈતિક જીવનથી જોજનો દૂર છે. જ્યાં લગી આપણે પ્રજાને નૈતિક નહીં બનાવી શકીએ ત્યાં લગી સાચા ભારત દેશનું નિર્માણ નહી સાધી શકીએ.

એક અન્ય હકીકત પ્રત્યે પણ અવલોકન કરવું જરૂરી છે. ૬૬ વર્ષ પછી આપણે આપણા હક્કો અને ફરજો પ્રત્યે કેટલા સભાન બન્યા? અવલોકન કરતાં એવું જણાય છે કે હક્કો પ્રત્યે દરેક વ્યક્તિ લડી લેવા માગે છે જ્યારે તે જ વ્યક્તિ પોતાની ફરજ પ્રત્યે બિલકુલ સભાન નથી. સમતોલ વિકાસ માટે આ પણ એક દુઃખદાયક બીના છે. હક્ક અને ફરજ એમ જીવનના બંને પાસા નિભાવવામાં ન આવે તો સમતોલ વિકાસ શક્ય નથી. સરકારી કે કોર્પોરેટ ક્ષેત્રની વ્યક્તિ ઈ.એસ.આઈ., પી.એફ., પ્રિવિલેજ લીવ, હક્ક રજા, બોનસ વગેરે પ્રત્યે – પોતાના હક્ક પ્રત્યે - ખૂબજ સભાન હશે પરંતુ ૮ કલાક પ્રામાણિકતાપૂર્વક કામ કરવા માટે એકદમ બેદરકાર છે. સરકારી બાબુઓ ગમે તેવા પ્રશ્નો ઊભા કરી, લોકોને ધક્કા ખવડાવ્યા કરે છે. ન્યાયિક કામમાં પોતાના વર્તનથી અડચણો ઊભી કરે છે, કોઈપણ ફાઈલ યોગ્ય સમયે ક્લિયર કરવામાં આવતી નથી, કોર્ટના જજો પણ સમયસર ન્યાય આપવામાં ઉણા ઊતરે છે, પોલીસ ખાતું યોગ્ય ફરિયાદો લેવામાં નનૈયા ભણે છે. તપાસ પંચો નિયત સમયમાં પોતાના અવલોકનો આપતા નથી. આર.ટી.આઈ.ના પ્રશ્નોમાં પણ પ્રામાણિક જવાબો આપવામાં ઠાગાઠૈયા કરવામાં આવે છે.

*લાગણીભર્યો વ્યવહાર સફળતા અપાવે.*

દરેક ક્ષેત્રે જે તે વ્યક્તિ પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવતી નથી. આ બધી જ વિગતોથી સામા પક્ષને અનહદ નુકસાન થાય છે. પરિણામે સમતોલ અને નૈતિક વિકાસથી આપણે જોજનો દૂર રહીએ છીએ.

પ્રજા માનસનું પણ નિરીક્ષણ કરી લઈએ. રસ્તા પર ગમે ત્યાં કચરો ફેંકવામાં આપણને કોઈ શરમ નડતી નથી. ભરચક ટ્રાફિકમાં પણ હોર્ન વગાડી વગાડી વોઈસ પોલ્યુશનમાં નાહકનો ઉમેરો કરીએ છીએ. અન્યની પરવા કર્યા વગર આડેધડ બાઈક કે ગાડી ચલાવીએ છીએ. ચાર રસ્તા પર સિગ્નલ ન મળ્યું હોય છતાં પણ ઝીબ્રા લાઈનથી ખૂબ જ આગળ નીકળી જઈએ છીએ. જેમના અભ્યાસ પાછળ દેશે સારો એવો ખર્ચ કરેલ હોય (કે જે પૈસા પ્રજાની પસીનાની કમાણી પર ટેક્ષ સ્વરૂપે સરકારે ઉઘરાવેલ હોય) છતાં પણ ડિગ્રી મેળવ્યા બાદ પોતાની ઉન્નતિ અર્થે વિદ્યાર્થીને પરદેશ જવામાં કોઈ હિચકિચાટ તો નથી પરંતુ તેની પાછળ થયેલ ખર્ચના વળતર આપવાની પણ ચિંતા નથી. એ જ રીતે ડૉક્ટરની પદવી મેળવ્યા પછી લાચાર પ્રજાને ચીરી નાખવામાં કોઈ શરમ નડતી નથી. છતના સમયે સંગ્રહ કરીને અછતના સમયે મોં માગ્યા દામ લેનાર વેપારીનું અસ્તિત્વ આજે પણ ઠેર ઠેર દેખાય છે. ચાલીસેક વર્ષ પહેલાં 'રેલવે પ્લેટફોર્મ' નામનું એક પિક્ચર આવેલું. એક નાના સ્ટેશને ૨૪ કલાક માટે ગાડી અટકી ગઈ. મુસાફરો દરેક બાબતે પરેશાન હતા. તે સમયે ત્યાંના ઈજારદારોએ પ્રવાસીઓને લૂંટવામાં કોઈ કમી દાખવેલ ન હતી. મોં માગ્યા ભાવે પાણી પણ વેચ્યું હતું. આજ પરિસ્થિતિ હાલે કેદારનાથની અતિવૃષ્ટિમાં જોવા મળી.

આ લખનારનો અનુભવ છે. ૧૦ જુલાઈ, ૨૦૧૩ના સવારમાં અમદાવાદથી મુંબઈ સેન્ટ્રલ પહોંચ્યા. આગલી રાત્રે ત્યાં પુષ્કળ વરસાદ હતો. ટેક્ષીવાળાએ રૂા. ૨૫૦/-ના સ્થાને રૂા. ૬૦૦/- માંગ્યા. તેનાથી પણ વધુ ખરાબ અનુભવ પાછા આવતા થયો. ૧૩ જુલાઈ, ૨૦૧૩ના રાત્રે મુંબઈથી અમદાવાદ ઍરપોર્ટ પર ઉતર્યા. એ જ દિવસે અમદાવાદમાં ૪'' થી ૬'' વરસાદ થયેલ. ઠેર ઠેર પાણી ભરાયેલ હતા. ઍરપોર્ટ પર તેનો લાભ લેવામાં આવ્યો. પ્રિ-પેઈડ ટેક્ષી બુથ પરથી સામાન્ય રીતે રૂા. ૫૦૦/-માં મળતી ટેક્ષી પ્રહલાદનગર રૂા. ૨૮૦૦/-માં, સેટેલાઈટ રૂા. ૨૪૦૦/-માં, આઈ.આઈ.એમ. રૂા. ૧૮૦૦/-માં ગઈ. મુસાફરોને ઘરે પહોંચવા બીજો વિકલ્પ ન હતો. તેથી તેઓ લૂંટાયા. લૂંટાયા એટલા માટે કે બુથ પરની વ્યક્તિ, પોલીસ વગેરે બધા જ આ કામગીરીમાં સામેલ હતા. ટેક્ષી ડ્રાઈવર રૂઆબથી વાત કરતા હતા કે એક રાતમાં રૂા. ૧૦,૦૦૦/-ની રોકડી કરી લેશું! આવા તો અનેક દાખલા ડગલે ને પગલે મળી રહેશે કે જેનો સૂચિતાર્થ આપણે આપણી ફરજોથી અને નૈતિકતાથી કેટલા જોજનો દૂર છીએ તે દાખવે છે. અહીં કોઈ સ્થળે સરકાર આવતી નથી કે આપણે તેનો દોષ દાખવીને છટકી શકીએ. આ તો પ્રજાની દરેક વ્યક્તિનો અન્ય વ્યક્તિ સાથેનો વ્યવહાર છે.

કોણ સમજાવશે આ નાગરિકોને કે મુશ્કેલીના સમયે પ્રજાને મદદ કરવા તમારી નૈતિક ફરજ શું છે? છાસવારે હક્કો માટે દોડતા દરેક નાગરિકને તેઓની ફરજ અને નિષ્ઠા માટે છેલ્લા ૬૬ વર્ષમાં આપણે સુસંસ્કૃતતાના પાઠ ભણાવી શકેલ જ નથી! આજની કાર્યપદ્ધતિ નૈતિકતાના પાઠ ભણાવવાથી જોજનો દૂર છે.

આઝાદીના ૬૬ વર્ષ બાદ આપણે નિરીક્ષણ કરીએ તો આર્થિક અને નૈતિક રીતે દેશની ઉન્નતિ સાધવામાં સત્તાક્ષેત્ર એટલે કે સરકાર સંપૂર્ણપણે નિષ્ફળ રહેવા પામેલ છે. જ્યાં લગી દેશની નૈતિકતાનો સવાલ છે – હક્ક અને ફરજોનો સવાલ છે – ત્યાં લગી આ ક્ષેત્રે દરેક ગામનું કે શહેરનું મહાજન ફરી સક્રિય બની શકે. આ બાબતે મહાજને આગળ આવવું જ રહ્યું. મહાજન એટલે જે-તે ગામના આગેવાન નાગરિકો. આ દેશમાં મહાજન પ્રથાનો ભૂતકાળ ભવ્ય રહેવા પામેલ છે. આ મહાજન પ્રથાને જો આપણે ફરી સક્રિય કરી શકીએ તો તેના દ્વારા નૈતિક જીવનધોરણ જરૂરથી ઉપર લાવી શકીશું. અને જો પ્રજા એક વખત નૈતિક મૂલ્યોમાં બેમિસાલ બની શકે તો આર્થિક ઉન્નતિ આવતા સમય નહીં લાગે.

૧૫ ઓગસ્ટ, ૨૦૧૩થી શરૂ થતાં ૬૭મા આઝાદી પર્વે આપણે આ બાબતે વિચારવું જરૂરી છે.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૪૨૮૦ ૪૦૨૬૧*

**અમદાવાદને હરીયાળું બનાવો અને વૃક્ષો ઉગાડો.... તમારા શહેરને સુંદર અને લીલુંછમ બનાવો....**

તમારા ઘર / બંગલા પાસે, સોસાયટી પાસે કે તમારી દુકાન - ધંધાના સ્થળ પાસે લીમડો ગુલમહોર બોરસલી, આસોપાલવ, પેન્ડ્યુલા, બોગનવેલ, તુલસી જેવા અન્ય વૃક્ષો વાવો અને એનું જતન કરો.

**રોપા ફ્રીમાં મેળવો અને વાવી પણ આપવામાં આવશે. માત્ર તમારી જવાબદારી કે તમે પાણી આપો અને એનું જતન કરો.**

**સંપર્ક : પ્રમીલા કુરૂવા ફાઉન્ડેશન**
**ચૌલા કુરૂવા : મો. ૯૯૧૩૦ ૧૨૧૨૦**
http://pramilakuruwafoundation.org
**દાન ટેક્ષ માફીને પાત્ર છે.**

# ત્યાગ, તપ અને ક્ષમાપનાનું મહાપર્વ – પર્યુષણ

● પ્રા. સૂર્યકાંત ભટ્ટ ●

ચાતુર્માસની આરાધનાનું કેન્દ્રબિંદુ પર્યુષણ પર્વ ગણાય છે. ભારત વર્ષમાં પ્રત્યેક પર્વો આધ્યાત્મિક રસથી ભરપૂર હોય છે. પર્વ એટલે તહેવાર. આ તહેવારોમાં એક પ્રકાર લૌકિક તહેવાર અને બીજો પ્રકાર આધ્યાત્મિક તહેવારોનો છે. પૂર્ણ સુખની પ્રાપ્તિ તથા મોક્ષપંથે ગતિ અર્થે આધ્યાત્મિક તહેવારો સાંપડ્યા છે. આવું એક પર્વ પર્યુષણ છે. પર્યુષણ એટલે પાસે વસવું. બીજા અર્થમાં સદ્‌ગુરુની નિકટ રહેવું. ઉપનિષદનો અર્થ પણ સમીપે બેસવું એવો થાય છે. આત્માની સમીપે બેસવા અંતરશુદ્ધિ, નિર્મળતા આવશ્યક છે. આવી નિર્મળતા જીવનમાં પ્રગટ કરવા સંયમ, તપ, ત્યાગ અને ક્ષમાપના જરૂરી છે. આવી પ્રાપ્તિ પર્યુષણ પર્વ દરમ્યાન સંતો, ભગવંતોના પ્રવચનો, ગાથાઓ દ્વારા પ્રાપ્ત થાય છે.

જૈનોનું આ મહાપર્વ છે. જે જીતે એ 'જિન' કહેવાય. જિનના કથનો, અનુભવોને સદ્‌વૃત્તિથી આચરે એ જૈન કહેવાય છે. અલબત્ત મનની મલિનતા ટાળનાર, વિષયોના ત્યાગી એ સહુ જૈન છે. જૈન સમાજના ત્રણ વિભાગો દૃષ્ટિગોચર થાય છે : દેરાવાસી, સ્થાનકવાસી અને દિગંબર. દેરાવાસી મૂર્તિપૂજક હોય છે. સ્થાનકવાસીઓ ગુરુપૂજકો હોય છે, જ્યારે દિગંબર ગુરુ અને દેરાસર બંનેને પૂજતા હોય છે. ત્રણેય પરંપરાના પર્યુષણ અલગ અલગ આવે છે. સ્થાનકવાસીઓના પર્યુષણ પર્વ પછી દેરાવાસીઓનું અને બાદમાં દિગંબરોનું પર્યુષણપર્વ યોજાય છે.

પર્વાધિરાજના આ શુભ દિવસો તપ, ત્યાગ અને શુભ આરાધનાના છે. માનવીને માનવી બનવાના, મનુષ્યત્વ બક્ષવાના આ દિવસો છે. હૃદયંગમ ઉપાસના - આરાધના કરવાની શક્તિ પ્રાપ્ત કરવા, કરેલા પાપોના શુદ્ધ હૃદયથી પશ્ચાતાપ કરી પાપોને બાળવા આ અનોખું પર્વ છે. આ દિવસો દરમ્યાન ખોટું આચરણ ન કરી શકાય, ખોટા દોષારોપણ ન કરી શકાય, અસત્ય બોલી ન શકાય, જુગાર કે વ્યસનોનો સ્વીકાર ન કરી શકાય. આ પર્વ જીવનમાં અહિંસા, સત્ય, સહિષ્ણુતા અને ક્ષમાપનાના પદાર્થ પાઠ શીખવે છે.

પર્યુષણ પર્વમાં જૈનોએ જે પાંચ કર્તવ્યો અવશ્ય કરવાના છે તેમાં 'અમારિપ્રવર્તન' અહિંસાનું પ્રવર્તન મુખ્ય પણ કહી શકાય. આ સમય દરમ્યાન પશુ-પક્ષીઓની હિંસા ન થાય તે માટે જાગૃતિ કેળવી વહીવટી સૂત્રધારોને કતલખાના બંધ રાખવા માટે જાગૃત કરી સમજાવી અને આદેશો બહાર પાડવામાં સફળતા મળે છે. ભારતના બાદશાહ અકબરે પણ જૈનાચાર્યના સમન્વયથી માંસાહાર છોડી દીધેલો.

કર્મના મર્મને ભેદનારું પર્યુષણ પર્વ અન્ય પર્વોમાં મોખરે રહે છે. શક્તિ મુજબની આરાધના - ઉપાસના શ્રાવકોને કરવાની છૂટ છે. કિંતુ તે શ્રદ્ધાપૂર્વકની હોવી જોઈએ. કોઈ પણ પ્રકારનું અયોગ્ય વર્તન કે અયોગ્ય કાર્ય ન કરવા જૈન શાસનના સાધુ તથા ભગવંતો સૂચવતા જ હોય છે. આ શુભ સમય દરમ્યાન સદ્‌ગુરુજનોના પ્રવચનો યોજાય છે અને અન્ય સાક્ષર વક્તાઓના પણ પ્રવચનો યોજાય છે. દુનિયાના રાગદ્વેષ છોડવાની મનોવૃત્તિ પણ આ પ્રવચનો દ્વારા પ્રાપ્ત થતી રહે છે. કર્મબંધનના કારણો, કર્મ વિજ્ઞાન, તેની અસરો, તેમાંથી છૂટવાના ઉપાયો પણ ખાસ સમજાવવામાં આવે છે.

જૈનધર્મમાં ત્યાગની મહત્તા દર્શાવવામાં આવી છે. માનવી કોઈ આદર્શ માટે સ્વસુખોનો ત્યાગ કરે છે. આત્માની પરમ શાંતિ માટે સાંસારિક વાસનાઓ, સંસાર સુખનો પણ ત્યાગ કરે છે. જૈન મુનિવરો વિદ્વાન વક્તા હોય છે. વિવિધ જૈન શાસ્ત્રો કલ્પસૂત્ર આદિ પર મનનીય પ્રવચનો આપી, શ્રોતાઓને અવશ્ય મંત્રમુગ્ધ કરે છે. તેઓનું ખગોળજ્ઞાન કે જ્યોતિષ વિષયક જ્ઞાન પણ આગવું હોય છે. જેથી જૈનેતરો પણ આ દિવસો દરમ્યાન તેઓના પ્રવચનો સાંભળવા જતા હોય છે.

"કલ્પસૂત્ર" માં મૂળ શ્લોકોની સંખ્યા ૧૨૧૬ હોવાથી એ સૂત્ર "બારસા" ના નામથી ઓળખાય છે. આ કલ્પસૂત્રનું પ્રથમ વાંચન વડનગરમાં થયું હતું. પ્રાચીન કાળમાં આ સૂત્ર માત્ર રાત્રે જ વંચાતું જ્યારે વડનગર જે આનંદપુર કહેવાતું તેના રાજા ધ્રુવસેનના પુત્રનો શોક દૂર કરવા તે જાહેરમાં વંચાયું. ત્યારથી તે દેરાસરોના મુખ્ય હોલમાં જાહેરસભામાં વંચાય છે. સુવર્ણ અને ચાંદીના પ્રવાહીમાં મિશ્રિત એવું કલ્પસૂત્ર પ્રાકૃત ભાષામાં જૈન દેવનાગરીમાં ઈ.સ. ૧૫૨૫માં આસો સુદ ૧૦ ના રચવામાં આવેલું હતું.

*'સહજાનંદ', ૬/એ લીમડા લેન*
*સંસ્કાર નગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

સ્થાપના : ૧૯૮૪
કે.કે.
સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ

હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા
લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી
એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨
E-mail : kaykay_industries@yahoo.com

# આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| • ગુરૂવાર, તા. ૧૫-૮-૨૦૧૩ સવારે ૦૯.૦૦ થી ૦૯.૩૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી. | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | સ્વાતંત્ર્ય દિન. પાલડી વોર્ડ – ભાજપના પ્રમુખ શ્રી તેજસ દેસાઈના હસ્તે ધ્વજવંદન. |
| • ગુરૂવાર, તા. ૧૫-૮-૨૦૧૩ સવારે ૦૯.૩૦થી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી. | પુરસ્કાર સમિતિ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | સરસ્વતી સન્માન કાર્યક્રમ. ધોરણ-૮ અને તેની ઉપર. |
| • ગુરૂવાર, તા. ૧૫-૮-૨૦૧૩ સવારે ૧૧.૦૦ કલાકે | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી. | મહિલા ઉત્કર્ષ સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | રંગોળી હરીફાઈ. |
| • બુધવાર, તા. ૨૧-૮-૨૦૧૩ બપોરે ૨.૩૦ કલાકે | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી. | મહિલા ઉત્કર્ષ સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | લગ્નગીત ગાવાની હરીફાઈ. |
| • બુધવાર, તા. ૨૧-૮-૨૦૧૩ બપોરે ૨.૩૦ કલાકે | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી. | મહિલા ઉત્કર્ષ સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | ડ્રોઈંગ હરીફાઈ |
| • બુધવાર, તા. ૨૧-૮-૨૦૧૩ બપોરે ૨.૩૦ કલાકે | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી. | મહિલા ઉત્કર્ષ સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | બ્યુટી હરીફાઈ |
| • બુધવાર, તા. ૨૧-૮-૨૦૧૩ બપોરે ૨.૩૦ કલાકે | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી. | મહિલા ઉત્કર્ષ સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | વાનગી હરીફાઈ |
| • રવિવાર, તા. ૨૨-૯-૨૦૧૩ સવારે ૦૯.૩૦થી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી. | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | વાર્ષિક સ્નેહમિલન, ક્ષમાપના કાર્યક્રમ તથા સ્વામિવાત્સલ્ય જમણ. પુરસ્કાર સમિતિ દ્વારા ધોરણ-૭ સુધીના વિદ્યાર્થીઓને પુરસ્કાર. |
| • શનિવાર, તા. ૨૮-૯-૨૦૧૩થી બુધવાર, તા. ૨-૧૦-૨૦૧૩ (શાંતિ એક્સપ્રેસ ટ્રેન દ્વારા અમદાવાદથી નાગદા સાંજે ૭.૧૫ કલાકે રવાનગી) | અમદાવાદથી નાગેશ્વર (મધ્ય પ્રદેશ) | વયસ્ક સમિતિ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | મધ્ય પ્રદેશ પ્રવાસ. |

## સ્વસ્તિક

સ્વસ્તિક એ સંજ્ઞા છે, એ માંગલ્યનું પ્રતીક છે, આશીર્વાદનો સંકેત છે. સ્વસ્તિક એ ઈશ્વરની મુદ્રા છે. ઈશ્વરના સાનિધ્યનું ચિહ્ન છે. એક ઊભી લીટી અને એક આડી લીટીને કાટખૂણે ચાર દિશાએ ચાર ભુજા. મધ્યના છેદ બિંદુમાંથી, નાભિ કમળમાંથી ચારે દિશાએ સર્જક શક્તિ ફેલાય છે અને આખી સૃષ્ટિને મંગલમય બનાવે છે.

ઈશ્વર સર્વવ્યાપક છે, બધે જ છે, અમૃત છે, અરૂપ છે. એને દૃષ્ટિમાં લાવવો કેવી રીતે? યુગો પહેલાં તત્ત્વદર્શી ઋષિ મુનિઓને તે માટે જે સંકેત સુઝ્યો તે આ સ્વસ્તિક! ઓછામાં ઓછું દોર્યું અને વધુમાં વધુ કહી દીધું.

સ્વસ્તિકનું એક અનોખું રહસ્ય છે. એમાં દિશા છે, અનંતતા છે, સર્વવ્યાપકતા છે. એમાં ગતિ છે, વેગ છે. તે કોઈ જડ આકૃતિ નથી.

સ્વસ્તિકમાં વ્યાપકતાની સાથે એકતાનો ગુણ છે. ચારેબાજુ દોડવાની વૃત્તિ છે, તો સાથે સાથે એકત્રિત થવાનો આગ્રહ છે. સ્વસ્તિક બધે કરાય છે અને બધે પૂજાય છે.

ચાર પાંખિયા ચાર ગતિમાંથી મુક્ત થવાનો નિર્દેશ કરે છે. ■

કચ્છ

# કચ્છનું પુરાતત્ત્વ

● મુનિ વિદ્યાવિજયજી ●

*કચ્છમાં અનેક સ્થળે પુરાતત્ત્વીય સ્થળો જોવાલાયક છે. મુનિશ્રી વિદ્યાવિજયજીએ તેમના પુસ્તક "મારી કચ્છ યાત્રા"માં તેનું રસપ્રદ રીતે આલેખન કરેલ છે. 'મંગલ મંદિર'ના વાચક વર્ગ માટે તે અત્રે રજૂ કરવામાં આવેલ છે. મણકાના આ ત્રીજા લેખથી મુનિશ્રી વિદ્યાવિજયજીની લેખમાળા અત્રે સમાપ્ત થાય છે.*

*– તંત્રી મંડળ*

કચ્છ એ પુરાતત્ત્વના ધામ સમુ છે. પરંતુ કચ્છીઓને એ દિશા પ્રત્યે ઓછો રસ હોય તેમ જણાય છે. દેશ પરદેશમાં પંકાઈ ચૂકેલી કચ્છની સાહસિક અને સમૃદ્ધ પ્રજા ધારે તો એ વિષય પર અપૂર્વ પ્રકાશ પાડી શકે. કચ્છના પુરાતત્ત્વની પ્રથમ શોધખોળનું માન અંગ્રેજ સંશોધકોને ફાળે જાય છે. અને આ સ્થિતિ એક કચ્છને માટે જ નહિ, પરંતુ સમસ્ત હિંદુસ્તાન માટે સામાન્ય છે એમ કહેવું અસ્થાને નથી. આ દિશામાં કચ્છમાં શોધખોળ કરવાનો અંગ્રેજો પછીનો બીજો પ્રયાસ સદ્‌ગત દલપતરામ પ્રાણજીવન ખખ્ખરનો છે.

કચ્છની સ્થાપત્ય કળા અન્ય કોઈ પણ રાજય કરતાં ઉતરે તેમ નથી. રાવશ્રી લખપતજીની છતરડી નિહાળીને લોર્ડ કર્ઝન જેવાને પણ કચ્છની કળા માટે પ્રશંસાના ઉદ્‌ગાર કાઢવા પડ્યા હતા. આ પ્રકરણ લખવાનો ઉદ્દેશ પણ એ છે કે, કચ્છી પ્રજા પોતાની ભૂતકાલીન ભવ્ય કલાની સ્મૃતિ તાજી કરે, અને એ દિશામાં કંઈક અમલી પગલાં લે. કચ્છની કીર્તિ અને કલાના અવશેષરૂપ પ્રાચીન સ્થાનોની થોડીક પીછાન આ નીચે આપવામાં આવે છે.

## પદ્ધર ગઢ

*લાખે ખરચી લખ, કેરે કોટ અડાયો*
*ગંઠ મેં હુવે ગરથ, ત પધર અડાય પુંઅરા!*

*ભાવાર્થ :* લાખા ફુલાણીએ લાખોનો ખર્ચ કરીને કેરાનો કોટ ચણાવ્યો. હવે તારી ગાંઠમાં જો ધન હોય તો તું પણ એવો જ કોઈક કોટ ચણાવ.

જામ પુંઅરાને લાખા ફુલાણીની રાણીએ આ મહેણું આપ્યું, અને એ રીતે પદ્ધર ગઢની ઉત્પત્તિ થઈ. નખત્રાણા વિભાગમાં આવેલા મંજલ ગામથી એકાદ ગાઉને અંતરે પુંઅરાનો પદ્ધર ગઢ આજે કાળની સામે ઝુઝતો અને કચ્છના કલાબાજ શિલ્પીઓની સાક્ષી આપતો ઊભો છે.

પદ્ધર ગઢના દરબારગઢનો ઘેરાવો આશરે ૩૫૦૦ સુતારી ગજનો જણાય છે. એમાં 'વડી મેડી' અને 'નિંઢી મેડી' નામનાં એક વખતના બે સુંદર રાજમહાલયો આજે રણવગડાની અઘોર શૂન્યતામાં અનેકગણો વધારો કરી રહ્યા છે. કળાના ચાહકો આજે પણ 'વડી મેડી'ની ઉત્કૃષ્ટ કળા જોઈને છક્ક બની જાય છે. આ મેડીનો પહેલો માળ દસ-વીસ નહિ, પરંતુ ચોરાસી સ્તંભો વડે સુશોભિત કરવામાં આવ્યો હતો. એમાં ખાસ અગત્યની વસ્તુ એ હતી કે આ પ્રત્યેક સ્તંભ એકેક સળંગ પથ્થરમાંથી જ ઘડી કાઢવામાં આવેલ હતો. દરેક સ્તંભનો ઉપલો ભાગ જુદી જુદી આકૃતિઓવાળા કોતરકામથી કમનીય બનાવવામાં આવ્યો હતો. છત પર પાંચ પાંચ ગજની ભારેખમ અને સળંગ શિલાઓ જોતાં આજે પણ માનવબુદ્ધિ ઘડીવાર મુંઝાઈ પડે છે. આ તમામ કારીગરીમાં ખાસ ધ્યાન ખેંચે એવી વિશિષ્ટતા તો એ છે કે, એમાં ક્યાંય પણ ચૂના કે એવા કોઈ પદાર્થનું નામ નિશાન પણ જોવામાં આવતું નથી.

'નિંઢી મેડી' માત્ર એક જ માળનું મકાન છે. એ 'અધો તડો'ના નામથી પણ ઓળખાય છે. કારણકે લોકવાયકા મુજબ તે માત્ર અર્ધા દિવસમાં જ તૈયાર કરવામાં આવેલ હતી. એની બાંધણી વગેરે રચના પણ 'વડી મેડી' પ્રમાણે જ કરવામાં આવેલ છે.

ગઢના પશ્ચિમના દરવાજા બહાર એક શિવાલય જીર્ણ-શીર્ણ સ્થિતિમાં ઊભું છે. એનું શિલ્પકામ પણ ઊંચા પ્રકારનું છે. કહેવાય છે કે આ શિવાલય પુંઅરાની રાણી સાથે છેક થર પ્રદેશથી આવેલ છે. એની બાંધણી જામ લાખા ફુલાણીના કેરા કોટના શિવાલયને ઘણી રીતે મળતી આવે છે.

## કોટેશ્વર મહાદેવ

કચ્છની છેક પશ્ચિમે અરબી સમુદ્ર જેનું પાદપ્રક્ષાલન કરે છે એવું કોટેશ્વરજીનું મંદિર પણ એક અદ્‌ભુત સ્થાન છે.

શેઠ સુંદરજી શિવજીએ બંધાવેલું આ મંદિર એમણે જ બંધાવેલા ગઢની અંદર આવેલું છે. શિવલિંગની ઊંચાઈ ચાર ફીટ છે અને તે સ્વયં ઉત્પન્ન થયેલ કહેવાય છે. લિંગના ઉપરના ભાગમાં ખીલા ઠોકેલા જણાય છે, તે અલાઉદ્દીન ખીલજી જેને ઇતિહાસ 'અલાઉદ્દીન ખૂની'ના નામે ઓળખે છે, તેના મારેલા છે એવી લોકવદંતિ છે. ઘુમ્મટની અંદરની બાજુએ કૃષ્ણ - ગોપીની રાસ-લીલાનું સુંદર શિલ્પકામ આંખને આકર્ષી રહે છે. આરસના શ્યામ પથ્થર પર સ્થાપિત થયેલો પિત્તળનો મોટો નંદી (પોઠિયો) મહારાઓશ્રી દેશળજી તરફથી ભેટ થયેલ છે, એમ કહેવાય છે. આ મંદિરની ઊંચાઈની ગોઠવણ એવી કરવામાં આવેલી છે કે જમીન માર્ગે સાડા ત્રણ ગાઉ દૂરથી અને દરિયા માર્ગે પાંચ ગાઉ દૂરથી જોઈ શકાય છે.

## દેવી આશાપુરા

આશાપુરાજીનું સ્થાનક લખપત

*ખુદના અંતઃકરણ સાથે જોડાઈને શ્રેષ્ઠ બનો.*

તાલુકામાં આવેલ 'માતાનો મઢ' નામના ગામમાં આવેલ છે. કચ્છના રાજવીઓની એ કુળદેવી છે. કહેવાય છે કે ઘણા જ જૂના સમયમાં દેવચંદ શાહ નામનો મારવાડનો એક કરાડ વાણિયો પોતાની પોઠો સાથે અહીંથી પસાર થતો હતો, તેને માતાજીએ પ્રસન્ન થઈને દર્શન દીધાં અને અહીં એક મંદિર ચણાવવાની આજ્ઞા કરી. આથી દેવચંદ શાહે બંધાવેલ આ ભવ્ય મંદિર તૂટી પડવાથી સુંદરજી શેઠની પ્રેરણાથી એમના ભાઈ વલ્લભજીએ હાલનું નવું મંદિર બંધાવ્યું છે. માતાજીની પૂજા કાપડી રાજા કરે છે. દર વર્ષે આસો માસની નવરાત્રિએ મેળો ભરાય છે. અને રાજકુટુંબમાંથી ખાસ સવારી અહીં આવે છે. એ વખતે લાંબા સમયથી ચાલી આવતી હિંસાની પ્રણાલિકા દૃષ્ટિગોચર થાય છે. દર વરસે પાડાઓનો કમકમાટીભર્યો વધ કરવામાં આવે છે.

## મોડ કુબો

અબડાસાના ગોલાય ગામની પશ્ચિમે થોડે દૂર આ સ્થાન આવેલું છે. આ કુબો જામ મનાઈ બીજાએ પોતાના પિતા મોડના સ્મરણાર્થે બંધાવેલ છે. જેમાંની મુખ્ય જામ જખરાના દીકરા મોડની છે.

## કંથડનાથનું મંદિર

કંથકોટના કિલ્લા પર આવેલા પુરાતન કાળના આ મંદિર સાથે અનેક ઐતિહાસિક ઘટનાઓ જોડાયેલી છે. જામ લાખા ધૂરારાનો પૌત્ર જામ સાડ જ્યારે કંથકોટનો કિલ્લો ચણાવતો હતો, ત્યારે કંથડનાથ નામનો એક યોગી અહીં આસન લગાવીને બેઠો હતો. તેની ઈચ્છા કિલ્લો ચણાવવા દેવાની ન હોવાથી કોટના ચણતરનું જેટલું કામ દિવસના ભાગમાં થતું, તે તમામ ચણતર રાત્રિ સમયે તૂટી પડતું. આવું કેટલાક દિવસ ચાલ્યા પછી જામ સાડે યુક્તિપૂર્વક આ યોગીરાજને પ્રસન્ન કરી કોટ ચણાવવાની તેની આજ્ઞા લીધી. અને તેની યાદગીરીમાં 'કંથડનાથનું મંદિર' ચણાવ્યું. પાછળથી ધરતીકંપને લીધે આ મંદિર પડી જતાં કંથકોટના દેદા જાડેજાઓએ હાલનું નાનું અને સુંદર દહેરું ઊંચે પડથાળે બંધાવ્યું છે. નિજ મંદિરમાં કંથડનાથની સફેદ આરસની મૂર્તિ જોવામાં આવે છે.

## કંથકોટનો કિલ્લો

કંથકોટનો કિલ્લો મજબૂત પથ્થરોથી બાંધવામાં આવેલ છે. કચ્છ બહારના રાજવીઓ પણ ભીડ પડતાં અહીં કંથકોટના કિલ્લામાં છુપાવા માટે આવતાં. મૂળરાજ સોલંકી અને ભીમદેવને એ જ કિલ્લાએ રક્ષણ આપ્યું હતું. આજે આ કિલ્લો જીર્ણ થઈ ગયેલ હોવા છતાં તે એક વખત કચ્છનો અજોડ કિલ્લો હતો. અહીં મહાવીર પ્રભુનું મંદિર, સૂર્ય મંદિર, ભમરિયો કૂવો, નોંધણ કૂવો આદિ સ્થળો જોવાલાયક છે.

## રવેચી માતા

વાગડમાં રવ પાસે આવેલું રવેચી માતાનું સ્થાન અતિ પુરાતન છે. કચ્છનાં પાટવી કુમારે રાજગાદી પર બેસવા પહેલાં એકવાર રવેચી માતાનાં દર્શન અવશ્ય કરવા જોઈએ, એવો રવૈયો છે.

અહીં મૂળ તો પાંડવ કાળમાં બંધાયેલું એક મહામંદિર હતું, એમ કહેવાય છે. ત્યારબાદ સંવત ૧૩૨૮માં નવું દેવાલય સ્થાપિત કરવામાં આવ્યું અને તે જીર્ણ થઈ જતાં તેને સ્થાને સંવત ૧૮૮૭ની સાલમાં શ્રી શામબાઈ માતાએ કોરી ૨૬૦૦૦ના ખર્ચે ચણાવ્યું છે. શામબાઈ માતાએ મહારાઓશ્રી દેશળજીનો પૂર્વજન્મ સંભારી આપેલો હોવાથી, તેમજ અન્ય પરચા પણ બતાવેલ હોવાથી, તેમના પ્રત્યે મહારાઓશ્રીને અત્યંત પૂજ્યભાવ ઉત્પન્ન થયો હતો. રવેચી માતાના મંદિરમાં જવા માટે આરંભમાં એક નાનો અને પછી એક મોટો ઘુમ્મટવાળો ભાગ પસાર કરવો પડે છે. નિજ મંદિર ૧૪ ફીટ લાંબુ અને ૧૩ ફીટ પહોળું છે. સાડા ચાર ફીટ ઊંચા પડથાળ પર મંદિરની બાંધણી છે. નિજ મંદિરમાં ઘી અને સિંદૂરથી રક્ત દેખાતી પાંચ પ્રતિમાઓની વચ્ચે માતા રવેચીની મોટી મૂર્તિ જોવામાં આવે છે. મહામાયા અને મોમાય માતાનાં દર્શન પણ થઈ શકે છે. એક સ્તંભ પર ત્રણ પગે ઊભેલા અશ્વાવતાર નકલંક ભગવાન જોવામાં આવે છે. દીવાલ પર આ નવા મંદિરની સ્થાપનાનો લેખ જોવામાં આવે છે. અહીં ઉનાળામાં લૂ લાગતી નથી અને શિયાળામાં ઉત્તર વા લાગતો નથી.

## ગેડી અથવા ઘૃતપદી

કચ્છ વાગડમાંનું ગેડી ગામ કૃષ્ણકાળની વિરાટ નગરી કહેવાય છે. ગેડીની સીમમાં પાંડવોના સમયના કેટલાક સ્થળો પણ હોવાનું કહેવાય છે. ત્યાં મહાભારત કાળનું દશાવતારનું એક મહામંદિર હતું. સિંધના સરફરાજે જ્યારે કચ્છ પર ચડાઈ કરી, ત્યારે એ મંદિરની મૂર્તિને તેણે ખંડિત કરી નાખી હતી. ત્યારબાદ ધરતીકંપને લીધે આ મંદિર જમીનદોસ્ત થઈ જતાં તેને સ્થાને લક્ષ્મીનારાયણના મંદિરની સ્થાપના કરવામાં આવી છે.

પાંડવો પછી લાંબાકાળે ગેડીનગર રાજા ગંધર્વસેન ઉર્ફે ગધેસીંગના હસ્તમાં આવ્યું. ત્યારબાદ અહીં ચાવડાઓની આણ ફરી વળી અને એક વખતે મુસલમાની સત્તા પણ ગેડી પર સ્થાપિત થઈ હતી. તે વખતની આશાબાપીરની બે કબરો આજે પણ જોવામાં આવે છે. ગેડી પર અનેક સત્તાઓ આવી અને આથમી ગઈ. ગેડીની ઉત્પત્તિ વિષે એક ચમત્કારી કથા પ્રચલિત છે.

અહીં માલવ ઠક્કર નામે એક ઘીનો વેપારી રહેતો હતો. એક વેળા એની દુકાને ઘી વેચવા આવેલી એક બાઈ ઘીનો પાળીઓ એને ત્યાં છોડીને પોતે બજારમાં સોદો લેવા માટે ગઈ. પાછળથી માલવ ઠક્કરે તેનું ઘી તોળીને પાળીઓ ખાલી કરી રાખ્યો. બાઈ પાછી આવીને જુએ છે તો પાળીઓ ચિક્કાર ભરેલો હતો. આથી તેણે ઘી તરત તોળી લેવા માલવ ઠક્કરને જણાવ્યું. વેપારી ચતુર હતો. તે તરત સમજી ગયો કે આ કરામત પાળીઆ નીચે પડેલી ઇંઢોણીમાં જ હોવી જોઈએ. આથી તેણે ફરીથી ઘી ઠાલવી લીધું અને બાઈને પેલી જૂની ઇંઢોણીને બદલે એક નવી ઇંઢોણી સહિત પાળીઓ પાછો આપ્યો. આ ઇંઢોણીમાં એવો ગુણ હતો, કે તેના પર જે ખાલી વાસણ મૂકવામાં આવે તે તરત જ ઘીથી ચિક્કાર ભરાઈ જાય. આ રીતે માલવ ઠક્કર ખૂબ

*બીજાને ખુશ કરવામાં સાચું સ્વર્ગ છે.*

ધનાઢ્ય બની ગયો.

કહેવાય છે કે એક વખત અણહિલવાડ પાટણમાં એક ગૃહસ્થને ત્યાં જમણવારનો એક મોટો પ્રસંગ હતો. તેમાં ઘીની ખૂબ જરૂર પડતાં, મંત્રવિદ્યામાં કુશળ એવા એક ગોરજીએ ત્યાં બેઠે બેઠે માલવ ઠક્કરની આ ઇંઢોણી મંત્રબળે મંગાવી લીધી અને એના ઉપયોગથી મોટા જથ્થામાં ઘી મેળવી લીધું. પ્રસંગ પૂરો થતાં પેલો ગૃહસ્થ ઘીના પૈસા આપવા માલવ ઠક્કર પાસે જાતે આવ્યો અને એક મોટી રકમ તેને અર્પણ કરી. આ દ્રવ્યમાંથી માલવ ઠક્કરે મહાવીર સ્વામીનું મંદિર, માલણ વાવ અને માલસર તળાવ બંધાવ્યાં. મહાવીર સ્વામીનું મંદિર વિશાળ ચોગાનવાળું છે. નિજ મંદિરમાં આરસની ત્રણ પ્રતિમાઓ દૃષ્ટિગોચર થાય છે. વચ્ચે મહાવીર પ્રભુની ત્રણ ફીટ ઊંચી મૂર્તિ ખાસ લક્ષ્ય ખેંચે છે. મહાવીર પ્રભુની એક તરફ આદિશ્વર ભગવાન અને બીજી બાજુએ શ્રી શાંતિનાથ ભગવાનની મૂર્તિઓ શોભે છે. ગેડી ગામના પુરાતન સ્થાનોમાં કેટલેક ઠેકાણે જૂના લેખો પણ જોવામાં આવે છે.

ગેડી ગામમાં બજારની વચ્ચે એક ઝાડ નીચે ત્રણ ફીટ ઊંચી પાકા પથ્થરમાંથી કોતરી કાઢેલી ક્ષેત્રપાળની મૂર્તિ જોવામાં આવે છે. તેની સ્થાપના મકવાણા રાજપૂતોએ કરી છે. બે લીટીના એક લેખમાં સંવત ૧૨૬૮ની સાલ વાંચી શકાય છે.

## વરણું દેવ

વરણું દેવનું મંદિર પળાસવાથી ચારેક ગાઉ દૂર રણને કાંઠે આવેલું છે. કચ્છ સાથે કંપની સરકારનો સંબંધ જોડવામાં અગ્ર ભાગ ભજવનાર કપ્તાન મેકમર્ડોનો દેહાંત અહીં જ થયો હતો. અહીં એની કબર પણ જોવામાં આવે છે.

વરણું એ પરમાર રાજપૂત હતો. ચારણોની ગાયો ધાડપાડુઓ વાળી જતા હતા, ત્યારે એ ગાયોની વહારે ધાવા આ રાજપૂત વીર પોતાના લગ્ન વખતે ચોરી ફેરા ફરતાં જ શસ્ત્રસજજ થઈને ચાલી નીકળ્યો. લુંટારાઓ સાથે લડતાં લડતાં એ શૂરો થઈને પડ્યો. ત્યાં એનું સ્થાનક તૈયાર કરવામાં આવ્યું છે. એનો ભાઈ અને એની બહેન પણ એ જ સ્થળે જીવતે સમાધિસ્થ થયાં છે. તેમની કબરો પણ ત્યાં જ જોવામાં આવે છે. કચ્છ, કાઠિયાવાડ અને પાલનપુરના લોકો આ 'રણ-રક્ષક' દેવની માનતાઓ માને છે. જ્યારે મેળો ભરાય છે ત્યારે વરણું દેવના શૌર્ય-રસનાં ભજનોની અજબ ધૂન જામી રહે છે.

## કાગેશ્વર મહાદેવ

વાગડના સીકરા ગામે શ્રી કાગેશ્વર મહાદેવનું પુરાણું સ્થળ આવેલું છે. ગેડી પતિ ધરણ વાઘેલો દર સોમવારે અહીં દર્શન કરવા આવતો હતો. એકવાર મનમાં ચૂક રાખીને જામ ફૂલે તેને અહીં કતલ કર્યો હતો. કાગેશ્વરનું મંદિર હાલ ખંડેર જેવું બની ગયું છે.

## શ્રી વાસુપૂજ્ય સ્વામીનું મંદિર

આ જૈન મંદિર પણ સીકરામાં આવેલું છે. તેની સ્થાપના સંવત ૧૭૭૩ની સાલમાં થઈ હતી. સંવત ૧૮૪૨ની સાલમાં જ્યારે માળીઆના મિયાણાઓ ઘણો ઉપદ્રવ કરી રહ્યા હતા, ત્યારે શ્રી વાસુપૂજ્ય સ્વામીની મૂર્તિ આધોઈ ગામે લઈ જવામાં આવી હતી. અહીં એક શિલાલેખ પણ જોવામાં આવે છે. અહીં પાળિયાઓની સંખ્યા પણ ઠીક છે. એક પાળિયા ઉપર સંવત ૧૦૬૦ની સાલ જોવામાં આવે છે.

## ભુવનેશ્વર

કચ્છ અંજાર તાલુકાના ભુવડ ગામે આવેલું આ મંદિર ૩૪ સ્તંભો અને ૪ સ્તંભીઓથી શોભી રહેલું જોવામાં આવે છે. સ્તંભો નીચેથી સમચોરસી, વચ્ચે અષ્ટકોણી અને ઉપરના ભાગમાં ગોળાકૃતિ વાળા છે. આખું મંદિર મજબૂત પથ્થરોનું બાંધેલું છે. સંવત ૧૩૪૬ની સાલનો એક લેખ પણ અહીં જોવામાં આવે છે.

ભદ્રાવતી નગરીના કનકસેન ચાવડાને અક્કડ નામનો પુત્ર હતો. આ અક્કડ ચાવડાનો કુંવર ભુવડ થયો. તેના નામ પરથી અહીં ભુવડ ગામની સ્થાપના કરવામાં આવી છે. ભુવડરાજા કચ્છના મહાપ્રતાપી જામ લાખા ફુલાણીનો સમકાલીન હતો. લોકકથા કહે છે કે, ભુવડ ચાવડો અને લાખો ફુલાણી બંને એક વખત કાઠિયાવાડના ભડાણા ગામના રાજાની પુત્રીઓ પરણવા ગયા હતા. ત્યાં ચારણોને દાન આપવામાં ચડસા ચડસી થતાં બંને વચ્ચે યુદ્ધ થયું અને તલવારો ઉછળવા લાગી. આ ઝપાઝપીમાં ભુવડ ચાવડો શૂરો થઈને લડ્યો, અને તેનું ધડ છેક ભુવડના પાદરે આવ્યું, ત્યારે જ શાંત થયું, એમ કહેવાય છે. આજે પણ અહીં ભુવડ ચાવડાની દહેરી દૃષ્ટિગોચર થાય છે.

## કેરા કોટનું શિવાલય

કેરા કોટનું નામ આવતાં જ કચ્છના પરાક્રમી ભૂપાલ લાખા ફુલાણીની યાદ તાજી થાય છે. એક સમયનું સંપૂર્ણ સોહામણું શિવાલય આજે જીર્ણશીર્ણ સ્થિતિમાં ખંડેર સમુ બની ગયેલું છે. આ મંદિરની રચના અતિશય ઉચ્ચ પ્રકારની છે. મંડપનો ભાગ તો લગભગ પડી ભાંગ્યો છે. મંદિરના નાના મોટા શિખરોનું કોતરકામ એટલું સુંદર છે કે જોનારની આંખ તેના પર અચૂક ઠરી જાય છે. કોઈ ભવ્ય યોગીરાજની અદાથી આ મંદિર હજારેક વર્ષથી અડગ ઊભું છે. કચ્છી શિલ્પીઓના કોતરકામે અહીં કમાલ કરી છે. કલાના ચાહકોએ આ સ્થાન એક વાર અવશ્ય નિહાળવા જેવું છે.

## ધીણોધર

ધીણોધરનો ડુંગર કચ્છના ઉત્તર તરફના પ્રદેશમાં આવેલ છે. તેના એક ઊંચા શિખર પર મહાત્મા ધોરમનાથજીનું એ નાનું મંદિર સં. ૧૮૭૭ની સાલમાં બ્રહ્મક્ષત્રીય શેઠ સુંદરજીએ બંધાવેલ છે. આ ડુંગર ઉપર ધોરમનાથજીએ બાર વર્ષ લગી ઊંધે માથે તપશ્ચર્યા કરેલી કહેવાય છે. "પટ્ટન સબ કટ્ટન"ના ભયંકર શાપથી કચ્છ માંડવી પાસેની રિઆણ પટ્ટણનો નાશ કરીને આ દારુણ પાપના પ્રાયશ્ચિત માટે ધોરમનાથજી ત્યાંથી સીધા નનામા ડુંગર પર આવેલા. પરંતુ તે એમનો ભાર ઝાલી ન શકવાથી આખરે ધીણોધર પર આવીને ત્યાં તપશ્ચર્યા કરવા માંડી. ધીણોધર

**(અનુસંધાન : જુઓ પાના નં.-૨૯ ઉપર)**

*માત્ર પ્રકાશનો અભાવ નહિ પણ વધુ પડતો પ્રકાશ પણ મનુષ્યની આંખો માટે અંધકારરૂપ સાબિત થાય છે.*

કચ્છ, કચ્છી પ્રજા અને કચ્છીયતને ઉજાગર કરતી ચાલુ રસધાર કથા

# લાખા ફુલાણીનો ઘોડો – પબુપસર

## કચ્છની રસધાર : મણકો - ૧૨

• દુલેરાય કારાણી •

*કોઈ પુરુષ કોઈ ઘોડલો, કોક સલુણી નાર,*
*સરજનહારે સરજિયા, ત્રણ રતન સંસાર.*

આ નાનકડો દોહરો અશ્વના મૂલ્યની મહત્તા કહી જાય છે.

કચ્છ કાઠિયાવાડના ઘોડા અને કચ્છ મારવાડની સાંઢણીઓની ઝડપી ગતિ એક સમયે સમસ્ત ભારતમાં સુવિખ્યાત હતી. કચ્છના પવનવેગી અશ્વો અને પાણીપંથી સાંઢણીઓની ગતિ વંટોળિયાના વેગની હરીફાઈ કરતી હતી. કેવું હતું એ સમયના કચ્છનું પશુધન!

*મલપતી મહાલતી, ફલંગે ચાલતી,*
*સાંઢણીઓ તણાં ઝુંડ ફરતાં,*

*પવનથી ચમકતા, ઘોડલા ધમકતા,*
*ધમકતા ધરણ પર પાવ ધરતા;*

*ઢળકતી ઢેલ શી, રણકતી માણકી,*
*થનગતી કોંતલો કનક વરણી,*

*ભારતી માતને ખોળલે ખેલતી,*
*ધન્ય હો, ધન્ય હો, કચ્છ ધરણી!*

આવી કચ્છની ધરતી પર આજથી એક હજાર વરસ પહેલાં લાખો ફુલાણી નામે એક મહાપ્રતાપી રાજવી થઈ ગયો. એના પિતાનું નામ ફૂલ જામ હોવાથી સૌ કોઈ એને લાખા ફુલાણીના નામે ઓળખતા.

કચ્છના કેરા કોટમાં એની રાજધાની. લાખો ફુલાણી મહા પરાક્રમી અને દાનવીર રાજા હતો. કચ્છ, કાઠિયાવાડ, ગુજરાત અને મારવાડ સુધી એની ઉજ્જવળ કીર્તિનાં ગુણગાન ગવાતાં, આજે પણ ગવાય છે.

કહેવાય છે કે એની પાસે એક સુવર્ણપુરસો હતો. આ સુવર્ણપુરસાનો એવો ચમત્કાર હતો, કે એના સુવર્ણ શરીરમાંથી જેટલો ભાગ કપાય તેટલો બીજે જ દિવસે ભરપાઈ થઈ જાય. એ રીતે આ સુવર્ણપુરસો સોનાના એક અખૂટ ખજાના જેવો ગણાતો હતો.

જામ લાખા ફુલાણીએ આ સુવર્ણપુરસાના સુવર્ણનો કવિઓને, કલાકારોને, ભાટ-ચારણોને અને ગરીબોને દાન આપવામાં સદ્ઉપયોગ કર્યો હતો. આથી એનું નામ એક મહાન દાતાર તરીકે ચારે તરફ મશહૂર થઈ ગયું હતું. કવિઓ એની ઉદારતાનું વર્ણન કરતાં કહેતા –

*લાખ પૂત સમુદ્ર કા, ફૂલ ઘર અવતાર,*
*પારેવા મોતી ચુગે, લાખારે દરબાર.*
*પલાણી હીરે જડી, સુરત પંચાણી,*
*પચ્છમ હિંદો પાતશા, લાખો ફૂલાણી.*

પારેવાને પણ જે મોતીનો ચારો ચણવા આપે એવા આ લાખા ફુલાણી પાસે ઉત્તમ ઓલાદનો અને ઉમદા તુખમનો એક પાણીદાર અશ્વ હતો. એનું નામ હતું – "પબુપસર."

કચ્છની ધરતી ઘણા જૂના વખતથી ઊંચી જાતના અશ્વો માટે પ્રખ્યાત છે. પબુપસર પણ એવા જ પ્રકારનો એક પાણીપંથો ઘોડો હતો. લાખા ફુલાણીને એના જીવ કરતાં પણ એ વહાલો હતો. એનો મોરો, એની ડોકની મરોડ અને કમાન જેવી એની કાનસૂરીએ લાખા ફુલાણી પર અજબ આકર્ષણ જમાવ્યું હતું. પીઠ પર હાથ ફેરવતાં હાથ સરકી જાય, અરે એની પીઠ પર બેઠેલી માખી પણ લપસી જાય એવી મુલાયમ અને સુંવાળી એની રેશમી ચામડી હતી.

પવનવેગે ચાલતો આ પાણીદાર ઘોડો ફુલાણી રાજાની આખી ઘોડારમાં પ્રથમ પંક્તિનો અને સૌથી શ્રેષ્ઠ ઘોડો હતો. એટલો જ લાખા ફુલાણીનો એ માનીતો મિત્ર બની ગયો હતો.

રણસંગ્રામના સમયે લાખો પબુપસર ઉપર જ સવારી કરતો. જેવો લાખો શૂરવીર હતો તેવો જ શૂરવીર તેનો ઘોડો પબુપસર હતો. દુશ્મનના પ્રહારથી ડરી જઈને રણ મેદાનમાં એ કદી પાછી પાની કરતો નહિ. જામ લાખા જેવો જ એનો અશ્વ પબુપસર પણ રણવીર હતો - રણધીર હતો.

એકવાર જામ લાખાના આ માનીતા અશ્વને એક વિચિત્ર પ્રકારનું દર્દ થઈ આવ્યું. કંઈ પણ દેખીતા કારણ વગર તે પોતાનો એક પગ ઊંચો ને ઊંચો અદ્ધર ઝીલી રાખતો.

જામ લાખાએ એના આ દર્દની ચિકિત્સા માટે દેશવિદેશથી શાલિહોત્ર શાસ્ત્રના નિષ્ણાત એવા અનેક અશ્વવૈદોને બોલાવીને કેટલાયે ઈલાજ કામે લગાડ્યા પરંતુ એના વહાલા અશ્વના આ અજબ જેવા રોગનું સાચું નિદાન કરવા માટે એક પણ ઉપાય કારગત નીવડ્યો નહિ.

આમ ને આમ છ મહિના વીતી ગયા. આમ છતાં એનો પ્યારો પબુપસર એવો ને એવો લંગડાતો જ રહી ગયો.

એ જ અરસામાં ગુજરાતના સોલંકી રાજા ભુવનાદિત્યના ત્રણ કુમારો રાજ, બીજ અને દંડક દેશાટન અર્થે નીકળ્યા હતા. ફરતા ફરતા આ ત્રણે રાજકુમારો કચ્છમાં આવી ચઢ્યા. રાજ સૌથી મોટો હતો. અંધ હતો. આમ છતાં અશ્વચિકિત્સામાં નિષ્ણાત હતો.

જામ લાખાએ આ ત્રણે કુમારોનો સારી રીતે સત્કાર કર્યો. પબુપસરના દર્દની ચિકિત્સા કરવા તેણે રાજકુમાર રાજને વિનંતી કરી. રાજ સોલંકીએ પબુપસર પાસે આવીને એના આખા શરીર પર હાથ ફેરવીને બારીક નિરીક્ષણ કરી લીધું. ઊંડી પરીક્ષાને અંતે એને જાણવા મળ્યું, કે પબુપસરને કોઈ ખાસ દર્દ નથી. માત્ર સ્વપ્નાઘાતને લીધે જ એ લંગડો બની ગયો છે.

માણસોને જેમ સ્વપ્ન આવે છે તેમ ઘોડાઓને પણ સ્વપ્નાં આવતા હોય છે એ વાત એના લક્ષમાં જ હતી.

સ્વપ્નની લડાઈમાં વાગેલા ઘાની

**(અનુસંધાન : જુઓ પાના નં.-૨૯ ઉપર)**

*હંમેશાં સત્યના પાયા પર જ સફળતાની ઈમારત ચણો.*

# કચ્છમાં જૈન ધર્મનાં પ્રસારમાં અને પ્રજા કલ્યાણ ક્ષેત્રે શ્રેષ્ઠીઓનો ફાળો

## કચ્છમાં જૈન સંસ્કૃતિ - એક દૃષ્ટિપાત (મણકો-૩)

● ડૉ. નીતા ઠાકર ●

*'મંગલ મંદિર' જુલાઈ-૨૦૧૩ના અંકમાં કચ્છમાં જૈન ધર્મના પ્રસારમાં અને પ્રજા કલ્યાણ ક્ષેત્રે જૈન શ્રેષ્ઠી જગડુશાહ, વિજય શેઠ અને વિજયા શેઠાણી, શેઠ નરશી નાથા, શેઠ કેશવજી નાયક, શ્રી હેમરાજ ભીમશી, શ્રી વેલજીભાઈ ઠાકરશી, ડૉ. દામજી વીરજી હરિયા તથા નાની ખાખરના શ્રી કાનજીભાઈ રવજીભાઈ દેઢિયા, શ્રી લધાભાઈ ગણપત, શ્રી પ્રેમજીભાઈ લધાભાઈ તથા શ્રી નાનજીભાઈ લધાભાઈ જેવા શ્રેષ્ઠીઓના ફાળા વિષેની વિગતો વાંચી.*

*હવે અન્ય શ્રેષ્ઠીઓ વિષેની વિગત વાંચો આ લેખમાં.*

*– તંત્રી મંડળ*

### કપાયામાં સેવા પ્રવૃત્તિ ક્ષેત્રે શ્રી મુરજી ઓભાયાનું પ્રદાન

ધર્મપ્રેમી અને દાનવીર શ્રી મુરજી ઓભાયાનું સેવા પ્રવૃત્તિ ક્ષેત્રે અગત્યનું સ્થાન છે. કપાયામાં સંવત ૧૬૪૬ (ઈ.સ. ૧૫૯૦) માં શિખરબંધ દેરાસરની સ્થાપના થયેલી, જેના શિલાલેખો આજે પણ મોજૂદ છે. તેમાં મૂળનાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ છે અને તેની સાથે શ્રી શાંતિનાથ પ્રભુ તથા શ્રી મહાવીર સ્વામીની મૂર્તિ બિરાજમાન છે. તેનું નવેસરથી નિર્માણ સંવત ૧૯૯૩ (ઈ.સ. ૧૯૩૭) ના વૈશાખ સુદ ૬ ને દિવસે થયું તેમાં મહત્તમ ફાળો શ્રી મુરજી ઓભાયાનો છે. આ કાર્ય માટે તેમણે દેશદેશાવરમાં જાતે જઈ નાણાં ભેગાં કરી સંપૂર્ણ જવાબદારી નિભાવી હતી.

આ ઉપરાંત દેરાસરની બાજુમાં ઉપાશ્રય તથા આયંબિલખાતા માટે જગ્યા બંધાવી હતી. એટલુંજ નહિં પણ 'કચ્છ પ્રજાકીય પરિષદ' ના અધિવેશન વખતે કપાયાના યુવાન ભાઈઓને ભેગા કરી વોલન્ટીયર કૉર ઊભી કરી પોતાની સેવા કચ્છ માટે આપી હતી. તે ઉપરાંત લાઈબ્રેરી, કન્યાશાળા, સ્મશાનગૃહ અને ધર્મશાળા ચાલુ કરાવવામાં એમનો મોટો હિસ્સો હતો. કૂવાઓ ગાળવા, રસ્તાઓ સાફ કરાવવા, ઉનાળામાં પાણીની પરબો ખોલવી, ગામડાની કે આસપાસના અન્ય ગામડાંઓની શિક્ષણક્ષેત્રે તથા ધાર્મિકક્ષેત્રે સેવાના કાર્યો કરવા તેઓ હંમેશાં મદદરૂપ થતા હતાં. એમની સેવાઓની કદરરૂપે સંવત ૨૦૨૭ની ૧૫મી ઓગસ્ટ, ૧૯૫૧માં મુંબઈમાં શેઠશ્રી વેલજી લખમશીના પ્રમુખપદે તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું. 'શ્રી કપાયા સેવા સમાજ'ની સ્થાપના સંવત ૧૯૯૩ (ઈ.સ. ૧૯૩૭) માં થઈ તેમાં પણ તેમનો મહત્ત્વનો ફાળો રહ્યો છે.

નોંધનીય છે કે કપાયા જેવી ભૂમિ ઉપર પૂજ્ય મહાત્મા ગાંધીજી, સંત વિનોબા ભાવે, લાલ બહાદુર શાસ્ત્રી, આચાર્ય કૃપલાણી, મોરારજી દેસાઈ, યશવંતરાવ ચૌહાણ જેવા રાષ્ટ્રીય નેતાઓએ પણ પોતાના પગલાં પાડી આ ભૂમિને પાવન કરી છે.

### વાગડ અને ભુજપુરનાં શૈક્ષણિક વિકાસમાં શ્રી ખીમજી માડણ ભુજપુરિયાનું પ્રદાન

કચ્છી જૈન સમાજના યશસ્વી આગેવાન શ્રી ખીમજી માડણ ભુજપુરિયાનો જન્મ ૩જી ઓગસ્ટ, ઈ.સ. ૧૯૦૦ના રોજ ભુજપુર મુકામે થયો હતો. તેમના પિતાજી વ્યવસાય અર્થે મુંબઈ ગયા. તેથી તે પણ મુંબઈમાં વસેલ. ત્યાં પણ જૈન સમાજના વિકાસની અદ્વિતીય પ્રવૃત્તિઓ કરેલ. સાથે રાષ્ટ્રીય આંદોલનમાં ભાગ લીધો અને વતનપ્રેમને કારણે 'કચ્છી પ્રજાકીય પરિષદ' સાથે તેઓ સક્રિયપણે સંકળાયેલા રહ્યા હતા. અન્યાય અને અસત્ય સામે હંમેશાં લડતા રહેવું એ ભુજપુરિયાનું જીવનસૂત્ર રહ્યું હતું. તેનું સ્પષ્ટ ઉદાહરણ તે સમયની 'વીટા' સામેની લડત છે. મુંબઈમાં રહેતાં કચ્છી લોકો સ્ટીમર દ્વારા કચ્છમાં જતા - આવતાં. દર શનિવારે મુંબઈથી ઉપડતી એક સ્ટીમરનું નામ 'વીટા' હતું. ચોમાસામાં સ્ટીમર દ્વારા આવ-જા બંધ રહેતી ત્યારે લોકો રેલવે માર્ગે મોરબી થઈને નવલખી બંદરેથી સ્ટીમલોંચ દ્વારા આવ-જા કરતા. 'વીટા' કંપનીના તુમાખીભર્યા વલણને કારણે કચ્છીપ્રજાની હાડમારી વધતી જતી હતી. તેની સામે લડત કરી ભુજપુરિયાએ વિજય મેળવ્યો. જે કચ્છી પ્રજાના ઈતિહાસમાં યાદગાર રહેશે.

કચ્છી વીસા ઓસવાળ ન્યાત એટલે કંઠીના ૫૨, અબડાસાના ૪૨, અને વાગડના ૨૪ ગામોની બને છે. શિક્ષણ-સંસ્કારની દિશામાં તે સમયે કંઠી વિભાગ સૌથી આગળ અને વાગડ વિભાગ થોડું અબડાસા વિભાગ કરતાંય પાછળ કહેવાય. સ્ત્રી શિક્ષણમાં તો વાગડ વિભાગ બહુજ પાછળ. સંસ્કાર અને શિક્ષણક્ષેત્રે જ્ઞાતિનું પછાતપણું મીટાવવા માટે શ્રી ભુજપુરિયા હંમેશાં પ્રયત્નશીલ રહ્યા છે. તેઓ મુંબઈમાં વ્યવસાય અર્થે રહેતાં હોવા છતાં કચ્છમાં જૈનપ્રજાના વિકાસ માટે તેમનું પ્રદાન મહત્તમ રહ્યું છે. ભુજપુરિયાએ ખારોઈના શ્રી કોરશી હીરજી નીસર અને શ્રી વેલજી ઉગા પૂજા સાથે વાગડ પ્રદેશનું પરિભ્રમણ કરી શિક્ષણનાં પછાતપણાનો અભ્યાસ કર્યો. અને એ નિષ્કર્ષ પર આવ્યા કે શિક્ષણ સંસ્થાઓના અભાવને કારણે જૈન

*મન જાગૃત હશે તો ક્ષીણ શરીર પણ બળવાન બનશે.*

વિદ્યાર્થીઓને મુશ્કેલી પડે છે. તેથી ભુજપુરિયાએ વાગડ વાસીઓને સ્વયં ભંડોળ એકઠું કરી આ દિશામાં આગળ વધવા જણાવ્યું. તેમણે પોતે ૧૦૦૦ રૂપિયાનું દાન આપી શરૂઆત કરી. અને તા. ૧૫-૧-૧૯૪૫ ના રોજ ખારોઈ મુકામે હાઈસ્કૂલ અને છાત્રાલયની સ્થાપના કરી. પાછળથી તેને ભચાઉ ખાતે ખસેડવામાં આવી. શ્રી રવજી લાલજીના ૯૦ હજારના દાનથી 'શ્રી રવજી લાલજી છાડવા વીસા ઓસવાળ જૈન બોર્ડિંગ' એ નામ સંસ્થાને પ્રાપ્ત થયું.

ભચાઉ છાત્રાલય અને હાઈસ્કૂલમાંથી પ્રેરણા લઈ લાકડિયામાં પણ કન્યા છાત્રાલય શરૂ થયું. આ રીતે કચ્છના વાગડ વિભાગમાં વિદ્યાનું રીતસરનું વાવેતર કરવામાં શિક્ષણપ્રેમી ભુજપુરિયાનું સ્થાન વિશિષ્ટ છે.

ભુજપુરિયાની સુધારક દૃષ્ટિમાં તેમની જન્મભૂમિ ભુજપુર પણ બાકાત રહ્યું નહીં. તે સમયે ભુજપુરમાં પાર્શ્વચિંતામણિ વાંચનાલય હતું. પણ તે ગોરજીની ૧૦ x ૧૦ જેટલી દેરાસર પાસેની બેઠકવાળી નાની જગ્યામાં હતું. જ્ઞાન અને વિદ્યા પ્રાપ્ત કરવાની જગ્યાઓ વિશાળ કદની હોવી જોઈએ એવો અભિપ્રાય ધરાવતા ભુજપુરિયાએ સ્નેહી મિત્રોને વાત કરી અને બાજુની જગ્યા ખરીદી ભોંયતળિયે વાંચનાલય અને ઉપર પુસ્તકાલય એમ એક માળનું મકાન તૈયાર કરાવ્યું. એટલું જ નહિં પણ સારા પુસ્તકોનો વ્યાપ વધે તે હેતુથી શ્રી ખીમજી પૂંજા અને ભુજપુરિયા બધા પુસ્તકો જોઈ ગયા અને બન્ને જણાએ મળીને પુસ્તકોની પસંદગીનું ધોરણ ઊંચું રહે તે દૃષ્ટિએ શિષ્ટ વાંચન માટે યોગ્ય પુસ્તકોની અલગ યાદી બનાવી અને અયોગ્ય પુસ્તકોનો નિકાલ કરવાનો નિર્ણય કર્યો. જે પુસ્તકો વાંચન માટે લાયક ન હોય તેનું એક પાનું પણ કોઈના વાંચવામાં ન આવે એવા કાળજીભર્યા ખ્યાલથી ભુજપુરિયાએ એ પુસ્તકો વણવપરાતા કૂવામાં નખાવી દીધા.

આ ઉપરાંત ભુજપુરિયાએ બહેનોને કપડાં ધોવાની મુશ્કેલીના ઉકેલ માટે ભુજપુર ગામના પશ્ચિમે આવેલી નાગમતી નદીના ઉગમણા કાંઠે જગ્યા પસંદ કરી ત્યાં મર્યાદા સચવાય તે પ્રમાણે સ્વતંત્રપણે ધોવાણઘાટ બનાવવાની યોજના વિચારી કાઢી અને એકી સાથે ન્યાતજાતના ભેદભાવ વગર ૩૦થી ૪૦ બહેનો કપડાં ધોઈ શકે અને સ્નાન કરી શકે તેવી સગવડ ધરાવતા ધોવાણ-ઘાટનું નિર્માણકાર્ય કરાવ્યું. આ ધોવાણઘાટ માટેની નાણાકીય જરૂરિયાત પણ ગામના ભેદા પરિવારે જ પૂરી પાડી હતી.

જૈન ધર્મના કચ્છી કોમના મુખ્ય ગોરજી (યતિ)ની ગાદી ભુજપુરમાં હતી એટલે ક્ષમાનંદજી મુખ્ય ગોરજીના શિષ્યપદે હતા. તેઓ પોતાના ગુરૂજીની સ્મૃતિમાં ભુજપુર ગામમાં હાઈસ્કૂલ શરૂ કરાવવા માગતા હતા. તેથી તેમણે ભુજપુરિયાને પત્ર દ્વારા પોતાની ઇચ્છા વ્યક્ત કરી અને જણાવ્યું કે તેમની પાસે ૫૦ હજાર રૂપિયા ભંડોળ જમા થયેલું છે. ભુજપુરિયા તો સેવા માટે હંમેશાં તત્પર રહેતા. તે સમયે ઇ.સ. ૧૯૬૦માં દ્વિભાષી રાજયના બે ભાગ થયા અને કચ્છ ગુજરાત રાજયનો ભાગ બન્યું ત્યારે ભુજપુરની હાઈસ્કૂલ માટેની રકમ ગુજરાતનાં ખાતામાં જાય તેની કાળજી પણ ભુજપુરિયાએ રાખીને કચ્છના તે વખતના ચીફ એન્જિનિયયર શ્રી પી.કે. વોરાને ભુજ મુકામે પત્ર લખીને હાઇસ્કૂલના મકાન માટે નકશા તૈયાર કરાવીને મોકલ્યાં અને પ્લાન મંજૂર થતા અંદાજે ૯૦ હજારના ખર્ચે હાઈસ્કૂલનું સુંદર વિશાળ મકાન તૈયાર થઈ ગયું. આમ શ્રી ક્ષમાનંદજીની ઇચ્છા મુજબ તેમના ગુરૂજી પૂજ્ય જિનેન્દ્રસાગરસૂરિશ્વરજી મહારાજના નામે ભુજપુરમાં હાઈસ્કૂલ શરૂ થઈ.

આમ મુંબઈમાં રહેવા છતાં પોતાના વતન માટે શ્રી ભુજપુરિયાની સેવા પ્રવૃત્તિ ક્ષેત્રે યોગદાન પ્રશંસનીય છે. માત્ર કચ્છ માટે જ નહીં પણ મુંબઈમાં પણ તેમની સેવાપ્રવૃત્તિ પ્રશંસનીય રહી છે. તા. ૧૭-૬-૧૯૪૪ના રોજ સ્થાપિત 'સ્વહિત પૈસાફંડ' અને 'શ્રેયસાધક સંઘ' વિશિષ્ટરૂપે તેની સુધારક સૂઝના પાસારૂપ ગણી શકાય. એટલુંજ નહીં પણ જૈન સ્ત્રીઓના વિકાસ માટેની એકપણ તક તેમણે છોડી નથી. તેઓ વિધવા વિવાહના હિમાયતી હતાં. તેથી તેમણે મુંબઈમાં 'શ્રી કચ્છી વીસા ઓશવાળ જૈન વિધવા વિવાહ સહાયક સમાજ' ની સ્થાપના ઈ.સ. ૧૯૪૦માં કરી. પરંતુ તેમાં સફળતા ન મળી અને અંતે આ મંડળ બંધ થયું. પણ સ્ત્રી ઉધ્ધારક તરીકે આગળ આવવાની તેમની હિંમતને જૈન સમાજ માટે એક પથદર્શકરૂપ ગણી શકાય.

## જૈનસાહિત્યના જાળવણીકાર અને પ્રચારકો

### (૧) પ્રો. રવજી દેવરાજ :

કચ્છનાં જૈન પંડિત રત્નોમાં પ્રો. રવજી દેવરાજ વિશેષ ઉલ્લેખનીય છે. તેઓ કોડાયના હતા અને પ્રખ્યાત શાહ સોદાગર શા. કલ્યાણજી ધનજીના નાના થાય. તેઓ હેમરાજભાઈના હાથ નીચે સદાગમ પ્રવૃત્તિ સંસ્થામાં તૈયાર થયેલા અને વધુ અભ્યાસ અર્થે કાશી પણ ગયેલા. તેમણે જૈન આગમ 'આચારાંગ સૂત્ર' નો ગુજરાતી અનુવાદ કર્યો હતો, જે ઇ.સ. ૧૯૦૨માં છપાયો હતો. આ ગ્રંથની બે આવૃત્તિ તે સમયે જ થઈ હતી. એ હકીકત આ ગ્રંથની ઉપયોગિતાની સૂચક છે. સંસ્કૃત શિક્ષણ માટે તેમણે પાઠ્ય પુસ્તિકાઓ તૈયાર કરી હતી સંસ્કૃતમાં કાવ્યરચનાઓ પણ કરેલી જે અપ્રગટ જ રહી જવા પામી છે. 'શતપદી ભાષાંતર', 'સદ્‌ગુણ પ્રશંસા' વગેરે પુસ્તકો એમણે લખ્યાં છે.

### (૨) શ્રી ભીમશી માણેક :

૧૯મી સદી દરમ્યાન કચ્છનાં એક સપૂતે પોતાનું સમગ્ર જીવન ધર્મ અને તત્ત્વજ્ઞાનની પ્રાચીન હસ્તપ્રતોની જાળવણી, સંપાદન, મુદ્રણ અને પ્રકાશનમાં સમર્પી દીધું. તે હતાં કચ્છનાં અબડાસા વિભાગના મંજલ ગામના શ્રાવક ભીમશી માણેક. જયારે ભારતમાં મુદ્રણકળાનો હજી બાલ્યકાળ હતો ત્યારે દીર્ઘદ્રષ્ટા ભીમશી માણેક મુદ્રણનું મહત્ત્વ સમજતા હતા. તેમણે જો તે વખતે ધર્મના પવિત્ર સમૃદ્ધ સાહિત્યને વ્યવસ્થિત રીતે, યોગ્ય સંપાદન કરી પ્રકાશિત ન કર્યું હોત તો કોણ જાણે કેટલું બધું વિરલ સાહિત્ય ક્યાંય વિલીન થઈ જાત. એમણે આ ભગીરથ કાર્ય પાછળ પોતાની જાત ઘસી નાખી.

ઇ.સ. ૧૮૬૫માં ભીમશીભાઈએ મુન્દ્રાના પોતાના મિત્ર કલ્યાણજીને પોતાની

*સાપ, અગ્નિ, દુર્જન, શાસક, જમાઈ, ભાણેજ, રોગ અને શત્રુ – આટલાને સામાન્ય ગણી કોઈ દિવસ તેમની ઉપેક્ષા ન કરવી.*

સાથે લીધા. કલ્યાણજીભાઈને જૈન ધર્મની મહત્ત્વની હસ્તપ્રતો એકઠી કરવાનું કામ સોંપ્યું. અંધકારમાં પડેલા એ અમૂલ્ય ખજાનાની શોધમાં કલ્યાણજીભાઈએ ગુજરાત, રાજસ્થાન અને વારાણસીનો પ્રવાસ કર્યો. તે વખતે દસ હજાર રૂપિયા જેવી માતબર રકમ ચૂકવી ઘણી હસ્તપ્રતો અને ગ્રંથો લાવ્યા. એમ માનવામાં આવે છે કે ધર્મના પવિત્ર શાસ્ત્રોનું પ્રકાશન કરનાર ગુજરાતભરમાં ભીમશી માણેક પ્રથમ હતા. સૌ પ્રથમ એમણે 'પ્રકરણ રત્નાકર' ના ચાર ભાગના પ્રકાશન માટે રૂપિયા એક લાખનો ખર્ચ કર્યો હતો, જેનો પ્રથમ ભાગ મુંબઈના ખ્યાતનામ નિર્ણયસાગર પ્રેસમાં છપાયો હતો અને ઈ.સ. ૧૮૭૬માં પ્રકાશિત થયો હતો. એ ગ્રંથની પ્રસ્તાવનામાં જ્ઞાનપિપાસુ શ્રાવક ભીમશી માણેક લખે છે : "પ્રિન્ટીંગ પ્રેસનું મૂલ્ય ઓછું ન આંકવું જોઈએ. પ્રાચીન વિદ્વાનો તથા આચાર્યોના સમૃદ્ધ વારસાની જાળવણી, પ્રચાર અને પ્રસાર મુદ્રણ દ્વારા જ શક્ય બનશે. જેઓ આ પ્રવૃત્તિનો વિરોધ કરે છે. તેઓ અજ્ઞાન અથવા મૂર્ખ છે." તે સમયમાં જૂનવાણી સંકુચિત મનોવૃત્તિવાળા રૂઢિવાદીઓ અને સ્થાપિત વ્યવસ્થાઓ તરફથી આવી પ્રવૃત્તિનો વિરોધ થાય તે સ્વાભાવિક હતું.

ઈ.સ. ૧૮૭૭માં એમણે 'પ્રકરણ રત્નાકર'નો બીજો ભાગ, ઈ.સ. ૧૮૭૮માં ત્રીજો ભાગ અને ઈ.સ. ૧૮૮૧માં ચોથો ભાગ પ્રસિદ્ધ કર્યો હતો. ચારે ભાગનું સંપાદન ભીમશી માણેકે પોતે કર્યું હતું અને મુંબઈના નિર્ણયસાગર પ્રેસમાં છપાયા હતા. આ ગંજાવર કામની સાથોસાથ એમણે 'પાંડવ ચરિત્રનું બાલવબોધ', 'સાર્થ પ્રતિક્રમણ સૂત્ર', 'વિવિધ પૂજા સંગ્રહ', 'સુયદંગાસૂત્ર' વગેરે પુસ્તકોનું પ્રકાશન પણ કર્યું હતું. ધર્મના પવિત્ર શાસ્ત્રો અને ગ્રંથોનું પ્રકાશન ન કરવા માટે જૂનવાણીઓ તરફથી ભીમશી માણેક ઉપર દબાણ થયું પણ એમણે એકલે હાથે આવી ઉમદા પ્રવૃત્તિ કરવા કમર કસી હતી. આવા ધુરંધર શ્રાવક ભીમશી માણેકે લગભગ ૩૦૦ જેટલા પુસ્તકોનું પ્રકાશન કર્યું હતું. ઈ.સ. ૧૮૯૧માં એમનું દેહાવસાન થયું પરંતુ જૈનસાહિત્યના એક જાળવણીકાર તરીકે હંમેશને માટે તેમનું સ્થાન વિશિષ્ટ રહેશે.

**(૩) શા મેઘજી હીરજી :**

જખૌ (તા. અબડાસા) ના કચ્છી દશા ઓસવાળ શા મેઘજી હીરજીએ પણ જૈન સાહિત્યના પ્રચાર અને પ્રસાર માટે અદ્ભુત કાર્ય કરેલ છે. સંવત ૧૯૬૧ (ઈ.સ. ૧૯૦૫) માં તેમણે મુંબઈમાં મેઘજી જૈન પુસ્તક ભંડારની સ્થાપના કરી. તે પહેલાં તેઓ દેરાસરના ઓટલે બેસીને પુસ્તકો વેચતા હતા. ઈ.સ. ૧૯૦૫માં ગોડીજી જૈન દેરાસરના દ્વારના મકાનમાં આ હેતુ માટે તેમને જગ્યા આપવામાં આવેલ. તેમના વ્યવસાય સંદર્ભે તેમની અટક બુકસેલર તરીકે સ્થાપિત થઈ હતી. તેમના પછી તેમનો પુત્ર અને ભાણેજ આ સંસ્થા ચલાવે છે. પુત્ર મણશી ગુજરી જતા હવે ૧૦૦ વર્ષથી ચાલતી આ સંસ્થા કેતન મણસી ચલાવે છે. પુસ્તક ઉપરાંત પૂજાને લગતા સાધન પણ અહીં વેચાય છે. આમ જૈન ધર્મના પ્રચારાર્થે અને લોકોને જૈન સાહિત્યમાં રસ લેતા કરવા માટે ઉત્તમ કાર્ય શા મેઘજી હીરજીએ કર્યું છે. તેની આ પ્રશંસનીય કામગીરીનું 'કચ્છમિત્ર' વર્તમાનપત્રમાં 'મુંબઈજી ગાલ' કોલમમાં શ્રી કનૈયાલાલ જોષીએ યોગ્ય મૂલ્યાંકન કર્યું છે.

આ સંસ્થાને ૧૯૯૭માં આચાર્ય શ્રી ભદ્રગુપ્તસૂરિ મહારાજ સાહેબના પુસ્તકનું સૌથી વધુ વેચાણ કરવા માટે વિશ્વકલ્યાણ પ્રકાશન ટ્રસ્ટ - મહેસાણા તરફથી સુવર્ણચંદ્રક અપાયો હતો. જે નોંધનીય છે.

## જૈનધર્મના આંતરરાષ્ટ્રીય પ્રચારક શ્રી ફતેહચંદ લાલન

મૂળ જામનગરનાં પણ કચ્છ માંડવીમાં વસવાટ કરતા વીસા ઓસવાળ જૈન કુટુંબમાં ફતેહચંદનો જન્મ તા. ૧-૪-૧૮૫૭ના રોજ માંડવી મુકામે થયો હતો. પિતા કપૂરચંદ જેરામ અને માતા લાધીબાઈ હતા. ફતેહચંદનાં ધર્મપત્નીનું નામ મોંઘીબાઈ અને પુત્રનું નામ ઉજમ હતું. (શ્રી આત્માનંદજી દ્વારા લખાયેલ અને સંપાદિત થયેલ અને શ્રી સત્શ્રુત સેવા સાધના કેન્દ્ર કોબા દ્વારા પ્રકાશિત 'અર્વાચીન જૈન જ્યોતિર્ધરો' નામના પુસ્તકમાં ફતેહચંદ લાલન વિશેની વિગતો આપવામાં આવેલ છે તેમાં તેમની માતાનું નામ મોંઘીબાઈ જણાવેલ છે. અને પત્ની જે જેઠાભાઈ હંસરાજની પુત્રી - તેનું નામ ઊજમ રાખેલ. જેને શિહોરમાં પરણાવેલ પણ થોડાજ સમયમાં તેનું અવસાન થયેલ.) પંડિત ફતેહચંદે પોતાની કારકિર્દીની શરૂઆત મુંબઈમાં ધર્મશિક્ષક તરીકે કરી હતી અને શિકાગોની વિશ્વધર્મ પરિષદમાં ભાગ લીધો હતો. અમેરિકામાં સાડાચાર વર્ષ રહી જૈન ધર્મ વિશે સુંદર પ્રવચનો આપ્યા હતા.

પંડિત લાલને 'મહાવીર બ્રધર હૂડ' નામે અમેરિકામાં સંસ્થા સ્થાપી. જેના પ્રમુખ હરબર્ટ વૉરન હતા અને મંત્રી એલેક્ઝાંડર ગોરડન હતા. અને ત્રીજા શ્રી જે.એલ. જૈની હતા. ઈસ. ૧૯૦૧ માં લાલન ભારત પાછા આવ્યા અને ઈ.સ. ૧૯૩૬ માં ફરી તેઓ આચાર્ય વિજયવલ્લભસૂરિશ્વરજીની પ્રેરણાથી વિશ્વધર્મ પરિષદમાં ભાગ લેવા ઈંગ્લેન્ડ ગયા. ત્યાં સાત માસ રહી જૈન ધર્મના સિદ્ધાંતો સમજાવ્યાં હતાં.

અનેક ભાષાઓના જાણકાર અને તત્ત્વચિંતક તરીકે પંડિત ફતેહચંદ લાલને દેશ પરદેશમાં ખ્યાતિ મેળવી હતી. એમનું પુસ્તક 'ગો સ્પલ ઓફ મેન' ખૂબ પ્રસિદ્ધ પામ્યું હતું. એમણે ૨૬ પુસ્તકો લખ્યાં છે. (૨૪ પુસ્તકો ગુજરાતીમાં અને ૨ પુસ્તકો અંગ્રેજીમાં) જેમાં 'દિવ્યજ્યોતિ દર્શન', 'માનવગીતા', 'સમાધિ શતક' વગેરેનો સમાવેશ થાય છે. 'સમાધિ શતક' નું અંગ્રેજી ભાષાંતર હરબર્ટ વૉરને ઈ.સ. ૧૯૧૪માં પ્રસિદ્ધ કર્યું હતું. 'ભાષણકાર' એ શીર્ષકનું વક્તૃત્ત્વ વિશેનું ત્રણ ખંડમાં વહેંચાયેલું એમનું પુસ્તક એમના

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA
ચંદ્રકાંત વીરજી ભાણજી દેઢિયા (ગઢશીશા)
L.I.C. એજન્ટ
સાયન, મુંબઈ. ● ફોન : 24023429, મો. 9819861440

અધ્યયનની ગહનતાનો પરિચય આપે છે.

પંડિત લાલન પોતાના જ્ઞાનને લીધે પોતાના સમય કરતાં ઘણા આગળ હતા. તેથી રૂઢિચુસ્તો સાથે એમને ભારે સંઘર્ષમાં આવવું પડેલું. એમને સંઘ બહાર કાઢવાની હિલચાલ પણ થયેલી. પાતંજલ અને જૈનયોગનો સમન્વય એ એમના ચિંતનનો મુખ્ય વિષય હતો. તા. ૭-૧૨-૧૯૫૩ના રોજ ૯૬ વર્ષની વયે પંડિત ફતેહચંદ લાલન જામનગર મુકામે સ્વર્ગવાસી થયા. કચ્છના ગૌરવ સમાન પંડિત ફતેહચંદ લાલનનું એક વિશિષ્ટ વ્યક્તિ તરીકે હંમેશને માટે ઇતિહાસમાં સ્થાન રહેશે.

કચ્છમાં શ્રેષ્ઠીઓએ પ્રજા કલ્યાણ અર્થે જે દાન કર્યું છે તે યોગ્યદિશામાં વપરાય એ માટે જૈન મુનિઓ તેમના પથદર્શક બન્યા છે. જેમકે માંડવીમાં મુંબઈથી શ્રી મેઘજી શેઠ પોતાના મોટા પુત્ર શિવરાજભાઈની યાદગીરીરૂપે કંઈક કરવા માગતા હતા. તેને મુનિશ્રી કલ્યાણચંદ્રજીએ માર્ગદર્શન આપતા કહ્યું કે; "આખા કચ્છમાં કોઈપણ જૈન સંસ્કૃત પાઠશાળા નથી માટે જો એક જૈન પાઠશાળા ખોલવામાં આવે તો તે અનેક રીતે ઉપયોગી થઈ શકે. તમામ દાનોમાં જ્ઞાનદાન વિશિષ્ટ છે. વળી આ વખતે તો આપણા સંપ્રદાયમાં પણ દસ-બાર સાધુઓ અભ્યાસ કરવા તૈયાર છે. ઉપરાંત બીજા પણ ઘણા વિદ્યાર્થીઓ આ સંસ્થાનો લાભ લેશે." શ્રી મેઘજી શેઠે મુનિશ્રીની વાત સ્વીકારી પોતાના મકાનમાં પાઠશાળા શરૂ કરી. અને કાલાવડવાળા લક્ષ્મીશંકર શાસ્ત્રીને બોલાવ્યા. પણ તેમના પુત્રને કચ્છમાં ન ફાવતા તેઓ પાછા જતા રહ્યા. તેથી બનારસથી પંડિતને બોલાવ્યા અને ૮૦ રૂપિયા પગાર આપવાનું નક્કી કરી તેના જ્ઞાનનો લાભ લીધો હતો. જે નોંધનીય છે.

## પત્રી (કચ્છ) નાં વિકાસમાં શ્રી ટોકરશી લાલજી કાપડિયાનું પ્રદાન

કચ્છનાં કંઠી વિસ્તારના પત્રી ગામે વીસા ઓસવાળ જૈન કુટુંબમાં ૧૯મી જાન્યુ. ૧૯૧૬ ના રોજ જન્મેલા શ્રી ટોકરશી લાલજી કાપડિયા (ધરોડ) નો ફાળો પણ મહત્ત્વનો રહ્યો છે. વિદ્યાર્થી જીવન દરમ્યાન પત્રીના પુસ્તકાલય, રાત્રી-પાઠશાળા અને હરિજન સેવાના સત્કાર્યોમાં તન-મનથી જોડાઈ ગયા હતા. પછી તેઓ મુંબઈ અને ત્યાંથી વ્યવસાય અર્થે બર્મા ગયા. ત્યાં આર્થિક ભંડોળ એકઠું કરી પત્રીમાં 'હરિજનશાળા' માટે મોકલ્યું હતું. ખાદીના તો તે ચુસ્ત આગ્રહી હતા. બીજા વિશ્વયુદ્ધ સમયે ઇ.સ. ૧૯૪૨માં બર્મા છોડીને તેઓ પત્રી આવ્યા. અહીં તેમણે ખાદી પ્રવૃત્તિ શરૂ કરી. આ ઉપરાંત પત્રી ગામમાં 'જૈનહિતવર્ધક સમાજ' ને 'પત્રી સર્વોદય સમાજ' માં પરિવર્તિત કરી એની સેવા દરેક કોમ સુધી ખાસ કરીને હરિજન લોકો સુધી પહોંચાડી. પત્રીમાં ગાંધી વિદ્યાલયનું પણ નિર્માણ કર્યું. પત્રીના વિકાસ માટે બાગ, કૂવો અને ખેલકૂદ માટેની વ્યવસ્થા, બાલમંદિર, કન્યાશાળા, વાંચનાલય, બસસ્ટેશન ઇત્યાદિની સુવિધા ઊભી કરી. ખૂટતી કડીરૂપ સીવણવર્ગ અને દવાખાનાઓનું નવસર્જન કર્યું. થોડા વર્ષો બાદ તેઓ હૈદ્રાબાદ ગયા. ત્યાં પણ તેમની સેવાપ્રવૃત્તિ પ્રશંસનીય રહી હતી. ૧૬મી માર્ચ ઇ.સ. ૧૯૯૬ માં હૈદ્રાબાદ મુકામે તેમનું અવસાન થયું. ખરેખર કચ્છનાં જૈનોનો વતનપ્રેમ ઉત્કૃષ્ટ જણાય છે.

## શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ અને 'સાધનાશ્રમ'ના પ્રહરી શ્રી ભવાનજીભાઈ નાથાભાઈ

વિચારવૈભવ, કાર્યદક્ષતા, ઉદારતા, સહજ સ્નેહભાવ અને માનવમાત્રના કલ્યાણનું ધ્યેય અને સમાજ ઉત્કર્ષનાં અનેકવિધ કાર્યોથી સૌના વત્સલ વડીલ બનનાર શ્રી ભવાનજીભાઈનું સ્થાન નિઃસ્વાર્થ સમાજસેવક તરીકે અદ્વિતીય છે. તેમનો જન્મ બિદડા ગામમાં જ્ઞાનપાંચમ ૧લી નવેમ્બર ઇ.સ. ૧૯૨૪ ના રોજ થયો. એમણે ઇ.સ. ૧૯૪૦માં મુંબઈની જાણીતી ભરડા ન્યૂ હાઈસ્કૂલમાંથી મેટ્રિકની પરીક્ષા આપી હતી. વ્યાયામ, વાંચન અને વિવિધકળા એમના શોખના વિષય રહ્યા છે.

પોતાની જન્મભૂમિ બિદડા માટે કશુંક કરી છૂટવાનો ખ્યાલ સદાય એમના મનમાં રહ્યો છે. ગામની બહેનોને કપડાં ધોવા બાબત ઘણી તકલીફો પડતી એટલે ઇ.સ. ૧૯૬૪ માં 'નાથાભાઈ પાસુ વારિગૃહ'નું બિદડામાં નિર્માણ કરાવ્યું. ઇ.સ. ૧૯૬૯માં પીવાના પાણીનો ટાંકો બંધાવી પાણી યોજના શરૂ કરી. ઇ.સ. ૧૯૬૯માં 'શ્રી બિદડા એજ્યુકેશન સોસાયટી'ની સ્થાપના થઈ. તેમાં તેઓ ૧૯૬૯થી ૧૯૭૨ સુધી એના પ્રમુખપદે રહ્યા તથા ૧૯૮૯ સુધી કારોબારી સમિતિમાં રહ્યાં. ઇ.સ. ૧૯૭૨માં અન્ય મિત્રો સાથે 'શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ' ની સ્થાપના કરી અને ઇ.સ. ૧૯૭૯થી ૧૯૮૯ સુધી એના પ્રમુખપદે રહ્યા. ઇ.સ. ૧૯૮૧માં હોસ્પિટલની પાયાવિધિ થઈ અને ૧૯૮૪માં એનું ઉદ્‌ઘાટન થયું. આજે શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ હોસ્પિટલની નામના સાત સમંદર પાર પહોંચી ગઈ છે.

શ્રી ભવાનજીભાઈએ આ ઉપરાંત અનેક વિટંબણાઓ વચ્ચે રહી જે બહેનો ગૌરવ સાથે પોતાનું જીવન વ્યતીત કરે છે અને જેમના જીવનમાંથી અન્ય બહેનો પ્રેરણા લે એવા ગામના સ્ત્રીરત્નોને સમાજ જાણે-પિછાણે એવી ભાવનાથી અને સ્ત્રીઓના વ્યક્તિત્વને ગૌરવ અપાવવા 'વિશિષ્ટ નારી પુરસ્કાર' અપાવવાનું શરૂ કરાવ્યું. ગામના યુવાનોમાં રમત-ગમત પ્રત્યે રૂચિ કેળવાય તે માટે કાયમી ધોરણે રમતોત્સવનું આયોજન પણ શરૂ કરાવ્યું.

શ્રી ભવાનજીભાઈ મૂળ તો અંતરજગતના યાત્રી અને સહજ જીવનનાં પ્રવાસી છે. પ્રવૃત્તિ અને નિવૃત્તિ બન્નેનો સુમેળ સાધી જીવનને ઉન્નત માર્ગે વાળનાર શ્રી ભવાનજીભાઈ પૂ. વેલજીભાઈ સ્થાપિત 'સાધનાશ્રમ'ના સાધક સંચાલક છે. પૂ. વેલજીભાઈ અને પૂ. ગોમતીમાના સદ્‌ગુણોની અસર એમના જીવનમાં જોવા મળે છે. તેઓ અધ્યાત્મરસના કવિ છે એમણે સહજ સ્ફુરણાથી ભજન અને દુહા લખ્યા છે.

બિદડા ગામનો ઉત્કર્ષ કરનાર અને સેવાપ્રવૃત્તિનો સર્વાંગી, સંપૂર્ણ ભાવાર્થ જેમનામાં જોવા મળે છે તેવા શ્રી ભવાનજીભાઈની યાત્રામાં તેમનાં ધર્મપત્ની લક્ષ્મીબહેનનો ફાળો પણ વિશેષ રહ્યો છે. અને આજેપણ તેમની સેવાપ્રવૃત્તિના પથ પર

*વિકાસ માટેના પાંચ પગથિયા એટલે વિદ્યા, વિનય, કુશળતા, સદ્‌ગુણ અને ચારિત્ર્ય.*

સાથ આપી રહ્યા છે.

'જન્મભૂમિ' - પ્રવાસી વર્તમાનપત્રમાં તા. ૧૬-૧૧-૨૦૦૩ રવિવારનો લેખ 'શેઢે ઊભેલા લીમડા' અંતર્ગત લેખકશ્રી ગુલાબ દેઢિયાએ શ્રી ભવાનજીભાઈનું યથાર્થ મૂલ્યાંકન કર્યું છે. તે લેખ મુજબ :

સાધનાશ્રમની વાડીની બાજુમાં આવેલી વાડી શહેરનાં એક બિલ્ડરે ખરીદી અને શેઢા પર પાકી દીવાલની બાઉન્ડ્રી કરવાની શરૂઆત કરી. ત્રણ શેઢાનું કામ સરળ રહ્યું પરંતુ સાધનાશ્રમનાં મજિયારા શેઢા પર આવ્યા ત્યારે અટકી ગયા. કારણકે તે શેઢા પર આઠ-દસ લીમડાના ઝાડ બરાબર દીવાલની વચ્ચે આવતાં હતાં જ્યારે બિલ્ડર શ્રી ભવાનજીભાઈને મળવા ગયા અને અચકાતા મને વાત કરી ત્યારે પળનોય વિલંબ કર્યા વગર બારીમાંથી દેખાતાં લીમડાને જોઈ ભવાનજીભાઈએ સહજ કહી દીધું 'અરે, એમા શું છે? એટલા માટે વૃક્ષો તે કાંઈ કાપવાના હોતાં હશે! જ્યાં જ્યાં લીમડા વચ્ચે આવે એવું લાગે ત્યાંથી દીવાલને જરા વાળી લેજો ભલે આશ્રમની થોડી જમીન તમારી વાડીમાં આવી જાય. મને વાંધો નથી તમે બેફિકર રહેજો." આ હૃદયસ્પર્શી બનાવથી સ્પષ્ટ થાય છે કે ભવાનજીભાઈ કુદરત પ્રેમી છે. તો જ તે આટલી ઉદારતા અને સહજતા દર્શાવી શકે.

## પ્રજા કલ્યાણ ક્ષેત્રે ભુજનાં શ્રેષ્ઠીઓનું યોગદાન

કચ્છના પાટનગર ભુજમાં કન્યા કેળવણીના પાયા નાખનાર શેઠ શ્રી માનસંગ કચરા બહુ નાની વયે વ્યવસાય અર્થે બ્રહ્મદેશ ગયા હતા. ત્યાં વેપારમાં જે આર્થિક સમૃદ્ધિ મેળવી તે ભુજમાં પ્રજાકલ્યાણ અર્થે ખર્ચીને વિકાસ કાર્યો કર્યા હતા. આઝાદી પૂર્વેના એ જમાનામાં જ્યારે કોઈ પોતાની બાળાઓને શાળાએ મોકલતું નહીં ત્યારે તેમણે ભુજમાં પ્રાથમિક કન્યાશાળાની સ્થાપના પોતાના ખર્ચે કરી. જેની જવાબદારી પાછળથી શ્રી ડોસાભાઈએ સંભાળી લીધી. આજે એ શાળા ઈન્દ્રાબાઈ પ્રાથમિક કન્યાશાળા તરીકે ઓળખાય છે. આવા સેવાભાવી દાતાનું મુંબઈ મુકામે તા. ૨૨-૧૨-૧૯૪૫ના રોજ અવસાન થયું પણ તેમની કન્યા કેળવણીની મશાલ જલતી રહી.

લોકકલ્યાણ અર્થે તેવું જ સ્થાન ભુજમાં શ્રી ડોસાભાઈ લાલચંદનું છે. તેમણે જૈન જ્ઞાતિ સમાજ માટે ઘણા વિકાસ કાર્યો કર્યા છે. તેમણે જોયું કે ગરીબીના કારણે સ્ત્રીઓને જે વેઠવું પડે છે તેનો એક જ ઉપાય છે કે સ્ત્રીઓ સ્વાશ્રયી બને અને કમાણીનું સાધન પોતે જ ઉત્પન્ન કરે. તેમણે અનાથ, વિધવા કે ગરીબ જૈન બહેનોને સીવવાના સંચા અને તાલીમ માટે સીવણશાળા શરૂ કરી અને જરૂરિયાતવાળી બહેનોને ઘરઘંટી આપેલ. જૈન બાળકોને પ્રાથમિક અને માધ્યમિક ધોરણના પાઠ્યપુસ્તકો મળી રહે તેવી વ્યવસ્થા પણ કરી. અને એક વ્યાયામ શાળાની શરૂઆત કરી. જરૂરતમંદ જ્ઞાતિજનોને સસ્તું અનાજ પૂરું પાડવા વાજબીભાવનો અનાજનો સ્ટોર શરૂ કરેલ. વિશેષ પ્રશંસનીય બાબત તો એ છે કે જૈન જ્ઞાતિમાં લગ્ન વખતે પૈસા ન વેડફાય અને અલગ અલગ ભોજનમાં અનાજ ન વેડફાય તે માટ સમૂહલગ્ન અને સમૂહ ભોજનની પ્રથા શરૂ કરેલી. એટલું જ નહીં પણ તે સમયે સ્ત્રીઓનો પ્રસૂતિકાળ એટલે યમદૂતના ઘરનું ફરમાન. આ બાબત તેમના હૃદયને સ્પર્શી ગઈ અને જ્યુબિલી હોસ્પિટલ પાસે પ્રસૂતિગૃહ બંધાવી સરકાર પાસે એવી ખાતરી લેવામાં આવી કે તે ક્યારે પણ ત્યાંથી ખસી ન શકે. બાળકો માટે ઈન્દ્રાબાઈ પાર્ક બનાવી સ્વાસ્થ્યશીલ બાળક સમાજને સ્વાસ્થ્ય બક્ષે છે તેની પ્રતીતિ કરાવી. તેની સામે વિશાળ ધર્મશાળા પણ બંધાવી જે 'ડોસાભાઈની ધર્મશાળા' તરીકે પ્રખ્યાત છે.

કેળવણી ક્ષેત્રે પણ શ્રી ડોસાભાઈનું સ્થાન અનેરું છે. શ્રી માનસંગ કચરાના અધૂરા રહેલા કાર્યને તથા ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કૂલ દ્વારા માધ્યમિક ક્ષેત્રે કન્યા કેળવણીની સગવડ શ્રી ડોસાભાઈનું પારિશ્રમિક કાર્ય છે. તેઓએ એક કલમ એવી રાખેલ કે ભવિષ્યમાં ક્યારે પણ વિદ્યાર્થીનીઓ પાસે ફી ન લેવી. સરકારે પાછળથી ફી દાખલ કરેલ. અંતે દીર્ઘદૃષ્ટિ ધરાવતી કલમ પાસે સરકારનું કંઈ ન ચાલ્યું. આ તેમનું દૂરંદેશીપણું બતાવે છે. જો કે ભૂકંપ બાદ આજે ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કૂલનું અત્યાધુનિક ઢબે નવનિર્માણ થયું છે. આવા સામાજિક, ઉપકારક શેઠ શ્રી ડોસાભાઈ લાલચંદનું કલકત્તા મુકામે તા. ૧-૨-૧૯૫૫ના રોજ અવસાન થયું. પરંતુ તેમના અમૂલ્ય પ્રદાનથી આજે પણ તેઓ ચિરસ્મરણીય સ્થાન ધરાવે છે.

આ ઉપરાંત કેળવણીક્ષેત્રે શ્રી રામજીભાઈ લાલનનું યોગદાન પણ વિશિષ્ટ છે. ભુજ ખાતે લાલન કોલેજની ભેટ પણ તેમને આભારી છે. જે કોલેજ માટે શ્રી ડોસાભાઈના પ્રયત્નો પણ અથાગ રહ્યા હતા. શ્રી બાબુભાઈ દેવરાજ શાહના પ્રયત્નોથી 'શ્રી જૈન મેડિકલ એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટ' ની સ્થાપના થઈ. જેના દાતાશ્રી હીરાલાલ માધવજી શાહ હતા અને શિક્ષણક્ષેત્રે આ ટ્રસ્ટ 'માતૃછાયા' કન્યા વિદ્યાલયનું સંચાલન કરે છે. જેમાં શ્રી માણેકલાલ શાહનો પરિશ્રમ પ્રશંસનીય છે. 'જૈન મેડિકલ એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટ'ને સરકાર તરફથી જમીન ફ્રી મળતા તા. ૩-૭-૧૯૮૪ના રોજ 'લક્ષ્મીચંદ માણેકચંદ વોરા સાર્વજનિક હોસ્પિટલ' ની ભુજને ભેટ મળી. વળી શ્રી ડોસાભાઈના પત્ની રંભાબેને પણ દાનપ્રવાહ કાર્યમાં ઝંપલાવ્યું અને ભુજને એફ.ડી.એલ. લૉ કોલેજ તથા એક હોમિયોપેથિક દવાખાનું ભેટ મળ્યું.

શ્રી પ્રાગજીભાઈ દેવચંદે ભુજ શહેરની મધ્યમાં એક આધુનિક મકાન આપી 'બે આના' તરીકે ઓળખાતું દવાખાનું સ્થાપેલ. જેમાં ડૉ. બક્ષી સાહેબની અનન્ય સેવા પ્રજાને ઉપલબ્ધ થઈ. શ્રી છોટાલાલભાઈ તથા શ્રી

Meera Marketing
Mfg. Exporters & Suppliers of Stainless Steel & Aluminium Utensils
Specialised in Manufacture of Items of Specific Requirements of Exporters & Institutions
30/2nd Panjrapole Lane, C.P. Tank, Mumbai-400 004. INDIA
Tel. : +91-22-22425857, 22421830 Fax : 91-22-22423281
email id : meeramkt@gmail.com

વાડીલાલભાઈ મદ્રાસવાળાએ પોતાના પુત્ર સ્વ. હરીશભાઈની યાદમાં સેનેટોરિયમ ભુજમાં બનાવી યોગદાન આપ્યું. બીજા શ્રેષ્ઠીશ્રી કરમચંદ લાલચંદે ગરીબો માટે બે આનામાં સસ્તું ભોજનાલય ચલાવી માનવતાનું ઉમદા દૃષ્ટાંત પૂરું પાડેલ છે. તેમજ શ્રી વીરચંદભાઈ લધુભાઈએ તો પાંજરાપોળ માટે નોખાણિયા ગામની સીમ આખી દાનમાં આપી દીધેલ.

આજના સંદર્ભમાં ભુજનાં શૈક્ષણિક ક્ષેત્રે જૈનાચાર્ય શ્રી અજરામરજી ટ્રસ્ટ પણ કાર્યાન્વિત છે. તેમજ શ્રી ડુંગરશી ટોકરશી વોરા વિવિધલક્ષી સંકુલમાં શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન મહાજનની પ્રવૃત્તિ પણ પ્રશંસનીય રીતે કામગીરી કરી રહી છે. જેમાં મુખ્યત્વે શેઠશ્રી લાલજી વેલજી એન્કરવાલા અતિથિગૃહ, શેઠશ્રી રતનશી ટોકરશી વોરા મેડિકલ ચેક-અપ સેન્ટર, માતુશ્રી લાખણીબાઈ રામજી તેજસી ગાલા નવનીત ભોજનાલય, શ્રીમતી પ્રેમિલાબેન રતનશી વોરા આરાધનાગૃહ, રોટરી એક્સ-રે યુનિટ, માતુશ્રી લાધીબાઈ રામજી દેવજી ગોગરી પત્રીવાલા પેથોલોજીકલ લેબોરેટરી અને ૨૪ કલાક એમ્બ્યુલન્સ સેવાનો સમાવેશ થાય છે. આ સંકુલની સ્થાપના ઇ.સ. ૧૯૮૭માં થઈ છે.

આમ ભુજના વિકાસમાં મહત્તમ ફાળો જૈન શ્રેષ્ઠીઓનો જણાય છે.

## સેવા પ્રવૃત્તિ સંદર્ભે કેટલીક જૈન સંસ્થાઓ

'સેવા' બે અક્ષરોનો લઘુ શબ્દ પોતે પોતાનામાં એક વિરાટ અર્થ ગરિમાને સમાવે છે. આજ સેવાના અર્થમાં 'સહયોગ' શબ્દ વપરાતો થયો છે. પરંતુ 'સહયોગ' અને 'સેવા' માં ઘણું અંતર છે. 'સહયોગ' માં વિનિમયની ભાવના રહે છે. જ્યારે સેવામાં 'સમર્પણ' ની ભાવના હોય છે. 'સહયોગ'માં એકલાપણાનો ભાવ સમાયેલો છે. જ્યારે 'સેવા'માં નમ્રતા સિવાય બીજી કોઈ ભાવના હોતી નથી. તે વિવેક ઉપર આશ્રિત છે. જૈનાગમોમાં સેવાનાં અર્થમાં 'વૈયાવડિય' અથવા 'વૈયાવચ્ચ' તે બે શબ્દ પ્રયુક્ત થયેલ છે. જેનું સંસ્કૃત ક્રમશઃ વૈયાવૃત્ય કે વૈયાપૃત્ય છે. 'વૈયાવૃત્ય' નો અર્થ છે જે વ્યક્તિને જે જાતની આવશ્યકતા હોય તેનો તે રીતે ઉચિત સત્કાર કરવો. આજ સંદર્ભમાં કચ્છમાં જૈનોની સેવાપ્રવૃત્તિ ચાલે છે.

### (૧) બિદડા સર્વોદય ટ્રસ્ટ - આરોગ્યધામ :

ગુજરાતના આ સરહદી અને પછાત જિલ્લામાં વિવિધ રોગો ખાસ કરીને આંખ, કાન, નાક, હૃદય, દાંત અને ગળાના રોગો સામે જેહાદ જગાડનાર અને લોકોમાં પોતાની તંદુરસ્તી વિશે જે આળસ અને અજ્ઞાનતા પ્રવર્તતાં હતાં તે અંગે જાગૃત્તિ લાવવામાં ખૂબજ મહત્વનો ભાગ ભજવનાર 'બિદડા સર્વોદય ટ્રસ્ટ' એ દેશના અગ્રગણ્ય તબીબોની સેવાઓ લઈને અત્યાર સુધીમાં અનેરી સિદ્ધિ મેળવી છે. દીન-દુઃખિયાની સેવાના એકમાત્ર ઉદ્દેશથી ઈ.સ. ૧૯૭૨માં સ્થપાયેલ આ ટ્રસ્ટે ઈ.સ. ૧૯૭૫માં પ્રથમ નેત્રદંત યજ્ઞનું આયોજન કર્યું હતું. નાતજાત કે ધર્મના ભેદભાવ વિના આ ટ્રસ્ટનાં કાર્યકરો ગરીબોની સેવા અર્થે જે કાર્ય કરી રહ્યા છે તે ખરેખર પ્રશંસનીય છે. જ્યારે સર્વોદય ટ્રસ્ટની પ્રવૃત્તિઓ શરૂ થઈ ત્યારે તેની મુખ્ય જવાબદારી સ્થાનિકે શ્રી જખુભાઈ અને શ્રી કલ્યાણજીભાઈએ સારી રીતે સંભાળી હતી. નેત્ર અને દંતયજ્ઞની સફળતામાં એમનો નોંધપાત્ર ફાળો હતો.

માંડવી - મુંદ્રા માર્ગ પર જાન્યુ. ૧૯૮૧માં આ ટ્રસ્ટ દ્વારા આરોગ્યધામનું ખાતમુહૂર્ત થયું અને માત્ર ત્રણ વર્ષનાં ટૂંકા ગાળામાં તેની કામગીરી પૂર્ણ કરી ફેબ્રુઆરી ૧૯૮૪માં પ્રજાની સેવામાં અર્પિત થયું. 'આરોગ્યધામ'માં નિયમિત સેવાઓ ઉપરાંત દર વર્ષે ડિસેમ્બર અને જાન્યુઆરી માસ દરમ્યાન નેત્ર-દંતયજ્ઞ ઉપરાંત વિવિધ રોગ-નિદાન શિબિરોનું વિના મૂલ્યે આયોજન કરવામાં આવે છે. રોગ નિદાન અને સારવાર શિબિરોના આયોજનની વિશિષ્ટતા એ છે કે પ્રથમ તો કચ્છનાં વિવિધ કેન્દ્રો પર પૂર્વ ચકાસણી થાય છે. ત્યારબાદ શિબિરમાં તેની સારવાર માટે ખાસ વ્યવસ્થા થાય છે અને આવશ્યકતા હોય તો સંસ્થા દ્વારા સંપૂર્ણ ખર્ચ આપીને દર્દીને મુંબઈ સારવાર માટે પણ મોકલવામાં આવે છે. અહીં ડોક્ટરો દેશ વિદેશમાંથી સેવા આપવા આવે છે અને દાતાઓ પણ દાનનો પ્રવાહ વહેવડાવી સંસ્થાને પ્રોત્સાહન આપે છે.

જ્યારે બિદડા સર્વોદય ટ્રસ્ટ આરોગ્યધામમાં ૧૪ ફેબ્રુ. ૧૯૮૫ ના રોજ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું ત્યારે વિદેશી ડોક્ટરોએ પણ સેવા આપી હતી. તેઓ આ ટ્રસ્ટના આયોજન અને નિઃસ્વાર્થ સેવા પ્રવૃત્તિથી પ્રભાવિત થઈને પ્રશંસારૂપે મંતવ્યો આપ્યાં હતા. જેમાં મુખ્યત્વે - લંડનથી ડૉ. માર્ક બ્રેઈન બ્રીજ આવેલાં તેમણે કહ્યું કે, "વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના સભ્ય તરીકે (યુનોના) જમૈકા, કુવૈત વગેરે અનેક દેશોની મેં મુલાકાત લીધી છે, પણ બિદડા જેવું આયોજન મેં ક્યાંય જોયું નથી."

જ્યારે જાપાનના ડૉ. ઇનોનીએ સેવાપ્રવૃત્તિને બિરદાવતા કહ્યું હતું કે, "ભારત અને જાપાન એશિયાના બંધુ દેશો છે. વિશ્વશાંતિમાં આ દેશો પોતાનો ફાળો આપે તેમ હું ઇચ્છું છું." અને જર્મનીના ડૉ. હેનબેકરે કહ્યું હતું કે, "અમારા ધનાઢ્ય દેશમાંથી અમારા એક પ્રતિનિધિને ત્રણ મહિના માટે બિદડા મોકલવા હું તૈયાર છું."

હવે તો આ સર્વોદય હોસ્પિટલે વિશાળ વડલાનું રૂપ ધારણ કરી લીધું છે. નેત્ર વિભાગ, દંતવિભાગ, ગાયનેક, ઓર્થોપેડિક, રિહેબિલીટેશન સેન્ટર, કુદરતી ઉપચાર જેવા સારવાર કેન્દ્રો એકજ છત્ર નીચે આવા ગામડામાં ચાલતા હોય એ દૃશ્ય જ રોમાંચકારી બની રહે.

બિદડા આરોગ્યધામની ખ્યાતિ માત્ર કચ્છ પૂરતી સીમિત ન રહેતાં દેશવિદેશમાં પણ ફેલાઈ છે. જે કચ્છ માટે ગૌરવરૂપ ગણાય.

### (૨) મેઘજી સોજપાલ જૈન આશ્રમ - માંડવી :

જૈન સમાજનાં અપંગ, વયોવૃદ્ધ અને નિરાધાર ભાઈ બહેનો માટે ઉત્તરાવસ્થા શાંતિમય, ધર્મમય બને એ માટે આ આશ્રમ

*ઘર મોટું હોય તો સાથે નથી રહેવાતું પણ મન મોટું હોય તો સાથે રહેવાય છે.*

ઉત્તમ વાતાવરણ પૂરું પાડે છે. આ આશ્રમની સ્થાપના ઇ.સ. ૧૯૪૮માં થઈ. જેની પ્રેરણા મુનિ શ્રી શુભવિજયજીએ આપી. તેમણે પોતાના વિહાર દરમ્યાન અશક્ત અને નિરાધાર ભાઈ બહેનોની હાલત જોઈને, તેમની તકલીફો દૂર કરવા આ આશ્રમ સ્થાપવા વિચાર્યું. તેમના આ વિચારથી પ્રેરાઈ શ્રી મેઘજીભાઈ સોજપાલે આ કાર્યને ઉપાડી લીધું. આ માટે માંડવી-ભુજના માર્ગ પર નાગજી અમરશીની વાડી મળી અને મકાન પણ મળ્યું. તેથી આશ્રમનો પ્રારંભ થયો. આ આશ્રમમાં એક દેરાસરનું પણ નિર્માણ કર્યું. જેમાં શ્રી શાંતિનાથ પ્રભુ બિરાજમાન છે. સાથે ધાર્મિક હોલ પણ બનાવ્યો છે. આ ઉપરાંત અતિથિગૃહ, ભોજનશાળા, તબીબી સારવાર ખંડ, તાત્કાલિક સારવારખંડ, ટી.વી. રૂમ વગેરે સવલતો ઉપલબ્ધ છે. અહીં અસ્વસ્થ, પરાધીન, મંદબુદ્ધિ અને માનસિક નબળા લોકો માટે નિવાસની તેમજ સંભાળની અલગ વ્યવસ્થા પણ છે. સામાન્ય તબીબી સારવાર તેમજ માનસિક રોગીઓની સારવાર માટે ડોક્ટરો સમયાંતરે મુલાકાત લે છે.

**(૩) 'જીવદયા' ની સાર્થકતા - પાંજરાપોળ :**

નિરાધાર અને નિઃસહાય, અશક્ત અને અપંગ પશુપંખીઓની જ્યાં પ્રેમભરી માવજત કરવામાં આવે છે તે સંસ્થાને 'પાંજરાપોળ' કહે છે. અહીં પશુઓને ઘાસચારો નીરવામાં આવે છે, પંખીઓને ચણ નાખવામાં આવે છે. બીમાર પશુ-પંખીઓની તબીબી સારવાર પણ કરવામાં આવે છે. કસાઈવાડે લઈ જવાતા પશુઓને છોડાવીને તેમને પાંજરાપોળમાં રાખવામાં અને સાચવવામાં આવે છે.

પાંજરાપોળ શબ્દ મૂળ 'પાંગળાપોળ'નું અપભ્રંશ સ્વરૂપ છે. તેમાં 'પાંગળા' શબ્દ જ સ્વયમ્ સ્પષ્ટ છે. પાંગળા એટલે અશક્ત કે ત્યક્ત જાનવરોનું આશ્રયસ્થાન એટલે પાંગળાપોળ. સમગ્રતયા અર્થમાં જોઈએ તો ખેડૂત કે પશુપાલક જેનો નિભાવ ન કરી શકે, જેમાંથી તેને વળતર ન મળે એવા જાનવરો સાચવવાની ઓચિંતી જવાબદારી ઉપાડી લે તે પાંગળાપોળ કે પાંજરાપોળ.

સ્થાનિક સંઘો તેમજ જીવદયા મંડળી જેવી સંસ્થાઓ આવી પાંજરાપોળનું સંચાલન કરે છે. દુષ્કાળ અને પૂર જેવા કુદરતી આફતોના પ્રસંગે આ પાંજરાપોળો પશુ-પંખીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થાય છે. એવાં કરૂણ પ્રસંગે પાંજરાપોળો ખાસ અને વિશિષ્ટ વ્યવસ્થા કરે છે.

કચ્છમાં મોટાભાગની પાંજરાપોળોમાં કચ્છનાં સમસ્ત જૈનોનું ઉમદા યોગદાન રહેલું છે. કચ્છમાં 'પાંજરાપોળ' પ્રવૃત્તિના અડીખમ અગ્રણી તરીકે શ્રી ઝુમખલાલ લક્ષ્મીચંદ મહેતા (માંડવી) નું અદ્વિતીય સ્થાન છે. તેમનાં નેતૃત્વ હેઠળ કચ્છની પશુપાલક સંસ્થાઓને સાંકળતું 'અખિલ કચ્છ પાંજરાપોળ અને ગૌશાળા ફેડરેશન' નામનું સંગઠન રચાયું છે. ઉપરાંત 'કાપાર્ટ' પાસેથી આર્થિક મદદ મેળવવામાં પણ સફળતા મેળવી છે. સમગ્ર ગુજરાતની પાંજરાપોળમાંથી ત્રીજા ભાગની પાંજરાપોળો માત્ર કચ્છમાં આવેલી છે. કચ્છમાં સૌથી જૂની પાંજરાપોળ તરીકેનું ગૌરવ 'અંજાર પાંજરાપોળ' (૧૭૫૬) ધરાવે છે. જ્યારે સૌથી નવી પાંજરાપોળ મુંદ્રા તાલુકાની 'છસરા પાંજરાપોળ' (૧૯૯૪) છે. ભારતના વડાપ્રધાને કોઈ પાંજરાપોળની મુલાકાત લીધી હોય તેવી કચ્છમાં સંભવતઃ એકમાત્ર 'માંડવી પાંજરાપોળ' છે. જ્યાં પંડિત નહેરૂ ઈ.સ. ૧૯૫૨માં પધાર્યા હતાં. ત્યારબાદ શ્રીમતી ઇન્દિરા ગાંધીએ ઇ.સ. ૧૯૫૯માં માંડવી અને મુંદ્રા પાંજરાપોળની મુલાકાત લીધી હતી. રાષ્ટ્રીય સ્તરની 'કાપાર્ટ' સંસ્થા તરફથી ઇ.સ. ૧૯૮૭માં મદદ મેળવનાર 'માંડવી પાંજરાપોળ' કચ્છમાં પ્રથમ હતી, તો એનિમલ વેલફેર બોર્ડ ઓફ ઇન્ડિયા તરફથી ઇ.સ. ૧૯૯૪માં રાષ્ટ્રપતિના હસ્તે પુરસ્કાર મેળવનાર 'બિદડા પાંજરાપોળ' આવી એકમાત્ર સંસ્થા છે. કચ્છની સર્વે પાંજરાપોળોમાં ફક્ત મુંદ્રા અને રાપરની પાંજરાપોળો અને સાથે પ્રવાસીઓ માટે ઉતરવાની વ્યવસ્થા છે. જ્યારે નારાયણ સરોવર અને લુણી — એ બે પાંજરાપોળોમાં પોતાનું પશુ-પક્ષી સારવાર દવાખાનું પણ સામેલ છે. વિશેષરૂપે મુંદ્રા તાલુકાના પ્રાગપર રોડ પર આવેલ 'અહિંસાધામ' પણ ઉલ્લેખનીય છે. ત્યાં જાનવરોનાં ઑપરેશન કરીને જરૂર પડે તો ત્યાં નવા પગ પણ બેસાડવામાં આવે છે.

કચ્છમાં જખૌ, તેરા, નલિયા, અંજાર, ગાંધીધામ, નખત્રાણા, આધોઈ, ભચાઉ, મનફરા, લાકડિયા, ભુજ, માધાપર, દુર્ગાપુર, બિદડા, માંડવી, ગુંદાલા, છસરા, ભુજપુર, મુન્દ્રા, રતાડિયા, લુણી, વડાલા, આડેસર, નીલપર, મોમાયમોરા, રવેચી, રાપર, લીલપુર, વરણું, નારાયણ સરોવર વગેરે સ્થળોએ પાંજરાપોળ આવેલી છે.

કચ્છમાં પાંજરાપોળની જેમજ 'જીવદયા' શબ્દાર્થના ભાગરૂપે ગામેગામ ઉભેલા ચબુતરાના પાયામાં પણ જૈનો મુખ્ય છે. નોંધનીય છે કે ભુજની ભીડ બજારના ભીડ ચોકમાં આવેલ કલાસભર વિશાળ ચબુતરો તેની ગવાહી પૂરતો ઊભો હતો. ૨૦૦૧ના ધરતીકંપમાં તે ધ્વસ્ત થઈ ગયેલ છે. 'વલોકચ્છડો' માર્ચ-જુલાઈ-૨૦૦૫, પૃ. ૨૧ અને કચ્છ તારી અસ્મિતા પૃ.૨૯૯ માં નોંધ્યા મુજબ આ ચબુતરો માંડવીના વણિક માઉ દેવજી ખોડીદાસે વિ.સ. ૧૯૫૨ (ઇ.સ. ૧૮૯૬) ના પ્રથમ જેઠ વદ ૧૧ અને રવિવારના બંધાવ્યાની માહિતી ચબુતરાના લેખ પરથી મળે છે.

'જીવદયા'ની સાર્થકતામાં દેશલપર (રાપર) ના ધર્મવીર શ્રી ધનજીભાઈ મોરબિયાનું સ્થાન પણ વિશિષ્ટ છે. તેના વિષે ખારોઈના શ્રી ગોવર્ધન હાજા નીસરે જે બનાવની નોંધ કરી છે તે મુજબ : સંવત ૧૯૬૩ (ઇ.સ. ૧૯૦૭)માં ડીસાના કસાઈઓ કચ્છ અને વાગડમાંથી કસાઈખાના માટે ઘેટાં

DEEP JYOT
DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

ખરીદતા. દેશલપરના મહાજનની નજરે તે પડ્યા. તેમને રણપાર કરતાં શ્રી ધનજીભાઈ મોરબિયા તથા જગશી ભાભેરાએ અટકાવ્યા. લઈ જનારાના મત પ્રમાણે તે અંગ્રેજોના લશ્કર માટે લઈ જવાતાં હતાં. તેથી આ બાબત વધારે ઉગ્ર બની. દેશલપરના મહાજને તે ઘેટાં અંજાર પાંજરાપોળ પહોંચાડી દીધા. તેથી શ્રી ધનજીભાઈને બેડી પહેરાવી રાપર ફોજદારે કેસ કર્યો. અંજાર મહાજનના તે સમયનાં નગરશેઠ જસરાજ ભવાનજી વગેરે ભુજમાં મહારાવશ્રી ખેંગારજી (ખેંગારજી ત્રીજા - ૧૮૭૬ - ૧૯૪૨) ને મળી, પાંજરાપોળ મહારાવ થકી ચાલે છે તેવી રજૂઆત કરી. મહારાવે તેમાં સહાનુભૂતિ બતાવી અને ૨૭ હજાર કોરી ઘેટાંના બદલે આપવાનું ઠરાવ્યું. આમ પોતાના જીવના જોખમે જીવદયા ધર્મ બજાવી હથિયારથી સજ્જ થઈ કસાઈઓ સાથે સામનો કરી ઘેટાં માલ કબજે કરી શ્રી ધનજીભાઈએ સ્વધર્મ પાલન કર્યું. અન્ય મહાજનોએ પણ સંપ દાખવતાં રાજ્ય પર પડઘો પડ્યો. તેમના સુસ્મરણીય બનાવની યાદ તથા શ્રી ધનજીભાઈનું સ્મરણ સાદર છે.

**એ જ રીતે કચ્છના ગીતા રાંભિયા પ્રાણી રક્ષાના ધ્યેયને ખાતર અમદાવાદ ખાતે શહીદ થયા તે ઘટના પણ જીવદયાની ભાવના કેટલી ઊંડી ઉતરી છે તેની સાક્ષી પૂરે છે.**

ઉલ્લેખનીય છે કે જૈન અને જૈનેતર સમાજના ભેદ વગર, સામાજિક સુધારણા અર્થે અને જીવહિંસા થતી અટકે તેવા ઉદ્દેશ સાથે ભુજમાં શ્રી રાયચંદ લાલા દિવાળીના દિવસોમાં પ્રભાતફેરી કાઢતા અને તેમાં ફટાકડાંનો બહિષ્કાર કરવાના સૂત્રો પોકારતા. વિદ્યાર્થીઓને અભ્યાસમાં ઉપયોગી થાય તેવી ભેટો પણ તેમને આપતા.

**(૪) દીનોદ્ધાર માનવ કલ્યાણ ટ્રસ્ટ - ભુજ :**

તા. ૧૭-૨-૧૯૭૪થી અસ્તિત્વમાં આવેલ આ ટ્રસ્ટે સમાજમાં સ્થાન મેળવ્યું છે. આ ટ્રસ્ટ દ્વારા જરૂરતમંદોને અનાજ, કપડાં, ભોજન, દર્દીઓને દવા, ફળ વિતરણ; તો વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ, પુસ્તક, નોટ, વગેરેની સહાય અપાય છે. પશુઓને રોટલા અને માછલીને પણ ખોરાક અપાય છે. અરે કીડીઓ પણ કણ પામવામાંથી બાકાત ન રહે. ટ્રસ્ટના કાર્ડધારકોને મહિનામાં એક વખત જરૂરી અનાજ અને ખાદ્યસામગ્રી અપાય છે. જોધપુરની સંસ્થા સાથે સંપર્કમાં આવી આ સંસ્થા દ્વારા કૃત્રિમ હાથ-પગ નંખાવી આપવાની વ્યવસ્થા પણ ટ્રસ્ટ ગોઠવે છે. વિવિધ વ્યવસાય અને ક્ષેત્રના લોકોનો નિયમિત સંપર્ક કરી શક્તિ અનુસાર રકમ મેળવાય છે. આ ઉપરાંત અન્ય દાતાઓ પણ સહાયભૂત થાય છે.

આમ કચ્છમાં જૈનધર્મનો પ્રસાર કરવામાં શ્રેષ્ઠીઓનો ઉદાર દાનપ્રવાહ અને પ્રજાકલ્યાણની નીતિ સફળ પૂરવાર થઈ છે. ■

# અણિશુધ્ધ આચરણ

એક નગરમાં એક ધર્મગુરૂ ધાર્મિક પ્રવચન કરતા હતા. તેમનાં પ્રવચન સાંભળવા જનમેદની ઊભરાવા લાગી. શ્રોતાવૃંદમાં વૃધ્ધિ થઈ રહી હતી, પરંતુ વ્યાખ્યાન પછી પોથી પર દક્ષિણા બહુ થોડી આવતી.

એ દિવસો દરમ્યાન એ જ નગરમાં એક મંદિરમાં બહુ જાણીતા અને પવિત્ર સંત પધાર્યા. સંતના આગમનનાં સમાચાર સાંભળતા જ પેલા ધર્મગુરૂના પ્રવચનોમાં શ્રોતા આવતા હતા તે બધા સંતની કથાવાર્તા ને દર્શન માટે જતા રહ્યા.

ધર્મગુરૂ એકલા જ રહ્યા. પેલા ધર્મગુરૂ બીજા દિવસે સંત પાસે ગયા. તેમણે જોયું તો સંતના ચરણોમાં જાતજાતની ભેટ સૌ ધરાવતા હતા. પોતાની પોથી પર જે શ્રોતા કશું જ મૂકતા નહોતા, તે પણ કિંમતી ભેટ આ સંતના ચરણોમાં મૂકતા હતા!

હવે ધર્મગુરૂથી રહેવાયું નહિ. તેમણે સંતને પૂછ્યું : 'આપશ્રીને બધા આદર કરી ભેટ મૂકે છે એ સારું છે, પરંતુ હું કેટલાક દિવસોથી પ્રવચન કરું છું, છતાં કદી કોડી પણ મૂકતા નથી. આમ કેમ?'

'આપણા મનમાં જે હોય તે બીજાના મનમાં ઊગે.' સંતે મંદ સ્મિત કરી કહ્યું.

'એ કેવી રીતે?'

'એ વાત પછી કરીશ. પરંતુ પહેલા તમે આ બધા પૈસા લઈ લો. તમારે એની જરૂર છે.'

ધર્મગુરૂએ સંતના ચરણોમાં મૂકેલા પૈસા વીણી લીધા. પછી બોલ્યા, 'પેલી વાત આપે અધૂરી રાખી તે કહો.'

'એ તો તમે પૂરી કરી દીધી.'

'મેં પૂરી કરી દીધી? કેવી રીતે?'

પછી સંતે શાંતભાવે કહ્યું : 'મારા મનમાં અપરિગ્રહ છે. મારે કશું જોઈતું નથી. તેથી બધાને પોતાની પાસે જે કંઈ હોય તે મૂકતા જવાનું મન થાય છે. તેમના મનમાં અપરિગ્રહ પડે છે પરંતુ તમારા મનમાં પરિગ્રહ છે. એટલે શ્રોતાઓના મનમાં પરિગ્રહ જાગે છે!'

હવે ધર્મગુરૂને સાચું જ્ઞાન પ્રાપ્ત થયું.

**બોધ વાક્યો :**

❀ આચરણની અસર થયા વગર રહેતી નથી.
❀ આચરણ વગરના શબ્દો વાંઝિયા છે.
❀ માણસના મનમાંના આચાર-વિચાર અન્ય પર અસર કરે છે.
❀ જેવું વિચારો, આચારો તેવું સર્વત્ર થાય.
❀ અણીશુદ્ધ આચરણ જીવનની આધારશિલા છે.

*'સફળતાના સ્વાતિબિંદુ'માંથી*

**Shree Simandhar Shipping Services**
CLEARING FORWARDING & SHIPPING AGENT
407, 4th Floor, Anna Bhuvan, Devji Ratanshi Marg, Mumbai-400 009.
Phone : (Off.) 91-22-2372 6347 • 2231 2422 • Telefax : 2378 2045
C.H.A. No. 11/1024

# કચ્છ રાજ્યનું મહેસૂલી તંત્ર

• નરેશ અંતાણી •

## ૨૯૪ ગામડાંઓ જ કચ્છ રાજ્યની સીધી હકુમતમાં હતા!

*રાવ દેશળજીના સ્વર્ગવાસ પછી કચ્છની ગાદીએ આવેલા પ્રાગમલજી બીજાના સમયમાં અંગ્રેજ પોલીટીકલ એજન્ટોએ કચ્છના રાવ અને ભાયાતો વચ્ચે ગેરસમજણો ઊભી કરી વૈમનસ્ય ફેલાવવા પ્રયાસો કર્યા. ભાયાતો રાવની સત્તાની અવગણના કરવા લાગ્યા. રાવ પ્રાગમલજી ખેડૂતોના હિતો જાળવવાના મતના હતા જ્યારે ભાયાતોએ ખેડૂતોને પરેશાન કરવા પ્રયાસો કર્યા. પરિણામે પરિસ્થિતિ ડામાડોળ થઈ ગઈ. આ વિકટ હાલતમાંથી કચ્છને બહાર લાવવા એ સમયના કચ્છના દીવાનો કાજી શાહબુદ્દીન અને કૃષ્ણાજી ગુલકર નામના બાહોશ અધિકારીઓએ બાજી સંભાળી અને એન્ડરસનના મહેસૂલી મેન્યુઅલનો કચ્છમાં અમલ શરૂ કરાવ્યો. આથી આધોઈ મહાલ સિવાય લગભગ કચ્છ પર કચ્છ રાજ્યનો અંકુશ લાવી શકાયો. પરિણામે કચ્છ રાજ્યની મહેસૂલ આવકમાં સતત વધારો થતો ગયો.*

કોઈપણ શાસનના સુચારુરૂપ સંચાલન માટે નાણાકીય આવકનો સ્રોત મહત્ત્વનો ભાગ ભજવે છે અને આ આવકનો મહત્ત્વનો સ્રોત એટલે મહેસૂલ. મહેસૂલી આવક જેટલી વધારે એટલું શાસન મજબૂત અને મજબૂત શાસન થકી જનસુખાકારીના અનેકવિધ સુંદર પગલાંઓ લેવાતાં હોય છે. કચ્છ જેવા વિશાળ પ્રદેશમાં મહેસૂલી માળખાનું આયોજન ગુજરાત રાજ્યની સ્થાપના અગાઉ કચ્છ રાજ્યના સમયમાં અને તે પછી 'ક' વર્ગના કચ્છ રાજ્યમાં કેવું હતું? તેની વિગતો જાણવી નવી પેઢી માટે રસપ્રદ બની રહેશે.

ઈ.સ. ૧૮૪૪ સુધી કચ્છમાં જમીન અંગેનું કોઈ વ્યવસ્થિત દફતર રાખવામાં આવ્યું હોય તેવું જણાતું નથી. રાવ દેશળજી બીજાએ કચ્છમાં સત્તા સંભાળી ત્યારે વાવેતર ખૂબ ઓછું હતું અને મહેસૂલી આવક પણ આવતી ન હતી. આ સમયે કચ્છના અંદાજે ૮૫૦ ગામડાંઓમાંથી માત્ર ૨૯૪ ગામડાંઓ જ કચ્છ રાજ્યની હકુમતમાં હતા. ૪૩૪ ગામડાંઓ ભાયાતો અને જાગીરદારોની સત્તા હેઠળ હતા અને ૧૨૩ ગામો ધર્માદા - સખાવતી સંસ્થાઓને અર્પણ કરાયા હતા. આથી સમગ્ર ભાયાતો અને જાગીરદારો ઉપર પણ કચ્છ રાજ્યની હકુમત સાબિત કરવા લક્ષ્મીદાસ કામદારે કુનેહ વાપરી મહેસૂલ અને કસ્ટમની આવક વધારવા પ્રયાસો કર્યા. લક્ષ્મીદાસ કામદારના નિધન પછી મહારાવ દેશળજી બીજા (ઈ.સ. ૧૮૧૯-૧૮૬૧)ના રાજ્યામલ દરમ્યાન કચ્છમાં મહેસૂલી તંત્રને કચ્છના દીવાન બિહારીલાલ જાનીએ વ્યવસ્થિત રૂપ આપ્યું હોવાનું જોઈ શકાય છે. આ સમયે કરવામાં આવેલ વ્યવસ્થા મુજબ ખેતી તથા બિનખેતી જમીનોની નોંધ માટે સોબકિયા શેરા તરીકે ઓળખવામાં આવતાં નોંધ પત્રકો તૈયાર કરવામાં આવ્યા અને આ કામગીરી સમગ્ર કચ્છમાં એ સમયે પાંચ વર્ષમાં પૂર્ણ કરવામાં આવી. આ સોબકિયા શેરોની નોંધપોથી અમદાવાદી ગદીના કાગળ ઉપર કાળી શાહીથી લખવામાં આવતી. આ નોંધપોથીમાં ક્રમાંક, બુટાંધણી, ભોગધણી, જમીનનો વિસ્તાર, જમીનનો પ્રકાર, ખેડૂત ભોગનો ભાગ, બુટાનો ભાગ, ખેતરની ચતુર્દિશા, ચતુર્દિશા ઉપર હદના નિશાનો અને આવેલાં ઝાડ વગેરેની નોંધ લખવામાં આવતી.

આ જ દફતરમાં ભોગધણી, બુટાંધણી અને ખેડૂતના હક્કો સ્પષ્ટ લખવામાં આવતા. ખેડૂતે ભોગધણી અને બુટાંધણીને શું આપવું? વગેરે વિગતો દર્શાવી દફતરને અદ્યતન રાખવામાં આવતું. મહેસૂલ ઉઘરાવવા માટે વિશાળ કચ્છના જુદા જુદા વિભાગ પાડવામાં આવતા. આ વિભાગને ચોવીસી તરીકે ઓળખવામાં આવતો. જેમાંથી મહેસૂલ ઉઘરાવવા માટે રાજય તરફથી ઈજારો આપવામાં આવતો. આ ઈજારદારને વહીવટમાં મદદરૂપ થવા રાજ્યના પ્રતિનિધિઓ આપવામાં આવતા.

રાવ દેશળજીના સ્વર્ગવાસ પછી કચ્છની ગાદીએ આવેલા પ્રાગમલજી બીજાના સમયમાં અંગ્રેજ પોલીટીકલ એજન્ટોએ કચ્છના રાવ અને ભાયાતો વચ્ચે ગેરસમજણો ઊભી કરી વૈમનસ્ય ફેલાવવા પ્રયાસ કર્યો. ભાયાતો રાવની સત્તાની અવગણના કરવા લાગ્યા. રાવ પ્રાગમલજી ખેડૂતોના હિતો જાળવવાના મતના હતા. જ્યારે ભાયાતોએ ખેડૂતોને પરેશાન કરવા પ્રયાસો કર્યા. પરિણામે પરિસ્થિતિ ડામાડોળ થઈ ગઈ. આ વિકટ હાલતમાંથી કચ્છને બહાર લાવવા એ સમયના કચ્છના દીવાનો કાજી શાહબુદ્દીન અને કૃષ્ણાજી ગુલકર નામના બાહોશ અધિકારીઓએ બાજી સંભાળી અને એન્ડરસનના મહેસૂલી મેન્યુઅલનો કચ્છમાં અમલ શરૂ કરાવ્યો. અને આ મેન્યુઅલ મુજબ જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય કક્ષાના વિગતવાર દફતરના નમુનાઓ તૈયાર કરાવ્યા અને તેને કાયદાનું રૂપ આપી કચ્છના દરબારી ગેઝેટમાં પ્રસિદ્ધ કરાવ્યા. જે ભાયાતો મહેસૂલ આપવા અવગણના કરતા તેમની પાસેથી મહેસૂલ અને દંડ વસુલ કરવા તેમના ગરાસ અગાટ વેચાણ લેવાની શરૂઆત કરી. આથી આધોઈ મહાલ સિવાય લગભગ કચ્છ પર કચ્છ રાજ્યનો અંકુશ લાવી શકાયો.

*તમામ પ્રકારની સમજદારીની માતા સ્મૃતિશક્તિ છે.*

આમ, નવા પગલાંઓ ધરવાથી કચ્છ રાજ્યની મહેસૂલ આવકમાં સતત વધારો થતો ગયો. જેનો ખ્યાલ મહેસૂલી આવકના આ આંકડાઓથી આવી શકે છે. ઇ.સ. ૧૮૫૨-૫૩માં મહેસૂલી આવક રૂા. ૭,૧૫,૦૦૦/-ની થઈ હતી. તે ૧૮૭૬-૭૭માં રૂા. ૧૪,૮૦,૦૦૦/- થવા પામી હતી. કસ્ટમની આવક રૂા. ૧,૭૫,૦૦૦/-માંથી રૂા. ૮,૦૦,૦૦૦/-ની થવા પામી હતી.

આ નવી મહેસૂલી પદ્ધતિમાં કચ્છના વહીવટી ભાગો પાડી તાલુકાઓ બનાવવામાં આવ્યા. જેમાં રાપર, ભચાઉ, મુંદ્રા, ભુજ, અંજાર, માંડવી અને અબડાસા. નખત્રાણાનો સમાવેશ અબડાસામાં થતો. પાછળથી નખત્રાણાનો અલગ તાલુકો અસ્તિત્વમાં આવ્યો જેમાં લખપતનો પણ સમાવેશ કરાયો. મહેસૂલી તંત્રની નવરચનાથી મહેસૂલી પેદાશ ૬૦ ટકા વધી શકી હતી તો ૫૯,૦૦૦ એકર જમીન નવા ખેડાણ માટે તૈયાર કરી શકાઈ હતી.

નવી મહેસૂલી પદ્ધતિ હેઠળ પ્રજા ઉપર અનેક નવા કરવેરાઓ ઝીંકવામાં આવ્યા હતા. આ કરવેરા રાજ્ય સરકાર કે ભાયાતો ઉઘરાવતા. આ તમામ વેરાનો ભોગ પ્રજા બનતી.

કચ્છની નવી મહેસૂલ પદ્ધતિના અમલને કારણે મહેસૂલી હિસાબો અને ગણતરીમાં થતી ભૂલો નિવારી શકાઈ. ભોગવટી, રસમવહી, દાખલાવહી અને નોંધવહી જેવા દફતર નિભાવવામાં આવતા. જેમાં અધૂરાશ રહી તો કર્મચારીને રોકડ દંડ કરવામાં આવતો કે પ્રમોશન અટકાવવામાં આવતું. વળી બદલી જેવા પ્રસંગોએ કામ ચડત નથી તેવું પ્રમાણપત્ર મેળવવું ફરજિયાત રહેતું. નોકરિયાતની નિમણૂકમાં અગાઉ પટાવાળાની નિમણૂક પણ દીવાનના હુકમથી કરવામાં આવતી. પરંતુ દીવાન મણિભાઈ જશભાઈએ પોતાના અષાઢ સુદ ચૌદસ સંવત ૧૯૩૭ના હુકમ નં.-૧૧૯થી આ અધિકાર રેવન્યુ કમિશ્નરને આપ્યો. જે કર્મચારીનો પગાર ૪૫ કોરીથી વધારે ન હોય તેવા કર્મચારીની નિમણૂક, બઢતી, બરતરફી, બદલી વગેરે અધિકાર પણ દીવાન નંદશંકર જીવનશંકરે તા. ૨૩-૧૧-૧૮૮૦થી રેવન્યુ કમિશ્નરને આપ્યા. કસૂરવાર કર્મચારીઓને ૫૦ કોરી સુધીનો દંડ કરવાનો અધિકાર પણ રેવન્યુ કમિશ્નરને હતા. પણ આ દંડ સામે દીવાન સમક્ષ અપીલ કરવાનો અધિકાર કર્મચારીઓને આપવામાં આવ્યો હતો.

સરકારી લેણા ન ભરનાર નાગરિકને અટકાયતમાં રાખવાનો ખાસ અધિકાર પણ મુકરર કરવામાં આવ્યા હતા તે પ્રમાણે રેવન્યુ કમિશનર એક માસ સુધી, મદદનીશ રેવન્યુ કમિશનર ૨૦ દિવસ અને વહીવટદારને ૧૦ દિવસ સુધી નાગરિકને અટકાયતમાં રાખી શકવાનો અધિકાર આપવામાં આવ્યા હતા.

### ઉપજમાંથી પ્રથમ રાજ્યનો ભાગ લેવામાં આવતો!

*કચ્છનું મહેસૂલ વર્ષ અષાઢ સુદ-૨ (અષાઢી બીજ)થી શરૂ થતું. અષાઢ સુદ બીજથી શ્રાવણ સુદ બીજ સુધીમાં મહેસૂલ તથા કસ્ટમ બંને વિભાગોના ખડાબંધ - સરવૈયું તૈયાર કરી જુદા જુદા સ્તરેથી તપાસાઈ રેવન્યુ કમિશ્નર પાસે રજૂ કરવામાં આવતું. આ પછી કારતક સુદ બીજ અથવા માગશર સુદ બીજ સુધીમાં બંને સરવૈયાઓનું આખરી સંયુક્ત સરવૈયું - ખડાબંધ તૈયાર થતું અને તેને આધારે કચ્છ રાજ્યની આવકની સ્પષ્ટ જાણકારી મળી રહેતી. આ સંયુક્ત ખડાબંધને કચ્છના દરબારી ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવતું.*

નવી મહેસૂલ પદ્ધતિનો અમલ કરવા માટે મહેકમ નીમવામાં આવ્યું અને તે પ્રમાણે કચ્છના મહેસૂલ વિભાગના વડા તરીકે રેવન્યુ કમિશ્નર અને તેની મદદમાં બે મદદનીશ રેવન્યુ કમિશ્નર (બ્રિટીશ નાયબ કલેક્ટરની કક્ષાના), તાલુકાની વહીવટદારની કચેરીમાં અવલ કારકૂન, તજવીજદાર (સર્કલ ઈન્સ્પેક્ટર) અને ગ્રામ્ય કક્ષાએ ધ્રુ એટલે તલાટીની જગ્યાઓ ઊભી કરવામાં આવી. કચ્છ રાજ્યના રેવન્યુ કમિશ્નરનું સ્થાન રાજ્યના દીવાન પછીનું હતું.

આ સમયે કચ્છમાં ભાગ વટાઈની પ્રથા અમલમાં હતી. આ પ્રથા મુજબ ખેતરમાં થતી અનાજની ઉપજમાંથી કચ્છ રાજ્યનો ભાગ લેવામાં આવતો અને આ ભાગ લેવાયા પછી જુદા જુદા કરવેરા પણ ખેડૂતોએ ભરવા પડતા. આ વેરા અનાજના કે રોકડના રૂપમાં લેવામાં આવતા. આથી ખેડૂતોને બેવડો બોજો વહન કરવો પડતો. મહેસૂલી દફતરમાં ખેતરમાં થતી અનાજની કુલ ઉપજ, સરકારને થતી અનાજની આવક, ખેડૂત પાસે બાકી રહેતું અનાજ વગેરેની નોંધ રાખવામાં આવતી. સરકારી કોઠારમાં આવેલ અનાજ જાહેર ચડાખડીથી વેપારીઓને વેચવામાં આવતું.

કચ્છના મહેસૂલી તંત્ર દ્વારા ખાસ પત્રકો તૈયાર કરવામાં આવતા. આ પત્રકોમાં વિવિધ નોંધ કરવામાં આવતી. કચ્છમાં થતી જમીનની ખરીદ અને વેચાણની નોંધ તથા સરકાર દ્વારા આપવામાં આવતી જમીનોના કરવામાં આવતા હુકમો વગેરેની નોંધ દાખલાવહી પત્રકોમાં કરવામાં આવતી. ગામની ઉપજની નોંધ દાણા-કાલાની વહીમાં કરવામાં આવતી જ્યારે સરકારી આવકની નોંધ દાખલાવહીમાં કરવામાં આવતી. વર્ષને આખરે આ તમામ વ્યવહારોનું સરવૈયુ, મહેસૂલી ભાષામાં ખડાબંધ કે ઠરાવબંધ તૈયાર કરવામાં આવતા. આ ખડાબંધમાં આગળના વર્ષની સરખામણીમાં થયેલ વધુ કે ઓછી આવકની નોંધ પણ તેના કારણ સાથે કરવામાં આવતી. જમીનમાં થતી મોં બદલોની નોંધ ધ્રુ તલાટીએ રાખવાની ફરજિયાત હતી. અને આ મોં બદલા પણ રાજ્ય દ્વારા ખાસ લાગત વસુલ કરવામાં આવતી. આ વસુલાત પણ ધ્રુએ કરવાની રહેતી.

કચ્છનું મહેસૂલ વર્ષ અષાઢ સુદ-૨

*શ્રદ્ધાનો બીજો અર્થ થાય છે સુખી રહેવું.*

(અષાઢી બીજ)થી શરૂ થતું. અષાઢ સુદ બીજથી શ્રાવણ સુદ બીજ સુધીમાં ખડાબંધ - સરવૈયું તૈયાર કરી જુદા જુદા સ્તરેથી તપાસાઈ રેવન્યુ કમિશ્નર પાસે રજૂ કરવામાં આવતું.

કચ્છના દરેક તાલુકામાં કસ્ટમ કચેરીઓ જુદી જુદી હતી પરંતુ તે વહીવટદારના જ તાબામાં ગણાતી. કસ્ટમ ત્રણ પ્રકારે વસૂલ કરવામાં આવતી. દરિયાવાટથી આવતા માલ પર, પગ રસ્તે આવતા માલ પર તથા સ્થાનિકે ઉત્પાદન કરવામાં આવતા માલ પર. કસ્ટમની આવકનું સરવૈયું - ખડાબંધ જુદું તૈયાર કરાતું.

મહેસૂલ તથા કસ્ટમ બંનેના ખડાબંધ રેવન્યુ કમિશ્નર પાસે રજૂ થયા પછી કારતક સુદ બીજ અથવા માગશર સુદ બીજ સુધીમાં બંને સરવૈયાઓનું આખરી સંયુક્ત સરવૈયું - ખડાબંધ તૈયાર થતું અને તેને આધારે કચ્છ રાજ્યની આવકની સ્પષ્ટ જાણકારી મળી રહેતી. આ સંયુક્ત ખડાબંધને કચ્છના દરબારી ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવતું.

રાજ્યના આ પ્રકારના ગ્રામ્ય કક્ષાથી રાજ્ય કક્ષા સુધીના મહેસૂલી વહીવટના સુંદર અને સરળ આયોજનને કારણે ક્યાંય પણ હિસાબમાં ફેર ન આવે તેની તકેદારી રાખવામાં આવતી. હિસાબ સંપૂર્ણપણે પૂર્ણ ન થાય ત્યાં સુધી જમાબંધ - ખડાબંધ તૈયાર કરવામાં ન આવતો.

કચ્છની આ પ્રકારની મહેસૂલી નીતિના ચોક્કસ અમલ માટે ધ્યાન રાખવામાં આવતું કે ખેડૂતોને ઓછી તકલીફ પડે અને રાજ્યની મહેસૂલી આવકમાં પણ નુકસાન ન થાય તેનો ખ્યાલ રાખવામાં આવતો. આ માટે ખાસ માર્ગદર્શક નિયમો, ઠરાવો વગેરે વખતો વખત બહાર પાડવામાં આવતા અને તેમાં પાકા બાંધેલા પ્રકરણો પણ પ્રસિદ્ધ કરવામાં આવતા.

ખેડૂતોને અને ખેતીને મદદ કરવા, નવી જમીન ખેડવા, જમીન સુધારવા, કૂવા ખોદવા, કુદરતી આપત્તિ વગેરે કારણોસર ભોગમાફી આપવામાં આવતી. તગાવી, સબસીડી પણ આપવામાં આવતી. ઝાડ ઉગાડનાર ખેડૂતને ફળ ન આવે ત્યાં સુધી મહેસૂલ માફી આપવામાં આવતી.

કચ્છ રાજ્યનો આ પ્રકારનો મહેસૂલ વહીવટ સંવત ૧૯૩૨થી સંવત ૨૦૦૨ સુધી ચાલ્યો. રાવ વિજયરાજજીના સમયમાં ઈ.સ. ૧૯૪૮માં ભાગ વટાઈની પ્રથા નાબૂદ કરી વિઘોટી પ્રથા દાખલ કરવામાં આવી. આ માટે ખાસ જાગીરદારી અને ભાગવટાઈની પ્રથાને નાબૂદ કરવા અને વિઘોટીની પ્રથાને દાખલ કરવા ભુપતરાય બુચ નામના કાબેલ અધિકારીની ખાસ નિમણૂક કરવામાં આવી. તેમણે કચ્છના ગામડે ગામડે ફરીને સર્વે કરી ખાસ દફ્તર તૈયાર કર્યું અને વિઘોટી પ્રથાનો પ્રાથમિક રીતે અમલ કરવા માટે નખત્રાણા તાલુકાની પસંદગી કરી. સ્વ. દિનકરરાય એચ. વૈદ્યે આ કામગીરીમાં તેમને મદદ કરી હતી.

### • 'ક' વર્ગના કચ્છનું મહેસૂલી તંત્ર :

ભારતને આઝાદી મળતાં કચ્છ રાજ્યનું જૂન ૧૯૪૮માં ભારત સંઘમાં વિલીનીકરણ કરવામાં આવતાં કચ્છને 'ક' વર્ગનો દરજ્જો આપવામાં આવ્યો. છેલ્લા મહારાવ મદનસિંહજી અને છેલ્લા દીવન જે.જે. આશરે ભારત સંઘને કચ્છ રાજ્યનો કબજો સોંપ્યો અને ભારત સરકારે કચ્છના વહીવટી વડા ચીફ કમિશ્નર તરીકે સી.કે. દેસાઈની નિમણૂક કરી. આ સમયે કચ્છના રેવન્યુ કમિશ્નર તરીકે શ્રી તુલસીદાસ એમ. શેઠ હતા. કચ્છ રાજ્યનું ભારત સંઘમાં વિલીનીકરણને કારણે આ હોદ્દાને રદ કરવામાં આવ્યો અને તેને સ્થાને જિલ્લા કલેક્ટર - જિલ્લા મેજીસ્ટ્રેટનો હોદ્દો અમલમાં આવ્યો અને કચ્છના પ્રથમ કલેક્ટર તરીકે તુલસીદાસ એમ. શેઠને જ નિમણૂક આપવામાં આવી.

વહીવટી સરળતા માટે કચ્છને ત્રણ મુલકી વિભાગમાં વહેંચવામાં આવ્યો. જેમાં મધ્ય વિભાગમાં ભુજ, માંડવી, મુંદ્રા અને ખાવડા મહાલનો સમાવેશ કરવામાં આવ્યો. અંજાર, રાપર, ભચાઉ અને ખડીર મહાલ મળીને પૂર્વ વિભાગ જ્યારે નખત્રાણા, અબડાસા અને લખપત મળીને પશ્ચિમ વિભાગની રચના કરવામાં આવી. આ ત્રણે વિભાગને એક એક નાયબ કલેક્ટર આપવામાં આવ્યા. જેથી કલેક્ટરની કામગીરીનું ભારણ ઓછું કરી શકાય. આ વ્યવસ્થા આજે પણ થોડા ફેરફાર સાથે અમલમાં છે. દરેક તાલુકાઓમાં વહીવટદારને સ્થાને મામલતદારોની નિમણૂક કરવામાં આવી. ગામડાંઓના સ્થાનિક વહીવટ માટે ધ્રુ ને સ્થાને તલાટી નીમવામાં આવ્યા અને તલાટીઓ પર દેખરેખ માટે સર્કલ ઈન્સ્પેક્ટર નીમવામાં આવ્યા. કચ્છના કર્મચારીઓને સૌરાષ્ટ્રના ધોરણે પગાર આપવાનું શરૂ કરવામાં આવ્યું.

જાગીરો જે સ્વતંત્ર હતી તેના વહીવટ માટે કલેક્ટર કચેરીમાં જાગીર શાખા ખોલવામાં આવી જે આજે પણ અસ્તિત્વ ધરાવે છે.

કેન્દ્ર સરકાર અને મુંબઈ સરકારના મહેસૂલી કાયદાઓનો કચ્છમાં અમલ શરૂ કરાવવામાં આવ્યો. કલેક્ટરથી તલાટી સુધીના કર્મચારીઓને નવી મહેસૂલી પદ્ધતિની તાલીમમાં મોકલવાની વ્યવસ્થા ઈ.સ. ૧૯૫૧ની સાલથી ઊભી કરવામાં આવી.

ગુજરાત રાજ્યના અસ્તિત્વ પછી કચ્છને ગુજરાત રાજ્યમાં સમાવેશ કરાયા પછી ગુજરાતના મહેસૂલી કાયદાઓ કચ્છને લાગુ કરવામાં આવ્યા અને ગુજરાત સાથે કચ્છ પણ વિકાસની હરણફાળ ભરી રહ્યું છે.

*'ભૂમા નિકેતન',*
*૨૨/બી, શિવમ પાર્ક, નાના યક્ષ મંદિર પાસે,*
*માધાપર રિંગ રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૯૯૮૨ ૨૦૪૭૮*

## ☺ રાજધાની ☺

ટીચર : દક્ષિણ આફ્રિકાની રાજધાનીનું નામ શું છે?

સ્ટુડન્ટ : કેપ ટાઉન

ટીચર : વેરી ગુડ. અને ઇન્ડિયાની રાજધાનીનું નામ?

સ્ટુડન્ટ : રેપ ટાઉન.

AMBA SHIPPING AGENCIES
CLEARING FORWARDING & SHIPPING AGENTS
HIRALAL DAGHA
401, Rajgor Chambers, 99, Masjid Siding Road, Near Masjid Station (E), Mumbai-400 009. E-mail : ambashipage@rediffmail.com
Cell : 98210 69299 Tel. : 23772744 Telefax : 23710875 Resi. : 24097776

માહિતી

# કચ્છની મીઠી મધુરી ખારેક

● માણેક એમ. સંગોઈ ●

આપણને કોઈ પૂછે કે, 'તમે રામબુતાન, મેન્ગોસ્ટીન, પેશનફ્રુટ, દુરિયાન કે ડ્રેગનફ્રુટ જોયા છે? ખાધાં છે? તો મોટાભાગના આપણે કહીશું કે, 'બાપલા આ કેવા હોય? અમે જોયા ય નથી ને ચાખ્યા ય નથી.' બસ આવું જ કંઈક તાજી ખારેકની બાબતમાં છે. ભારત દેશની વસતિ ૧૨૭ કરોડની છે. તેમાંથી માત્ર પાંચ ટકા લોકોએ જ તાજી ખારેકને જોઈ હશે કે ખાધી હશે. ખજૂર અને સુકી ખારેકને લોકો ઠીક ઓળખે છે. સૂકી ખારેક, હિન્દીમાં છુઆરા, મરાઠીમાં ખારીક અને અન્ય ભાષામાં ખજૂર તરીકે ઓળખાય છે. આમ તાજી ખારેક એમને માટે અજાયબી જ કહેવાય. દાદી અમ્મા અને નાનીજી જેવી થઈ ગયેલ ખજૂર અને સૂકી ખારેકનું એમનું જોબનવંતુ સોનેરી રૂપ તાજી ખારેકમાં જોઈ એઓ તો આફરીન થઈ કહેશે વોટ એ વંડરફૂલ! મસ્ત મસ્ત હૈ આપકી ખારેક! વાઉ-ક્યા ચીઝ હૈ! કચ્છની કેસર કેરી જો ફળોની રાણી હોય તો કચ્છની ખારેક તો પ્યારી પ્રિન્સેસ ખરી કે નહીં?

ખારેક એ કચ્છનું વરદાન છે. વનસ્પતિશાસ્ત્રીઓ એને કચ્છનું કલ્પ-વૃક્ષ કહે છે. ભારતમાં ખારેકનું નેવું ટકા ઉત્પાદન કચ્છમાં થાય છે. એની ચાલીસ ટકા પેદાશ મુંદ્રા તાલુકામાં થાય છે. સરેરાશ માત્ર ૩ ઈંચ વરસાદ અને ઊંચું ઉષ્ણતામાન ખારેકને માફક આવે છે. કચ્છની આબોહવા ખારેકને ખૂબ ગમે છે. તાજી ખારેકના દર્શન ગુજરાત, કચ્છ, મુંબઈ અને રાજસ્થાન સિવાય દેશની બીજી કોઈ બજારોમાં ભાગ્યેજ થશે. પીળા અને લાલ રંગની ને માત્ર બે કે અઢી મહિના માટે જુલાઈ અને ઓગસ્ટ મહિનામાં જ એ મળે છે. ફ્રીઝ કે ફ્રીઝરમાં રાખી હોય તો ચાર-છ મહિના તાજી રહે. રૂપવંતી, રસભરી, મીઠી-મધુરી ખારેક ગુણવંતી પણ છે. એનામાં આરોગ્ય વધારવાના ઘણા ગુણો ભરેલાં છે. નિષ્ણાતો શું કહે છે જરા જોઈ લઈએ.

## તાજી ખારેકના આરોગ્યપ્રદ ગુણો

માત્ર પાંચ તાજી ખારેકમાં શરીરને રોજની જરૂરિયાત મુજબ અઢાર ટકા રેસા - ફાઈબર છે જે કોલેસ્ટેરોલ અને કબજિયાત દૂર કરવામાં મદદ કરે છે. રોજનું જોઈએ એવું સોળ ટકા (૬૯૭ મી ગ્રામ) પોટેશિયમ એમાં છે જે હૃદયના ધબકારા અને બ્લડ પ્રેશરને કાબૂમાં રાખે છે. લગભગ એક ગ્રામ લોહ તત્ત્વ એમાં છે જે શરીરની અગિયાર ટકા જરૂરત પૂરી પાડે છે. લાલ લોહી કણ અને હિમોગ્લોબીન માટે લોહ તત્ત્વની મહત્ત્વની ભૂમિકા છે. હાડકાઓને મજબૂત રાખવા મેગ્નિશિયમની તેર ટકા જરૂરિયાત પાંચ તાજી ખારેક પૂરી પાડે છે. તાંબુ ચાલીસ ટકા (૦.૩૬૨ મિ.ગ્રામ) છે જે આંખ, વાળ, હાડકાં અને મગજ માટે ઉપયોગી છે. અમુક નુકસાન કરતાં બેક્ટેરિયાને નાશ કરવામાં, થાઈરોઈડ ગ્રંથિના કાર્યમાં અને રોગ પ્રતિકારક શક્તિ વધારવામાં તાંબુ મદદ કરે છે. સૌથી મહત્ત્વના એવા વિટામિન બી કોમ્પ્લેક્સ (B1 - B2, B3, B5, B6) પાંચ નંગ તાજી ખારેકમાં છે. રોજની જરૂરિયાતના વીસથી પચીસ ટકા વિટામિન 'A' જે આંખના આરોગ્ય માટે ખૂબ જ જરૂરી છે તે પણ એમાં છે. નાના બાળકોને તાજી ખારેક ખાવા આપી હોય અને આંખની યોગિક કસરત નિયમિત કરાવી હોય તો બની શકે કે એમને ચશ્માં ન પહેરવા પડે.

## ખારેક વિષે વધુ : ડેટની ડેટીંગ

ખારેક આરબ દેશો, ઉત્તર આફ્રિકા અને ઈઝરાયેલમાં થાય. આ બાબતમાં ઈઝરાયેલના અને ગુજરાતના કૃષિ વૈજ્ઞાનિકોએ દોસ્તી કરી છે. ખારેકની ખેતીમાં ટીસ્યુ કલ્ચર અને ટપક સિંચન - ડ્રીપ-ઈરિગેશન પદ્ધતિઓ ઈઝરાયેલની ભેટ છે. આણંદની એગ્રીકલ્ચર યુનિવર્સિટી અને દાંતીવાડામાં છેલ્લા કેટલાય વર્ષોથી ખૂબ ખંત અને મહેનતથી સંશોધનો કરી ટીસ્યુ કલ્ચરની પદ્ધતિમાં આપણા વૈજ્ઞાનિકોએ કુશળતા મેળવી છે. એના ઉપયોગથી કચ્છના ભૂમિ-પુત્રોએ ખૂબ મહેનત કરી ખારેકનું ઉત્પાદન પાંચ વર્ષમાં બમણું કરી નાખ્યું છે. એક લાખ વીસ હજાર ટન. યાદ રહે કે એક ટન એટલે એક હજાર કિલો. ગુજરાત સરકારે આ સંશોધન માટે પચાસ લાખ રૂપિયા ફાળવ્યા છે. ખારેકની ખેતી કરવી, એ ઠીક એવી મહેનતનું કામ છે. એવું નથી કે એક વાર ઠળિયો નાખ્યો ને ખારેકનો છોડ ઉગ્યો. ઠળિયાથી ઉગાડેલ સો ઝાડોનું છ-સાત વર્ષ સુધી લાલન પોષણ કર્યા પછી એમાંથી પચાસ નર જાતિના નીકળે. એમાંના માત્ર બે જ ઝાડ એની સાથે ઉગેલાં નારી જાતિના પચાસ ઝાડોના સંબંધ માટે પર્યાપ્ત છે. બાકીના અડતાલીસ નર વૃક્ષો ન હોય તો ય ચાલે. ખારેકના પુષ્પો માત્ર નારી જાતિના ઝાડો પર થાય. જેમ નારી જાતિના વૃક્ષોની સંખ્યા વધુ એટલું ખારેકનું ઉત્પાદન વિશેષ થાય. નર વૃક્ષના પુંકેસરનું સમાગમ કરવાનું સાધારણ રીતે કામ કરતાં ઉડતાં કીટ પતંગિયાંઓ ખારેકના વૃક્ષ ઉપર પહોંચી નથી શકતા. એટલે એ કાર્ય કુદરત લહેરાતાં પવન ઉપર છોડી દે છે. ટપાલી જાતે આવીને ઘરે કાગળ આપી જાય અને એ કાગળ હવામાં ઊડીને ઘરમાં આવવાનો પ્રયાસ કરે તો નિષ્ફળતા પણ મળે. આવું જ કંઈક ખારેકના નારી વૃક્ષ સાથે થાય છે. પુંકેસરના રજનો સમાગમ પવનના ભરોસે થાય, ન થાય એની કોઈ ગેરંટી નહિ. એટલે આ સંજોગોમાં ખારેકનું ઉત્પાદન ઘણું ઓછું થાય. ટીસ્યુ કલચર પદ્ધતિથી લેબોરેટરીમાં ધાર્યા હોય એવાં ને એટલાં નારી જાતિના ઝાડ ઉગાડી - થોડા મોટા કરી ખેતરોમાં રોપી શકાય અને ખાસ વિધિથી જ્યારે ફૂલો આવે ત્યારે એની સાથે પુંકેસરનો સંપર્ક, યાને કે ડેટિંગ કરી શકાય. અંગ્રેજીમાં ખારેકને ડેટ કહે છે. આ ડેટીંગની ક્રિયામાં સો લેડી ડેટની પ્રજનન ક્રિયા માટે

*આત્મવિશ્વાસ વધારવાની એક અચૂક રીત એ પણ છે, તે, તે જ કરો જેનાથી ડરો છો.*

ચાર જેન્ટ્સ ડેટ જ ઘણાં છે. થડ ઉપર ઉગી નીકળેલાં બીજાં નાનાં શિશુ વૃક્ષો પણ નવી પદ્ધતિથી ઉપયોગમાં લેવાય છે.

આમ નવી પદ્ધતિથી ખારેકની ખેતી, ઓછી જમીનમાં ટપક સિંચનથી ઓછા પાણીથી વધુમાં વધુ ફળો આપે છે. ગુજરાત સરકાર અમુક સબસિડી તેમજ સસ્તા દરે ટીશ્યુ કલ્ચરથી ઉછેરેલાં લેડી ડેટના છોડ આપે છે. પરિણામે કચ્છમાં ખારેકનું ઉત્પાદન અનેકઘણું વધારી શકાય તેમ છે. એના ઉપયોગનો વિસ્તાર ખૂબ વિકસાવી શકાય તેમ છે. આમ પણ કચ્છની ખારેક ગુણવત્તામાં ઘણી જ સારી છે. ખારેક સમસ્ત ભારતમાં અને વિદેશોમાં પણ લોકપ્રિય અને લોકભોગ્ય થઈ શકે છે. ગુજરાતને કચ્છની ખારેક ઘણી કામની છે અને ઘણી કમાણી કરી આપે તેમ છે. રાજસ્થાનમાં થોડે અંશે ખારેકનું ઉત્પાદન થાય છે. આંધ્ર અને કર્ણાટકના ભૂમિ-પુત્રો ખારેકની ખેતીમાં રસ ધરાવે છે. મીઠી મધુરી કચ્છની ખારેકનું ઉત્પાદન કરનારાં આપણા અનુભવી પ્રગતિશીલ સફળ ભૂમિ પુત્રોનું આગવું સ્થાન છે. ખારેકની આ કથા વાંચતા હશો ત્યારે બની શકે કે વિદાય લઈ ચૂકી હોય ને બજારમાં ન મળે. પણ કચ્છ જાઓ ત્યારે મોટી રાયણ માંડવી તાલુકાના શ્રી વિજયભાઈ અને કુસુમબેનની ઑર્ગેનિક ખારેકની અને ઍલોવોરાથી સુશોભિત એમની મનોહર વાડીઓની મુલાકાત લેવાનું પ્લીઝ ન ચૂકતા.

આવતી સિઝનમાં પ્રેઈઝવર્ધી પ્રિન્સેસ ખારેકને જરૂર વધાવજો. વાઉ ક્યા ચીઝ હૈ તાજી ખારેક! ■

## ☺ મેસેજ ☺

તખુભાની પત્નીએ મેસેજ કર્યો, 'કેટલી વારમાં ઘેર આવો છો?'

તખુભાએ મેસેજ કર્યો, 'દસ મિનિટમાં. અને જો દસ મિનિટમાં ન આવું તો આ મેસેજ ફરી વાંચી લેજે!'

## કચ્છનું પુરાતત્ત્વ

(અનુસંધાન : પાના નં.-૧૫ ઉપરથી ચાલુ)

પર આજે પણ અખંડ ઘી નો દીવો બળે છે અને ગરીબો માટે દરરોજ દેગ ચડાવવામાં આવે છે. ધોરમનાથજીના સમયની સાચવી રાખેલી કેટલીક વસ્તુઓ આજે પણ ત્યાં બતાવવામાં આવે છે.

### ગુંતરી ગઢ

ભુજની વાયવ્ય તરફ ૩૬ માઈલ દૂર પુરાતન ગુંતરી ગઢનાં ખંડેર જોવામાં આવે છે. અહીં મંદિરો અને મકાનોના ખંડેરો સિવાય કશું જોવામાં આવતું નથી. સાત સાંધ વાઘેલાઓની આ એક વખતની રાજધાની આજે તો ભસ્મીભૂત હાલતમાં દષ્ટિગોચર થાય છે. થોડા સમય પર આ ખંડેરોમાંથી ગધેસિંગ રાજાના વખતના ગધૈયાં પણ મળતાં હતાં.

### કક્કડ ભિટ્ટ

ભુજની વાયવ્યે સત્તર માઈલ દૂર કક્કડ ભિટ્ટની ટેકરી આવેલી છે. જામ પુંઅરાને મારનાર બહુંતેર જખ ઘોડેસવારોની મૂર્તિઓ એ ટેકરી પર જોવામાં આવે છે. પુંઅરાના પદ્ધર ગઢથી અડધા ગાઉને અંતરે એ સ્થાન આવેલું છે. કહેવાય છે કે એ ટેકરી પરથી કક્કડ નામના યક્ષે બાણ મારીને જામ પુંઅરાનો નાશ કર્યો હતો. સંગાર જાતિના લોકો આ જખ દેવની પૂજા કરે છે. દર વરસે ભાદરવા મહિનામાં અહીં એક મોટો મેળો ભરાય છે અને એ એક જ વખતે કચ્છમાં પૂર બહારમાં જુગાર ખેલાય છે.

ઉપર મુજબ જે થોડાંક મહત્ત્વના સ્થાનોની માત્ર આછી રૂપરેખા આપવામાં આવી છે, એવા અનેક ઐતિહાસિક સ્થાનો કચ્છમાં અસ્તિત્વ ધરાવે છે. યોગ્ય પદ્ધતિએ જો તેનું સંશોધન કરવામાં આવે તો કાળના અંધકારમાં વિલીન થઈ ગયેલા કચ્છના કેટલાયે ઇતિહાસ પર કંઈ અજબ જેવો પ્રકાશ પડી શકે.

***વિદ્યાવિજયજીના ૧૯૪૨માં પ્રકાશિત 'મારી કચ્છ યાત્રા' ગ્રંથમાંથી***

## લાખા ફુલાણીનો ઘોડો – પબુપસર

(અનુસંધાન : પાના નં.-૧૬ ઉપરથી ચાલુ)

ભ્રમણાથી પબુપસર એનો એક પગ જમીન પર માંડતો નથી, એ હકીકત એના લક્ષમાં આવી ગઈ. ઘોડાનું આ વિચિત્ર દર્દ દૂર કરવા માટે એણે એવો જ એક વિચિત્ર ઉપાય અજમાવવાની યોજના કરી.

રાજ સોલંકીએ લશ્કરની બે ટુકડીઓને શસ્ત્રસજ્જ કરાવીને તેમને બહાર મેદાનમાં ખડી કરાવી દીધી. આ બંને ટુકડીઓને રણસંગ્રામનો ખરેખરો દેખાવ કરવાનો હુકમ આપવામાં આવ્યો.

સિંધૂડો વાગવા આવ્યો, રણભેરીના ગગનભેદી નાદ આકાશમાં ગાજવા લાગ્યા. કૃત્રિમ રણસંગ્રામનું આ રણમેદાન રણવીરોની રણહાકથી ગાજી ઊઠ્યું.

તલવાર, બરછી, ભાલાં આદિ યુદ્ધનાં શસ્ત્રો સૂર્યના પ્રકાશમાં ચમકવા લાગ્યા. ઉભય પક્ષો વચ્ચે જાણે ખૂનખાર જંગ ખેલાવાનો હોય એવો આબેહૂબ દેખાવ રજૂ કરવામાં આવ્યો.

એ વખતે જામ લાખા ફુલાણીએ રાજ સોલંકીની ગોઠવણ અનુસાર પબુપસર પર સવાર થઈને એક વીર હાક સાથે તેને એડી લગાવી. જામ લાખાના પગની એડી લાગતાં જ પબુપસરની આંખોમાં વીરરસનો જુસ્સો ચમકી ઊઠ્યો. કોઈ અનેરા શૌર્યનું જોમ એનામાં ઊછળી આવ્યું. સ્વપ્નનો ઘા ભૂલી જઈને તેણે શૂરાતનના આવેશમાં ને આવેશમાં પોતાનો લંગડો પગ સડાપ! દેતો ધરતી પર માંડી દીધો.

બંને બાજુના સૈનિકાનો હર્ષનાદોથી વાતાવરણ ગાજી ઊઠ્યું. જામ લાખાના આનંદનો પાર રહ્યો નહિ. એના પ્રાણપ્યારા અશ્વનું અસાધ્ય દેખાતું દર્દ આમ એકાએક દૂર થતાં સોલંકી રાજકુમાર રાજદેવને તે હર્ષોલ્લાસથી ભેટી પડ્યો.

અંધ રાજકુમાર રાજની આ અજબ જેવી હિકમતના પુરસ્કાર તરીકે તેણે પોતાની બહેન રાયાજીનાં લગ્ન રાજ સોલંકી સાથે ઘણી ધામધૂમથી કરી દીધાં. એના વહાલા અશ્વ પબુપસર પર એનો કેવો અદ્‌ભુત પ્રેમ! ■

**TEJ WALA**

## હરખાઓ, નર્મદા બંધ પૂર્ણ થશે

# હવે સિંચાઈની ચિંતા કરીએ....

• વિદ્યુત જોષી •

છેલ્લા મહિનામાં બે સારા સમાચાર આવ્યા. એક, નર્મદા બંધની ઊંચાઈ ૧૨૧.૯૨ મીટર પરથી ૧૩૬ મીટર સુધી લઈ જવાની પરવાનગી મળી અને બીજું, ઉપરવાસમાં હથનરમાં વરસાદ થતા સરદાર સરોવરમાં બંધના મથાળા સુધી પાણી ભરાયા. આ બંને સમાચાર ગુજરાત માટે અને ગુજરાતની જીવાદોરી એવી નર્મદા યોજના માટે સારા છે. શા માટે છે આ જીવાદોરી? પંજાબમાં ૮૦ ટકા સિંચાઈ છે, હરિયાણામાં ૬૬ ટકા સિંચાઈ છે, અખિલ ભારતીય સિંચાઈ સરેરાશ ૫૦ ટકા છે. જ્યારે ગુજરાતની સિંચાઈ માત્ર ૩૦ ટકા છે. નર્મદા આવતા બીજા ૧૮ ટકા ઉમેરાતા ૪૮ ટકા સિંચાઈ થાય. કલ્પસર અને અન્ય તમામ નાની-મોટી યોજનાઓ થતાં ગુજરાતની સિંચાઈ ક્ષમતા ૫૬ ટકા થાય. આથી ૧૮ ટકા સિંચાઈ સાથે નર્મદા યોજના ચોક્કસ જીવાદોરી ગણાય. નર્મદા બંધ ૧૯૪૬માં ભરૂચ યોજના તરીકે વિચાર્યો ત્યારથી કોઈને કોઈ વિવાદમાં ઘેરાયેલો રહ્યો છે. છેક ૧૨૧.૯૨ મીટરની ઊંચાઈ સુધી જે વિવાદો ઊભા થયા અને હલ થયા તેની વાત આ કટારમાં અગાઉ આવી ચૂકી છે. આજે વાત કરવી છે ૧૨૧.૯૨ મીટર પછીના વિવાદની.

સન ૨૦૦૪માં નર્મદા બંધની ઊંચાઈ ૧૧૦ મીટર હતી. આપણે વધારે ઊંચાઈ માટે ઇંદોરમાં આવેલી નર્મદા કન્ટ્રોલ ઓથોરિટી સમક્ષ અરજી કરેલી. કાનૂની પ્રક્રિયા એવી છે કે નર્મદા કંટ્રોલ ઓથોરિટીની પુનર્વસન પેટા સમિતિ કહે છે કે અમુક ઊંચાઈ સુધી ડૂબમાં જતાં લોકોનું પુનર્વસન થઈ ગયું છે. પછી ઊંચાઈ વધારવાની મંજૂરી એન.સી.એ. આપે. એટલે ૨૦૦૪ સુધીમાં આપણે ૧૨૧.૯૨ મીટર ઊંચાઈએ ડૂબમાં જતા અસરગ્રસ્તોનું પુનર્વસન કરી નાખ્યું હતું. હવે આ સમય દરમ્યાન મેધા પાટકરે કેન્દ્રના જળમંત્રી સૈફુદ્દીન સૌઝ સમક્ષ ફરિયાદ કરી હતી કે આ પુનર્વસન નથી થયું. સૌઝે આની તપાસ માટે સમિતિ નીમવાની વાત કરી. ગુજરાતમાંથી નર્મદા કર્મશીલોએ વડાપ્રધાન મનમોહનસિંઘને મળી કહ્યું કે આ વાત કેન્દ્ર સરકાર પાસે આવે જ નહીં. વડાપ્રધાને સમિતિ રદ કરી અને ગુજરાતને ૧૨૧.૯૨ મીટર સુધીની ઊંચાઈ પોતાના પ્રયત્નોથી મળી છે તેવું ગાઈ વગાડીને કહેવાના પ્રયાસો કર્યા, પરંતુ ઇતિહાસ ગવાહ છે કે હકીકતો તેમની તરફેણમાં નથી.

ત્યારબાદ એવો સતત પ્રચાર કરવામાં આવ્યો કે કેન્દ્રની આડોડાઈને કારણે નર્મદા બંધની ઊંચાઈ ૧૨૧.૯૨થી ૧૩૬ મીટર સુધી લઈ જવાની પરવાનગી મળતી નથી. મારી પાસે દસ્તાવેજ છે વધુ ઊંચાઈ ન મળવાનું કારણ મહારાષ્ટ્રના ૩૦૦ કુટુંબોનું પુનર્વસન હતું. આ જવાબદારી ગુજરાતની હતી. ગુજરાત જેટલું આ પુનર્વસન વહેલું પૂરું કરે એટલી વહેલી ૧૩૬ મીટર સુધીની પરવાનગી મળે. કૈંક સ્થિતિ એવી સર્જાઈ (કોના લીધે આમ થયું તેની ચર્ચા અહીં અસ્થાને છે) કે ૨૦૧૨ સુધી આ કુટુંબોનું પુનર્વસન ન થઈ શક્યું. આ વહી ગયેલા સમય દરમ્યાન અસરગ્રસ્ત કુટુંબમાં પુખ્ત વયની પુત્રીઓ ઉમેરાતા સંખ્યા ૪૦૦ ઉપર પહોંચી. ઈશ્વરનો પાડ માનો કે ગુજરાત દ્વારા પુનર્વસન કાર્ય પૂર્ણ થયું. ગુજરાતને ઊંચાઈ વધારવાની પરવાનગી મળી.

આ વચગાળાના સમયમાં ગુજરાતમાં નર્મદાના મુદ્દે અગાઉ જે સર્વપક્ષીય રાજકીય સંમતિ ઊભી થઈ હતી તે ભૂલાઈ ગઈ અને બંને મુખ્ય પક્ષો નર્મદાની ઊંચાઈ ન વધવામાં એકબીજાનો વાંક કાઢવા લાગ્યા. યાદ રહે, હજી આગળ જતાં નર્મદાને મુદ્દે કે કલ્પસરના મુદ્દે પણ રાજકીય સર્વસંમતિની જરૂર પડશે. આપણે આપણી પક્ષીય કે પક્ષમાં પણ અમુક નેતાલક્ષી વફાદારીને વ્યાપક સર્વ સંમતિમાં બદલવી પડશે. ખરો રાજકીય નેતા એ કહેવાય જે સંકુચિત હિતોથી ઉપર ઊઠી વ્યાપક સર્વસંમતિ માટે કડવા ઘુંટડા ગળી જઈ નીલકંઠ બની રહે.

પણ અહીં નર્મદા યોજના બાબતે એક બીજી વાત કહેવી પણ જરૂરી છે. ધારો કે ગુજરાત ૧૩૬ મીટર ઊંચાઈ પર વિના વિઘ્ને પહોંચી જાય છે અને ૬૦ ફૂટ ઊંચા અને ૬૬ ફૂટ પહોળા ૩૦ દરવાજા મૂકીને બંધનું કામ પૂર્ણ કરે છે તો પણ સિંચાઈનો પ્રશ્ન હલ થતો નથી. આનું કારણ એ છે કે બંધ બંધાયા પછી ખેતરોમાં પાણી પહોંચાડવા માટે નહેરોની જે વ્યવસ્થા કરાવી જોઈએ તે હજી થઈ જ નથી. બંધ ન બંધાવા માટે ધારો કે ગુજરાત બહારનાં અને આપણી પહોંચ બહારનાં પરિબળો જવાબદાર હતા, પણ નહેરની વ્યવસ્થા ન ઊભી થઈ શકી તે માટે તો બહારનાં કોઈ પરિબળો જવાબદાર નથી. કુલ ૭૬૬૨૬ કિ.મી.ના કેનાલ નેટવર્કમાંથી માત્ર ૧૯૮૮૩ કિ.મી.નું નેટવર્ક જ તૈયાર થયું છે. ખેતરો સુધી પાણી કઈ રીતે પહોંચાડશો? આ કેનાલ નેટવર્કમાં મુખ્ય નહેરોનાં અનેક કામો તો થઈ ગયાં છે. પરંતુ ગામડામાં અને ખેતરોમાં પાણી પહોંચાડવાનાં કામો એટલે કે સબ માઈનોર અને ખેતરના ઢાળિયાઓનાં કામો લગભગ થયા નથી. સરકારી આંકડા મુજબ ૩૩૦૦માંથી ૧૧૦૦ પાણી મંડળીઓ બની ગઈ છે. પરંતુ આ મંડળીઓ કાગળ પર બની છે. મંડળીઓ બનાવવા માટે સામાજિક ઈજનેરીની જે ક્ષમતા જોઈએ તે થઈ નથી. આ કામ ઈજનેરોએ કર્યું. તેઓ આ કામ માટે સક્ષમ નહોતા. તેમણે સામાજિક ઈજનેરીની પ્રક્રિયા કર્યા વિના મંડળીઓ બનાવી. આથી ઢાળિયા ન બન્યા અને કોષી વિજ્ઞાનના નિયમ

*મહેનતથી કરેલું કર્મ લાભદાયક હોય છે.*

મુજબ પાકનું આયોજન ન થયું. ગામમાં સર્વસંમતિની પ્રક્રિયાથી પાણીનું જે સમયપત્રક બનવું જોઈએ તે પણ ન બન્યું. પછી તેમણે એવી સ્વૈચ્છિક સંસ્થાઓ આ કામમાં પછીથી જોડી, જે બગડેલી સ્થિતિ ન સુધારી શકી. હવે ૧૩૬ મીટર પછી પણ તમે ખેતરોમાં પાણી ન આપી શકો તો ભૂલ્યા ત્યાંથી ફરી ગણવું પડે. ફરી આપણે અહીં કોઈનો વાંક કાઢવાને બદલે હવે શું થઈ શકે તે વિચારવું પડે. ફરીથી ગુજરાતમાંથી નીવડેલી સ્વૈચ્છિક સંસ્થાઓને પસંદ કરીને ફરીથી મંડળીઓ બનાવવાના કામમાં જોતરવી પડે. આમાં જો રાજકારણ લાવ્યા તો નર્મદા યોજનાની સિંચાઈ વ્યવસ્થા નિષ્ફળ જવાની છે તે સમજી લેવું પડે. આ વિષય જનરંજની રાજકારણનો નથી. સૂત્રો પોકારીને નર્મદા વિરોધીઓ સામે લડવાનો નથી. જેમ બંધ બનાવવાનું એક શાસ્ત્ર છે તેમ મંડળીઓ બનાવવાનું પણ શાસ્ત્ર છે તેને અનુસરવું પડે. પક્ષીય, જ્ઞાતિગત કે પંથથી નિરપેક્ષ રહીને 'ખેડૂત માત્ર પાણીને પાત્ર' સૂત્ર મુજબ સિંચાઈમાં લોકોની ભાગીદારી માટે ખેડૂતોની સાથે સંવાદ કરીને ખેડૂતોનાં હિતોને ધ્યાનમાં લઈને પાણી મંડળી બનાવવાના પ્રયાસો કરવા જોઈએ. આમ નહીં થાય તો ગુજરાતનાં હિતોની વિરુદ્ધના લોકો સામે લડવામાં આપણે સફળ થયા પરંતુ આપણા પોતાના લોકો સામે હારી જઈશું.

*સૌજન્ય : 'દિવ્ય ભાસ્કર'*

*૪૪, સાંકેત-૩, શ્રીનંદ સિટી,*
*વેજલપુર, અમદાવાદ. ફોન : ૨૬૮૧૧૪૯૮*
*મો. ૯૮૨૫૦ ૬૪૭૪૮*

## અરીસાની સામે

***"Look in a Mirror and one thing is sure, what you see is not what you are."***

સવારથી લઈને સાંજ સુધી તમે ઘણાં માણસોને મળતા હશો. ઘરમાં પણ લોકો ઘેરથી કામ પર જતાં રસ્તે મળતાં લોકો, ઓફિસમાં, પાર્ટીમાં જતાં, મુસાફરી દરમ્યાન આપણે ઘણા બધા લોકોને મળતા હોઈએ છીએ. પણ તમે ક્યારેય પણ તમારી જાતને મળ્યા છો? આપણે અસંખ્ય લોકોને મળતા હોઈએ છીએ પણ ક્યારે પણ આપણી જાતને મળવાનો સમય નથી હોતો. એક કામ કરજો, અરીસાની સામે થોડીવાર ઊભા રહેજો. અરીસામાં દેખાતી વ્યક્તિની આંખોમાં આંખ પરોવી એને થોડા પ્રશ્નો કરજો અને પૂછજો કે જન્મથી કરીને આજ પર્યંત આ ક્ષણ સુધી તેં શું નોંધપાત્ર કામ કર્યું? શું મેળવ્યું, શું પ્રદાન કર્યું? થોડો હિસાબ માગજો. દિવસો, મહિનાઓ, વર્ષો ચાલ્યા ગયા, ઉપલબ્ધિ શું? તારું સ્થાન ક્યાં છે? તમારી જાતને પૂછજો કે તેં કઈ ભૂલો કરી હતી? તારામાં કઈ ખામી છે? કઈ બાબતો ખૂટે છે? તારી મૂંઝવણ શું છે? તને શું આવડે છે અને કઈ બાબતમાં તું બેજોડ છે? તારામાં કયા ગુણો છે? અને પૂછજો કે અત્યાર સુધીની જિંદગી તેં કેવી રીતે જીવી છે? કોના માટે જીવી છે? જેવી રીતે જીવવાની ઈચ્છા હતી તે રીતે જીવ્યા છો કે નહીં? એ જવાબ આપે કે ન આપે, તમે પૂછતા જરૂર રહેજો.

*મુકુંદ કે. મહેતા 'અલ્પ' - આદિપુર, કચ્છ*

**શ્રીહરિ ડેન્ટલ ક્લીનીક**
ઉપલબ્ધ સારવાર

- (Implant Dentistry)
- દાંતમાં ચાંદી તથા દાંતના કલરનું (Composite) ફીલીંગ કરવું.
- દાંતમાં મૂળની સારવાર કરવી. (Root Canal Treatment)
- દાંતમાં કવર તથા કઢાવી નાંખેલ દાંત ફીટ કરવા (મેટલ, સીરામીક, ઝરકોનીયા તથા સોનાના બ્રીજ દ્વારા ફીટ કરવા).
- દાંતના ચોકઠા બનાવવા. (Complete or Partial Removable Dentures)
- દાંત સાફ કરવા (Ultrasonic Scaler દ્વારા)
- Depigmentation of Gums








- પાયોરીયા, ફુલેલા પેઢા, ઉતરી ગયેલા પેઢા વગેરેના ઓપરેશન. (Flap Surgery with / without bonegrafting) Guided tissue
- દાંત કાઢવા, ડહાપણ દાઢ કઢાવવી.
- જડબામાં કેન્સરની ગાંઠ, રસોળીની ગાંઠ વગેરેના ઓપરેશન.
- દાંત, જડબાના ફ્રેક્ચરનું ઓપરેશન.
- બાળકોના વાંકા ચૂકા દાંત સીધા કરવા તેમજ તેમાં ચાંદી ભરવી, મૂળની સારવાર તથા કવર કરવા વગેરે.
- X-ray સુવિધા ઉપલબ્ધ છે.
- દાંતમાં Dimond Fit કરવા.

**ડો. (મીસીસ) રૂપાંગ નાકરાણી**
(B.D.S., M.D.S.)
દાંત તથા જડબાના રોગોનાં નિષ્ણાંત સર્જન
Sr. Lecturer નૂતન ડેન્ટલ કોલેજ. વિસનગર
Prof. અમદાવાદ ડેન્ટલ કોલેજ
૩-બી, મિલેનીયમ પ્લાઝા, સ્વામિનારાયણ મંદિર સામે,
માનસી ચાર રસ્તા, વસ્ત્રાપુર, અમદાવાદ.
ફોન : (ક્લીનીક) ૨૬૭૩૦૮૯૧
મો. : ૯૨૨૮૧૪૧૮૦૧, ૯૨૭૫૦૩૮૮૯૭
સમય : સવારે ૧૦ થી ૧, સાંજે ૫-૩૦ થી ૯

**ડો. દિનેશભાઈ નાકરાણી**
(B.D.S., M.D.S.)
દાંત તથા જડબાના રોગોનાં નિષ્ણાંત સર્જન
પહેલો માળ, જય જલારામ કોમ્પ્લેક્ષ,
નવદીપ મેડીકલની ઉપર, ઈન્ડીયા કોલોની રોડ,
બાપુનગર, અમદાવાદ.
ફોન : ૯૮૨૫૦૨૦૪૦૭ મો. : ૯૮૨૫૩૭૯૭૧૩
સમય : સવારે ૧૦ થી ૧, સાંજે ૫ થી ૯

www.shriharidentalclinic.com
rupangn@yahoo.co.in

# ભારતનો રાષ્ટ્રધ્વજ

દર વર્ષે ૨૨મી જુલાઈ રાષ્ટ્રીય ઝંડા અંગીકરણ દિવસ તરીકે ઉજવાય છે. ૧૯૪૭ની ૨૨ જુલાઈએ મળેલી બંધારણ સભાએ ભારતના રાષ્ટ્રધ્વજને મંજૂરી આપી હતી. એ પહેલા વિવિધ અડધો ડઝન ડિઝાઈનોવાળા રાષ્ટ્રધ્વજો બની ચૂક્યા હતા અને ક્યાંક ક્યાંક ફરકાવાયા પણ હતા. પરંતુ સર્વસ્વિકૃતિ પામેલો એકમાત્ર ધ્વજ ત્રિરંગો જ હતો. આંધ્ર પ્રદેશના સ્વાતંત્ર્ય સેનાની પિંગલી વેંકૈયાએ ડિઝાઈન કરેલા ત્રિરંગા પર ૨૨મી જુલાઈએ સહમતિ સધાયા પછી જ ૧૯૪૭ની ૧૫મી ઓગસ્ટે તેને લાલ કિલ્લા પરથી ફરકાવાયો હતો.

દર વર્ષે ૧૫મી ઓગસ્ટ અને ૨૬મી જાન્યુઆરીએ ફરકાવાતો ભારતનો રાષ્ટ્રધ્વજ આખા ભારતમાં માત્ર એક જ સ્થળે તૈયાર થાય છે. કર્ણાટકના હુબલી શહેરમાં આવેલું કર્ણાટક ખાદી ગ્રામોદ્યોગ સંયુક્ત સંઘ (KKGSS) ભારતમાં રાષ્ટ્રધ્વજ તૈયાર કરવાનો એકાધિકાર ભોગવે છે. ત્યાં તૈયાર થતા રાષ્ટ્રધ્વજ આખા દેશમાં અને પરદેશમાં આવેલી એલચી કચેરીઓ તથા પરદેશી ભારતીયો દ્વારા વપરાય છે.

ભારત સરકારના ખાદી અને ગ્રામ્ય ઉદ્યોગ કમિશને આખા દેશમાં માત્ર કર્ણાટક ખાદી મંડળને જ રાષ્ટ્રધ્વજ તૈયાર કરવાની સત્તા આપી છે. અહીં રાષ્ટ્રધ્વજ ઉપરાંત ખાદીની અન્ય સામગ્રી પણ તૈયાર થાય છે. પરંતુ મુખ્ય ઉત્પાદન તો રાષ્ટ્રધ્વજનું જ છે. અહીં ૧૦૦ કરતાં વધારે નિષ્ણાત સુંતર કાંતનારાઓ અને એટલા જ વણાટના બાહોશ કારીગરો કામ કરે છે. ત્રિરંગાના સર્જનમાં ૬૦ કરતા વધારે જાપાની બનાવટના સંચાઓ પણ વપરાય છે. જાપાની સંચાઓ વાપરવા એ મજબૂરી હોવાનું ખાદી મંડળના અધિકારીઓ કહે છે. કેમકે એ મશીનો વગર ધ્વજની ચોતરફ ટાંકા લેવામાં જોઈએ એવી ચોક્સાઈ આવી શકતી નથી. અહીં તૈયાર થતો રાષ્ટ્રધ્વજ બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ દ્વારા પ્રમાણિત થાય પછી જ તેને વેચાણમાં મૂકી શકાય છે.

રાષ્ટ્રધ્વજ તૈયાર કરવાના કેટલાક ધારા-ધોરણો છે, તેનું પાલન થયું છે કે કેમ એ તપાસવામાં આવે છે. રાષ્ટ્રધ્વજની લંબાઈ - પહોળાઈ, કલર, મજબૂતી, ખાદીના તાણાવાણા વગેરે અંગેના ચોક્કસ નિયમો છે અને તેનું પાલન કરવું અઘરૂં છે. માટે ગમે તે જગ્યાએ રાષ્ટ્રધ્વજનું ઉત્પાદન થઈ શકતું નથી. રાષ્ટ્રધ્વજ તૈયાર કરવાના વિવિધ ૧૦૦ જેટલા નિયમો છે, એ બધાનું પાલન કરવાનું કામ અત્યંત મુશ્કેલ છે. ભારતે રાષ્ટ્રધ્વજ અંગેના ધારાધોરણો માટે ૧૯૬૮માં 'નેશનલ ફ્લેગ કોડ' નામે કાયદો તૈયાર કર્યો હતો. ૨૦૦૮માં એ કાયદામાં કેટલાક સુધારા કરવામાં આવ્યા હતા.

કર્ણાટકમાં બનતા ધ્વજ માટેનું ઘણુખરું ખાદી અહીંના ગરગ નામના ગામેથી આવે છે. ખાદી પણ હાથવણાટની જ હોવી જોઈએ. રાષ્ટ્રીય તહેવારો આવે ત્યારે અહીં રાષ્ટ્રધ્વજનું ઉત્પાદન વધારવું પડે છે. આ રાષ્ટ્રધ્વજ સરકાર ઉપરાંત રાજકારણીઓ, લશ્કર, સ્વૈચ્છિક સંસ્થાઓ... વગેરે ખરીદે છે. ૨૦૦૭માં ખાદી મંડળે ૬૦ લાખ રૂપિયાના રાષ્ટ્રધ્વજ વેચ્યા હતા.

***સૌજન્ય : "ગુજરાત સમાચાર"***

## ત્રિરંગાની કલરફૂલ માહિતી

★ પહેલો રાષ્ટ્રધ્વજ છેક ૧૯૦૬માં કલકત્તાના ગ્રીનપાર્ક ખાતે ૭મી ઓગસ્ટે ફરકાવાયો હતો. તેની ડિઝાઈન આજના ધ્વજ કરતાં અલગ હતી.

★ સૌથી મોટો રાષ્ટ્રધ્વજ મહારાષ્ટ્ર સરકારના કાર્યાલય પર ફરકે છે. ૨૧ ફીટ x ૧૪ ફીટનો.

★ ૨૦૦૧ પહેલા સામાન્ય નાગરિકને વ્યક્તિગત રીતે રાષ્ટ્રધ્વજ ફરકાવવાની છૂટ ન હતી. પરંતુ ઉદ્યોગપતિ નવીન જિન્દાલે કોર્ટમાં લડત આપી દેશના દરેક નાગરિકને ધ્વજ ફરકાવવાનો અધિકાર અપાવ્યો છે.

★ ૧૯૫૩ના એવરેસ્ટ આરોહણ વખતે બ્રિટિશ અને નેપાળી ધ્વજ ઉપરાંત પૃથ્વીના સૌથી ઊંચા સ્થળે ત્રિરંગો પણ લહેરાવાયો હતો. ૨૦૦૮માં ચંદ્ર પર મોકલાયેલા ચંદ્ર યાનના પડખે ત્રિરંગો ચિતરાયેલો છે. એપ્રિલ ૧૯૮૪માં રાકેશ શર્મા અવકાશયાનમાં ગયા ત્યારે તેમની સાથે પણ ત્રિરંગો હતો.

★ ગુજરાતમાં દર વર્ષે રાષ્ટ્રીય તહેવારો નિમિત્તે જૂનાગઢના કેટલાક યુવાનો ગિરનારના ગુરુ શિખર પર જઈ ત્રિરંગો લહેરાવે છે. ગુજરાતનું સૌથી ઊંચુ રાષ્ટ્રધ્વજારોહણ ત્યાં થાય છે.

# કારકિર્દી ઘડતર માટે તાલીમ વર્ગ

સદ્‌વિચાર પરિવારના મુખ્ય કાર્યાલય સેટેલાઈટમાં શાળા - કોલેજમાં અભ્યાસ કરતા ભાઈ-બહેનો, નોકરિયાત વર્ગની વ્યક્તિઓ, પરદેશ જવા ઈચ્છુક વ્યક્તિઓ, કંપની પ્રોફેશનલ, ઈન્ટરપ્રિટેશન ટ્રાન્સલેશનમાં કારકિર્દી બનાવવા માગતી વ્યક્તિઓ માટે રાહત દરે વિદેશી ભાષા (અંગ્રેજી, ચાઈનીઝ, ફ્રેન્ચ અને જાપાનીઝ)ના તાલીમ વર્ગનું આયોજન જાણીતા ભાષાવિદ્ લાવણ્યબહેન ત્રિવેદી દ્વારા કરવામાં આવેલ છે. આ ઉપરાંત કોમ્પ્યુટરના વિવિધ કોર્સીસ જેવા કે સીસીએ, એકાઉન્ટીંગ, ડી.ટી.પી. વગેરે રાહત દરે શીખવા માટે તેમજ ફી, સમય અને અન્ય માહિતી માટે ફોન નંબર ૨૬૮૬૧૦૫૫ તથા મોબાઈલ ૯૮૯૮૨ ૫૪૩૦૬ પર શ્રી જપનભાઈ દવેનો સંપર્ક કરવો.

***સદ્‌વિચાર પરિવાર, 'સુવિચાર' જૂન-૨૦૧૩***
***ચીનુભાઈ આર. શાહ - લેંગ્વેજ એકેડેમી***

*'તમે અને તમારું' એનું નામ જ્ઞાન તથા 'હું અને મારું' એનું નામ અજ્ઞાન.*

વિચાર મંથન

# પગથી પગદંડી ને પથ

• ડૉ. ગિરીશ વીછીવોરા •

કળાના સર્વ પ્રકારોમાં સંગીત - સ્વર - નાદ - પહેલું અવતર્યું. નાદ કુદરતના મૂળ તત્ત્વો પૃથ્વી, પાણી, અગ્નિ આકાશને પવનમાંથી પવન - હવા - સાથે સંકળાયેલો છે. હવાની મદદથી સ્વર-નાદ ઉપસ્યો. નાદને નાદબ્રહ્મ કહ્યો છે કારણકે એ મૂળ તત્ત્વ છે.

પૃથ્વીનું ફરવું - ગતિ, અવાજ સ્વર-નાદ ઉત્પન્ન કરે છે. પૃથ્વી પરની કોઈ પણ ચીજ ગતિમાન થાય તો સ્વર ઉત્પન્ન થાય. સ્વર ગતિ સાથે જોડાયેલો છે. આદિમાનવે આ ગતિ અને નાદ પ્રથમ ક્યાં જોયો હશે? વહેતાં ઝરણાં, પવનસંગે ડોલતાં તરુવર, સ્તરના સૂસવાટા એવી ઘણીબધી નૈસર્ગિક બીનાઓમાંથી એણે પ્રેરણા લીધી. એનો પોતાનો સ્વર તો હતો જ. એ અવાજને એણે થોડોક મરોડ આપી નાદના પંથે પ્રયાણ કર્યું. કોઈપણ ક્રિયાની શરૂઆત નાનેપાયે જ થાય છે. વધીને વડ થાય ત્યારે સૌને દેખાય છે. બધા જુએ છે, માણે છે, વખાણે છે ને શીખે પણ છે. બહુધા એ ક્રિયાની પ્રક્રિયાનો નજરઅંદાઝ કરે છે.

સૂર્યમાળાના બધા ગ્રહોને પોતપોતાની ગતિ છે. ગતિનાદ ઉત્પન્ન કરી વાતાવરણ ઊભું કરે છે. ચંદ્ર અને અન્ય ગ્રહો, ઉપગ્રહો પર વાતાવરણ નથી એમ જ આપણે કરીએ છીએ એ અર્ધસત્ય છે. એ વાતાવરણના તરંગો કદાચ એટલા સૂક્ષ્મ હશે જે ઝીલવા આપણું સંવેદનતંત્ર સક્ષમ નથી. પૃથ્વી પર આપણે જોઈએ જ છીએ કે અમુક સૂક્ષ્મ તરંગો પશુ પ્રાણી પક્ષીને અન્યજીવો માણી શકે છે તે માણસ માણી શકતો નથી. એનો અર્થ એમ તો ન જ કરી શકાય કે તરંગો નથી.

સૂર્યમાળાના સર્વગ્રહો એકબીજા સાથે આ તરંગો વડે જોડાયેલા હોઈ શકે એ શક્યતાને નકારવી મુશ્કેલ છે. એવું હોય તો એનો અર્થ એ થયો કે એ બધા ગ્રહો એક બૃહદ્ કુટુંબના સભ્યો છે, જેમની વચ્ચે આદાનપ્રદાન થાય જ છે. ભલે આપણને એની ખબર ન પડતી હોય. માણસનો અહમ્ બહુજ જલદ છે. જેની એને ખબર ન પડે કે સમજાય નહી તેવી વાતને ‘એ નથી’, કહી એનો છેદ ઉડાવી દે છે. ગ્રહોના આદાનપ્રદાન વિષે મનુષ્ય કશું જાણતો નથી. આપણા પૂર્વજોને આ બાબતની થોડી કલ્પના હતી. કદાચ જ્ઞાન પણ હોઈ શકે. એનું પ્રતિપાદન આપણા શાસ્ત્રોમાં કરેલું જ છે. દરેક વાતને વ્યક્ત કરવાની રીત તે જમાનાની હોય છે. જમાના સાથે એ રીત પણ બદલાતી રહે છે. પુરાણકાળમાં આવી ઘણી બાબતો એક પ્રતીક (Motif) તરીકે વર્ણવેલ છે. અત્યારે આવી વૈજ્ઞાનિક વાતોને આપણે સાંપ્રત જમાનાની રસમ પ્રમાણે તદ્દન ખુલંખુલી દાખલા દલીલને પ્રયોગોને આધારે સ્થાપિત કરીએ છીએ. કળાના હર પ્રકારમાં જમાના પ્રમાણે એના આવિર્ભાવમાં ફેરફાર થતા જ રહ્યો છે. એની યાત્રા મૂર્તમાંથી અમૂર્તમાં જવાની યાત્રા છે.

આપણું વિશ્વ સૂર્યને કેન્દ્રમાં રાખી રચાયેલું છે. એવું શક્ય છે કે આવા અનેક વિશ્વો જેમને પોતપોતાનો શક્તિદાતા સૂર્ય હોય. સૂર્ય બધાને અનાદિકાળથી શક્તિ આપતો રહ્યો છે. જે વપરાય છે તેમાં જો ઉમેરો ન થાય તો ગમે એટલો શક્તિનો પુંજ પણ ખલાસ થાય. સૂર્યનો શક્તિ મેળવવાનાં સ્રોત કયો છે? આધુનિક માન્યતા એવી પણ છે કે સમયાંતરે સૂર્યની શક્તિનો ક્ષય થશે જે વિશ્વના પ્રલયમાં પરિણમશે.

દુનિયાના બધા ધર્મો પ્રકૃતિના નિયમોની આજુબાજુ જ ભ્રમણ કરે છે. પ્રકૃતિનો મહિમા ગાય છે અને એમાંથી પ્રેરણા લેવાની સલાહ આપતા રહે છે. હરએક ધર્મને એ ખબર છે કે પ્રકૃતિ જ બધી ઘટમાળનું મૂળ છે ને મનુષ્ય જ્યાં સુધી પ્રકૃતિમય રહેશે ત્યાં સુધી સુખી રહી પ્રગતિ કરી શકશે.

કોઈપણ ધર્મના શિસ્ત પ્રમાણે ચાલનાર વ્યક્તિ જ્યારે પોતાના આત્માની ઉન્નતિના પંથે પ્રયાણ કરે છે ત્યારે એનું પ્રથમ ડગલું પ્રકૃતિના સાનિધ્યમાં જવા માટેનું જ હોય છે. કોઈપણ પ્રકારની આત્મખોજ, સ્વને પામવાની મથામણ, મોક્ષ, નિર્વાણ જેવી સ્થિતિની વાત હર ધર્મે કરી છે. એ બધી સ્થિતિએ એક પ્રકારનું પ્રતીક (Myth) જ છે. મીથ સર્વ ધર્મોએ ઉપસાવ્યા છે. એ મીથના નેજા હેઠળ ભગવાનો, તીર્થંકરો પયગંબરો કે તથાગતો પેદા થયા છે. એ બધા શરૂઆતમાં માટીપગા માણસો જ હતા. માટીપગામાંથી પ્રકૃતિ સમીપ વધુ પ્રયાણ કરતાં મહામાનવ થયા જે પણ આપણા મીથની વ્યાખ્યા પ્રમાણે હતું. અલબત્ત જનસમુદાયે એમાંથી પ્રેરણા લીધી ને પોતાના જીવનને વધુ સમૃધ્ધ બનાવ્યું. આમ દરેક ધર્મપ્રવર્તક હકીકતમાં શરૂઆતમાં અદના આદમી જ હતા.

તેવું જ છોટા, મોટા, અતિમોટા કે કહેવાતા દૈવી કલાકારો માટે છે. બધાએ પ્રકૃતિની ઉપાસના કરી. પોતપોતાના ક્ષેત્રમાં આગળ વધી, સ્વને ઓળખતા પણ થયા. આત્મોન્નતિ માટેના રસ્તાઓ અનેક છે. કળાનું માધ્યમ એમાંનો અતિમહત્ત્વ રાહ છે.

આમ આપણા આ વિશ્વના હરેક જીવમાં ઈશ્વર (જો હોય તો)નો અંશ છે. હરેક જીવ મહામાનવ બની શકે છે. દરેકમાં એવી ક્ષમતા છે. જે યોગ્ય રીતે પોતાને ફાળે આવેલા કામને વફાદાર રહે છે, અદ્વૈત ભાવ રાખે છે તે આત્મોન્નતિના પથમાં આગળ વધી શકે છે. ‘તમે જ તમારા ભાગ્યવિધાતા’ — એ કહેવત નગ્ન સત્ય છે. જે મહેનત કરે છે તે જ પ્રગતિ કરી શકે છે. પ્રગતિ દુન્યવી હોય યા આધ્યાત્મિક હોય માણસ પાસે બધું છે. ધર્મસ્થાનકો, શાસ્ત્રો, મંત્રતંત્ર, વિધિવિધાનો બધા મીથ છે. બહુબહુ તો તેઓ કાખઘોડી બની શકે. છેવટે તો વ્યક્તિએ પોતે પોતાની પ્રગતિ માટે પોતાના જ પગ દ્વારા પગપેસારો કરવાનો છે. ■

*દુઃખમાં ગૌરવથી અને સુખમાં ધર્મથી રહેતા શીખવું જોઈએ.*

## અભિનંદન

# પૂનમ ડેવલપર્સ - મુંબઇ

તરફથી....

શ્રી અશોકભાઈ મહેતાને "કચ્છ શક્તિ" - મુંબઈનો
સમાજસેવા નેશનલ એવોર્ડ-૨૦૧૩ મળવા બદલ હાર્દિક શુભ કામનાઓ.



- ★ મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ : શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
- ★ અધ્યક્ષ : કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ
- ★ મુખ્યતંત્રી : 'મંગલ મંદિર', માસિક મુખપત્ર, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
- ★ ઉપપ્રમુખ : ગુજરાત મેગેઝિન ક્લબ - અમદાવાદ
- ★ ટ્રસ્ટી : શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

**સમાજસેવા ક્ષેત્રે હજુ વધુ ને વધુ કાર્યો કરતા રહો**
**તેવી અંતરથી શુભકામના....**

## પૂનમ ડેવલપર્સ - મુંબઇ

**પૂનમચંદ નેણશી બાબરિયા પરિવાર**
**પારસ ગુણવંતલાલ બાબરિયા**

# જૈન એકતા

● ધનવંત શાહ ●

વિશ્વની સાત અબજની માનવ વસતિમાં લગભગ પચાસ લાખ જ જૈનો હશે. કોઈ એક કરોડની સંખ્યા પણ કહે છે, પણ જે હોય તે, જૈન અતિ અલ્પ સંખ્યામાં તો છે જ. આ ધર્મ અતિ પ્રાચીન છે. એના શ્રુત ભંડારોમાં અમૂલ્ય અને અસંખ્ય જ્ઞાન ભર્યું છે. જગતને વિશ્વશાંતિ અને સુખનો રાહ દર્શાવી શકે એવા સિદ્ધાંતો એની પાસે છે. નજીકના ભૂતકાળમાં જ ગાંધીજીએ 'અહિંસા'ના શસ્ત્રથી ભારતને આઝાદી અપાવી. આ શસ્ત્ર જૈનોના શાસ્ત્રમાં છે. અહિંસા એ જૈન ધર્મનો આત્મા છે. ગીતા તો યુદ્ધભૂમિમાં સર્જાઈ. ગીતા મહાન છે. આ ગીતામાં જીવન માટે ઊંડાણભર્યું તત્ત્વજ્ઞાન છે. પણ અહીં અર્જુનને યુદ્ધ કરવાનો આદેશ ભગવાન કૃષ્ણ આપે છે. **ભગવાન મહાવીરે યુદ્ધ કરવાનું ક્યારેય કોઈને કહ્યું નથી. મહાવીરે તો માનવની ભીતરમાં રહેલા રાગ-દ્વેષ, માન, લોભ, મોહ જેવા અરિ - દુશ્મન સામે લડવાનું કહ્યું છે. પણ દુઃખની ઘટના એ છે કે આ જૈનો સંપ્રદાયના નામે અંદરો અંદર જ લડે છે. રાગ-દ્વેષ વધારે છે. મતભેદોની દીવાલ મોટી થતી જાય છે. ભગવાન મહાવીરે જે 'મોહ'ને નષ્ટ કરવા કહ્યું, એ મોહ જ સંપ્રદાયમાં ફૂલ્યો ફાલ્યો છે.** સંપ્રદાયના મોહને કારણે જ મંદિરની માલિકી માટે આ વર્ગ કોર્ટમાં ભેગો થાય છે, આમને-સામને અને મતભેદ, મનભેદ અને મનદુઃખ પાસે પહોંચી ગયા છે. જે પ્રતિમા આપણને વહાલી છે એના ઉપર કેટલા દુષ્કર્મો થાય છે! એક પક્ષ પોતાના હક્કના દિવસે ચક્ષુ કાઢે, બીજો પક્ષ પોતાના હક્કના દિવસે ચક્ષુ ચોંટાડે. આ પ્રતિમાઓ ક્યારેક 'બોલે' તો, એ આ બધાંને શું કહે? કલ્પના તો કરો.

હમણાં જ થોડાં સમય પહેલાં મુંબઈમાં એક મંદિરના પટાંગણમાં એક સરસ, ઉત્તમ જૈન મેળો યોજાયો હતો. જૈનોએ ઉત્સાહભેર ભાગ લીધો અને મોટી સંખ્યામાં જૈન ધર્મના એક પંથની જાણકારી મેળવી પુસ્તકો ખરીદ્યા. **પરંતુ આ પુસ્તક મેળામાં જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાયના જ પુસ્તકોને સ્થાન હતું. મેં આયોજકોને પૂછ્યું, 'તો અન્ય સંપ્રદાયના મુલાકાતીને તમે પ્રવેશ આપશો?' એમણે 'હા' પાડી. અન્ય સંપ્રદાયના જ્ઞાનને આવકાર નહિ! પણ વ્યક્તિને આવકાર?!! કારણકે પોતાના સંપ્રદાયના પુસ્તકો વેચાય!! અને પ્રચાર પણ થાય!!**

**ધર્મ એક, પણ દરેક સંપ્રદાયની સંવત્સરી જુદી. સન ૨૦૧૨માં પાંચ સંવત્સરી? જૈનેતર વર્ગ પૂછે, 'તમે કઈ સંવત્સરીવાળા?' કારણકે આપણું 'મિચ્છામિ દુક્કડમ્' પ્રસિદ્ધ છે. જૈન મિત્રોને આ 'મિચ્છામિ દુક્કડમ્' શબ્દ સંવત્સરીમાં પહોંચાડવો એવો શિષ્ટાચાર અજૈનો સમજે છે. સરકાર કહે, 'તમારે કોની સંવત્સરીની રજા જોઈએ છે? કઈ સંવત્સરીએ કતલખાના બંધ રાખવા? એક મત થઈને આવો, ત્યાં સુધી બધાની બધી સંવત્સરીએ ભલે હિંસા થતી?'** ઈસ્લામધર્મી ભાઈઓ કહે છે, 'અમારા ધર્મમાં ચાર પત્નીની મંજૂરી છે, પણ અમારી ઈદ તો એક જ છે.' શીખભાઈઓ કહેશે, 'ભલે અમે કટાર રાખીએ પણ અમારી ગુરુનાનક જયંતી એક છે.' આવું જ રામનવમી, જન્માષ્ટમી, મહાશિવરાત્રી, બુદ્ધ જયંતિ, આ બધાં શુભ દિવસો એક જ દિવસે. અને અતિ શુભમાં માનનારા જૈનોની સંવત્સરી પાંચ? જૈન યુવા વર્ગને શું ઉત્તર આપવો? આવા મતમતાંતરો છે એટલે જ તો આ વર્ગ પોતાના જૈન ધર્મથી વિમુખ થતો જાય છે. જૈનેતર સમાજ પાસે આપણે હાંસીપાત્ર થઈ રહ્યા છીએ, છતાં આ દિશામાં કોઈ પ્રતિષ્ઠિત જૈન શ્રાવક - શ્રાવિકા કે સાધુ-સાધ્વી નેતૃત્વ લેવા તૈયાર નથી?! પચાસેક વર્ષ પહેલા આવો પ્રયત્ન થયેલો. પરિણામ ન આવ્યું એટલે વર્તમાનમાં ચૂપ બેસવાનું?

માણસની પ્રજ્ઞા વધે એટલે બુદ્ધિ મંથનમાંથી નિજી મત જન્મે. આ મત આગળ જતાં 'આગ્રહ'માં દૃઢ બને. આ આગ્રહમાંથી 'અહં'નું સર્જન થાય. આ અહં વિસ્તરે એટલે નવા સંપ્રદાયનો જન્મ થાય. એમાંથી ગુણપૂજા ગૌણ બને અને વ્યક્તિપૂજા પ્રધાન બની જાય, અને અનુયાયીઓ તો અતિ ભક્તિભાવે 'સ્વ' બુદ્ધિ છોડી એ 'પર' બુદ્ધિથી જ દોરવાતા જાય. આમ વર્તુળો મોટા થતા જાય.

**ઈતિહાસ અને શાસ્ત્ર તરફ દૃષ્ટિ કરીએ તો ભગવાન ઋષભદેવની ઉપસ્થિતિમાં મરિચીએ નવો પંથ સ્થાપ્યો હતો. ભગવાન મહાવીરની ઉપસ્થિતિમાં ગણધરોએ સમજાવ્યા છતાં ભગવાન મહાવીરના જમાઈ જમાલીએ નવો પંથ સ્થાપ્યો હતો.**

મહાવીર પ્રભુની પાટે પાંચમા ગણધર સુધર્મા સ્વામી બિરાજ્યા, એટલે વર્તમાનમાં જે જૈન સાધુઓનો પરિવાર છે તે સઘળો સુધર્મા સ્વામીનો પરિવાર છે.

**ભદ્રબાહુ સ્વામીના સ્વર્ગવાસ પછી શ્વેતાંબર દિગંબર બે ભાગ પડ્યા. એટલે મહાવીરના નિર્વાણના ૬૦૯ વર્ષ પછી એટલે વિક્રમ સંવત ૧૩૯માં રથવીપુરમાં દિગંબર મતનો પ્રારંભ થયો.** આ પંથના સ્થાપક શિવભૂતિ વિશે એક કથા લગભગ આ પ્રમાણે છે :

સાબુ, બિસ્કિટ, બ્રેડ, અગરબત્તીના રેપર્સ અને કાર્ટન બનાવનાર
cps કમર્શિયલ પેકીંગ સર્વિસીસ
સ્થાપના ૧૯૫૮ ઓફસેટ પ્રિન્ટર્સ – પેપર કન્વર્ટર્સ
53/54, યુનીક ઈન્ડ. એસ્ટેટ, ડૉ. આર.પી. રોડ, જવાહર સિનેમા સામે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-80.
ફોન : 67993347, 25684567
ફેક્સ : 67993357
E-mail : compack@pin2piano.net

શિવભૂતિ સંસાર ક્ષેત્રે એક મોટા - મહાન યોદ્ધા હતા. રાજાના માનીતા હતા. એક વખત રાત્રે ઘરે મોડા આવ્યા અને પત્નીને ગુસ્સો આવ્યો અને એણે પોતાની સાસુને એટલે કે શિવભૂતિની માતાને દરવાજો ખોલવાની ના પાડી. દરવાજો ન ખોલ્યો એટલે બહારથી શિવભૂતિએ પૂછ્યું, 'હવે આ મોડી રાત્રે હું ક્યાં જાઉં?' ત્યારે માતાએ અંદરથી જ ગુસ્સામાં કહ્યું, 'જા, જે ઘરનો દરવાજો ખુલ્લો હોય ત્યાં જા.' શિવભૂતિ ગામમાં નીકળ્યા. બધાં ઘરના દરવાજા બંધ હતા, માત્ર એક ઉપાશ્રયનો દરવાજો ખુલ્લો હતો. શિવભૂતિ ત્યાં ગયા અને જૈન સાધુઓની રાત્રિચર્યા અને દિનચર્યા જોઈને પ્રભાવિત થયા અને ત્યાં જ આચાર્ય આર્યકૃષ્ણથી પ્રભાવિત થયા. બધું ત્યજ્યું પણ રાજાએ વીરતાના ઈનામ તરીકે શિવભૂતિને એક રત્નજડિત કાંબળો આપ્યો હતો, તેના તરફનો એમનો મોહ છૂટતો ન હતો. એક વખત શિવભૂતિ ગોચરી વહોરવા બહાર ગયા હતા ત્યારે એમની ગેરહાજરીમાં ગુરુએ એ રત્નકંબલના ટુકડે ટુકડા કરી નાખ્યા. શિવભૂતિ ગોચરી લઈને આવ્યા અને કંબલના ટુકડા જોઈને દુઃખી થયા. **થોડો ઊંડો વિચાર કરતા એમને સમજાયું કે આ પરિગ્રહ અને મોહ જ દુઃખનું કારણ છે. એટલે હવે આ વસ્ત્ર પણ શા માટે પહેરવા? આમ વિચારી એમણે વસ્ત્રનો ત્યાગ કર્યો અને દિગંબર (દિગ્ = દિશા, અંબર = વસ્ત્ર) માત્ર દિશા જ જેનું વસ્ત્ર છે એવા દિગંબર બન્યા અને એમના પંથને દિગંબર પંથ નામ અપાયું.**

આ પંથમાં અનેક સાધુ ભગવંતો જોડાયા. સ્ત્રીઓને પણ ઈચ્છા થઈ, પરંતુ સાધ્વીઓએ તો વસ્ત્રો પહેરવા જ જોઈએ એવો નિર્ણય લેવાયો. પરિણામે દિગંબર પંથમાં સાધ્વીઓ પણ જોડાઈ. સ્ત્રી સાધ્વી વસ્ત્ર પહેરે એટલે એને મોક્ષ પ્રાપ્તિ ન મળે એવો વિચાર વહેતો થયો. અહીં આપણને પ્રશ્ન થાય કે મોક્ષ તો આત્માને મળે છે, શરીરને નહિ. તો સ્ત્રી આત્મા મોક્ષનો અધિકારી કેમ નહિ?

આ દિગંબર પંથમાં એની જ એક શાખા યાપનિય પંથ સ્થપાયો, જે સ્ત્રીઓને પણ મોક્ષનો અધિકાર છે એમ માનતો. આ પંથે ખૂબ પ્રગતિ કરી અને એ પ્રસિદ્ધ પણ થયો. અને ઘણો સમય જીવંત રહ્યો. પરંતુ એ સમયના પ્રવાહમાં કે અન્ય સંપ્રદાયના ઉત્થાનને કારણે વિલીન થઈ ગયો. વર્તમાનમાં ભાગ્યે જ આ પંથ વિશે કોઈ જાણતું હશે એવો એ માત્ર આ જૈન ઈતિહાસનું એક પૃષ્ઠ બની રહ્યો.

ભગવાન મહાવીરની પહેલાં ભગવાન પાર્શ્વનાથના સમયમાં સાધુઓ વિવિધ રંગના વસ્ત્રો પહેરતા. પરંતુ ભગવાન મહાવીરે શ્વેત રંગની આજ્ઞા કરી એટલે ત્યાર પછીના શ્રમણ - શ્રમણીઓ શ્વેત વસ્ત્રો પહેરતા એ શ્વેતાંબરી કહેવાયા.

જૈન મૂર્તિ પૂજા અત્યંત પ્રાચીન છે. પાંચ હજાર વર્ષ પહેલાં મૂર્તિપૂજા હતી એની પ્રતીતિ મોહન-જો-ડેરોના અવશેષોમાંથી મળે છે.

**આમ, પ્રારંભમાં શ્વેતાંબર અને દિગંબર બે પંથો થયા.**

**આ દિગંબર પંથમાં આજે લગભગ ૨૦ પેટા પંથ છે.** આ પંથ નવકારના પાંચ પદમાં માને છે, નમો નહિ 'ણમો' ઉચ્ચાર આ પંથને માન્ય છે. એમણે ૪૫ આગમોનો નિષેધ કર્યો અને એમણે પોતાના આગમો 'સમયસાર' વગેરેની કાળક્રમે રચના કરી.

વિક્રમ સંવત પહેલાં ૪૭૦ વર્ષે ભગવાન મહાવીર ૭૨ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી નિર્વાણ પામ્યા પછી એક હજાર વરસ સુધી નવા નવા સંપ્રદાયોનો ઉગમ થયો. કેટલાંક સ્થિર થયા, કેટલાંક વિલીન થયા એની વિગતમાં વિશેષ ન ઊતરતા છેલ્લાં હજાર વરસમાં કેટલાં સંપ્રદાયોનો ઉગમ થયો એનું વિહંગદર્શન કરીએ તો આપણને આશ્ચર્ય થયા વગર નહિ રહે. સંપ્રદાય - ગચ્છનો ઉગમ વિશેષતઃ વ્યક્તિના નામથી થયો, એટલે ગુણપૂજા કરતાં વ્યક્તિપૂજા કેટલી વિશેષ હતી એની પ્રતીતિ થશે. એ સમયની જેટલી માહિતી પ્રાપ્ત છે એટલી અહીં પ્રસ્તુત છે. સંવત વિક્રમ સંવત સમજવી.

**ચંદ્રસૂરિએ ચંદ્રગચ્છ, સામંતભદ્રસૂરિએ વનવાસી ગચ્છ, ૧૧૫૯માં પુનમિયાગચ્છ, ૧૧૬૦માં જિનવલ્લભસૂરિએ ખરતરગચ્છ સ્થાપી મહાવીરના પાંચ નહિ છ કલ્યાણકોની પ્રરૂપણા કરી. ૧૧૬૯માં**

### કૂપમંડૂક માનવીને તત્ત્વની વાત કરવાનો કોઈ અધિકાર નથી

"આનંદઘનના સમયે તપાગચ્છના "દેવસુર" અને "અણસુર" એ બે મોટા પક્ષભેદ ચાલતા હતા. સાગરગચ્છનું પણ એ વખતમાં ખૂબ જોર હતું. વળી શ્વેતાંબર મૂર્તિપૂજકમાંથી જુદા પડીને લુંકામત અને અન્ય મત નીકળ્યા હતા. એમની સાથે પણ વિરોધ ચાલતો હતો. વિ.સં. ૧૬૧૭માં ધર્મસાગરે તપાગચ્છ જ સાચો અને બીજા બધા ગચ્છ ખોટા એમ જણાવી ઉગ્ર પ્રહાર કરતા ગ્રંથો રચ્યા, જેને કારણે જૈન સમાજમાં ગચ્છ વચ્ચે અશાંતિ જાગી. 'મિરાતે અહમદી'માં પણ જૈન સમાજમાં ૮૪ ગચ્છ અસ્તિત્વમાં હતા, એવી નોંધ મળે છે. અસવા ગચ્છ, જરાવલ ગચ્છ, કંકેરા છેરંટીઆ, ભરૂચા, આનપૂજા, અઢાવૈયા, કોડવીઆ, વેકોદીઆ, રહમ સાલીચા, મોડાસીઆ, વાસીઆ, કચ્છપાલીઆ, ઘોઘાવાલ, વડોદરીઆ, ખંભાતીઆ, બ્રહ્મના, ઝાલોરા, ભૂખડીઆ, ચિતોડા, બાપરવાલ, મોઢાહદીઆ, સાખોદ્રા, કુજડીઆ, કનીસા વગેરે જૈન સમાજના ગચ્છની નોંધ એમાં છે. આવા ગચ્છમાં રચ્યાપચ્યા રહેતા અને વાડાબંધીના યુદ્ધમાં પોતાની વીરતા દાખવનારાઓ ભણી આનંદઘન સ્પષ્ટ શબ્દોમાં પ્રહાર કરે છે. તેઓ કહે છે કે સંકુચિત વાડાબંધીમાં ખૂંપેલા એમના મુખમાં અનેકાંતવાદની વાત કેવી વરવી લાગે છે! ગચ્છના પેટાભેદને જાળવી રાખીને પોતાનું માન, મહત્ત્વ અને ગૌરવ વધારવાની તરકીબો કરનારાઓ અને બીજાઓને હીણા બતાવનારાઓ સામે આનંદઘનજીનો પ્રકોપ ફાટી નીકળ્યો છે. આવા કૂપમંડૂક માનવીને તત્ત્વની વાત કરવાનો કોઈ અધિકાર નથી, એમ તેઓ કહે છે."

*ડૉ. કુમારપાળ દેસાઈ લિખિત 'મહાયોગી આનંદઘન'માંથી*

*જ્ઞાન પ્રાપ્તિમાં સૌથી મોટો કોઈ અવરોધ હોય તો તે અહંકાર છે.*

**આર્યરક્ષિતજી દ્વારા અંજલગચ્છ, ૧૧૭૧માં ધનેશ્વરસૂરિ દ્વારા વિશાવળગચ્છ, ૧૨૩૬માં સાર્ધપૂર્ણમિયક ગચ્છ, ૧૨૫૦ આગમિક અથવા ત્રણ થૂઈવાળો ગચ્છ, ૧૨૮૫માં વડગચ્છનું તપાગચ્છમાં પરિવર્તન, ૧૫૦૮માં લુકા નામના વણિકે લોકાગચ્છ. અહીં મૂર્તિપૂજાનો નિષેધ, ૧૫૭૨માં બીજ મત, ૧૫૭૫માં પાર્શ્વચંદ્ર મત, ૧૭૧૨ ઢુંઢિયા ગચ્છ, ૧૮૧૮માં સ્થાનકવાસીનો એક નવો ફાંટો તેરાપંથ.**

**અવધૂત આનંદઘનજીના સમયમાં ૮૪ ગચ્છો હતા!**

**અને આજે પણ કેટલા ગચ્છ છે? જુઓ, મૂર્તિપૂજકમાં ૨૫ ગચ્છ,** જે મૂર્તિપૂજા, ૪૫ આગમો અને ભક્તામરની ૪૪ ગાથે તેમજ નવકારના નવ પદ માને. **સ્થાનકવાસીના ૨૩ ગચ્છ,** જે નવકારના પાંચ પદ માને, ૩૨ આગમો જ માને, મૂર્તિપૂજાનો નિષેધ, ભક્તામરની ૪૮ ગાથા માને. **દિગંબરના ૨૦ પંથ,** જે પોતાના આગમો અને નવકારના પાંચ પદ માને. **કવિ પથ એટલે શ્રીમદ્ રાજચંદ્ર પથમાં ત્રણ પંથ અને હમણાં એક દાદા ભગવાનનો અક્રમ વિજ્ઞાન.**

કેટલા થયા? લગભગ બોંતેર. ઉપરના ત્રણ પેરેગ્રાફમાં કાંઈ ભૂલ હોય તો ક્ષમા કરી ભૂલ દેખાડવા વિનંતી. કદાચ સંવતની ભૂલ હોવાની શક્યતા છે પણ મૂળ વાત તો જૈન ધર્મમાં અનેક સંપ્રદાયોની છે, જે છે જ.

પણ આપણે ક્યાં હતા? ક્યાં છીએ? ત્યાંના ત્યાં જ!

જૈન ધર્મ એક જીવિત ધર્મ છે. એમાં સ્વસ્થ જીવન જીવવાની કલા છે. આ ધર્મમાં વર્ગભેદ નથી, વર્ણભેદ નથી. શ્રેણિક રાજા અને સામાન્ય માનવ, તેમજ ચારે વર્ણ એક સાથે બેસી શકે છે એટલો એ ઉદાર છે. કર્મના મહાન સિદ્ધાંત દ્વારા એ મોક્ષની પ્રાપ્તિ કરાવે છે. અપરિગ્રહ અને સાપેક્ષવાદ જેવા મહાન સિદ્ધાંતો જગતને જૈન ધર્મે આપ્યા, જે વિશ્વને શાંતિના શિખરે બિરાજાવવા સમર્થ છે.

વિવિધ સંપ્રદાયોમાં અટવાયેલા આ અતિ પ્રાચીન અને મહાન ધર્મમાં શું એકતા શક્ય નથી?

ના, શક્ય નથી. પ્રત્યેક સંપ્રદાયના મૂળ એટલા ઊંડા ઉતરી ગયા છે કે હવે આ એકતા શક્ય નથી. છતાં અન્ય દૃષ્ટિકોણથી એકતા શક્ય છે. મુખ્ય સંપ્રદાયો, શ્વેતાંબર મૂર્તિપૂજક, દિગંબર, સ્થાનકવાસી અને તેરા પંથ, આ સંપ્રદાયના વિવિધ પેટા સંપ્રદાયોનું એના મુખ્ય સંપ્રદાયમાં વિલીનીકરણ થાય તો આજે જે મતભેદો, મનભેદો સુધી પહોંચ્યા છે ત્યાંથી પાછા વળી મતભેદો સુધી જ રહે. કેમકે, આખરે તો સાપેક્ષવાદ અને અનેકાંતવાદ જૈન ધર્મનો આત્મા છે!

ભારત જૈન મહામંડળ અને જૈન ગ્રુપો આ દિશામાં ઉત્તમ પ્રયત્ન કરી રહ્યા છે, એ સંસ્થાના સમારંભ - સમારોહમાં જૈન ધર્મના બધા જ ફિરકાના સભ્યો સાથે બેસે છે, સાથે આરોગે છે અને અન્ય વ્યવહારો માટે સંમત થાય છે. બસ, પ્રત્યેક ગચ્છ સંપ્રદાયના સભ્ય પ્રતિજ્ઞા લે કે અમારા મતભેદો માટે અમે કોર્ટ કચેરીનો આશરો નહિ લઈને અન્ય સમાજ - ધર્મમાં હાંસીપાત્ર નહિ થઈએ. આટલું થાય તો પણ ઘણું છે. એક મત ભલે ન બને, પણ એક મંચ તો બને જ બને.

અને એથીય વિશેષ એ કે પ્રત્યેક જૈન પ્રતિજ્ઞા લે કે પોતાના સંસારમાં બાળક જન્મ લે ત્યારે એ બાળકને એ યુવાન થાય ત્યાં સુધી આગળ પાછળ કોઈ પણ 'લેબલ' લગાડ્યા વગર એવું શીખવાડે કે એ પોતાની જાતને જૈન, માત્ર 'જૈન' તરીકે જ ઓળખાવે. આમ થાય તો સો વરસ પછીનો જૈન ધર્મનો ઈતિહાસ કંઈક જુદો અને ઊજળો હશે જ.

સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્રથી મોક્ષપ્રાપ્તિ શક્ય છે. એ ઉપરાંત અન્ય સિદ્ધાંતો તો બધા જ જૈન સંપ્રદાયમાં સ્વીકાર્ય છે. જ્યાં છે ત્યાં વિચારભેદ લગભગ નથી, આચારભેદ જ છે.

**જે જૈન ધર્મમાં જ્ઞાન અને તપ કેન્દ્રસ્થાને છે, એ જૈન ધર્મ આજે વિવિધ બાહ્ય ક્રિયાકાંડો અને ઉત્સવ - મહોત્સવમાં અટવાઈ ગયો છે.**

કોઈ સત્ય અંતિમ સત્ય નથી અને કોઈ પરિસ્થિતિ અંતિમ નથી, પણ આ 'વિચાર' જ અંતિમ સત્ય છે. એટલે નિરાશ થવાની જરૂર નથી. જરૂર છે પુરુષાર્થની, નેતૃત્વની.

***પૂજ્ય શ્રીમદ્ રાજચંદ્રના પત્રાંક ૧૨૭ :***

*"સમુદાયના કલ્યાણ અર્થે જોતાં બે પર્યુષણ દુ:ખદાયક છે. પ્રત્યેક મતમતાંતર સમુદાયમાં વધવા ના જોઈએ, ઘટવા જોઈએ."*

***— સંવત ૧૯૪૬***

*ગચ્છ મતની જે કલ્પના, તે નહિ સદ્ વ્યવહાર,*
*ભાન નહિ નિજ રૂપનું, તે નિશ્ચય નહિ સાર,*
*આગળ જ્ઞાની થઈ ગયા, વર્તમાનમાં હોય,*
*થાશે કાળ ભવિષ્યમાં, માર્ગ ભેદ નહિ હોય.*

***'આત્મસિદ્ધિ શાસ્ત્ર', ગાથા ૧૩૩, ૧૩૪.***

સંપ્રદાય સરિતા છે, જૈન ધર્મ મહાસાગર છે. આ મહાસાગરમાં સર્વ સરિતા સમર્પિત થાઓ.

અહંનું વિગલન થાવ. પછી એકતા અને મોક્ષ ક્યાં દૂર છે?

મિચ્છામિ દુક્કડમ્.

***સાભાર : "પ્રબુદ્ધ જીવન"***

## પંડિત શ્યામજી કૃષ્ણવર્માની વિગતમાં વિશેષ

આ મુખપત્રના માસ જુલાઈ-૨૦૧૩ના અંકમાં પાના નંબર-૭૯ ઉપર પંડિત શ્યામજી કૃષ્ણવર્માની જે વિગત આપવામાં આવી છે તેમાં વિશેષ માહિતી ઉમેરતાં શ્રી શાંતિલાલભાઈ સંઘવી જણાવે છે કે... શ્યામજી કૃષ્ણવર્માના પત્ની ભાનુમતીબેન, ભાટિયા જ્ઞાતિના હતા અને તેમણે મહારાણી હોલ્કર તથા વાઈસરૉય લોર્ડ કર્ઝન વચ્ચે દુભાષિયાની સેવા બજાવેલ હતી.

આપણા વડીલોનો વારસો
શુધ્ધ કાંસાના વાસણ
પ્રાપ્તિ સ્થાન :
પારસ મેટલ વર્કસ
૯૦, કંસારા ચાલ,
કાલબાદેવી રોડ, મુંબઈ-૨.
ફોન : ૨૨૪૨૧૫૯૧, ૨૨૪૨૨૮૬૮

વિચાર વિમર્શ

# મારા સ્વપ્નનું ભારત (માધ્યમ)

• યાસીન દલાલ •

સમૂહ - માધ્યમો અથવા પ્રત્યાયનની પ્રક્રિયાનો ઉદ્દેશ શો? અથવા એ પ્રક્રિયા ઉદ્દેશપૂર્ણ હોવી જોઈએ કે પછી એને સ્વયંભૂ રીતે જ્યાં જતી હોય એ દિશામાં જવા દેવી જોઈએ? - આ પ્રશ્નો વર્ષોથી ચર્ચાતા રહ્યા છે અને ભવિષ્યમાં પણ ચર્ચાતા રહેશે. "કળા ખાતર કળા, સાહિત્ય ખાતર સાહિત્ય"ના સૂત્રની જેમ "માધ્યમ ખાતર માધ્યમ" કે "પ્રત્યાયન ખાતર પ્રત્યાયન" નું સૂત્ર કોઈએ આપ્યું નથી, પણ એને મળતી આવે એવી વાત ઘણાએ કહી છે. હેરલ્ડ લેસવેલ પ્રત્યાયનની પ્રવૃત્તિઓના ક્ષેત્રમાં ત્રણ વસ્તુઓ ગણાવે છે : (૧) પર્યાવરણમાં બનતી ઘટનાઓને લગતી માહિતીનું વિતરણ, (૨) એ માહિતીઓનું સંવર્ધન, (૩) સામાજિક વારસાનું એક પેઢીમાંથી બીજી પેઢીમાં હસ્તાંતરણ. આ વારસામાં જ્ઞાન અને મૂલ્યોનો સમાવેશ થઈ શકે. એમાં શિક્ષણને પણ મૂકી શકાય. આ ત્રણ પ્રવૃત્તિઓમાં કેટલાક નિષ્ણાતો મનોરંજનને પણ ઉમેરે છે.

આ બધી પ્રવૃત્તિઓને ગણાવ્યા પછી જે પ્રશ્ન પૂછાય છે, તે આ છે : સમૂહ-માધ્યમોની સમૂહ-પ્રક્રિયાની સમાજ ઉપર શી અસર પડે છે? આ અસરને નિયંત્રિત કરવાની જરૂર ખરી? આવા નિયંત્રણનું સ્વરૂપ કેવું હોવું જોઈએ? જે તે દેશની આર્થિક, રાજકીય, સામાજિક જરૂરિયાતો સાથે માધ્યમોનો કોઈ સંબંધ ખરો?

સમૂહ - માધ્યમો ઉપર સરકારની સીધી સેન્સરશીપ હોય કે નહીં, એનું મૂળભૂત સ્વરૂપ અને લક્ષણો જ એવાં છે કે એના ઉપર એક પ્રકારની "કોમ્યુનિટી સેન્સરશીપ" સતત કામ કરતી હોય છે. લોકમતનો પ્રભાવ અખબાર કે માધ્યમોને અસર કરતો રહેતો હોય છે. જોકે, આ પ્રક્રિયા પરસ્પર છે. એક તરફ લોકમત માધ્યમો ઉપર પ્રભાવ પાડે છે. આ ઉપરાંત બીજી સામાજિક પ્રક્રિયાઓ પણ માધ્યમોને પ્રભાવિત કરે છે.

અખબારોની વાત કરીએ તો આપણા દેશમાં અખબારોના ફેલાવા અને વ્યાપની બાબતમાં મોટી અને ચિંતાજનક અસમતુલા જોવા મળે છે. આપણાં વર્તમાનપત્રોને ઐતિહાસિક દૃષ્ટિએ સ્વાતંત્ર્યપૂર્વ અને સ્વાતંત્ર્યોત્તર એમ બે તબક્કાઓમાં વહેંચી અને પછી એ બંને તબક્કાઓનો તુલનાત્મક અભ્યાસ કરીએ તો ખૂબ રસપ્રદ તારણો નીકળે છે. પહેલાં આંકડાઓની દૃષ્ટિએ થોડી તુલના કરીએ. ૧૯૪૨માં આપણા દેશમાં કુલ ૧૩૩૪ દૈનિકો હતાં. ૧૯૮૩માં દેશમાં કુલ ૧૯,૯૩૭ અખબારો બહાર પડતાં હતાં. આઝાદી પછીના સમયમાં પણ ૧૯૬૧ પછી અખબારોના ફેલાવામાં સતત વધારો થતો રહ્યો છે. (આમાં ૧૯૩૫, ૧૯૭૨ અને ૧૯૭૪ અપવાદરૂપ વર્ષો હતાં.) પ્રાદેશિક ભાષાઓનાં પત્રોએ પણ સ્વાતંત્ર્ય પછી ફેલાવામાં સારો વિકાસ સાધ્યો છે.

૧૯૫૬માં પ્રાદેશિક ભાષાઓનાં માત્ર ૩૦૦૦ પત્રો હતાં. તે પછી ૧૯૮૩માં વધીને ૧૨૬૭૩ થયાં છે. ગુજરાતી ભાષામાં કુલ ૬૮૮ વર્તમાનપત્રો નીકળતાં હતાં. એમનો કુલ ફેલાવો લગભગ ૨૭ લાખ નકલનો હતો.

આ તુલના આંકડાઓની થઈ. આંકડાઓની બાબતમાં સમગ્ર દેશમાં અને ગુજરાતમાં વત્તેઓછે અંશે સ્વાતંત્ર્યોત્તર કાળમાં ઠીક - ઠીક પ્રગતિ થઈ છે. અલબત્ત, યુનેસ્કોએ દર હજારની વસતિએ સો છાપાની નકલોના નક્કી કરેલા આદર્શથી હજુ આપણે ઘણા પાછળ છીએ. આપણે ત્યાં દર હજારની વસતિએ છાપાંની ૧૩ નકલો નીકળે છે.

પણ વધુ રસપ્રદ તુલના ગુણાત્મક દૃષ્ટિએ થઈ શકે તેમ છે. સ્વાતંત્ર્ય - પૂર્વના પત્રકારત્વને ઉદ્દેશની દૃષ્ટિએ તપાસીએ તો પ્રારંભના ભારતીય પત્રકારત્વના ઉદ્દેશોમાં સામાજિક જાગૃતિ, કેળવણીનો ફેલાવો, સાહિત્યિક ચર્ચાઓ, આઝાદી વગેરેનો સમાવેશ થતો હતો. ૧૮મી સદીના અંતભાગમાં અને ૧૯મી સદીના પ્રારંભનાં પત્રોની બાબતમાં આ કથન લાગુ પાડી શકાય એમ છે. આપણા આદ્ય ભારતીય પત્રકાર રાજા રામમોહનરાયે "સંવાદ કૌમુદી" અને "મિરાત-ઉલ-અખબાર" દ્વારા સામાજિક જાગૃતિ લાવવાનું જ લક્ષ્ય સેવેલું. ગુજરાતમાં પણ ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં નર્મદ અને કરશનદાસ જેવા સુધારકોએ પોતાની ઝુંબેશમાં વેગ લાવવાના મહત્ત્વના સાધનરૂપે અખબારને ગણ્યું હતું. અને સ્વાતંત્ર્યોત્તર કાળનાં દૈનિકોનો પ્રિય વિષય રાજકરણ બન્યો. પહેલાં માત્ર રાજકીય ઘટનાઓના યથાવત્ અહેવાલ આપતાં, પછી ઘટનાઓની પાછળની ભૂમિકાઓ પણ આપવાનું શરૂ થયું. ઘટનાઓનું અર્થઘટન પણ કરવાનું વલણ આવ્યું. ધીમે ધીમે રાજકીય "કવરેજ" રાજકીય સ્વરૂપમાં ફેરવાઈ ગયું. આ પ્રવાહ એવો પ્રચંડ હતો કે રાજ્યો અને કેન્દ્રની રાજકીય ઘટનાઓ સમગ્ર દેશમાં લોકમત ઉપર છવાઈ ગઈ. 'દિલ્હીની ડાયરી' એ વાચકોનું પ્રિય વાંચન બની ગઈ.

આપણે એશિયાના ગરીબ અને પછાત દેશોમાં ગણાતા હતા. પણ આપણે લોકશાહી અને વાણી-સ્વાતંત્ર્યનું 'મોડેલ' સીધું પશ્ચિમનું અપનાવ્યું. પરિણામે, આપણું પ્રેસ અમેરિકા કે બ્રિટનના પ્રેસની તરાહ ઉપર આગળ વધ્યું. જોકે, રાજકીય ગપસપ તો પશ્ચિમના કોઈ દેશના અખબારમાં પણ આટલા મોટા પ્રમાણમાં જોવા મળતી નથી. રાજકારણ, પોલીસ રિપોર્ટિંગ, જાતિ અને કોમના સંઘર્ષો, ધાર્મિક સાધુસંતોનાં પ્રવચનો - આ બધું આપણાં અખબારમાં જોવા મળતી મુખ્ય સામગ્રી છે. આ વાત પ્રાદેશિક પત્રોને વધુ લાગુ પડે છે. આ ઉપરાંત ચાલુ વાર્તા અને

*દરેક ક્રોધી માણસે જીવનમાં એક દિવસ તો પોતાના ક્રોધનું પરિણામ ભોગવવું જ પડે છે.*

અનેકવિધ વિષયો ઉપરના વિભાગો અને કટારો જોવા મળે છે, જેની વિષયવસ્તુ મોટે ભાગે હળવું અને લોકપ્રિય બને એ પ્રકારનું હોય છે. આની સાથે વિકાસલક્ષી વૃત્તાંતો અને વિભાગોમાં આ ગુણો હોવાનો સંભવ ઓછો છે. વર્ષોની ટેવને લીધે હવે તો વાચક પણ અખબારમાં તો આવું જ હોય એમ માનતો હોય છે. વર્ષોથી 'ફોર્મ્યુલા' હિંદી ફિલ્મો જોવાને ટેવાયેલો પ્રેક્ષક કોઈ કારણસર સારી ફિલ્મની ધીમી ગતિને કંટાળાજનક ગણીને એનું મહત્ત્વ ઓછું આંકે એના જેવી આ વાત છે.

આપણાં અખબારોના ફેલાવાનો દર વિશ્વમાં નીચામાં નીચા દરમાં આવે. આપણો ફેલાવાનો માથાદીઠ દર ૦.૦૧૩ છે, ત્યારે વિકાસશીલ દેશોનો સરેરાશ દર ૦.૦૨ અને ૦.૦૫ વચ્ચે છે.

૧૯૬૫માં સુરતમાં નર્મદ "ડાંડિયો" દ્વારા અને સૌરાષ્ટ્રમાં મણિશંકર કીકાણી અને હરગોવિંદ કાંટાવાળા "વિજ્ઞાન-વિલાસ" દ્વારા અંધશ્રદ્ધા અને વહેમો સામે ઝુંબેશ ચલાવી રહ્યા હતા, ત્યારે આજે અનેક અખબારો અંધશ્રદ્ધાને ઉત્તેજે તેવા સમાચારો કોઈ જાતની ચકાસણી વિના છાપે છે. પૂર્તિઓમાં વહેમોને વેગ આપનારી અને મંત્રતંત્રની કટારોની બોલબાલા છે. ટોચના રાજકારણીઓએ પણ આ બધી બાબતોને સત્તાવાર પ્રોત્સાહન આપતાં ચારેબાજુથી ખોટાં મૂલ્યોનો હુમલો શરૂ થયો છે.

કટોકટી દરમ્યાન બંધારણમાં જે કેટલાક સુધારા થયા એમાં એક સારો સુધારો એ થયો કે નાગરિકોની ફરજોમાં વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ ઉમેરવામાં આવ્યું. વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ માત્ર બંધારણની પોથીમાં પુરાઈને રહી ગયું છે. બીજા અખબારી પંચે તો આવા સમાચારો અને લેખો ઉપર પ્રતિબંધ મૂકવાની હિમાયત કરી છે. આમ, વિકાસની પ્રક્રિયામાં ઉદ્દીપક બનવાને બદલે માધ્યમો ઘણીવાર એમાં જાણે - અજાણ્યે અવરોધરૂપ બને છે. છેલ્લા દાયકામાં બનેલી ગુજરાતી ફિલ્મોએ બળતામાં ઘી હોમ્યું છે અને ચમત્કારો તથા મંત્ર-તંત્રની ધડ માથા વગરની વાર્તાઓ અને પ્રસંગો વડે લોકમાનસને દૂષિત કર્યું છે. આપણી ગ્રામપ્રથા આ દૂષણોમાંથી મુક્ત નહીં થાય ત્યાં સુધી વિકાસની ગાડી પાટા ઉપર નહીં ચડે.

હમણાં હમણાં સમૂહ માધ્યમોના ઉદ્દેશ અંગે અને એમની કામગીરી અંગે ઉહાપોહ શરૂ થયો છે. મુંબઈમાં તાજમહાલ હોટલ ઉપર હુમલો થયો અને ટી.વી. ચેનલોએ જે રીતે એનું સતત પ્રસારણ કર્યુ એ પછી આ પ્રશ્ન ઊભો થયો છે. એક મત એવો છે કે ટેલીવિઝન ઉપર સતત કોઈપણ હુમલાના ગોઝારા દશ્યો બતાવવાથી લોકોમાં ભયની લાગણી ફેલાય છે. ઉપરાંત એક બીજા મુદ્દે પણ હમણાં હમણાં વિવાદ શરૂ થયો છે. પ્રેસ કાઉન્સિલના નવા અધ્યક્ષ માર્કંડેય કાત્જુએ કહ્યું છે કે પ્રેસ કાઉન્સિલના કાર્યક્ષેત્રમાં ટેલીવિઝનને પણ આવરી લેવું જોઈએ. તેમણે આક્ષેપ કર્યો છે કે માધ્યમોને પ્રજાની પડી જ નથી. તેમણે પ્રશ્ન કર્યો છે કે જે દેશમાં ૮૦ ટકા પ્રજા રોજના રૂપિયા ૨૦ માંડ કમાતી હોય એ દેશમાં ક્રિકેટ અને સિનેમા પાછળના ગાંડપણનો શો અર્થ? તેમણે પ્રશ્ન કર્યો છે કે પ્રજાને દેવાનંદ અને રાજેશ ખન્નામાં આટલો બધો રસ લેતી શા માટે કરવી જોઈએ? પ્રજાને કરીના કપૂરના લગ્નમાં રસ નથી. દેશના પાયાના પ્રશ્નોમાં એને રસ છે. એમણે વધુમાં કહ્યું હતું કે દેશની ૯૮ ટકા પ્રજા મૂર્ખ છે. ક્રિકેટ અને સિનેમા પાછળ લોકો પાગલ છે અને મોટાભાગની પ્રજા અંધશ્રદ્ધાળુ છે.

શ્રી કાત્જુની આ વાત થોડી આત્યંતિક ભલે લાગે પણ વિચારવા જેવી છે. એમનું સૂચન છે કે દેશમાં પ્રેસ કાઉન્સિલની જેમ જ બ્રોડકાસ્ટિંગ કાઉન્સિલ પણ હોવી જોઈએ. જો કે આવું એક સ્વૈચ્છિક સંગઠન ઊભું થઈ ગયું છે. એણે ઈન્ડિયા ટી.વી. ના શ્રી રજત શર્માને સમન્સ પાઠવીને બોલાવ્યા પણ હતા. એક વાત એવી છે કે શ્રી શર્માએ માફી માગી હતી. બીજી વાત એવી છે કે તેઓ કોઈપણ જાતના જવાબ આપ્યા વિના ભાગી ગયા હતા. સી.એન.એન. દેશ આઈ.બી.એન. ચેનલ ઉપર શ્રી કરણ થાપરે શ્રી કાત્જુની લીધેલી મુલાકાત આ દૃષ્ટિએ ખૂબ રસપ્રદ બની રહે છે.

બીજી બાજુ સરકાર તરફથી વાણીસ્વાતંત્ર્યનું ગળુ ઘોંટવવા માટે પ્રયત્ન થાય છે એ પણ એક હકીકત છે. બંગાળમાં મમતા બેનરજી આપખુદ ઢબે વર્તી રહ્યા છે. એમણે પોતાનું કાર્ટુન દોરનાર એક અધ્યાપકને તરત જ જેલમાં પૂરી દીધા. આની સામે મહાશ્વેતા દેવી સહિત બંગાળના બુદ્ધિજીવીઓએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો. આ ઓછું હોય તેમ મુંબઈમાં એક કાર્ટુનનિસ્ટ શ્રી અસીમ ત્રિવેદીની એક કાર્ટૂન બદલ ધરપકડ થઈ. એમના ઉપર દેશદ્રોહનો આરોપ મુકાયો. એમણે સાંસદો બંધારણની મશ્કરી કરે છે એનું કાર્ટુન દોર્યુ હતું દેશદ્રોહનો કાયદો અંગ્રેજોએ બનાવ્યો છે. આઝાદ ભારતમાં એનું કોઈ ઔચિત્ય જ નથી. અસીમ ત્રિવેદીએ જામીન ઉપર છૂટવાનો પણ ઈન્કાર કર્યો. અંતે એમનો છૂટકારો થયો. મુંબઈના પોલીસ વડાએ કહ્યું કે કાર્ટુનિસ્ટે પોતાની મર્યાદામાં રહેવું જોઈએ. પ્રશ્ન એ છે કે પોલીસ વડા અહીં પોતાની જ મર્યાદા ચૂકી ગયા અને અભિવ્યક્તિ સ્વાતંત્ર્યની બાબતમાં ખોટો ચંચૂપાત થયો. ગુજરાતમાં પણ અનેક પત્રકારો ઉપર રાજદ્રોહનો આરોપ લાગી ચૂક્યો છે.

હવે મૂળ મુદ્દા ઉપર પાછા આવીએ. તો કોઈપણ સ્વાતંત્ર્ય જવાબદારી વિનાનું હોતું નથી અને હોઈ શકે પણ નહીં. પ્રેસ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા એક જમાનામાં સક્રિય હતી પણ હવે એ નિષ્ક્રિય થઈ ગયું છે. એણે ભૂતકાળમાં રમખાણો વખતે રિપોર્ટીંગની બાબતમાં એક માર્ગદર્શિકા બહાર પાડી હતી જેનું પાલન અત્યારે માધ્યમો કરતાં જ નથી. ગુજરાતના રમખાણો હોય કે આસામના, અખબારો અને ટેલિવિઝન ક્યારેક આગ ઠારવાને બદલે એમાં ઘી નાખે છે. ઉપરથી આપણા બેજવાબદાર નેતાઓ તદ્દન ભડકામણાં ભાષણો કરે છે. હમણાં મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાનાં શ્રી રાજ ઠાકરેએ જાહેરમાં કહ્યું કે હું મુંબઈમાંથી બધા ઉત્તર ભારતીયોને હાંકી કાઢીશ. છતાં તેમની ઉપર કોઈ પગલાં લેવાયાં નહીં.

અન્ના હઝારેના આંદોલનમાં જે ભાષણો

*જ્ઞાન તો સતત મેળવતા જ રહેવું જોઈએ.*

થાય છે એ અંગે પણ સંસદમાં ઉહાપોહ થાય છે અને વિશેષાધિકાર ભંગની નોટીસો અપાય છે. પણ પ્રશ્ન એ છે કે આપણા સાંસદો પોતે જ શિસ્તમાં રહેતા નથી. પોતે જ સંસદ દિવસોના દિવસો સુધી ખોરવી નાંખે છે. અને દોઢસો જેટલા સાંસદો અપરાધી સાબિત થયા છે તો પછી બીજાને ઉપદેશ દેવાનો એમને શો અધિકાર છે?

અત્યારે આખી દુનિયામાં ઈન્ટરનેટ યુગ છે. ઉપગ્રહોની મદદથી આખી દુનિયામાં જુદી જુદી ચેનલો ટી.વી. ઉપર છવાઈ ગઈ છે. ઉપરાંત ઈન્ટરનેટના માધ્યમથી લોકો ઘેર બેઠાં દુનિયાભરની માહિતી મેળવી શકે છે. ગુગલ જેવી ચેનલોની મદદથી આપણા સૌનાં ઘરમાં ઈન્ટરનેટ પ્રવેશી ગયું છે. હવે એમાં ફેસબુક, ટ્વીટ, બ્લોગ જેવા અદ્યતન ઉપકરણો દુનિયાભરને સાંકડી બનાવી દે છે. બીજીબાજુ એનો દુરુપયોગ પણ શરૂ થઈ ગયો છે. હમણાં આસામની અશાંતિને લીધે બેંગ્લોર તથા પૂના જેવા શહેરોમાંથી આસામના લોકોએ પોતાના વતન ભણી હિજરત શરૂ કરી. ખાસ ટ્રેઈનમાં હજારો લોકો બેસીને વતન તરફ જતાં રહ્યાં. સરકારે તપાસ કરી તો જાણવા મળ્યું કે ફેસબુક અને બ્લોગ ઉપર તથા મોબાઈલના એસએમએસ મારફત હજારો લોકોને ધમકીઓ મળતી હતી. આ જોઈને સરકારે તરત આ બધા સાધનો ઉપર પ્રતિબંધ લાદી દીધો અને કર્ણાટક અને યુ.પી. માંથી અનેક લોકો પકડાયા, જે આવા સંદેશા મોકલીને પ્રજામાં ભય ફેલાવતા હતા. આમ બીજા અનેક માધ્યમોની જેમ ઈન્ટરનેટ અને મોબાઈલ પણ બેધારી તલવાર જેવા સાબિત થયા. આપણો દેશ બહુઆયામી દેશ છે. અહીં અનેક ધર્મો અને અનેક જ્ઞાતિઓ અને અનેક જાતિઓ વસે છે. સેંકડો ભાષાઓ બોલાય છે. અનેક સંસ્કૃતિઓ અને પેટા સંસ્કૃતિઓનો બનેલો આ દેશ છે. અહીંના વિશિષ્ટ સંજોગો જોઈને માધ્યમોએ સ્વયં શિષ્ટ દાખવવી જોઈએ. જો એ માધ્યમો જાતે આ કામ ન કરે તો સરકારે એમના ઉપર વાજબી નિયંત્રણ લાદવા જોઈએ. આપણા બંધારણમાં કલમ ૨૧માં અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય અપાયું છે એ પણ વાજબી નિયંત્રણો સાથેનું છે.

નવા માધ્યમોનો સદુપયોગ કરવામાં આવે તો દેશ અને સમાજને ખૂબ ફાયદો થઈ શકે તેમ છે. નવા માધ્યમની મદદથી આપણને એક પણ પૈસો ખર્ચ્યા વિના અઢળક માહિતી મળી શકે છે. આ માહિતીની મદદથી આપણે ધારીએ તો પૃથ્વી ઉપર સ્વર્ગ ઉતરી આવે. જમીનના પેટાળમાં ક્યાં પાણી છે અને કેટલું છે એ જાણી શકાય. વૈકલ્પિક ઉર્જા મેળવી શકાય. ઉપગ્રહોની મદદથી હવામાનનો વરતારો ચોક્કસપણે મેળવી શકાય પણ આ બધામાં સ્વયંશિષ્ટ અનિવાર્ય છે. ભારત અત્યારે એક ગરીબ અને બેરોજગાર દેશ છે. આરોગ્યની બાબતમાં કુપોષણથી પીડાતો દેશ છે. જો માધ્યમોનો સદુપયોગ કરવામાં આવે તો ગરીબી અને બેકારી દૂર કરવામાં ઝડપ આવી શકે. તેમજ ભ્રષ્ટાચાર વિરુદ્ધ પણ માધ્યમોની મદદથી લોકોને જાગૃત કરી શકાય.

*સંજય પબ્લિકેશન્સ*
*૫, સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર સોસાયટી*
*રાજકોટ-૩૬૦ ૦૦૭.*
*ફોન : (૦૨૮૧) ૨૫૭૫૩૨૭*

યાત્રા | ઈન્ટરનેશનલ ટુર્સ | પ્રવાસ

શિખરજી
સૌરાષ્ટ્ર દર્શન
રાજસ્થાન
પાલિતાણા - પંચતીર્થ
ગીરનાર - સોમનાથ
કચ્છ પંચતીર્થ
જગન્નાથપુરી
નાગેશ્વર (એમ. પી)
પુના -કાત્રજ
કાવી-ગંધાર-ઝગડીયા
કુલપાકજી - હૈદરાબાદ
ચારધામ
પંજાબ પંચતીર્થી

દુબઈ ફારઈસ્ટ ન્યુઝીલેન્ડ કેનેડા
શ્રીલંકા હોંગકોંગ ઓસ્ટ્રેલીયા ચાઈના
મોરેશીયસ માલદીવ્સ યુરોપ અલાસ્કા
PASSPORT ASSISTANCE | VISA
FOREX | OVERSEAS INSURANCE
Chetan Mota's tmt holyday
Bubble gum TOURS & TRAVELS
૨૦૬, નેપ્ચ્યુન અપટાઉન, એન. એસ. રોડ, મુલુંડ (વે).
૯, હેમુ પ્લાઝા, ડી. જે. રોડ, વિલેપાર્લા (વે).
Tel. : 2593 4545 | 2610 1062 | 2612 2270
Email : info@bubblegumtours.com
Web : www.bubblegumtours.com
ભારતભરના તમામ યાત્રા તેમજ ગિરિમથકો માટે વ્યક્તિગત કે ગ્રુપમાં ટેલરમેડ કે અમારા બારે માસ ચાલતા આયોજીત ફેમિલિ / હનીમુન પ્રવાસોમાં બધી જ અત્યાધુનિક સગવડતાઓ સાથે...

કાશ્મીર-વૈષ્ણોદેવી
લેહ લડાક-કાશ્મીર
દાર્જીલીંગ-સીકકીમ
હિમાચલ
ઉતરાંચલ
દક્ષિણ ભારત
કેરલા
રાજસ્થાન
હૈદ્રાબાદ-રામોજી સીટી
કોસ્ટલ કર્ણાટક
ભૂતાન-નેપાલ
આંદામાન-નિકોબાર

કૃષિ

કૃષિમાં અગત્યનું પરિબળ

# મૂલ્યવૃદ્ધિ

• દિનેશભાઈ વધાસિયા •

ભારત દેશમાં કૃષિક્ષેત્રે સતત વિકાસના પરિણામે આપણે અનાજની બાબતમાં સ્વનિર્ભર બની ગયા છીએ. પરંતુ અનાજ, શાકભાજી, ફળો વગેરેના ઉત્પાદન પછીના તબક્કા ઉપર વિચારીએ તો આ દિશામાં અપૂરતી સંગ્રહશક્તિ, વૈજ્ઞાનિક અભિગમનો અભાવ તથા ચીલાચાલુ પ્રક્રિયાઓને પરિણામે કુલ ઉત્પાદનના ૧૨ થી ૧૫ ટકા જેટલું અનાજ તથા ૩૫ થી ૪૦ ટકા જેટલા ફળ શાકભાજી વપરાશકાર સુધી પહોંચતા જ નથી. વળી કૃષિ પેદાશને તેજ સ્વરૂપમાં કે પરંપરાગત પ્રક્રિયા કરી બજારમાં વેચવાથી તેનું યોગ્ય વળતર મળતું નથી. આમ વિપુલ માત્રામાં કૃષિ ઉત્પાદન થવા છતાં હજુ પણ પાકની કાપણી પછી યોગ્ય પ્રક્રિયા ન કરવાને કારણે થતો બગાડ આપણે અટકાવી શક્યા નથી. તેને પરિણામે ખેડૂતોને તથા રાષ્ટ્રને ઘણું નુકસાન વેઠવું પડે છે.

## • મૂલ્યવૃદ્ધિ એટલે શું?

મૂલ્યવૃદ્ધિ (VALUE ADITION) એટલે કે મૂલ્યમાં કે કિંમતમાં વધારો કરવાની ક્રિયા. બીજી રીતે કહીએ તો કૃષિ પેદાશોને બારોબાર એમને એમ ન વેચી દેતા તેના ઉપર કોઈ જાતનું પ્રોસેસીંગ કે પ્રસંસ્કરણ કરી તેની કુલ કિંમતમાં જે વધારો કરી શકાય તેને મૂલ્યવૃદ્ધિ કહેવાય છે. કોઈ પણ ખેડૂત કંપની કે સંસ્થા પોતાની પ્રોડક્ટના મૂલ્યમાં વધારો કરવા માટે વિવિધ ઉપાયો હાથ ધરે છે. આવી પ્રોડક્ટોને વેલ્યુએડેડ (મૂલ્યવર્ધિત) પ્રોડક્ટ તરીકે ઓળખવામાં આવે છે.

## • મૂલ્યવૃદ્ધિની આવશ્યકતા :

અત્યારે મુક્ત વિશ્વ વ્યાપારમાં ટકી રહેવા માટે તથા ઉચ્ચતમ ભાવ મેળવવા માટે વસ્તુની ગુણવત્તા જાળવવી બહુ અગત્યની છે. કોઈ પણ પ્રોડક્ટનું મહત્ત્વ તેની ગુણવત્તા હોય તો જ બજારમાં ટકી શકે છે અને આંતરરાષ્ટ્રીય હરીફાઈનો સામનો કરી શકે. અત્યારે દરેક દેશ પોતપોતાના ધારાધોરણ મુજબના માલનો આગ્રહ રાખે છે. તેવો જ માલ પૂરો પાડવામાં આવે તો તે માલની નિકાસ કરી શકાય. તેને માટે માલની વેલ્યુ વધારીને વેલ્યુ એડિશનનો લાભ મેળવી શકાય.

**કોઈપણ ખેતપેદાશને તેની જાત, ગુણવત્તા, કદ, રંગ, ચળકાટ વગેરે ગુણોને અનુરૂપ યોગ્ય પેકિંગમાં પેક કરવામાં આવે તો તેના ઊંચા ભાવો મળી શકે છે.**

ગુજરાતની વાત કરીએ તો ખાસ કરીને સૌરાષ્ટ્રમાં જોઈએ તેટલા કોલ્ડસ્ટોરેજ કે પ્રોસેસિંગ યુનિટ નથી. આથી તાજો માલ વેચવા સિવાય બીજો કોઈ રસ્તો નથી. ખેડૂતો કમાય તેના કરતા અનેક ગણી રકમ વચેટિયાઓ, દલાલો કે વેપારીઓ કમાય છે કે જે લોકોને ખેતર કે ખેતી એટલે શું તેની ખબર નથી. આવા લોકો ખેડૂતની આવકના નફાનો મોટોભાગ દલાલી કે કમીશનના રૂપમાં મેળવી લેતા હોય છે. બીજી રીતે જોઈએ તો સીઝનમાં પાણીના ભાવે વેચેલી વસ્તુઓ ઑફ સીઝનમાં ગ્રાહકોને ખૂબ જ ઊંચા ભાવે એટલે કે બે થી ત્રણ ગણા રૂપિયા આપીને ખરીદવી પડતી હોય છે. આથી ઉત્પાદકો અને ઉપભોક્તાઓ વચ્ચેની કડી વચેટિયાઓને દૂર કરવા વેલ્યુ એડિશન એક અગત્યનો ભાગ ભજવી શકે તેમ છે.

ખેતી ઉત્પાદનના રૂપાંતર અને મૂલ્યવૃદ્ધિના ફાયદાઓ :

- ★ ઉચ્ચ ગુણવત્તાવાળી પેદાશો મળે છે.
- ★ આર્થિક વળતર વધુ મળે છે.
- ★ કાપણી બાદ થતા બગાડના પ્રમાણમાં ઘટાડો થવાથી ખાદ્ય વસ્તુઓની ઉપલબ્ધતામાં વધારો થાય છે. બગાડ અટકાવવાથી ઉત્પાદન અને ઉપભોક્તા બંનેને ફાયદો થાય છે.
- ★ પેદાશો વધુ પોષણક્ષમ, સ્વાદિષ્ટ તથા આકર્ષક બને છે.
- ★ ઉત્પાદક અને ઉપભોક્તા બંનેને સારી વસ્તુ અને સારા લાભ મળે છે.
- ★ ખોરાકની વૈવિધ્યતા વધે છે.
- ★ મૂલ્યવર્ધક યુનિટો (કૃષિ ઉદ્યોગો) દ્વારા માનવ રોજગારીની તકો વધારી શકાય છે.
- ★ આવી બનાવટો નિકાસ કરી વિદેશી હુંડિયામણ મેળવી શકાય છે. પરિણામે રાષ્ટ્રના આર્થિક વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવી શકાય છે.
- ★ ઓફ સીઝનમાં પણ વસ્તુઓ ઉપલબ્ધ બને છે.
- ★ પોસ્ટ હાર્વેસ્ટ લોસ અટકાવી શકાય છે.
- ★ ખેડૂતોને તેઓની ઉપજના વધારે ભાવો મળવાથી ગ્રામ્ય સ્તરે સામાજિક અને આર્થિક ધોરણો સુધારી શકાય છે.

આમ, ખેતી ઉત્પાદનના રૂપાંતર અને મૂલ્ય વૃદ્ધિથી ઘણા ફાયદા મેળવી શકાય છે. કૃષિ પેદાશોની જાતો પ્રમાણે, પાક પ્રમાણે અને પરિસ્થિતિ પ્રમાણે વિવિધ પ્રકારની પદ્ધતિઓ અપનાવવામાં આવે છે.

## • ગ્રેડિંગ દ્વારા મૂલ્યવૃદ્ધિ :

કોઈપણ પ્રોડક્ટ અથવા ખેતપેદાશોનું ગ્રેડિંગ (વર્ગીકરણ) તેની જાત, વજન, ગુણધર્મો વગેરે અનેક બાબતોને ધ્યાનમાં લઈ કરવામાં આવે છે. ગુણવત્તા, કદ, રંગ, આકાર વગેરેના આધારે વર્ગીકરણ કરેલ ખેત

*જેની વાતથી તમારું મન અશાંત થઈ જાય તેવી વ્યક્તિ પાસે ન બેસો કે તેવી વ્યક્તિને તમારી પાસે ન બેસાડો.*

પેદાશના ભાવો વધુ મળે છે. દા.ત. કેરી, કેળાં, ચીકુ, ભીંડા, રીંગણ વગેરે ફળ, શાકભાજીના પાકોનું વર્ગીકરણ કરવાથી ઉચ્ચ ગુણવત્તાવાળા લોટનો વધુ ભાવ મેળવી શકાય છે. ખેતી પેદાશને અલગ તારવી ગ્રેડિંગ કરવાથી ઉત્પાદકને ઈચ્છિત ભાવ મળશે અને લેનાર ગ્રાહકને ઈચ્છિત ગુણવત્તા મૂલ્ય અને ઉત્પાદક તથા ગ્રાહક બંનેને સંતોષ વધે છે.

- **પ્રોસેસીંગ દ્વારા મૂલ્યવૃદ્ધિ :**

દૂધ, શાકભાજી, ફળો વગેરે પ્રોડક્ટો જલદીથી બગડી જાય છે. આથી તેને તુરંત જ વેચવી પડે છે. જેનાથી ઉત્પાદક ખેડૂતોને પશુપાલકોને ઓછા ભાવમાં મજબૂરીથી વેચવું પડે છે, જેના ધાર્યા ભાવ મળતા નથી. આથી જો આવી પ્રોડક્ટોનું પ્રોસેસીંગ કરવામાં આવે તો તેના મૂલ્યમાં અનેકગણો વધારો કરી શકાય છે. ખાસ કરીને એવી સીઝન કે જ્યારે ફળ, શાકભાજી અને અન્ય ખેતપેદાશોનો બજારમાં ભરાવો થાય તેવા સમયે ઉત્પાદકોને તેના ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળતા નથી. એવા સમયે જો પ્રોસેસીંગ કરવામાં આવે અને વિવિધ બનાવટો બનાવી વેચવામાં આવે તો આર્થિક રીતે વધુ લાભ મેળવી શકાય છે.

ખાસ કરીને બાગાયતી ખેતી-પેદાશો અને ડેરીઉદ્યોગમાં પ્રોસેસીંગ કરેલ ખેતી પેદાશની નિકાસ કરીને વધુ ભાવ મેળવી શકાય છે. આ રીતે સીઝનમાં જ્યારે માલનો ભરાવો હોય ત્યારે પ્રોસેસીંગ કરવાથી ખેતપેદાશોનો બગાડ થતો અટકે છે, ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળે છે, વાપરનાર ગ્રાહકોને બારેમાસ જે તે પેદાશો સરળતાથી મળી શકે છે. જ્યારે સીઝનમાં કેરી સસ્તી મળતી હોય છે, ત્યારે તેને પ્રોસેસીંગ કરી રસના બાટલા ભરવામાં આવે તો તેના ઊંચા ભાવ મળી શકે છે. તેવી જ રીતે સીઝનમાં સસ્તા વેચાતા શાકભાજીનું જો પ્રોસેસીંગ કરવામાં આવે તો સારા ભાવ મેળવી શકાય છે. પ્રાઈવેટ કંપની અથવા સહકારી ધોરણે આવી વ્યવસ્થા થાય તો ખેડૂતોને તેમની ખેત પેદાશોના પોષણક્ષમ ભાવો મળે છે અને બજારમાં જ્યારે જોઈએ ત્યારે માલ મળી શકે છે.

- **પેકિંગ દ્વારા મૂલ્યવૃદ્ધિ :**

કોઈ પણ ખેતપેદાશને તેની જાત, ગુણવત્તા, કદ, રંગ, ચળકાટ વગેરે ગુણોને અનુરૂપ યોગ્ય પેકિંગમાં પેક કરવામાં આવે તો તેના ઊંચા ભાવો મળી શકે છે. યોગ્ય પેકિંગ દ્વારા પેદાશની ગુણવત્તા લાંબો સમય જાળવી શકાય છે. યોગ્ય પેકિંગ કરવાથી ખેતપેદાશની હેરફેર સરળતાથી થઈ શકે છે. હેરફેર કે ટ્રાન્સપોર્ટ વખતે નુકસાન થતું નથી.

આજના હરીફાઈના યુગમાં કોઈ પણ પેદાશ માટે તેનું યોગ્ય, આકર્ષક અને ગ્રાહકોને જોતજોતામાં ગમી જાય તેવું પેકિંગ ખૂબ જ જરૂરી છે. તમારા માલની ગુણવત્તા ગમે તેટલી સારી હોય પણ પેકિંગ સારું નહીં હોય તો તે વસ્તુ ખરીદવામાં ગ્રાહક ખચકાશે. માટે સારી વસ્તુ હોવા છતાં ઈચ્છિત ભાવ મેળવવામાં મુશ્કેલી પડશે.

- **કોલ્ડ સ્ટોરેજ દ્વારા મૂલ્યવૃદ્ધિ :**

સીઝનમાં ફળ અને શાકભાજીનું એક સાથે વધારે ઉત્પાદન થવાથી બજારમાં માલનો ભરાવો થતા બજાર ભાવ ઘટે છે. આ પરિસ્થિતિમાં કોલ્ડસ્ટોરેજમાં માલનો સંગ્રહ કરી ઑફ સીઝનમાં માલની ડિમાન્ડ હોય ત્યારે વેચવામાં આવે તો સારા ભાવ મળી રહે છે. તેવી જ રીતે બટાટા, સફરજન, વગેરેનો સંગ્રહ કરીને ઑફ સીઝનમાં ખેડૂતોને સારા ભાવ મળે છે. કોલ્ડ સ્ટોરેજ બગાયતી પાકોના વિસ્તાર માટે જરૂરી છે.

## મૂલ્યવૃદ્ધિને અસર કરતા પરીબળો :

## ટેકનોલોજી :

વેલ્યુ એડિશન કરવા માટે અત્યાધુનિક ટેકનોલોજીનો સુવ્યવસ્થિત, સુઆયોજિત અને સમયસર ઉપયોગ કરવામાં આવે તો સારી ગુણવત્તાવાળો માલ ઉત્પન્ન કરી શકાય છે. માલની ગુણવત્તા સારી હોય તો તેના ભાવ પણ ઊંચા મળે છે. પેદાશોને અનુરૂપ, ટેકનોલોજી કે મશીનરીનો ઉપયોગ કરવો જોઈએ. દા.ત. વિદેશમાં બટાટાને સીધા ખેતરમાંથી હોર્વેસ્ટ કરીને મશીનરી દ્વારા વેફરનું પેકિંગ થઈને બહાર નીકળે છે. તેમાથી સમય, શક્તિ અને નાણાની બચત થાય છે.

## માલની ગુણવત્તા :

ખેડૂત મિત્રો, બજારમાં ગુણવત્તાવાળો માલ જ ખપે છે. ગુણવત્તા સાથે બાંધછોડ કરવાથી બજારમાં ઈચ્છિત ભાવે માલ વેચાતો નથી, અને તેવા માલની નિકાસ પણ થઈ શકતી નથી. જો માલને નિકાસ કરવો હોય તો આંતરરાષ્ટ્રીય ધારાધોરણ મુજબનો બનાવવો જોઈએ. ફળોની નિકાસ કરવા માટે બગીચાને યુરો ગેપ (Euro Gap) સર્ટિફિકેટ મેળવવું જરૂરી છે.

ગુજરાતીમાં એક કહેવત છે કે ‘માલે મૂલ્ય થાય’ એ અનુસાર માલની ગુણવત્તા ન હોય તો તેના સારા ભાવ મળતા નથી. આથી આપના ઉત્પાદનની ઉચ્ચ ગુણવત્તા જાળવો અને અપેક્ષિત ઊંચા ભાવો મેળવવાની આશા રાખો. ફક્ત આપની માલની યોગ્ય ગુણવત્તા મળવવા માટે યોગ્ય ટેકનોલોજી અપનાવો.

## માંગ અને પુરવઠો :

જ્યારે બજારમાં માલનો ભરાવો થાય ત્યારે પુરવઠો વધવાથી ભાવ ઘટે છે. જે માલની ખેતપેદાશની બજારમાં માંગ હોય તેના ભાવ ઊંચા મળે છે. એટલે વેલ્યુ એડિશનમાં ખેડૂતોએ પોતાની ઉપજને ક્યારે? કેવી રીતે? કઈ ગુણવત્તા સાથે? કયા બજારમાં મૂકવાની છે? વગેરે જેવી બાબતોનું ખૂબ જ ધ્યાન રાખવું જોઈએ નહીંતર મૂલ્યવૃદ્ધિમાં પણ વિપરીત અસર થઈ શકે છે. યોગ્ય ગુણવત્તા અને ધારાધોરણયુક્ત પેદાશ બજારમાં મૂકવામાં આવે તો જ યોગ્યભાવે મળી શકે.

## માળાખાકીય સવલતો :

પ્રોસેસ કરેલ માલને બજારમાં સમયસર પહોંચાડવા માટે પાકા રસ્તાઓ, વાહનો, કોલ્ડસ્ટોરેજ, ગોડાઉન, સંદેશા વ્યવહારના સાધનો, નાણાકીય સધ્ધરતા, મજૂરો વગેરે અનેક સગવડતા હોવી જરૂરી છે. જો આવી પાયાની સવલતોનો અભાવ હોય તો ઉત્પાદિત માલ કે મૂલ્યવૃદ્ધિ કરેલ માલ સમયસર બજારમાં પહોંચાડી શકાતો નથી. પરિણામે આખું આયોજન ખોરવાય છે અને ઈચ્છિત ભાવો મળી શકતા નથી.

*જિંદગી ટૂંકી છે અને જંજાળ લાંબી છે, માટે જંજાળ ટૂંકી કર, તો જિંદગી સુખરૂપ લાગશે લાંબી.*

ઉપરોક્ત સગવડતાના અભાવે ઈચ્છિત માલ બજારમાં નિર્ધારિત સમયે પહોંચી ન શકતા તેની ખોટ ઉત્પાદન કરનારને ભોગવવી પડે છે. દા.ત. ફળો, શાકભાજીની સમયસર હેરફેર ન થઈ શકે તો તેનો મોટાપાયે બગાડ થાય છે.

## માર્કેટિંગ વ્યવસ્થા :

સામાન્ય રીતે બજાર વ્યવસ્થામાં માલ ઉત્પાદક, ગ્રાહક અને તે બંનેની જોડતી કડીઓ એટલે કે દલાલો, વચેટિયાઓ, મારફતિયાઓ વગેરેનો સમાવેશ થાય છે. ખેતીવાડીની બજાર વ્યવસ્થામાં ઉત્પાદક અને ગ્રાહક (ઉપભોક્તા) વચ્ચે આવતા આ પરિબળો ખૂબ જ લાભ ખાટી જાય છે. ઉત્પાદકને તેના પેદાશના પોષણક્ષમ ભાવો મળતા નથી અને બીજી બાજુ લેનાર ગ્રાહકને તે જ વસ્તુના બે થી ત્રણ ગણા ભાવ વધુ ચૂકવવા પડે છે. આમ ખેડૂત અને લેનાર ગ્રાહક બંનેને માર પડે છે. વચ્ચે દલાલો અને વચેટિયાઓ વધુ નફો કમાઈ લે છે. ગુજરાતમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં કેરી અને ચીકુ પકવતા ખેડૂતોને તથા અન્ય વિસ્તારના શાકભાજી ઉત્પાદન કરતા ખેડૂતોને પોતાની ખેતપેદાશના યોગ્ય ભાવ ન મળવાનું એક અતિ અગત્યનું પરિબળ છે. જો આ વચલી કડી દૂર કરવામાં આવે તો ઉત્પાદકોને તેમની પેદાશના સારા ભાવ મળી રહે અને ગ્રાહકોને જરૂરી વસ્તુ સસ્તા દરે મળે રહે.

- **ગ્રાહક અને વપરાશકારો :**

ખેતપેદાશનું ગમે તેટલું ઉત્પાદન કરવામાં આવે પણ જો તેનો વપરાશ કરનાર વર્ગ ન હોય તો તેવા માલનું કોઈ મૂલ્ય નથી. ગ્રાહકોની રૂચિ, તેમનું વલણ, ખરીદશક્તિ, માંગ, જીવન ધોરણ વગેરે બાબતોને જાણી તે મુજબની વેલ્યુ એડેડ પ્રોડક્ટ બનાવવી જોઈએ નહીંતર ખોટ જશે. કારણકે બધાને પ્રોડક્ટ ન પણ પોસાય. તો આવા સમયે સ્થળ, પરિસ્થિતિ ઉપભોક્તા વર્ગ તમામને ધ્યાનમાં રાખીને પ્લાનીંગ કરવું જોઈએ. જેથી માલ ઉત્પાદન કરનાર તથા લેનારને ફાયદો થાય.

- **મુખ્ય પાકોની મૂલ્યવર્ધક બનાવટો**

★ **મગફળી** : તેલ, મગફળીના દાણામાંથી દૂધ, માખણ પનીર, ખારીસિંગ, એચ.પી.એસ. ખોળ, ચીકી વગેરે

★ **તલ** : તલની સાની, ચીકી, મુખવાસ, તલનું તેલ, ખોળ વગેરે.

★ **એરંડા** : તેલ, ખોળ, અન્ય ડેરીવેટીઝ

★ **જીરું** : પાવડર, ગ્રેડિંગ, સુગંધિત તેલ

★ **કેળા** : વેફર, પલ્પ, કેળાં આધારિત પીણા, પાવડર

★ **કેરી** : પલ્પ, આમચુર પાવડર, યુનિટો, અથાણા, મુરબ્બા, જામ, જેલી વગેરે

★ **પપૈયા** : પલ્પ, જામ, જેલી, ટૂટીફૂટી, પપૈન

★ **ચીકુ** : પાવડર, જામ, પલ્પ વગેરે

★ **ડુંગળી/લસણ** : પાવડર, અથાણા, લસણનું સુગંધિત તેલ

★ **કઠોળ** : દાળ, શેકીને અન્ય નાસ્તાની આઈટમ માટેની વસ્તુઓ જેવી કે દાળિયા વગેરે

★ **ઘઉં** : મેંદો, સોજી, ઘઉંના મમરા, બેકરી પ્રોડક્ટ, ભૂસું (પશુ આહાર)

★ **મકાઈ** : ગ્લુટેન, ભૂસું (પશુ આહાર)

*(સૌજન્ય : તાઝામાઝા)*

*રોયલ્ટી કન્સલ્ટન્સી લિ. ● મો. ૯૯૭૯૯ ૫૯૮૮૮*

## કાર્ડિયાક સર્જન ડૉ. ધીરેન શાહ અને તેમની ટીમની અદ્ભુત સફળતા

### પાંચ ગણા મોટાં થયેલાં હૃદયની પ્લાસ્ટિક સર્જરી કરાઈ

કિડનીની જેમ હૃદય પ્રત્યારોપણ દાતાની ઉપલબ્ધતાને કારણે વ્યાપક બન્યું નથી. ત્યારે શહેરની એક ખાનગી હોસ્પિટલનાં હાર્ટ સર્જને હાર્ટ ફેલ્યોરનાં લક્ષણો ધરાવતાં મૂળ તજાકિસ્તાનનાં ૬૬ વર્ષીય દર્દીના ૫ ગણાં મોટા થયેલા હૃદયની બાયપાસ અને હૃદય નાનું કરવાની પ્લાસ્ટિક સર્જરીનું (એચવીઆર) પાંચ કલાકનું ઑપરેશન કરીને નવ દિવસની સારવાર બાદ નવજીવન આપ્યું છે.

સીમ્સ હોસ્પિટલનાં કાર્ડિયાક વિભાગનાં વડા-ચીફ કાર્ડિયાક સર્જન **ડો. ધીરેન શાહે** જણાવ્યું હતું કે, બે લાખે એક વ્યક્તિમાં અને મારી સર્જન તરીકેની કારકિર્દીમાં બીજો કિસ્સો છે, જેમાં દર્દીની હૃદયની સાઈઝ પાંચ ગણી હતી. તેમજ હૃદય ફુગ્ગાની જેમ ફૂલી ગયું હતું અને હૃદયનાં પમ્પિંગની ક્ષમતા ૬૦ ટકાથી ઘટીને માત્ર ૧૦ ટકા થઈ ગઈ હતી. જેથી પાંચ કલાકનું ઑપરેશન હાથ ધરીને પહેલાં હૃદયની બાયપાસ સર્જરી કર્યા બાદ પ્લાસ્ટિક સર્જરી (સર્જિકલ વેન્ટ્રીક્યુલર રીસ્ટોરેશન એચવીઆર) બાદ દર્દી સ્વસ્થ બનતાં હવે એકથી બે કિલોમીટર ચાલી શકશે, તેમજ તરતમાં તજાકિસ્તાન જવા રવાના થશે.

### શું સર્જરી કરાઈ?

ડો. ધીરેન શાહનાં જણાવ્યાં મુજબ, સૌ પ્રથમ દર્દીની બાયપાસ સર્જરી કર્યા બાદ હૃદયની સાઈઝ નાની કરવા માટે 'સર્જિકલ વેન્ટ્રીક્યુલર રીસ્ટોરેશન (એચવીઆર) સર્જરી દ્વારા હૃદયને સામાન્ય આકારમાં લાવવા પહોળા થયેલાં ભાગને દૂર કરીને કૃત્રિમ દીવાલો દ્વારા હૃદયની પ્લાસ્ટિક સર્જરી કરાઈ હતી.

### આ તકલીફ થવાનું કારણ શું?

બે લાખે એક કિસ્સામાં હાર્ટ એટેક આવ્યાં બાદ હૃદયનાં સ્નાયુ ડેમેજ થવાથી હૃદયની પમ્પિંગની ક્ષમતા ઘટી જાય છે. ખાસ કરીને કોઈની ધમનીઓ અચાનક બ્લોક થાય ત્યારે હૃદય પહોળું થવાની શક્યતા વધી જાય છે.

*(સમાચાર પત્ર પર આધારિત)*

*નોંધ : અત્રે ઉલ્લેખનીય છે કે ડૉ. ધીરેન શાંતિલાલભાઈ શાહ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય પરિવારના અને હિતેચ્છુ છે.*

*કર્મ ક્યારેય કોઈનો પીછો છોડતું નથી.*

સમાજની ક્ષિતિજો

# "હમસફર"

## સંભારણાની સફર : મણકો - ૪

● ડૉ. સુધા મૂર્તિ (અનુવાદ : સોનલ મોદી) ●

મારાં લગ્ન થયાં તે જમાનામાં, એટલે કે આજથી ત્રીસેક વર્ષ પહેલાં લગ્નવેળાએ દીકરીને મા તરફથી સોનું-રૂપું-સાડીઓ કરતાંય મહત્ત્વની એવી બે-ત્રણ સાચી શિખામણો મળતી. મોટેભાગે દીકરીને સાસરામાં દૂધમાં સાકરની જેમ ભળી જવાની, રહેવા-ખાવા-ખવડાવવામાં સાસરાની રીત અપનાવી લેવાની, નોકર-ચાકરનું માન રાખવાની તથા જાત ઘસીને પણ બધાંને મદદરૂપ થવાની શીખ મળતી. છોકરીઓ આ શિખામણોને ખરેખર ગંભીરતાથી ગ્રહીને પિયરને થોડા જ વખતમાં ભૂલી જતી અને સંપૂર્ણપણે સાસરામાં સમાઈ જતી.

મારાં બાનું નામ વિમલા કુલકર્ણી. તેમણે પણ મને લગ્ન વખતે શિખામણનાં બે વેણ કહેલા. ઉપર જણાવેલ બધી શીખ આપ્યા બાદ એક ખૂબ અગત્યની વાત કહેલી. જે પાછલી જિંદગીમાં મને ખૂબ જ ઉપયોગી થઈ છે. બાએ મને કહ્યું હતું કે, 'બેટા, જીવનમાં તડકી-છાંયડી તો આવશે જ. ભાગ્યનું ચક્ર ક્યારે ફરે કોઈને ખબર નથી પડતી. હંમેશાં થોડી બચત હાથવગી રાખજે. તારા અને તારા વરના પગારમાંથી થોડા રૂપિયા દર મહિને બાજુએ મૂકી દેજે, જેથી સંકટ સમયે કામ લાગે. એ બચત કપડાં, દાગીના પાછળ ક્યારેય ન વાપરીશ. તમે જુવાન હો ત્યારે તો તમને ઘણુંય રંગરંગીન ખરીદવાનું મન થાય. પણ બેટા, ભીડ વખતે આમાંની એકેય વસ્તુ કામ નથી આવતી. સંકટ વખતે બહુ થોડી વસ્તુઓ કામ લાગે છે. હિંમત, તમારો સ્વભાવ અને તમારી શાખ, નવી-નવી પરિસ્થિતિમાં અનુકૂલન સાધવાની તમારી શક્તિ તથા સંઘરેલા પૈસા. બેટા, જવાનીનું રળ્યું અને અધરાતનું દળ્યું કાયમ કામ લાગે. ખરાબ સમયે બધાં ખસી જશે ત્યારે માના શબ્દો યાદ આવશે. કરકસર તે બીજો ભાઈ, ને ત્રેવડ તે ત્રીજો ભાઈ.'

હું તો નવી નવી પરણેલી એટલે મારાં બાની શિખામણ મને હાસ્યાસ્પદ લાગતી. એવા ખરાબ દિવસો મારા જીવનમાં આવશે એવું મેં સ્વપ્નેય વિચાર્યું ન હતું. હું તો ભણેલી-ગણેલી, કંઈક લાડમાં ઉછરેલી, કોડીલી કન્યા હતી. મારા માથે તો ચોવીસે કલાક પ્રખર સૂર્ય તપતો હતો. છાંયડાને ત્યાં કોઈ સ્થાન ન હતું. રોજેરોજ 'સની ડે.' કોઈ જ 'રેઈની ડે' નહીં. છતાંય માએ કહ્યું એટલે એમાં કાંઈ તથ્ય હશે જ, એમ સમજીને મેં લગ્ન પછી અમારા બટુકડા સંસારમાંથી દર મહિને છૂપાછૂપી થોડા રૂપિયા બચાવીને રસોડાના એક કબાટમાં સંતાડીને જુદા મૂકવા માંડ્યા.

મને તો મનગમતી મોભાદાર નોકરી મળી ગઈ હતી. મુંબઈમાં બાંદ્રામાં ફ્લેટ હતો. મારી ઑફિસ ફોર્ટમાં ટેલ્કોમાં અને મારા પતિ શ્રી નારાયણ મૂર્તિની નરીમાન પોઈન્ટ પર પટણી કોમ્પ્યુટર સર્વિસીસમાં. એક મધ્યમવર્ગીય સોહામણા સ્વપ્ન સમાન મારું જીવન હતું. થોડા જ સમયમાં ભગવાને એક સ્વસ્થ દીકરી આપીને અમારા જીવન - આનંદમાં વધારો કર્યો. જીવન પાસે આથી વધુ મારી કોઈ જ અપેક્ષા ન હતી. પણ ભાવિના ભંડકિયામાં કાંઈક જુદું જ આકાર લઈ રહ્યું હતું.

એક દિવસ મારા પતિ ઑફિસથી આવ્યા ત્યારે ખૂબ જ ઊંડા વિચારમાં ડૂબેલા હતા. તેમના મોં પર ચિંતાના ભાવ મેં તરત જ પારખી લીધા. આમ તો તેઓ અત્યંત અંતર્મુખી અને શાંત છે. ચાર વાક્યની જરૂર હોય ત્યારે એક શબ્દ માંડ બોલે તેવા. પણ એ દિવસ મને બરોબર યાદ છે. હું રસોડામાં દિવેટવાળા સ્ટવ પર રોટલી બનાવતી હતી. મેં પૂછ્યું, 'તમે શા વિચારમાં પડ્યા છો? કાંઈ ચિંતા કરવા જેવું તો નથી ને?'

તેમણે ખૂબ વિચારીને મને કહ્યું, 'અહીં આવ, બેસ. મને એક તુક્કો આવ્યો છે. તને કહું કે નહીં, તે વિચારમાં પડ્યો છું. પણ સાંભળ. મને લાગે છે કે ભારતદેશ માટે હવેનાં વર્ષો સોફ્ટવેરના છે. લોખંડ-પોલાદ, કાપડ ઉદ્યોગની જેમ દેશનો મોટામાં મોટો બિઝનેસ હવે આવતાં ઘણાં વર્ષો સુધી સોફ્ટવેરનો જ રહેશે. આપણા દેશમાં હોશિયાર ભેજાંઓની કમી નથી. સોફ્ટવેર પ્રોગ્રામ્સ બનાવવા માટે અત્યંત તાર્કિક મગજ અને મહેનતની જરૂર છે. ભારત પાસે આવા લોકો ઘણાં છે. મને લાગે છે કે મારે આ દિશામાં કાંઈ કરવું જોઈએ. ભારતની આ તેજ યુવા શક્તિને મારે નાથવી છે, જોતરવી છે, એક દિશા બક્ષવી છે. મારે મારી પોતાની સોફ્ટવેર કંપની ચાલુ કરવી છે.'

હું તો ઘાસ ખાઈ ગઈ. તદ્દન અવાક! અમારી પોતાની કંપની ચાલુ કરવાનું તો ઠીક, એ દિશામાં વિચાર કરવાનું પણ મેં સ્વપ્નું નહોતું જોયું. અમારા બંનેનાં કુટુંબો મધ્યમવર્ગના. અમારી સાત પેઢીમાંથી કોઈએ પોતાનો ધંધો નહોતો કર્યો. મને તો મારી ટેલ્કોની અને મારા પતિની પી.સી.એસ.ની નોકરીથી જ પરમ સંતોષ હતો. બસ જીવનભર આવી શાંતિની નોકરી હોય, ઘરનું ઘર હોય, પતિ અને એકાદ-બે બાળકોનું સુખ હોય અને બધાથી અદકેરો સંતોષ હોય, તો બીજું શું જોઈએ? મેં આગળ પાછળ વિચાર્યા વગર મૂર્તિને આવું ગાંડપણભર્યું સાહસ કરવાની ઘસીને 'ના' પાડી દીધી.

પણ એમને તો ધૂન ચઢી હતી. એ એમ કાંઈ ગાંજ્યા જાય તેમ ન હતા. મારા નકારાત્મક જવાબની તેમણે તૈયારી રાખી જ હશે. તેમણે તો ધંધાની રૂપરેખા - આંટીઘૂંટીઓ સમજી-વિચારી લીધી હતી. તેમની પાસે એક

*આપણું જીવન ખુલ્લી કિતાબ જેવું હોવું જોઈએ.*

ચોક્કસ દૃષ્ટિ હતી. તેમણે મને ફરી સમજાવવા માંડી. 'તું તો ઇતિહાસનાં પુસ્તકો વાંચવાની શોખીન છે. મારી વાત સમજ, જ્યારે યુરોપમાં ઔદ્યોગિક ક્રાંતિ થઈ ત્યારે આપણે બ્રિટિશર્સના ગુલામ હતાં. આપણે તે તકનો લાભ લેવો ચૂકી ગયા. હવે આ દુનિયા એક જબરદસ્ત બૌદ્ધિક-વૈચારિક ક્રાંતિના ત્રિભેટે ઊભેલી છે. બુદ્ધિશાળી ભારતીયો આ સમયનો લાભ નહીં લે તો આ દેશ હંમેશ પછાત જ રહેશે. તું એમ માને છે કે, હું પૈસા માટે આ બધું કરું છું? મારી ઘણા વખતથી આ સુષુપ્ત મહેચ્છા છે જ. મને નાસીપાસ ન કરીશ. રજા આપ. હું નોકરી છોડી દેવા માગું છું. હવે તો આ પાર કે પેલે પાર.'

હું તો મારા બાળપણમાં સરી પડી. અમારા એક દૂરના સગાએ વર્ષો પહેલાં પોતાનો ધંધો ચાલુ કર્યો હતો, એ મને આછું-પાતળું યાદ હતું. થોડા જ વખતમાં તેમણે ખૂબ ખોટ ખાધેલી. પાયમાલ થઈ ગયા. ગાંઠનાં ગોપીચંદન કર્યા. જૂની મિલકતોય વેચવી પડી ને નીચાજોણું થયું તે નફામાં. હું તો 'પોતાના ધંધા'ને 'નુકસાન'નો પર્યાય સમજતી.

મૂર્તિની વાતો સાંભળીને હું હેબતાઈ ગઈ હતી. અમારી આવી જ હાલત થશે તો? અમારી પાસે તો બાપદાદાની કોઈ મિલકતોય ન હતી. નુકસાન થાય તો કયા વાડી-વજીફા વેચશું? વળી, હવે અમે બે એકલાં ન હતાં. અમારે માથે નાનકડી દીકરીની પણ જવાબદારી હતી. હું ખૂબ જ મૂંઝાઈ ગઈ.

મારા પતિ મારા મનને કળી ગયા. મને કહે, 'આ એક નવા જ પ્રકારનો ઉદ્યોગ છે. એમાં ઝાઝી મૂડીની જરૂર નથી. બુદ્ધિની વધારે જરૂર છે. મારે તારો સંપૂર્ણ સહકાર જોઈએ છે. તેમના અવાજમાં દૃઢતા અને સચ્ચાઈનો રણકો હતો. હું આજે પણ તેમના એ ગુણને કારણે તેમના પ્રત્યે ખૂબ ખૂબ માન ધરાવું છું.

રસોડામાંથી રોટલી બળવાની વાસ આવી. 'લો... આજથી જ લોહીઉકાળા ચાલુ થઈ ગયા. ભેંસ ભાગોળે, છાશ છાગોળે ને ઘેર ધમાધમ. ધંધો ચાલુ કર્યા પહેલાં જ ખાવા નહીં પામીએ.' મેં મનોમન વિચાર્યું. હું બેસી જ રહી. અમે નાનાંનાનાં ડગ માંડ-માંડ માંડનારા, હરણફાળ ભરવાનું વિચારી રહ્યાં હતાં. અમારી સામે કેટકેટલી મુશ્કેલીઓ આવશે તથા આ સાહસનું પરિણામ શું આવશે તેના ઊંડા વિચારમાં હું પડી. અમારે માથે ઘણી જવાબદારીઓ હતી. સાસરાનું બહોળું કુટુંબ હતું. મારી નણંદોને પણ પરણાવવાની હતી. અત્યારે અમારા બંનેની પગારની આવક ખૂબ સારી હતી. નિશ્ચિતતામાંથી અનિશ્ચિતતા તરફ જાતે જ જવાની આ વાત હતી. જાતે જ ખાડો ખોદો ને પડો, તેવી વાત. બધું જ ડગમગી જવાનું હતું.

બીજી બાજુ, મને મારા પતિમાં અખૂટ વિશ્વાસ હતો. જો હું જ તેમને સહકાર નહીં આપું તો તે ભાંગી પડશે. તેમનાં આશા-અરમાનોનો ભુક્કો થઈ જશે. ધંધો કરીએ તો નફા-નુકસાનની તૈયારી તો રાખવી જ રહી! મારો અંતરાત્મા મને કહેતો હતો, 'જાઓ, ફત્તેહ કરો. તમે ટકી જશો.'

ખૂબ વિચારીને મેં તેમને ધીમેથી પૂછ્યું, 'તમે એકલા જ છો કે ધંધામાં બીજા પાર્ટનર લેવાના છો?'

શ્રી મૂર્તિ ભાગ્યે જ હસે છે. તેમને કદાચ ખ્યાલ આવી ગયો હશે કે હું તેમની વાતમાં રસ લઈને આડકતરી રીતે સંમતિ આપી રહી છું. તેથી હસીને મને કહે, 'ના, ના, અમે છ જણ છીએ. મારા જેવા જ મહેનતુ યુવાન સ્વપ્નદૃષ્ટાઓ છે! અમારા માટે સીધે રસ્તે, કાયદેસર કમાવવાની આ સોનેરી તક છે. અમારું એક સ્વપ્ન છે કે ભારતને સોફ્ટવેર ઉદ્યોગ દ્વારા દુનિયાભરમાં ગૌરવ અપાવવું અને દેશની તિજોરીમાં ઢગલો વિદેશી હૂંડિયામણની રેલમછેલ કરી દેવી. તારે મને મદદ કરવાની છે. મારે ધંધો શરૂ કરવા થોડા રૂપિયાની જરૂર છે. તારી બચત મને આપીશ?'

મને મારાં બાના શબ્દો યાદ આવ્યા. 'બેટા, અત્યંત ભીડના સમયમાં જ તારી બચત વાપરજે.' આજે એ સમય આવી ગયો હતો. છતાંય મન ડગી ગયું હતું. હું કોઈ નિર્ણય નહોતી લઈ શકતી. પાઈ-પાઈ બચાવીને, દુકાનદારો સાથે રકઝક કરીને બચાવેલી મારી એ મોંઘેરી મૂડી મને કેટલી વહાલી હતી! અંતે મનોમન એક દૃઢ નિર્ણય લઈ હું ઊભી થઈ. રસોડાના કબાટમાંથી મેં મારી છૂપી બચત કાઢી. ધીમે ધીમે નોટો ગણી. દસ હજાર રૂપિયા હતા. રૂપિયા પાલવમાં લઈને હું મારા ઘરને ખૂણે અમે બનાવેલ નાનકડા મંદિર સામે ગઈ. પ્રાર્થના કરીને, મારી એ મૂડી અનન્ય વિશ્વાસ સાથે મેં મૂર્તિને આપી. હું કાંઈ ન બોલી શકી, ફક્ત 'બેસ્ટ લક, મૂર્તિ.'

થોડીવારે મને કળ વળી. મેં ધીમેથી કહ્યું, 'તમને આપવા માટે આથી વધારે મારી પાસે કાંઈ જ નથી. પણ મારાથી બનતી મદદ હું આ કંપની ચલાવવામાં તમને કરીશ. અરે હા, તમે કંપની માટે નામ વિચાર્યું છે?' મેં પૂછ્યું.

'હા, "ઈન્ફોસીસ." આ કંપનીનો પાયો નાખવા માટેની મૂડી આપવા બદલ હું તારો હંમેશ ઋણી રહીશ. હવે તારે તારા જીવનની અત્યંત કંટકભરી ખાડાટેકરાભરી સફર માટે તૈયાર રહેવું પડશે. મને સાથ આપીશને?'

નાનપણમાં અમે એક કવિતા ભણ્યા હતા. મને તેના શબ્દો યાદ આવ્યા :

***'વરસતો વરસાદ હો કે ગાત્રો થીજવતી ઠંડી***
***તપતો સૂર્ય હો કે નફા-તોટાની કંટકભરી કેડી,***
***શીતળ-મધુર સ્મિત સાથે હું તમારી હમસફર રહીશ.'***

મૂર્તિએ મને ફરી તેમનું મોંઘેરું સ્મિત આપ્યું. મને કહે, 'થેન્કસ વન્સ અગેઈન.' આજ સુધી તેમણે મને પૂછ્યું નથી કે એ દસ હજાર હું ક્યાંથી લાવી હતી!

આજે એ દિવસો યાદ કરું છું ત્યારે મને મારા બાના શબ્દો યાદ આવે છે, જેને કારણે મારું જીવન બદલાઈ ગયું.

મારાં બાળકોને તથા વિદ્યાર્થીઓને આ વાત હું ઘણી વાર કહું છું. 'કમાજો, વાપરજો પણ આંધળા ખર્ચ ન કરી દેતા. બચતની ટેવ હંમેશ રાખજો. મુશ્કેલીઓ કહીને નથી આવતી.'

*રામલાલ એક અઠવાડિયા માટે બહારગામ જવાના હતા. એમણે પોતાની પત્નીને સૂચના આપતા કહ્યું, 'જો કાલથી જે ટપાલ આવે તેના પર ક્યારે આવી તે લખી રાખજે.'*

*અઠવાડિયા પછી રામલાલે પાછા ફરીને ટપાલો જોઈ, તો દરેક કાગળ પર લખ્યું હતું કે 'આજે આવી.'* ☺

*ખરીદનારને સો આંખો જોઈશે, વેચનારને એકે નહીં.*

# ધર્મમાં શ્રદ્ધાનો શંખ વાગવો જોઈએ પોલીસની સાયરન નહીં!

• દિનેશ પાંચાલ •

૧૯૭૮માં અમદાવાદના કોમી રમખાણ વખતે સતત પાંચ દિવસ સુધી કરફ્યુ રહેલો. તે વેળા એક ઘટના બનેલી. હિંદુ વસતિ વચ્ચે રહેતા એક ગરીબ મુસ્લિમ પરિવારના ઘરમાં અન્નનો દાણો ન હતો. તેના હિંદુ પાડોશીને ત્યાં પણ ભોજન સામગ્રી ખૂટવા આવી હતી. પણ હિંદુવડાએ પોતાના કુટુંબીઓને કહ્યું : 'સૌએ બબ્બે કોળિયા ઓછું ખાઈને પણ એમને ખાવાનું પહોંચાડવાનું છે!' કરફ્યુ લંબાતા પરિસ્થિતિ વધુ વિકટ બની. છતાં હિંદુ પરિવારે પેલા મુસ્લિમ પરિવારને ભૂખે ન મરવા દીધું. પછીના દિવસોમાં હિંદુ પરિવારના વડા સખત બીમાર પડ્યા. મુસ્લિમ કુટુંબ કામધંધો છોડી હોસ્પિટલમાં સતત તેની સેવામાં રહ્યું. પેલી વ્યક્તિને લોહીની જરૂર પડી. પણ લોહીનું ગ્રૂપ ન મળતાં મુસ્લિમ બિરાદરે નિસાસો નાખતા ઉદ્ગાર કાઢ્યા : 'યા અલ્લાહ....! હું કેટલો કમનસીબ છું.... ભાઈજાનના દુઃખમાં કામ ન આવી શક્યો....!'

સમાજની કિતાબમાંથી હિંદુ મુસ્લિમ એકતાના આવા અનેક દાખલાઓ મળી રહે છે. કોણ જાણે હું સાચો હોઈશ કે ખોટો, પણ મને હંમેશાં લાગ્યું છે કે હિંદુ મુસ્લિમ વચ્ચે જેટલું વૈમનસ્ય કલ્પી લેવાયું છે તેટલું વાસ્તવમાં છે નહીં. લાંબુ ન વિચારી શકતો અબુધ વર્ગ નિરર્થક ધર્મઝનૂનની આડમાં દુષ્ટ તત્ત્વોની મેલી મનોવૃત્તિનો હાથો બને છે. ઘણી કોમોમાં લોકો ધર્મના અફીણી નશામાં ચકચૂર હોય છે. એવા માણસો લક્ષ ચૂકી ગયેલા તીર જેવા હોય છે. માનવધર્મ પાળવાનું તેઓ ચૂકી જાય છે અને પોથીધર્મ માટે લોહિયાળ દંગલો પર ઉતરી આવે છે. એવો એક એક માણસ એટલે આતંકવાદીઓના હાથમાંનો એક એક ટેટો! એવા હેવાનોના કદી પાળિયા બનતાં નથી. માણસનું લોહી વહે એવો ધર્મ કોઈ ભગવાને ક્યારેય પ્રબોધ્યો નથી એ મુદ્દાની વાત તેઓ ભૂલી ચૂક્યા હોય છે.

વર્ષો પૂર્વે શ્રી પાંડુરંગ શાસ્ત્રીજીએ ભાવનગરમાં એક મંદિર બંધાવ્યું હતું. એના ઉદ્ઘાટનમાં હિંદુઓને જ નહીં મુસ્લિમોને પણ ભાવપૂર્વક આમંત્ર્યા હતા. મુસ્લિમો એ નિહાળી આનંદાશ્ચર્યમાં ડૂબી ગયેલા. કેમકે તેમને અત્યાર સુધી હિંદુઓના લગ્નમાં આમંત્રણ મળતા હતા પણ ધર્મવિધિમાં નહોતા મળતા. પાંડુરંગજીએ કોમી એખલાસ માટેની આ ખૂબ સુંદર શરૂઆત કરી હતી. એમણે કહેલું : 'અલ્લાહ અને આપણો ઈશ્વર જુદા હોત તો સૌ પ્રથમ એ લોકો જ લડ્યા હોત. મુસલમાનોના અલ્લાએ અને હિંદુઓના ઈશ્વરે ક્યારેય એવું નથી કહ્યું કે એકબીજાના ખેતરોમાં વરસાદ ન વરસાવવો. જો બે કોમના ભગવાનો દોસ્ત છે તો આપણે તેમના ભક્તો કેમ દોસ્ત બની જીવી ન શકીએ?'

જામનગરમાં રહેતા એક મુસ્લિમ બિરાદરે તેના હિંદુ પાડોશીના લગ્નમાં છેવટની ઘડીએ ઊભી થયેલી વાંકડાની મડાગાંઠને હલ કરવા પોતાની પત્નીના ગળાનું સોનાનું ઘરેણું ગીરવે મૂકી લગ્ન કરાવ્યાનો કિસ્સો પેપરના પાને ચમક્યો હતો. દૂરની વાત નથી અમારા જમાલપુર ગામમાં હિંદુઓની ગરીબ વસતિ માટે પાણીનો પ્રશ્ન હલ કરવા એક મુસ્લિમ બિરાદરે નળ માટે મોટી રકમનું દાન આપ્યું હતું. નવસારીના એક મુસ્લિમ શાયરમિત્રે હિંદુઓના સ્મશાન માટે નોંધપાત્ર ફાળો આપ્યો હતો. શોધવા નીકળીએ તો આપણી આસપાસ જ કોમી એકતાના અનેક ઉદાહરણો મળી રહે છે. નવસારીના મુસ્લિમ વિસ્તારોમાં નવરાત્રિ કે ગણેશોત્સવ જેવા ધાર્મિક પ્રસંગોમાં મુસ્લિમો વર્ષોથી દિલ ખોલીને સહકાર આપતા આવ્યા છે. હિંદુઓએ પણ વખત પડ્યે મુસ્લિમ પરિવાર માટે માત્ર ભોજન જ નહીં રક્ષણ પણ પૂરું પાડ્યું છે. નવાઈ લાગશે, પણ અમારા એક બેંક કર્મચારી મિત્ર હિંદુ હોવા છતાં રોજા કરે છે. મેં એ જાણ્યું ત્યારે નવાઈ પામીને કારણ પૂછ્યું તો કહે, 'કોઈના કહેવાથી કે કોઈને પ્રભાવિત કરવા રોજા નથી કરતો, દિલથી કરું છું. કોઈનું દિલ જીતવું હોય તો પહેલા તેના ભગવાનને અપનાવવા પડે. આ ધર્મ પરિવર્તન નથી, હૃદય પરિવર્તન કરવાનો પવિત્ર પ્રયાસ છે. તેની સારી અસર પણ થઈ છે. હું ઘણો સફળ થઈ શક્યો છું. અલ્લાએ મારા તરફ રહેમ નજર કરી છે. મને રોજા ફળ્યા છે!'

એમની વાત સાંભળી મને એક પ્રસંગ યાદ આવ્યો. સંભવતઃ વિનોબાના જીવનની વાત છે. એમના અભ્યાસકાળ દરમ્યાન કોઈ શિક્ષકે એમને ભારતના નકશાના ઘણા ટુકડાઓ જોડીને નકશો બેઠો કરવા કહ્યું. વિનોબાએ મામૂલી પ્રયત્નોથી નકશો જોડી આપ્યો. શિક્ષકે નવાઈ પામી પૂછ્યું, 'આટલી ઓછી મહેનતે તું આ કાગળના ટુકડાઓને કેવી રીતે જોડી શક્યો?' વિનોબાએ કહ્યું : 'મેં એ નકશાની પાછળના ભાગે દોરાયેલા માણસોના ચિત્રો જોડ્યા એટલે નકશો એની મેળે જોડાઈ ગયો..!' ઘણી સૂચક વાત છે. દેશને જોડવો હોય તો પહેલાં માણસોને જોડવા પડે.... માણસને જોડવા માટે દિલ જોડવા પડે... અને દિલ કંઈક આવી જ રીતોથી જોડાઈ શકે! એકમેકની વહાલી વસ્તુ પ્રત્યે આદર કરો. તેને સન્માન આપો.... એમરસન કહે છે – 'માણસો ક્યારેય એટલા કઠોર નથી હોતા... સ્થળ, સંજોગ અને સંસ્કાર પ્રમાણે વર્તવા એ લાચાર બની જાય છે....!'

સચ્ચિદાનંદજી કહે છે : 'ડૉક્ટર, વકીલ કે એન્જિનિયર બનતાં પહેલાં મેટ્રિકની પરીક્ષા પાસ કરવી પડે... ધર્મ માટેય પહેલી યોગ્યતા માનવ બનવાની છે. માનવતાના મેટ્રિક્યુલેશન વિના તમે કોઈ ધર્મમાં એડમિશન ન મેળવી શકો...!' અમારા એક હિંદુ વડીલ ઝાઝું ભણ્યા નથી પણ ઈસ્લામ ધર્મ અને મહંમદ પયગંબર વિશે કોઈ મુસ્લિમ વિદ્વાન પણ ન ધરાવતો

*સારા વિચાર રાખવા એ આંતરિક સુંદરતાની નિશાની છે.*

હોય એટલું ઊંડું જ્ઞાન ધરાવે છે. તેમણે ઘણાં ધર્મનો અભ્યાસ કર્યો છે. તેઓ કહે છે, 'ધર્મો બધાં જ સારા છે... દરેક ધર્મોના બધાં અવતારી પુરુષો માનવ કલ્યાણ માટે જ કાંઈ ને કાંઈ કહી ગયા છે. પણ માણસો પોતાની સગવડ અનુસાર તેનું ઈચ્છિત અર્થઘટન કરી તેને વિકૃત બનાવી દે છે.' સોનવાડીના ડૉ. અબ્બાસ અલી તાઈએ કૃષ્ણજીવન વિશે સુંદર પુસ્તક લખ્યું છે. એક મુસ્લિમ બિરાદર હિંદુના દેવતા વિશે પુસ્તક લખે એ ઘટના ગદ્ગદ્ કરી દે એવી છે. અમારા બચુભાઈનો ભત્રીજો હિંદુ હોવા છતાં એવી સુંદર નમાજ પઢી બતાવે છે કે મુસ્લિમો પણ મોંમા આંગળા નાખી દે છે. હિંદુ મુસ્લિમો કોમી તંગદિલીના માહોલ વચ્ચેય ખૂબ પ્રેમથી જીવે છે અને જરૂર પડ્યે એકમેકના રક્ષણ કે મૈત્રી ખાતર જાનની બાજી લગાવતાંય અચકાતાં નથી. કલાનું ક્ષેત્ર તો ક્યારનું નાતજાતના સીમાડા આંબી ગયું છે. દિલીપકુમારનો અભિનય માણતી વખતે કયો હિંદુ એવું યાદ રાખે છે કે તે મુસ્લિમ છે? લતા મંગેશકરનો કંઠ કયા મુસ્લિમને નથી ગમતો? રશિયા કે ચીન જેવા દેશોમાં ધર્મના આધાર વિના પણ દેશ સારી રીતે ચાલી શકે છે. ત્યાં એ અંગેના પ્રયોગો થઈ રહ્યાં છે. યુરોપ અમેરિકામાં વસતા હિંદુ કે મુસ્લિમો પોતે હિંદુ કે મુસલમાન હોવાનો દાવો કરતા હોવા છતાં ખાણીપીણી, રહેણીકરણી, કપડાંલત્તા કે વિચાર-વર્તનની બાબતમાં ધર્મચુસ્ત નથી બની રહેતા. તેઓ ત્યાં હળીમળીને ખૂબ શાંતિ અને પ્રેમથી જીવે છે. કહેવાતા પોથીધર્મના ઉધામા દેશને વધુ નુકસાન પહોંચાડે છે. આપણી ધર્મપ્રધાન સંસ્કૃતિમાં એ જ કારણે ધર્મપ્રેરિત સમસ્યાઓ વિશેષ રહેતી આવી છે.

દુઃખની વાત એ છે કે જેની પાસે સમાજ સમજદારીની થોડી વધુ અપેક્ષા રાખે છે એવો સુશિક્ષિત વર્ગ પણ ધર્મના નામે મરુ યા મારું ના રૌદ્ર મિજાજમાં આવી જાય છે. તેમનું નિરર્થક ધર્મઝનૂન ખુદ તેમનુંય રક્ષણ નથી કરી શકતું તો ધર્મનું ક્યાંથી કરી શકે? એવા પથભૂલ્યાઓએ નીચેના પ્રશ્નો પર વિચારવાનું રહે છે. **જેના પ્રકાશ વિના દુનિયામાં અંધારું છે એ સૂરજ હિંદુ ધર્મ પાળે છે કે ઇસ્લામ...? હવા, પાણી કે અગ્નિનું કયું કૂળ, કઈ જ્ઞાતિ, કયો ધર્મ? આકાશ હિંદુઓનું છે કે મુસ્લિમોનું...? સાગર, નદી કે પહાડોને આપણે કયા સંપ્રદાયના ગણીશું? એ સૌએ કદી તેમના કર્તવ્ય ધર્મમાંથી પીછેહઠ નથી કરી તો આ દુનિયાના રંગમંચ પર માણસને ધર્મના આવા લપેડાની શી જરૂર?** પાળવો જ હોય તો આપણે સૌ એવો ધર્મ પાળીએ જેમાં ધૂપસળીનું સ્થાન હોય, બંદૂકની નળીનું નહીં. જેમાં ઘીનો દીવડો હોય... એસિડ બલ્બ નહીં...! ધર્મમાં શ્રદ્ધાની સીતાર વાગવી જોઈએ, પોલીસની સાયરન નહીં. ધર્મ બીજું ગમે તે કહે, લડાઈ ટંટા કે દંગા ફસાદ માટે ક્યારેય પરવાનગી નહીં આપે. 'ફાયર'નો ઑર્ડર ઝરદારી કે ઑબામાને આપવાનું પરવડે. ધર્મએ તો 'સીઝ ફાયર'નો જ હુકમ કરાવવાનો હોય. ઑબામા કે ઝરદારીના હુકમ વિના તોપો ધણધણાવવા તત્પર બનેલા સૈનિકોને યુદ્ધખોર કહી શકાય. ધર્મના નામે લોહી રેડતા માણસોનેય ધર્મખોર કહી શકાય. કમનસીબે આપણે સાચા ધર્મોપાસકોને બદલે ધર્મખોરો વચ્ચે ઘેરાયેલા છીએ. તેથી સમાજમાં અબીલ-ગુલાલ કે કંકુને બદલે ગુપ્તી, ભાલા અને ખંજર ઉછળતા રહે છે. દાદા ધર્માધિકારીએ યોગ્ય સલાહ આપી છે : 'ધર્મ સત્સંગોસે કીજિયે... દંગોસે નહીં...!' એથીય વધુ સચોટ વાત સ્વર્ગસ્થ ગીતકાર ગુલશન બાવરાએ કહી છે : 'ઈન્સાનિયત હી સબસે પહેલા ધર્મ હૈ ઈન્સાનકા, ઉસકે બાદ હી પન્ના ખોલો ગીતા ઔર કુરાનકા....!'

*સી/૧૨, મજૂર મહાજન સોસાયટી,*
*ગણદેવી રોડ, જમાલપોર,*
*નવસારી-૩૯૬ ૪૪૫.*
*મો. ૯૪૨૮૧૬૦૫૦૮*

## પ્રામાણિકતા વેચવા કરતાં બોર વેચવા સારાં

એક સાવ ગરીબ સ્ત્રી. પતિનું અવસાન થયું. નિરાધાર બની ગઈ. તેને એકનો એક દીકરો હતો. હવે શું કરવું?

તેણે નિર્ધાર કર્યો : 'કોઈ પણ કામ પ્રામાણિક રીતે કરી પુત્રને ઉછેરવો. ભણાવી-ગણાવી મોટો માણસ બનાવવો.'

તેણે બોર વેચવાનું શરૂ કર્યું. ટોપલો ભરી બોર વેચવા નીકળી પડી. ઓછા નફાએ વધુ વેપાર કરવા લાગી. વાજબી ભાવ અને ઊંચી ગુણવત્તાનાં બોર બહુ જ વેચાવા લાગ્યા.

બોરની કમાણીથી પુત્રને ઉછેર્યો. ભણાવી ગણાવી કલેક્ટર બનાવ્યો.

એ સ્ત્રીને સ્વકર્તવ્ય બજાવ્યાનો અત્યંત આનંદ થયો.

પુત્ર કલેક્ટર બન્યો અને જોતજોતામાં તો મોટો બંગલો, બે-ત્રણ મોંઘી મોટરગાડીઓ, રાચરચીલું બધું આવી ગયું.

તે પરણ્યો પણ ખરો. બે જ વર્ષમાં અઢળક સંપત્તિવાળો થઈ ગયો.

એક દિવસે માતા પાસે આવી પુત્રે કહ્યું, 'મા, હવે તો બોર વેચવાનું છોડી દે! મારી સાથે શહેરમાં લહેરથી રહેજે.'

મા જાણતી હતી કે પુત્રે પ્રામાણિકતા છોડીને અઢળક સંપત્તિ ભેગી કરી છે.

મા એ બોરનો ટોપલો માથા પર ચઢાવતા કહ્યું, 'પ્રામાણિકતા વેચવા કરતાં બોર વેચવા સારાં!' પુત્ર બધું સમજી ગયો ને મૌન બની ગયો.

**બોધ વાક્યો :**

- *પ્રામાણિકતા મનુષ્યનો મહાન સદ્‌ગુણ છે.*
- *પ્રામાણિકતાથી જીવનાર જ સાચો મનુષ્ય ગણાય.*
- *પ્રામાણિકતા વગરની સંપત્તિ સુખ આપતી નથી.*
- *પરિશ્રમથી પ્રાપ્ત થયેલી સંપત્તિ સાચું સુખ આપે છે.*
- *સુખ પ્રામાણિક પરિશ્રમમાંથી જ પ્રાપ્ત થાય છે.*

***'સફળતાના સ્વાતિબિંદુ'માંથી***

Upendrabhai (M) 098241 91393    (O) 02646-226292, 222399, 226044 (R) 226506    Amitbhai (M) 098331 92294

PRIYANKA ROADLINES    PRAVIN ROADLINES

15, Matangi Estate,
N.H. No.-8, G.I.D.C., Ankleshwar-393 002.

109, Vardhman Chamber, Kalyan St.
Dana Bunder, Mumbai-400 009.

# ઉત્તરાખંડનો વિનાશ

## જાયે તો જાયે કહાં..... સમજેગા કૌન યહાં.....

• લાલ રાંભિયા •

ઉત્તરાખંડમાં આવેલા જળપ્રલય બાદ રાહત અને પુનર્વસન માટે કચ્છ નવનિર્માણ અભિયાન અને સંલગ્ન સંસ્થાઓની ભૂમિકા અંગેની બેઠકમાં નક્કી થયા અનુસાર પ્રાથમિક તારણો માટે આ લખનાર અને આર્કિટેક્ટ વિવેક રાવલ દહેરાદૂન પહોંચ્યા. સીધા સચિવાલય જઈ ડિઝાસ્ટર મેનેજમેન્ટના ડેપ્યુટી ડાયરેક્ટર રાહુલ જુગાર્નાને મળ્યા. એમણે 'ખો' આપ્યો એટલે એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર ડૉ. પીયૂષ રૌતેલાને મળ્યા. ધરતીકંપ બાદ કચ્છને ઊભું કરવામાં દેશ-વિદેશની સંસ્થાઓના યોગદાનના ઋણ સ્વીકાર ભાવ સાથે અભિયાન નેટવર્કે કચ્છ ઉપરાંત કાશ્મીર, નાગાપટ્ટીનમ, ઈન્ડોનેશિયા, બિહાર પુનર્વસન ક્ષેત્રે જે નમૂનેદાર કામ કર્યું છે એ અનુભવને આધારે ઉત્તરાખંડના અસરગ્રસ્ત ગામડાંઓની માહિતી માગી. ત્યારે જવાબ મળ્યો, 'હજી તો અમે યાત્રાળુઓને ખસેડવામાં વ્યસ્ત હતા. હવે ગામડાંઓનો સર્વે શરૂ કરશું.' વિવેકે થોડા વધુ સવાલ કરતાં બીજો ખો મળ્યો. 'સરકારે યુનાઈટેડ નેશન્સ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટીમની નિમણૂક કરી છે. તમે એમને મળો.' પછી અત્યંત 'વ્યસ્ત' એવા પીયૂષ સાહેબ ટી.વી. ન્યુઝ ચેનલના કેમેરા સામે ઈન્ટરવ્યૂ આપવા ગોઠવાઈ ગયા.

ઉત્તરાખંડમાં કાર્યરત નામાંકિત સંસ્થા ભુવનેશ્વરી મહિલા આશ્રમના મોભી સિરિલ રફેલને ફોન કર્યો તો જવાબ મળ્યો, 'પ્લીઝ કમ! અને પછી ૭૫ વર્ષના આ કર્મયોગી જુવાન સાથેની રૂબરૂ મુલાકાતમાં એ લાગલગાટ બે કલાક અસ્ખલિતપણે બોલતા રહ્યા. અસરગ્રસ્તોની ચિંતા, સરકારી વલણ અંગે નારાજગી, વિકાસના નામે થતો વિનાશ... આ બધું એ દાખલા, દલીલ સાથે રજૂ કરતાં રહ્યા. એમના નિષ્ઠાવાન કાર્યકરોની ફોજ ચોવીસે કલાક કામે લાગેલી છે એટલો એમને સંતોષ છે. અમારી અપેક્ષાથી વિશેષ માહિતી એમની પાસેથી અમને મળી.

જાત અભ્યાસ માટે એમના એક કાર્યકર કમલેશ્વરસિંઘ સાથે બીજે દિવસે વહેલી સવારે ઉત્તરકાશી જવા નીકળ્યા. ૧૫૦ કિ.મી.નો પંથ કાપતાં અમને ૭ કલાક લાગ્યા છતાં નસીબદાર ગણાયા. એના પરથી હોનારતે સર્જેલી ખાનાખરાબીનો ખ્યાલ આવી જાય છે. બિસ્કિટના ટુકડા કરીએ એ રીતે તૂટી પડેલા રોડ - રસ્તા, ઠેરઠેર ગોઠવાયેલા જે.સી.બી. એ તોતિંગ પથ્થરો દૂર કરે ત્યારે કલાકો સુધી ટ્રાફિક જામ, ઓચિંતા ધુમ્મસ-વાદળનું ફાટવું વિગેરે. એક તબક્કે સેવાકાર્ય માટે નિમિત્તભાવ સપાટી પર આવી ગયો. હરિ કરે એ સાચું; આગે તેરી મરજી... પહોંચ્યા ઉત્તરકાશીના ભુવનેશ્વરી આશ્રમના કાર્યાલયે, ડાબી બાજુ નજર કરીએ તો... ગંગામૈયાનું રૌદ્ર સ્વરૂપ! એના બંને કાંઠે આડેધડે ઊભી થયેલી તોતિંગ હોટલો, મકાનો, ધાબાઓ, વસાહતોને એ તણખલાની જેમ પોતાની સાથે વહાવી ગઈ છે! બંને કાંઠા જોડતા પુલોનો પણ ભુક્કો બોલાવી દીધો છે. ટ્રકો, જે.સી.બી.ઓના પ્લાસ્ટિકના રમકડાંની જેમ ટુકડા કરી નાખ્યા છે. આ તાંડવ ૧૬ જૂન સવારના ૬ વાગે આરંભાયું હોવાથી લોકો પહેરેલા લૂગડે ભાગ્યા છે. કેટલાક તણાઈ ગયા એના આંકડા વધતા જાય છે. બચી ગયા તેઓ દિશાશૂન્ય થઈ ગયા છે. સામે નજર કરી તો.... અમારી ગાડીથી પાંચ છ મીટર ડેડ એન્ડ! સિમેન્ટનો રોડ સંપૂર્ણતઃ ધ્વસ્ત, ટેલિફોન, ઈલેક્ટ્રીકના થાંભલાઓનો ડુચો, અદ્ધરપદ્ધર લટકતા મકાનો અને એની વચ્ચે ભુવનેશ્વરી આશ્રમના કાર્યાલયમાં રાહતકાર્યનો ધમધમાટ, સંસ્થાના મંત્રી ઍડવોકેટ ગ્યાનસિંઘ રાવત અને પ્રોજેક્ટ મેનેજર ગોપાલ થપલિયાલ અસરગ્રસ્ત તમામ જણ બચ્ચાને ખભે હાથ મૂકીને મળતા, સાંભળતા અને રાહતસામગ્રી કઈ રીતે પહોંચાડવી એનો ત્વરિત તાગ કાઢી કાર્યકરોને પૂર્તિ કરવા સૂચના આપતા. એમના કાર્યમાં ખલેલ ન પડે એ માટે અમે તમામ પ્રક્રિયા સાયલન્ટ ઑબ્ઝર્વર બનીને જોતા રહ્યા. થયું એવું કે, તંત્ર અત્યાર સુધી યાત્રાળુઓને બચાવવામાં વ્યસ્ત હતું. સ્થાનિક ગામડાંઓ તરફ ઓછું ધ્યાન અપાયું છે. વળી અહીંની મુશ્કેલી એ છે કે અહીં આપણી વાંઢોની જેમ ડુંગરોની હારમાળામાં છૂટાછવાયા નાના સમૂહોનો વસવાટ છે. એ પણ ત્રણ સ્થળે તળેટીમાં, ઉપર અને વચ્ચે! મુખ્ય રસ્તાથી તેઓ કાચા માર્ગોથી કે પગદંડીઓથી જોડાયેલા છે. રસ્તાઓ ધોવાઈ ગયા છે. પરિણામે હજારો ગામો કટ ઑફ થઈ ગયા છે. ખાદ્યસામગ્રી, રાહત સામગ્રીના ગંજ ખડકાયા છે. અનેક ટ્રકો ક્યાં જવું, કઈ રીતે જવુંની મૂંઝવણ સાથે અત્ર-તત્ર પાર્ક થઈને પડી છે. હેલિકોપ્ટરનીય ક્વિન્ટલની મર્યાદા છે. એમાં પણ ધુમ્મસ કે અંધારાને પણ નાથી શકે એવા સરકાર પાસે બે જ હેલિકોપ્ટર છે, જે મોટાભાગે સરકારી બાબુઓની 'ઊડતી મુલાકાતો'માં કે ઈમરજન્સી સર્વિસમાં અટવાયેલા રહે છે. ખાદ્ય સામગ્રીનો જ્યાં ખડકલો કર્યો હોય ત્યાંથી ઉપાડીને, જોખમી નદી પાર કરી પાંચ પંદર કિ.મી. ચાલવું, ચડવું, ઊતરવું.... આ સામાન્ય કાર્યકરના વશની વાત નથી. અરે... યાત્રાળુઓ માટે વપરાતા ખચ્ચરો સુદ્ધાં કટ ઑફ થઈ ગયા છે અને છતાં ઘણુંબધું થઈ રહ્યું છે. માણસાઈ હજુ જીવંત છે. જાતજાતની દુન્યવી હોનારતો માધ્યમે કુદરત જે પાઠ ભણાવે છે એમાંથી શીખીએ તો સારું. ■

*આજે વિચારો અને આવતીકાલે બોલો.*

# ધાર્મિક બનવું છે? પ્રકૃતિ જોડે નાતો જોડો

● એલ. ડી. શાહ ●

સમગ્ર જીવસૃષ્ટિ પ્રકૃતિ સાથે જોડાયેલી છે. પ્રત્યેક વનસ્પતિ, પશુ, પક્ષી અને જીવજંતુ પ્રકૃતિ સાથે જોડાયેલા હોવાથી એના નિયમો મુજબ જીવન - મરણ પામે છે.

મનુષ્ય પણ જો પ્રકૃતિનાં નિયમો પ્રમાણે ચાલે તો એની સંભાળ પ્રકૃતિ પોતે લે છે. એને કોઈ ચિંતા કરવાની જરૂર નથી. પણ માનવીએ પોતે પોતાની બુદ્ધિને કારણે તથા ઊભી કરેલી માયાજાળને કારણે સુખી કે દુઃખી થાય છે.

કોઈ પશુ, પક્ષી કે જીવજંતુને ધરમ કે ક્રિયાકાંડ કરવા મંદિર કે ગુરુ પાસે જવું પડતું નથી. માનવી પણ પ્રકૃતિનાં નિયમો મુજબ ચાલ્યો હોત તો આ દુઃખના દિવસો ન આવત. હજારો મંદિરો બંધાવવા ન પડત તેમજ લાખો સાધુ સંતોને પોષવા ન પડત.

મનુષ્ય જો આટલો વિવેક પણ સમજી જાય તો પ્રકૃતિના બધાં દ્વાર માનવી માટે હંમેશાં ખુલ્લાં છે. પ્રકૃતિ આપણને આવકારવા તૈયાર છે.

આ વિશ્વનાં સર્જનહાર પરમાત્માને કોઈએ જોયો નથી. કોઈ કહે છે પરમાત્મા (ઈશ્વર) છે, તો કોઈ કહે છે નથી. એમાં કાંઈ ભેદ નથી. આપણને એનું ઐશ્વર્ય ચોતરફ અનુભવાય છે.

સવારે સૂર્યદેવતા ઊગે છે ત્યારે સમસ્ત જીવસૃષ્ટિમાં પ્રાણ પૂરાય છે. એનાં કિરણો વડે સમગ્ર વનસ્પતિમાં પ્રાણવાયુ ઉત્પન્ન થાય છે. તે સમગ્ર જીવસૃષ્ટિને જીવંત રાખે છે. પક્ષીઓ, પશુઓ અને દરેક જીવજંતુઓની શરૂઆત પણ સૂર્યોદય પછી થાય છે. આવી જ રીતે વાયુદેવતા, અગ્નિ દેવતા, ધરતીમાતા, પહાડો, ખીણો, નદીઓ વગેરે પોતાનો ભાગ ભજવે છે અને જીવસૃષ્ટિને જીવંત રાખે છે.

બે-ત્રણ સદીઓ પહેલાં જ્યારે ભૌતિકવાદનો વિકાસ થયો ન હતો, ત્યારે માનવ જીવન પર દૃષ્ટિપાત કરીશું તો જોવા મળશે કે માનવી સાવ પ્રકૃતિનાં આધારે જીવતો હતો. માટીનાં કાચા મકાનો હતા. ખેતી તેમજ પશુપાલન પર નભતો. મોજશોખની કોઈ વસ્તુ ત્યાં ન હતી. એટલે એનાં વગર એ દુઃખી થતો ન હતો. માનવીનું સમગ્ર જીવન પ્રકૃતિ આધારિત સ્વાવલંબી હતું. ભગવાનનાં મંદિરો તથા મૂર્તિઓ પણ કાચી માટીના હતા. પણ તેમની શ્રદ્ધા સોના જેવી હતી.

પણ માનવીની બુદ્ધિએ વિજ્ઞાન વિકસાવ્યું, મોજશોખની વસ્તુઓ વિકસાવી, આથી એનું જીવન સુખી થતું દેખાયું. જેમ જેમ સગવડો વધતી ગઈ તેમ તેમ માણસ એનો ગુલામ બનતો ગયો. એના વપરાશમાં વિવેક ન જળવાતાં, આજના ગ્લોબલ વોર્મિંગને જન્મ આપ્યો. અને આજે માનવી અસહાય દશામાં આવી પહોંચ્યો છે.

હવે પાછા એ જ વિજ્ઞાનીઓ કહે છે કે હવે માનવીએ પ્રકૃતિ તરફ પાછા વળવું પડશે. નહિ તો ભવિષ્યમાં આવનારી કટોકટીને આપણી ભાવિ પેઢી સહન નહીં કરી શકે.

ભૌતિકવાદનો સમગ્ર વિકાસ પ્રકૃતિનાં ભોગે થયો છે, તે આજે આપણે સમજવા લાગ્યા છીએ. એમાંથી પાછા વળવું સહેલું નથી. પશ્ચિમના દેશોમાં હવે આ દિશામાં સલાહ સૂચન આપનારા સલાહકારો ઊભા થયા છે. જે મોંઘી ફી વસુલ કરીને માનવીને પાછા પ્રતિક્રમણ કરવા સલાહ સૂચન આપે છે.

પ્રકૃતિ તરફ પાછા વળવું એ જ સાચો ધર્મ છે. આજનાં શહેરી બાળકો સૂરજ, ચંદ્ર કે તારાઓનું દર્શન ભાગ્યે જ કરે છે. પૂનમ અને અમાસની પણ લોકોને ખબર પડતી નથી. જીવનદાતા વૃક્ષોની કોઈને કિંમત નથી. ભૌતિકવાદે આપણી લોકમાતા નદીઓને ગટર બનાવી દીધી છે. આવતા વર્ષોમાં ગંગા અને યમુના જેવી નદીઓમાં ટીપુંય પાણી નહીં હોય, એવી તો કેટલી બધી વાતો છે, જે આપણે પ્રકૃતિથી દૂર થવાને કારણે જન્મી છે.

મનુષ્ય જાતિને બચાવવાનો હજી પણ સમય છે, કે પાછો પ્રકૃતિ સાથે નાતો જોડીએ. ધીરેધીરે જેમ જેમ સમજ વધે તેમ તેમ પ્રકૃતિને થયેલા નુકસાનની ભરપાઈ કરીએ, એ જ સાચો ધર્મ છે. કોઈ ધાર્મિક ક્રિયાકાંડો, કથા વાચનો અને સાધુ સંતો આપણને આવનારા વિનાશમાંથી નહીં બચાવી શકે. એટલે પ્રકૃતિ સાથે નાતો જોડવાનો વખત આવી ગયો છે. ધીરે ધીરે પર્યાવરણને નુકસાન કરતી વસ્તુઓનો વપરાશ બંધ કરીએ. પર્યાવરણની જાળવણીના બધા ઉપાયો કરીએ, એમાંથી ઉત્પન્ન થનાર પ્રાણવાયુ આપણાં મગજને સાચી બુદ્ધિ આપશે, પાણીનું જતન કરી ટીપેટીપું બચાવીએ. કુદરત દ્વારા મળતા પાણીનો સંગ્રહ કરીએ, વગેરે વગેરે...

આ વાત વિસ્તારપૂર્વક લખી શકાય, પણ એક વખત માનવીમાં વિવેકનો જન્મ થાય તો બધી વાતો યોગ્ય સમયે સુધરતી થશે. અને પ્રકૃતિ તરફ પ્રેમ પાંગરતો જશે તો પ્રકૃતિ સમગ્ર જીવસૃષ્ટિ સાથે આપણી પણ રક્ષા કરશે.

આશા છે કે સમજદાર માનવી સાચા ધર્મ તરફ વાળવા પ્રકૃતિ સાથેનો સંબંધ જરૂર વિકસાવશે. ■

## ☺ નામ ☺

"તમારું નામ શું?"

"દિ નુ ત્રિવેદી"

"ઠીક. અને રાતનું?"

**JNK** Lifters Pvt. Ltd.
Rental of Telescopic and Crawler Cranes, Hydras and Boomlifts

Kunal Gala - Director
Cel : +91 9833118836

Jayantilal Gala - Director
Cel : +91 9821070747

302, Godrej Coliseum, 3rd Floor, Somaiya Hospital Road, Off Eastern Express Highway, Sion (E), Mumbai-400 022.
Tel. : (022) 24013311 • Fax : (022) 24013322
E-mail : info@jnklifters.com • Web : www.jnklifters.com

ઇતિહાસ

# સરદાર ઉધમસિંહ

## ફાંસીના વરરાજાઓ : પ્રકરણ-૬

• સ્વામી શ્રી સચ્ચિદાનંદજી •

જે વ્યક્તિ કે પ્રજા અન્યાય- અત્યાચારનો સામનો કરતી નથી અથવા બદલો લેતી નથી તે વારંવાર અન્યાય - અત્યાચારનો ભોગ બનતી રહે છે. પ્રાચીન કાળમાં અન્યાય - અત્યાચાર કરનારાઓને રાક્ષસ કે દૈત્ય કહેવાતા હતા. જો પ્રાચીન કથાઓ સત્ય હોય તો ભારતભૂમિ ઉપર પહેલાં ઘણા રાક્ષસો કે દૈત્યો રહેતા હતા અને તેમનાથી આર્ય પ્રજા ભારે ત્રસ્ત હતી. આ ત્રાસથી છૂટકારો મેળવવા દુઃખિયારા લોકો ભગવાન વિષ્ણુને પ્રાર્થના કરતા રહેતા. જે કામ પોતાના પુરુષાર્થથી ન થઈ શકે તે કામ પૂરું કરવા પ્રાર્થના સહાયક બને છે. જો બધાં જ કાર્યો પોતાના પુરુષાર્થથી થઈ જતાં હોત તો પ્રાર્થનાની જરૂર રહેત નહિ. પણ માણસની સીમા છે. તે ગમે તેટલો સમર્થ હોય તો પણ સીમા બહારનું કામ કરી શકતો નથી. માનવીય સીમા વ્યક્તિ દીઠ અલગ અલગ હોય છે. તેની ક્ષમતાની દૃષ્ટિએ માણસ-માણસ એકસરખા નથી હોતા. ઉત્તમ પ્રજા તે કહેવાય, જે પોતાની સર્વોચ્ચ ક્ષમતાવાળી યોગ્ય વ્યક્તિને નેતા બનાવે. જે પ્રજા પોતાના સર્વોચ્ચ યોગ્ય ક્ષમતાવાળા નેતાની ઉપેક્ષા કરીને જાતિ, વર્ણ કે પરિવારના મોહમાં અધમ કક્ષાના માણસને નેતા બનાવે છે તે પોતે જ પોતાના ભવિષ્યને અંધકારમય બનાવતી રહે છે.

ધર્મ અન્યાય - અત્યાચાર કરવાનું ન શીખવાડે, છતાં એ પણ સત્ય છે કે ધર્મના નામે પારાવાર અત્યાચારો થયા છે અને થઈ રહ્યા છે. પણ ધર્મ અન્યાય - અત્યાચારનો સામનો કરવાનું તથા અત્યાચારીને દંડ દેવાનું તો જરૂર શીખવાડે. જો ધર્મ આટલું પણ ન શીખવાડે તો પ્રજા જેમજેમ વધુને વધુ ધર્મનું પાલન કરતી થાય તેમ તેમ વધુને વધુ અત્યાચારનો ભોગ બનતી જાય. ધર્મથી પ્રજામાં ન્યાય, દયા, કરુણા, ઉદારતા, સેવા વગેરે ઘણા સદ્‌ગુણો આવતા હોય છે, પણ આ ગુણોની સાથે પરાક્રમ અને શૌર્ય જેવા મુખ્ય ગુણ પણ ધર્મથી જ આવતા હોય છે. જો ધર્મ દ્વારા પરાક્રમ અને શૌર્યનો ગુણ ન આવે અને તેના બદલે ડહાપણભરી કાયરતા આવે તો સમજવું કે ધર્મ પ્રજાને માર ખાતી કરી દેશે. માર ખાતી પ્રજા કદી ખુમારીવાળી ન હોય. અને ખુમારી વિનાનું જીવન સોનેમઢ્યું હોય તો પણ વિધવા સ્ત્રી જેવું લાચાર અને ઓશિયાળું હોય.

સૂરજ રોજ ઊગે છે, પણ તે સૌના માટે સરખો નથી હોતો. કોઈના માટે તે સોનાનો થઈને ઊગે તો કોઈના માટે તે યમરાજ કે શેતાન થઈને ઊગે છે. તે દિવસે ભારતમાં - ખાસ કરીને પંજાબમાં સૂરજ યમરાજ થઈને ઊગ્યો. ૧૩-૪-૧૯૧૯નો સૂરજ કાળો મેશ જેવો - સાક્ષાત્ યમરાજનું રૂપ ધારણ કરીને ઊગ્યો. અમૃતસરના જલિયાંવાલા બાગમાં હજારો પંજાબીઓ ભેગા થઈને ઉત્સવ મનાવી રહ્યા હતા. પુરુષો જ નહીં, સ્ત્રીઓ અને બાળકો પણ નાચકૂદ કરી રહ્યાં હતાં. ચારે તરફ આનંદ અને ઉલ્લાસનું વાતાવરણ હતું. તેવામાં કોઈએ અંગ્રેજ સરકારના મોટા અધિકારીને સમાચાર પહોંચાડ્યા કે હજારો લોકો વિદ્રોહ કરવા ભેગા થયા છે. ક્યારે શું થઈ જાય તે કહેવાય નહીં. સરકારે પોલીસ મોકલવાની જગ્યાએ સીધી સેના મોકલી દીધી. ફ્લેગ માર્ચ કરતી કરતી સેના અને બગીમાં બેઠેલો જનરલ ડાયર તરત જ જલિયાંવાલા બાગમાં પહોંચી ગયા અને એક દીવાલની ઑથ લઈને લાઈનસર ગોઠવાઈ ગયા. જનરલ ડાયર નીચ પ્રકૃતિનો માણસ હતો. પ્રકૃતિ જન્મજાત હોય છે. વ્યક્તિ જ્યાં જાય, જ્યાં રહે ત્યાં પોતાની પ્રકૃતિ સાથે લઈને જતો અને રહેતો હોય છે. ડાયરના મનમાં ભારતીયો પ્રત્યે ભારે ઘૃણા હતી. ઘૃણા વાંઝણી નથી હોતી. શક્તિશાળી વ્યક્તિની ઘૃણા અત્યાચારના રૂપમાં પરિણમતી હોય છે, તો દુર્બળની ઘૃણા ગાળોમાં અને નિંદામાં પરિણમતી હોય છે.

ઓછામાં ઓછી ત્રણ જગ્યાએ ઘૃણાવાળો માણસ નિયુક્ત ન થવો જોઈએ : (૧) ન્યાયાધીશ, (૨) ધર્માચાર્ય અને (૩) રાજા અથવા રાજનેતા. જો આ ત્રણે જગાએ ઘૃણાથી ખદબદતા લોકો બેસી જાય તો ન્યાય, ધર્મ અને જનતાનો વિનાશ કરી બેસે. તેમાં પણ જે જાતીય ઘૃણાથી પીડાતો હોય તે તો મહાઅનર્થ કરી નાખે. ડાયર એવો જ એક માણસ હતો. તે ભારતીયો પ્રત્યે ઘોર ઘૃણાથી પીડાતો હતો. તે તો અત્યાચાર કરવાનો મોકો શોધતો હતો. કશી જ સાવધાન થવાની કે વીખરાઈ જવાની ચેતવણી આપ્યા વિના તેણે ગોળીબારનો હુકમ કરી દીધો!

નિયમ પ્રમાણે પહેલા ચેતવણી અપાય, પછી ગેસના સેલ છોડાય, તો પણ ટોળું ન વીખરાય તો લાઠીચાર્જ થાય અને જ્યારે આવા ઉપાયો વ્યર્થ જાય ત્યારે છેવટે ગોળીબાર થાય — અને તે પણ કમરથી નીચેના ભાગમાં થાય. આ બધા નિયમોને તાક ઉપર મૂકીને સીધો જ ગોળીબાર કરી દીધો! ધડાધડ ગોળીઓ છૂટવા માંડી. લોકોમાં ભાગંભાગ શરૂ થઈ ગઈ. ભાગવાનો રસ્તો સેના રોકીને ઊભી હતી. તેથી લોકો કૂવામાં કૂદી પડવા મંડ્યા. કેટલાક દીવાલો કૂદવા લાગ્યા. પણ બધું વ્યર્થ. થોડી જ મિનિટોમાં સરકારી આંકડા પ્રમાણે ૩૧૯ માણસો માર્યા ગયા. બિનસરકારી આંકડા પ્રમાણે એક હજારથી પણ વધારે નિર્દોષ નર-નારી અને બાળકો શહીદ થઈ ગયા. એક હજાર અને બસ્સો લોકો ઘાયલ થઈ ગયા. આ બધા રાતભર જલિયાંવાલા બાગમાં પાણી-પાણીની ચીસો પાડીને તડપતાં રહ્યાં. નીચ ડાયર મગરૂરીથી બધું જોતો રહ્યો. હાહાકાર મચી ગયો. આ પૂરી દર્દનાક ઘટનાનો સાક્ષી એક બાર વર્ષનો બાળક હતો, જે ગોળીબારમાં જમીન ઉપર સૂઈ જવાથી બચી ગયો હતો અને સમસમી રહ્યો હતો.

*કુતૂહલ એ જ્ઞાનનું બીજ છે.*

**અત્યાચારથી સમસમી ઊઠે તે બદલો લે. અત્યાચારથી ગભરાઈને પોકેપોકે રડવા બેસે તે દબાઈ-કચડાઈને મરે.**

અંગ્રેજોએ અળખામણા થયેલા ડાયરને ઇંગ્લેન્ડ પાછો બોલાવી લીધો. પ્રજામાં અળખામણા થયેલા અધિકારીને કાં તો બદલી નાખવો જોઈએ, કાં તો પછી નિવૃત્ત કરી દેવો જોઈએ. જેથી પ્રજાનો રોષ ઠંડો પડી જાય. પ્રજાને રોષે ભરાયેલી રાખીને રાજ્ય કરી શકાય નહીં. પ્રજાને રાજી રાખીને જ રાજ્ય કરાય.

ડાયરને ઈંગ્લેન્ડ બોલાવ્યા પછી તેનું જાહેર સન્માન કરવામાં આવ્યું અને લોકોએ ઉઘરાણું કરીને ૨૦ હજાર પાઉન્ડની રકમ ભેટમાં પણ આપી. જેમ પ્રજાને સાચવવી જેટલી જરૂરી છે, તેમ અધિકારીઓને સાચવવા પણ જરૂરી છે. અધિકારીઓનું મૉરલ તૂટવું ન જોઈએ. ડાયરે ખોટું કર્યું હતું, જરૂર કરતાં ઘણું વધારે બળ વાપર્યું હતું, તો પણ તેણે જે કર્યું તે અંગ્રેજી રાજ્યના હિતમાં કર્યું હતું, તેથી તેનું મૉરલ સચવાવું જોઈએ એવું અંગ્રેજો માનતા હતા. જો યોગ્ય અને બાહોશ અધિકારીઓને વારંવાર હડધૂત કરી તેમનું મૉરલ તોડી નાખવામાં આવે, તો તે હતાશ થઈને બાહોશપણું ખોઈ બેસે. જેથી તે સારી વ્યવસ્થા કરી શકે નહીં. બાહોશ અધિકારીઓ જ જાનની બાજી લગાવીને સેવા કરતા હોય છે.

આ વાતને વર્ષો વીતી ગયાં. અંગ્રેજો સમજ્યા કે વાત પૂરી થઈ ગઈ. પણ ના, વાત પૂરી થઈ ન હતી. પેલો ૧૨ વર્ષનો બાળક ઉધમસિંહ દિન પ્રતિદિન મોટો થવા લાગ્યો. તેના મનમાંથી બદલાવી ભાવના નીકળતી ન હતી. ડાયર ઈંગ્લેન્ડ જતો રહ્યો છે, તે તે જાણતો હતો. હવે તો ઈંગ્લેન્ડ જઈને જ બદલો લઈ શકાય. તે એન્જિનિયરિંગનો અભ્યાસ કરવા ઈંગ્લેન્ડ પહોંચ્યો. કૉલેજમાં દાખલ થઈ ગયો અને ભણવા લાગ્યો. તેની બાજનજર ડાયરને શોધતી રહી. અંતે તેણે ડાયરને શોધી કાઢ્યો.

તે દિવસ ૧૩-૩-૧૯૪૦નો હતો. એક સભા ભવનમાં અફઘાનિસ્તાન બાબતે સભા થવાની હતી. સભાનું આયોજન 'રોયલ સેન્ટ્રલ એશિયન સોસાયટી' અને 'ઈસ્ટ ઇન્ડિયા એસોસિએશન'ના સંયુક્ત ઉપક્રમે રખાયું હતું. લોર્ડ જેટલેન્ડ સભાપતિ હતા. ડાયર પણ મહેમાન તરીકે તેમની બાજુમાં ગોઠવાયો હતો. જલિયાંવાલા બાગની ઘટનાને એકવીસ વર્ષ વીતી ગયાં હતાં, બધું ઠંડું થઈ ગયું હતું અને ભુલાઈ ગયું હતું. માત્ર ઉધમસિંહનું જ હૃદય બળતું હતું. તે હજી કશું ભૂલી શક્યો ન હતો.

ઉધમસિંહ ભરેલી પિસ્તોલે સભામાં પહોંચી ગયો અને છેક આગળની હરોળમાં ગોઠવાઈ ગયો. જેવી સભા પૂરી થઈ કે બધા ઊભા થઈ ગયા. ઉધમસિંહ પણ ઊભો થઈને ડાયર સામે ધસી ગયો અને સંતાડેલી પિસ્તોલ બહાર કાઢીને ધાંય-ધાંય પાંચ ગોળીઓ ડાયરના શરીરમાં ધરબી દીધી. ડાયર ઢળી પડ્યો અને તેના પ્રાણ ઊડી ગયા. સભામાં ભાગદોડ મચી. ઉધમસિંહ ભાગ્યો પણ પકડી લેવાયો. તેના ઉપર કેસ ચાલ્યો. તેને ફાંસીની સજા થઈ.

**ફાંસીએ લટકતાં પહેલાં તેણે કહ્યું કે, 'મેં જલિયાવાલાં બાગનો બદલો લીધો છે. હું ધન્ય થઈ ગયો! મારા દેશ અને મારી પ્રજા માટે મેં મારું જીવન કુરબાન કરી દીધું. આ જ મારો મોક્ષ અને આ જ મારું સ્વર્ગ!'**

હસતાં-હસતાં ઈંગ્લેન્ડમાં તે ફાંસીએ લટકી ગયો.

ડાયરની હત્યાના સમાચાર જ્યારે ભારત પહોંચ્યા ત્યારે ઉધમસિંહનો જયજયકાર થઈ ગયો. તેનાં માતા-પિતા ધન્યધન્ય થઈ ગયાં. હજાર કુરકુરિયાં પેદા કરવાં તેના કરતાં એક સિંહ પેદા કરવો સારો. ઉધમસિંહ સાચે જ સિંહ હતો.

*ભક્તિ નિકેતન આશ્રમ,*
*મુ.પો. દંતાળી,*
*તા. પેટલાદ, જિલ્લો : ખેડા.*

## બે અલગ-અલગ અભિપ્રાય

એક ગામડાના માણસને અકસ્માત થયો.

અકસ્માત ભયંકર હતો.

તેનો એક પગ ભાંગી ગયો.

કોર્ટમાં કેસ દાખલ થયો.

વકીલે પોતાના અસીલને તૈયાર કર્યો.

ઘણી દલીલો થઈ.

એકબીજાના પક્ષકાર વકીલોએ દલીલો કરી.

છેલ્લે દિવસે અકસ્માત થયેલા માણસને ન્યાયાધીશે, પૂછ્યું : 'કાકા, અકસ્માત થયા પછી તમે ચાલી શકો છે કે કેમ?'

થોડી ક્ષણો મૌન રહી કાકા બોલ્યા : 'સાહેબ, હું ચાલી શકું છું અને નથી પણ ચાલી શકતો!'

કાકાનો જવાબ સાંભળી ન્યાયાધીશને પરમ આશ્ચર્ય થયું. તેમણે પૂછ્યું : 'એ કેવી રીતે બને?' બંને બાબતો એક સાથે કેવી રીતે શક્ય બને?'

પેલા કાકાએ સ્પષ્ટતા કરતાં કહ્યું : 'જુઓ સાહેબ, સાચું કહું ...? મારા ડૉક્ટર કહે છે કે હું ચાલી શકું છું અને મારા વકીલ કહે છે કે હું ચાલી શકતો નથી!'

તે સાંભળી ગંભીર બાબત હોવા છતાં ન્યાયાધીશ હસી પડ્યા!

ભોળા ગણાતા - લાગતા આ માણસે કહેવાતા કેટલાક ડૉક્ટરો અને વકીલોની પોલંપોલ ઉઘાડી પાડી દીધી!

**બોધ વાક્યો :**

- અલગ અલગ દૃષ્ટિકોણના લોકો સાથે બુદ્ધિપૂર્વક કામ કરવું.
- નકારાત્મક લોકો સાથે બહુ સાવચેતીપૂર્વક કામ કરવું.
- સમસ્યા જ્યારે અઘરી લાગે ત્યારે સંતુલન જાળવી રાખવું જરૂરી છે.
- ડૉક્ટર હોય કે વકીલ, શિક્ષક હોય કે વેપારી સૌ પોતપોતાનાં દૃષ્ટિકોણથી અભિપ્રાય આપતા હોય છે.
- અન્યના અભિપ્રાયથી નહિ પરંતુ સ્વના અભિપ્રાય - આત્માના અવાજ પ્રમાણે કાર્ય કરવામાં સફળતા મળે.

***"સફળતાના સ્વાતિબિંદુ"માંથી***

Aristo™ STAINLESS STEEL

**Mfrs. of Aristo Brand Stainless Steel Utensils**

**ARISTO PLUS**
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ

## પ્રકરણ-૨૦

● સંકલન : પ્રતાપ નારાણજી દંડ ●

- ★ **શ્રી કચ્છી વિશ્રામ ગૃહ, શાહીબાગ – કૂપન લક્કી ડ્રો**
- ★ **તક્તીઓનું અનાવરણ**
- ★ **શ્રી કચ્છી વિશ્રામ ગૃહ, મેડિકલ રાહત ફંડ યોજના**
- ★ **સમાજ દ્વારા ૪૨મા વાર્ષિક સ્નેહ સંમેલનનું આયોજન**

શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું ઉદ્‌ઘાટન વર્ષ ૨૦૦૨માં થયા બાદ ત્યાં કચ્છથી આવતા લોકો સારો એવો લાભ લેતા થઈ ગયા હતા. કચ્છની જનતા માટે આ એક આશીર્વાદરૂપ અદ્યતન અતિથિ ગૃહ શરૂ થઈ ગયેલ. પણ હજી મજકુર ભવનમાં દાતાઓએ આપેલ દાન બદલ લગાવવામાં આવેલ તક્તીઓની અનાવરણ વિધિ બાકી હતી તેમજ જે લોકોએ રૂા. ૧,૦૦૦/-ની કૂપનો લીધેલ હતી તેમાંથી અલગ અલગ વિંગ માટે નામનો ડ્રો યોજવાનો પણ બાકી હતો. તે બદલ સંસ્થાની ટ્રસ્ટ મંડળની મીટિંગમાં એવું નક્કી કરવામાં આવ્યું કે શ્રી કચ્છી જૈન સેવા સમાજના વાર્ષિક સ્નેહ મિલનના દિવસે આ ડ્રો યોજવો તથા દાતાઓની તક્તીઓનું અનાવરણ વિધિ તે સમયે કરવી. તે સિવાય, બીજા અન્ય રાબેતા મુજબના પ્રોગ્રામો તા. ૧૮-૯-૨૦૦૫ના રોજ સવારે ૯.૦૦ વાગે શરૂ કરવા. આ બધા કાર્યક્રમો શાહીબાગ ખાતે જ કરવાનું નક્કી થયું હતું.

શ્રી કચ્છી જૈન સેવા સમાજની પ્રણાલિકા મુજબ આ ભવ્ય સમારંભની તૈયારીઓ આદરી દેવામાં આવી. મુખ્ય અતિથિ વિશેષો નક્કી કરી તેઓને, શ્રી કચ્છી વિશ્રામ ગૃહના સર્વે દાતાઓને તથા કૂપન લેનાર વ્યક્તિઓને આમંત્રણ મોકલવામાં આવ્યા. ઉપરાંત સમગ્ર કચ્છી સમાજના પ્રતિષ્ઠિત વ્યક્તિઓને પણ તે રીતે આમંત્રણ મોકલવામાં આવ્યા. શાહીબાગ સ્થિત પંચાલ સમાજનાં હોલમાં કાર્યક્રમ યોજવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

આખરે એ ઘડી આવી ગઈ જ્યારે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ૪૨મો વાર્ષિક સ્નેહ સંમેલન, સ્વામિવાત્સલ્ય જમણવાર, તપસ્વીઓનું બહુમાન, તેજસ્વી વિદ્યાર્થીઓનું બહુમાન, મંગલ મંદિરની સારી કૃતિના લેખક તથા સારા પ્રતિભાવકારનું બહુમાન, શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પરના રૂમોના તથા વિંગોના વિવિધ દાતાશ્રીઓની તક્તીઓની અનાવરણ વિધિ તથા શ્રી કચ્છી વિશ્રામ ગૃહના કૂપનોનો લક્કી ડ્રોનો કાર્યક્રમ સંયુક્તપણે રવિવાર, તા. ૧૮-૯-૨૦૦૫ના દિવસે બહારગામથી પધારેલ મહેમાનો તથા સ્થાનિક મહાનુભાવોની વિશાળ સંખ્યાની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો.

આરંભમાં, શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર જી.એમ.ડી.સી.ના ભૂતપૂર્વ અધ્યક્ષ શ્રી મૂકેશભાઈ ઝવેરી તથા ગુજરાત રાજ્યની હાઈકોર્ટના વરિષ્ઠ ન્યાયાધીશ શ્રી કાંતિભાઈ પૂજના વરદ્ હસ્તે મંગલદીપ પ્રગટાવડાવી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ હતી. સમાજના પ્રમુખ ડૉ. ચંદ્રકાંત દેઢિયાએ આવકાર પ્રવચન આપેલ હતું. ત્યારબાદ તક્તીઓની અનાવરણવિધિ શરૂ કરવામાં આવેલ હતી.

ત્યારબાદ શ્રી કચ્છી વિશ્રામ ગૃહના ત્રીજા માળ પરના દાતા શ્રી બિપીનચંદ્ર કાનજીભાઈ જૈન (નાની ખાખરવાલા) ચેરિટેબલ ટ્રસ્ટના રૂા. ૧૧ લાખના દાનની તક્તીનું અનાવરણ શ્રી મૂકેશભાઈ ઝવેરીના વરદ્ હસ્તે કરવામાં આવેલ હતું. ત્યારબાદ ૫, ૧૦, ૨૫ તથા ૫૦ કૂપનોની તક્તીઓનું અનાવરણ રાપર વિભાગના ધારાસભ્ય શ્રી બાબુભાઈ મેઘજી શાહના વરદ્ હસ્તે કરવામાં આવેલ હતું. ત્યારબાદ પ્રથમ માળ, દ્વિતીય માળ તથા તૃતીય માળની તક્તીઓનું અનાવરણ એક સાથે વિવિધ અનાવરણકારો દ્વારા કરવામાં આવેલ હતું.

આ કાર્યક્રમ દરમ્યાન શ્રી મૂકેશભાઈ ઝવેરી, શ્રી બાબુભાઈ મેઘજી શાહ, શ્રી બિપીનચંદ્ર કાનજી જૈન, શ્રી લક્ષ જૈન, શ્રી ચંપકભાઈ હરિયા, શ્રી અશોક કુંવરજી શાહ, શ્રી મહેન્દ્ર કુંવરજી શાહ, શ્રી ઉપેન્દ્રકુમાર શિવજી, શ્રી મહેન્દ્રભાઈ સુધાકર, શ્રી શશીકાંત ઠક્કર, શ્રી મહેન્દ્રભાઈ મોરબિયા, શ્રી સુરેશભાઈ ઠક્કર, શ્રી નવીનભાઈ નેમચંદ મહેતા, શ્રી સી.આર. મહેતા, શ્રીમતી હર્ષાબેન પરીખ વગેરે મહેમાનો બહારગામથી ઉપસ્થિત રહેલ હતા.

આ કાર્યક્રમ દરમ્યાન સ્થાનિક મહાનુભાવો શ્રી નાનુભાઈ મજીઠિયા, શ્રી લક્ષ્મીદાસ ઠક્કર, શ્રી જગદીશ ઠક્કર, શ્રી ધીરજભાઈ સોમપુરા, શ્રી ભરતભાઈ ઓઝા, શ્રી કાંતિલાલભાઈ પૂજ, શ્રી ઉગરચંદભાઈ ગઢેચા, શ્રી છોટુભાઈ ગાલા, શ્રી શાંતિલાલ રામજી ગાલા, શ્રી હરીશભાઈ રંગવાલા, માતુશ્રી ઝવેરબેન રંગવાલા, શ્રી જયંતીભાઈ ભાનુશાળી, શ્રી ચીમનલાલ વલમજી ઠક્કર, શ્રી એન.કે. શાહ, શ્રી વાલજી હંસરાજ પટેલ તેમજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પદાધિકારીઓ, ટ્રસ્ટીઓ, કારોબારી સભ્યો તથા

*તમે ઉત્સાહી હશો તો તમારા સાથીઓ જોશીલા બનશે અને એ ઉત્સાહને યોગ્ય દિશામાં વાળશે.*

વિવિધ સભ્યશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા.

ઉપરોક્ત અનાવરણ વિધિ બાદ ૧૦.૦૦ વાગે સહુએ પંચાલ હોલ તરફ પ્રયાણ કરેલ હતું.

પંચાલ હોલમાં વિવિધ ભક્તિ ગીતો, પ્રાર્થના ગીત, સ્વાગત ગીત વગેરે શ્રીમતી કેતકી નિખિલ મહેતા તથા કુ. કાજલ મણિલાલ ગાલા દ્વારા વાજિંત્રો સાથે મીઠાશભર્યા સ્વરે ગાઈ સહુ ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવેલ હતું.

સૌપ્રથમ શ્રી બાબુભાઈ વી. નાગડા તથા શ્રી હીરજી પાસુ શાહે સામૂહિક ક્ષમાપના કરાવેલ હતી.

ત્યારબાદ મહેમાનોનું બુકે દ્વારા સ્વાગત કરવામાં આવેલ હતું.

સમાજના ઉપપ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાએ "શ્રી કચ્છી વિશ્રામ ગૃહ મેડિકલ રાહત ફંડ"ની યોજનાની વિસ્તૃત માહિતી આપેલ હતી.

શ્રી બાબુભાઈ મેઘજી શાહે પોતાના પ્રવચનમાં જણાવેલ હતું કે શ્રી મૂકેશભાઈ ઝવેરી જી.એમ.ડી.સી.ના અધ્યક્ષ સ્થાને બિરાજ્યા તે અગાઉ જી.એમ.ડી.સી.એ કચ્છમાં કોઈ દાન આપેલ ન હતા. શ્રી મૂકેશભાઈએ પોતાના સમયકાળમાં સમગ્ર કચ્છભરમાં જી.એમ.ડી.સી.ના દાનનો ધોધ વહેવડાવ્યો હતો. શ્રી મૂકેશભાઈના સમય બાદ જી.એમ.ડી.સી.એ ફરી કોઈ જ દાન કચ્છમાં આપેલ નથી. આ રીતે શ્રી મૂકેશભાઈએ તેમના સમયગાળામાં કચ્છની સારી એવી સેવા બજાવેલ હતી.

પોતાના પ્રવચનમાં શ્રી લેક્ષ જૈને જણાવેલ કે "શ્રી કચ્છી વિશ્રામ ગૃહ મેડિકલ રાહત ફંડ"ની જે યોજના આ સમાજ તરફથી તરતી મૂકવામાં આવેલ છે તે યોજના બહુ જ નાના પ્રમાણની છે. ખરેખર આ યોજનાનું રૂપ ઘણું જ મોટું હોવું જોઈએ. સમાજના સભ્યો પાસે સારો એવો પૈસો છે અને તેઓના દિલ પણ ઉદાર છે. તેથી કામ કરનારને આ સમાજમાં કોઈ દિવસ દાનની ખોટ સાલતી નથી.

શ્રી મૂકેશભાઈ ઝવેરીએ પોતાના પ્રવચનમાં જણાવેલ કે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ ઊભું થયું તેનો જશ જી.એમ.ડી.સી. અથવા તો મને જતો નથી, પણ આ જશના અધિકારી આપ સૌ છો, કેમકે જી.એમ.ડી.સી.ના દાન કરતાં ચાર ગણી રકમ એકત્રિત કરી આપ સહુએ આ વિશ્રામ ગૃહ ઊભું કરેલ છે. એ જ રીતે જી.એમ.ડી.સી.ના તેમના સમયગાળામાં કરવામાં આવેલ દાન માટે તેઓએ જણાવેલ કે તેમણે માત્ર તેમની ફરજ બજાવેલ છે અને કચ્છની ધરતીનું ઋણ ચૂકવેલ છે.

શ્રી શાંતિલાલ રામજી ગાલાએ તંદુરસ્તી વિશે વિશદ્ છણાવટ કરતું ખૂબજ માહિતીસભર પ્રવચન આપેલ હતું.

ત્યારબાદ કૂપન ડ્રો સમિતિના શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી, શ્રી સૂરજલાલ મોતીલાલ મહેતા, શ્રી પોપટલાલ નેણશી ધરોડ તથા શ્રી આણંદજી વેલજી વીરા દ્વારા શ્રી કચ્છી વિશ્રામ ગૃહની ૧૪ વિંગોના - પેસેજ લક્કી ડ્રોનો કાર્યક્રમ ઉપસ્થિત મહાનુભાવો તથા સમાજના સભ્યોના વરદ્ હસ્તે યોજવામાં આવેલ હતો.

સમાજના પ્રમુખ ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયાએ પ્રમુખકીય પ્રવચન આપ્યા બાદ પ્રથમ ભાગના કાર્યક્રમને પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવેલ હતો.

અત્યાર સુધીના કાર્યક્રમનું સંચાલન શ્રી હીરેન કે. શાહ દ્વારા કરવામાં આવેલ હતું.

સ્વામિવાત્સલ્ય જમણવારમાં લગભગ ૧૪૦૦ જેટલી સમાજની વ્યક્તિઓએ તથા મહેમાનોએ ભાગ લીધેલ હતો. આ જમણવાર માતુશ્રી પાનબાઈ ધારશી ફુરિયા (મેરાઉ - અમદાવાદ), માતુશ્રી વાલબાઈ વાલજી નાગડા (ચાંગડાઈ - મુંબઈ), શ્રીમતી લક્ષ્મીબેન માવજી ધારશી ફુરિયા (મેરાઉ - અમદાવાદ) તથા શ્રીમતી સુશીલાબેન બાબુભાઈ વી. નાગડા (ચાંગડાઈ - મુંબઈ)ના સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવેલ હતો.

જમણવાર સમિતિના શ્રી કિશોર મુળજી લાલકા, શ્રી વીરેન્દ્ર રાઘવજી લોડાયા, શ્રી લહેરચંદ પુનશી મૈશેરી, શ્રી સંદીપ મહેતા, શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા તથા "સંકલ્પ"ની સેવા ખડે પગે મળી રહેલ હતી. "સંકલ્પ"ના વોલંટિયર ગ્રુપની કાર્યવાહી પણ સારી રહેવા પામેલ હતી.

સ્વામિવાત્સલ્ય બાદ બપોરના કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ હતી. જેનું સંચાલન શ્રીમતી અલ્પા મેહુલ શાહ દ્વારા કરવામાં આવેલ હતું.

સહુ પ્રથમ આ સમાજના જે સભ્યોએ પર્યુષણ પર્વમાં વિવિધ આરાધનાઓ કરેલ હોય, તેમાંના ૮ ઉપવાસ કે તેથી વધુ ઉપવાસની તપસ્યા કરનારની અનુમોદના કરવામાં આવેલ હતી. આ વર્ષે આ સન્માનનો લાભ મૂળ માંડવીના તથા અમદાવાદ સ્થિત શ્રી અમૃતલાલ પોપટલાલ સંઘવી પરિવારે લીધેલ હતો. આ સમિતિના શ્રી પદમશીભાઈ ડાઘા તથા શ્રી રમણિકલાલ કુંવરજી ગોસરની કાર્યવાહી ઉત્તમ રહેલ હતી.

ધોરણ-૧૦ તેમજ ધોરણ-૧૨ના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવેલ હતું. સમાજના વિશિષ્ટ વિદ્યાર્થીઓનું પણ સન્માન કરવામાં આવેલ હતું. આ સન્માનના કાર્યક્રમની કામગીરી શ્રી મનીષ આણંદજી વીરાએ સંભાળેલ હતી.

'મંગલ મંદિર' પુરસ્કાર યોજનાનું સંચાલન 'મંગલ મંદિર'ના મુખ્ય સંપાદિકા બહેન શ્રીમતી ચંદ્રિકાબહેન દેઢિયા દ્વારા કરવામાં આવેલ હતું. પુરસ્કારો ૫૦ ગ્રામ ચાંદીની લગડી સ્વરૂપે આપવામાં આવેલ હતા. આ પુરસ્કારો આ યોજનાના સૌજન્યકાર શ્રી મહેન્દ્ર વેલજી ખોનાના સુપુત્ર શ્રી પ્રશાંત ખોના તથા પુત્રવધૂ રશ્મિ ખોનાના વરદ્ હસ્તે આપવામાં આવેલ હતા.

ત્યારબાદ સમાજમાં ચાલતા મેમરી ક્લાસના કાર્યક્રમની એક ઝલક શ્રી મૌલિક સોની તથા શ્રી હીરેન શાહ દ્વારા આ સભા સમક્ષ

*સુખી થવું એ પ્રત્યેક વ્યક્તિનો જન્મસિદ્ધ અધિકાર છે.*

રજૂ કરવામાં આવેલ હતી. આ કાર્યક્રમ દરમ્યાન જેકીન કિરીટ પ્રેમજી નંદુએ પોતાની અદ્‌ભુત યાદશક્તિનો પરિચય આ સભાને કરાવેલ હતો. સહુએ જેકીન, મૌલિક સોની તથા શ્રી હીરેન કે. શાહને તાળીઓના ગડગડાટથી વધાવી લીધેલ હતા. આ સમય દરમ્યાન શ્રી મૌલિક સોનીએ જણાવેલ કે માનવના ડાબા મગજ તથા જમણા મગજને યોગ્ય રીતે કેળવવામાં આવે તો તે ખૂબજ સારા પરિણામો આપે છે. આ ટ્રેઇનિંગ કાર્યક્રમમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને તેમની શાળાના પરિણામોમાં ઓછામાં ઓછા ૧૦ ટકાનો ફાયદો થશે તેવી ખાતરી પણ તેઓએ ઉચ્ચારેલ હતી. આ માટે હવે પછી શરૂ થતી બેચમાં સમાજના વધુ વિદ્યાર્થીઓ ભાગ લે તેવી અપીલ શ્રી હીરેન કે. શાહ દ્વારા પોતાના પ્રવચનમાં કરવામાં આવેલ હતી.

ઉપરોક્ત કાર્યક્રમ દરમ્યાન જે વિશિષ્ટ દાનોની દાતાશ્રીઓ તરફથી જાહેરાત કરવામાં આવેલ, તેને ઉપસ્થિત સમૂહગણે તાળીઓના ગડગડાટથી વધાવી લીધેલ હતી. આ દાનવીરોની વિગત નીચે મુજબ છે :

૧. શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર બીજા માળના એક રૂમ માટે રૂા. ૧,૫૧,૦૦૦/- : શ્રી નાનુભાઈ મજીઠિયા - અમદાવાદ

૨. શ્રી કચ્છી વિશ્રામ ગૃહ મેડિકલ રાહત ફંડમાં રૂા. ૧,૦૦,૦૦૦/- શ્રી વાડીલાલ રતનશી સાવલા - રાપર

બંને દાતાશ્રીઓને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા અભિનંદન પાઠવવામાં આવેલ.

*(ક્રમશઃ)*

## પુસ્તક સમીક્ષા

### "પ્રસન્ન આરોગ્ય"

*દ્વિતીય આવૃત્તિ :* જૂન-૨૦૧૩

લેખક - પ્રકાશક : શ્રી હરેશ ધોળકિયા, ન્યુ મિન્ટ રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.

*પાના :* ૪૮, *કિંમત :* રૂા. ૬૦/-

ડૉક્ટર ન હોવા છતાં શ્રી હરેશભાઈએ પ્રસ્તુત પુસ્તકમાં મનની પ્રસન્નતા - અવસ્થાને આરોગ્યનું કારણ બતાવેલ છે. પ્રસંગોપાત જરૂરી ઉદાહરણો પણ આપેલા છે.

મનુષ્યની માનસિક અશાંતિ રોગનું કારણ અને શાંતિ - આરોગ્યનું કારણ બને છે એ વાતનો અને માનવીની કુદરત કે ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા, પ્રાર્થના, રોગોને નાથવામાં અગત્યનો ભાગ ભજવે છે, એ બાબત હવે આધુનિક વિજ્ઞાન તથા ચિકિત્સા શાસ્ત્રે પણ સ્વીકારી છે. આ પ્રકારની મહત્ત્વપૂર્ણ બાબતોનો લેખકશ્રીએ તેમના પુસ્તકમાં નિરૂપણ કરેલ છે.

મન અને તનનું આરોગ્ય ઈચ્છતા દરેકે વાંચવા જેવું પુસ્તક.

***મગનલાલ સંઘવી - અમદાવાદ***

**પ્રશંસા**

*કાર્યની પ્રશંસા વધુ કાર્યો કરવાનું પ્રોત્સાહન આપે છે.*

***– સ્વામી સચ્ચિદાનંદ***


M/s. Jethabhai Doongarshi Transport Pvt. Ltd.



M/s. J. D. Roadlines

M/s. J. D. Logistics

M/s. J. D. Transport Co.



**TRANSPORT CONTRACTORS & FLEET OWNERS**

**DAILY SERVICE FROM**

**RAJKOT, JAMNAGAR, AHMEDABAD, SURAT, VAPI**

**TARAPURE, MUMBAI TO PUNE & CHINCHWAD**

**Full Truck Load Service All Over Maharashtra & Gujarat**

| PUNE | CHINCHWAD | MUMBAI |
|---|---|---|
| 708/18, Bhavani Peth, Gurunanak Nagar, Pune-411 042 | 128/B, Mohan Nagar, Sanghvi Compound, Chinchwad, Pune-411 019. | Khajurwala Chambers, Gr. Floor, 313/315, N.N. Street, Mumbai - 400 009. |
| **Ph. : 26434611** | **Ph. : 27471378, 27475167** | **Ph. : 23426818, 23448705, 23400597** |

| | | | |
|---|---|---|---|
| ● **VAPI** | : (0250) 3244993, 2023291 | ● **VASHI** | : (022) 27889527, 69517538 |
| ● **SURAT** | : (0261) 2367670, 2367287 | ● **WAGOLI** | : (020) 27052309 |
| ● **BHIWANDI** | : (02522) 270194, 271987 | ● **FURSUNGI** | : (020) 26980361 |
| ● **ANDHERI** | : (022) 28509760, 93703 19692 | ● **VADGAON MAVAL** | : (02114) 225629, 9372074359 |

**E-mail : jdtcompany@gmail.com**

સંસ્થા / વ્યક્તિ વિશેષ

# વિકલાંગોને જીવતા દેવ માનતા ઉદ્યોગપતિ

● કિરણ ચાંપાનેરી 'સેતુ' ●

કલા અને સંસ્કાર નગરી ભાવનગરના ૨૯૧મા જન્મદિવસની ઉજવણીના દિવસે ભાવેણાવાસી, કલાપ્રેમી ઉદ્યોગપતિ અને તેમની કંપની માઈક્રો-શાઈન પ્રોડક્ટ્સની મુલાકાતનો અવસર સાંપડેલો. ભાવનગર શહેરના જાણીતા એવા તખ્તેશ્વર ટેકરાના પરિમલ વિસ્તારમાં, સત્યનારાયણ રોડ પર, શ્રી સત્યનારાયણ મંદિરની બાજુમાં જ માનવીય અભિગમ ધરાવતી આ માઈક્રોશાઈન કંપનીમાં સતત પ્રયોગ ચાલતા રહે છે. **આ કંપનીના માલિક અને સીઈઓ એક પ્રયોગશીલ ઉદ્યોગપતિ છે. માનવીય મૂલ્યોની ગરિમાનું જતન કરનાર છે. તેઓ પોતાની કંપનીમાં વિકલાંગોની શક્તિને પારખીને નોકરીમાં રાખે છે.** કંપનીને માનવીય ગરિમાનું મંદિર અને વિકલાંગોને જીવતા દેવો માની સ્વમાન બક્ષનાર ઉદ્યોગપતિ છે શ્રી નિશિથભાઈ મહેતા.

માઈક્રોશાઈન કંપની એટલે પ્રયોગશાળા. નવીન અને ઉત્તમ પ્રોડક્ટ્સ દુનિયાને આપવાનું ધ્યેય. ઉદ્યોગના વિકાસાર્થે સતત પ્રયોગો કંપનીમાં થતા રહે. તેની સાથોસાથ કંપનીમાં કામ કરતા માનવ સંશાધન અંગે પણ પ્રયોગ ચાલતા રહે.

નિશિથભાઈનું મૂળ વતન શિહોર. ભાવનગરની સર ભાવસિંહજી પોલિટેકનિકમાં સિવિલ એન્જિનિયરિંગનો અભ્યાસ કરીને ૧૯૭૧માં કોઈક પ્લાસ્ટિક પ્રોડક્શન કરવાના હેતુથી મહેતા ટેરેસના એક રૂમમાં માઈક્રોશાઈન કંપનીના શ્રીગણેશ કરેલા. આજે આ કંપની દ્વારા ઉત્પાદિત વિવિધ પ્રકારના પ્લાસ્ટિકના ફાસ્ટનર ઈસરો, એરોસ્પેસ, મિલિટરી, ઓટો મોબાઈલ કંપનીઓમાં ઉપયોગમાં લેવાય છે. માઈક્રોશાઈન કંપની ફાસ્ટનર્સ બનાવતી ટી.એસ. ક્વોલિફાઈડ કંપની છે.

માઈક્રોશાઈન કંપનીનાં સાતેક વર્ષના કાર્યકાળ અને કામગીરીના અનુભવ બાદ નિશિથભાઈએ અનુભવ્યું કે આ ઉદ્યોગ એકમ તો ચાલે છે, પણ 'સ્વવિકાસ' માટે શું? સમાજ માટે શું? આંતરિક - આત્મિક વિકાસ માટે શું? આ પ્રશ્નના મનોમંથનમાંથી તેમને માર્ગ મળ્યો. તેમની નજર સમાજની વિકલાંગ વ્યક્તિઓ પર પડી. **વિકલાંગોની છઠ્ઠી ઇન્દ્રિય સતેજ હોય છે.** તેમની આ શક્તિનો ઉપયોગ કંપનીમાં કરવામાં આવે તો સામાન્ય માણસ કરતાં પણ વધુ કાર્યક્ષમ નીવડે. એટલે ૧૯૭૮થી કંઈક સેવા અને સામાજિક ઉત્તરદાયિત્વ અદા કરવાના હેતુસર વિકલાંગોને પોતાની કંપનીમાં કામે રાખવા લાગ્યા.

આજે પણ આપણે ત્યાં વિકલાંગને સામાન્ય પ્રવાહમાં ભળવાની ખૂબ મુશ્કેલી પડે છે. પણ માઈક્રોશાઈન કંપની અને નિશિથભાઈએ વિકલાંગો પ્રત્યે માનવીય અભિગમ અપનાવ્યો છે. **જે સમાજ વિકલાંગને નકામો ગણે છે તેને આ કંપની કામનો માને છે! સમાજ વિકલાંગને 'વેસ્ટ' માને છે ત્યારે આ કંપની તેને 'બેસ્ટ' ગણે છે. સમાજ વિકલાંગને જવાબદારી માને છે તો માઈક્રોશાઈન કંપની તેને મૂડી ગણે છે!** ટૂંકમાં 'ડિસેબલ્ડ' માંથી ઉત્તમ 'એબિલિટી' ક્યાં છે તેને નિશિથભાઈ શોધીને કંપનીના ઉત્પાદક કાર્યમાં લગાડે છે! પછી તે વ્યક્તિ મંદબુદ્ધિની હોય, બહેરી-મૂંગી હોય, અપંગ હોય. પણ વિકલાંગોની કાર્ય કરવાની ક્ષમતા અને ઉત્તમતા સામાન્ય માણસ કરતાં ચડિયાતી હોય છે!

૧૯૭૮માં સેવાના ઉમદા ભાવથી નિશિથભાઈએ વિકલાંગોને પોતાની કંપનીમાં નોકરીએ રાખવા માંડ્યા. વિકલાંગો સાથેનાં દસેક વર્ષના અનુભવ પછી ૧૯૮૮માં નિશિથભાઈનો અભિગમ બદલાયો. ધીમે ધીમે સેવાનો ભાવ મનમાંથી નીકળતો ગયો. અને હવે તો વિકલાંગો કંપનીની સેવા કરે છે એ ભાવ સર્જાયો છે! હવે તો માઈક્રોશાઈન અને નિશીથભાઈ માટે વિકલાંગોને પોતાને ત્યાં રાખવો એટલે સાધના! કંપનીનું સમગ્ર વાતાવરણ પારિવારિક ભાવનામય. સામાન્ય માનવી અને વિકલાંગો સાથે જ કામગીરી કરે. **પણ વિકલાંગોની ગરિમા, માનસન્માન ક્યાંય ઘવાય નહીં તેની પૂરી સભાનતા અને કાળજી રખાય!**

માઈક્રોશાઈન કંપનીના વિવિધ વિભાગો અને તેમાં કામ કરતા કર્મચારીનો પરિચય નિશિથભાઈ કરાવી રહ્યા હતા. મુલાકાત વખતે તેમની કંપનીના ૩૮ કર્મચારીઓમાંથી ૨૨ વિકલાંગ કર્મચારીઓને મળવાનું થયેલું. તેમની કંપનીમાં મંદબુદ્ધિની, બહેરી-મૂંગી, હાથે-પગે અપંગ વ્યક્તિઓને શ્રેષ્ઠપણે કામગીરી બજાવતી જોઈને ખરેખર આશ્ચર્ય થાય!... ''મંદબુદ્ધિની વ્યક્તિ માટે એક જ પ્રકારનું કામ એ એનો ખોરાક અને દવા બની રહે છે. રિપીટેટિવ કામ કરવાનો તેમને કંટાળો નથી આવતો પણ તેનાથી આનંદ મળે છે...તો બહેરી - મૂંગી વ્યક્તિ ચોકસાઈભર્યા, એકાગ્રતાવાળાં કામો નિપુણતાથી કરે છે. કારણ તે સાંભળતી નથી એટલે આસપાસ શું ચાલે છે તેનો અવાજ સંભળાતો નથી. આથી તે તેના કાર્યમાં મશગૂલ - એકાગ્ર રહે છે...પગ વગરની વ્યક્તિઓ એક જ જગ્યાએ બેસીને ઘણું સારું કામ કરે છે...''

...આમને મળો...મૂકેશભાઈ પટેલ અને તેમનાં પત્ની રંજનબહેન...'' નિશિથભાઈએ પરિચય આપ્યા પછી એ વિકલાંગ પતિ-પત્નીએ જે વાતો કરી ત્યારે ખરેખર આપણને સમાજ-પરિવારનો વરવો, કુરૂપ પાસાનો ખ્યાલ આવે.

*પરીક્ષામાં ટોપર્સ હોય, પણ તે જીવનનાં દરેક ક્ષેત્રે પ્રથમ હોય તેવું જરૂરી નથી.*

રંજનબહેન - મૂકેશભાઈની દુઃખદ વાત સાંભળીને લાગણીશીલ માનવી તો હચમચી ઊઠે!... કડી-કલોલ પાસેનું અંબિકાનગર મૂકેશભાઈનું વતન. કુદરતી ખોડ સાથે તેઓનો જન્મ થયેલો. માતાપિતાનું છત્ર પણ ગુમાવેલ. તેમના મોટાભાઈની હોટલ અંબિકાનગર ચાર રસ્તા પર સારી ચાલે. કુદરત સામે સંઘર્ષ કરતા કરતા મૂકેશભાઈ મોટા થયા. પોતાનાં સમોવડી - વિકલાંગ રંજનબહેન સાથે લગ્ન કરી ઘરે લાવ્યા. ત્યારે પરિવારજનોએ તેમને "તને માંડ પાલવતા હતા ત્યાં આ બીજી લંગડીને ક્યાં પાલવવી?" કહી ઘરમાંથી હાંકી કાઢ્યા. તેમણે ભાવનગરની વાટ પકડી. ભાવનગરમાં એક હોટલમાં રૂ. ૧૦/- ના રોજથી સવારે આઠથી રાત્રિના દસ વાગ્યા સુધી કામ કર્યા કરે. તેમાં એક દિવસ સવારે નિશિથભાઈની નજર આ વિકલાંગ દંપતી પર પડી. પોતાની કંપનીમાં કામે આવશો...પૂછપરછ કરી. તેઓને કંપનીમાં કામે લગાડ્યાં... "અહીં અમને પરિવાર જેવું લાગે છે. **નિશીથભાઈ અમારા સાહેબ-માલિક નહીં પણ વડીલ જેવા છે.** તેઓ અમારા પ્રત્યે જુદાઈ રાખતા નથી. તેમના ઘરે જે દિવસે નવું, સારું ખાવાનું આવે તે અમારા દરેક કર્મચારીને ઘરે પણ પહોંચાડે...અહીં કામે લાગ્યા પછી કંપનીની આર્થિક સહાયથી અમે અમારો નાનકડો આશિયાનો પણ બનાવ્યો. હવે અમને સુખી જોઈને અમારાં સગાંઓ ઈર્ષા-અદેખાઈ કરે છે..."

છે ને સમાજની વિરૂપતા! સગો ભાઈ જાકારો આપે. જમીન, મકાન છીનવી લે. ત્યારે માનવીય અભિગમ, સમાજ પ્રત્યે નિસબત ધરાવતા નિશિથભાઈ તેમને આવકારો આપે!

વિકલાંગો પ્રત્યે સમાજના અભિગમ અંગે નિશિથભાઈ મહેતા સાથેની ચર્ચામાં તેઓએ સ્પષ્ટપણે પ્રતિભાવ આપ્યો કે, "આપણા સમાજે વિકલાંગને વિકલાંગ તરીકે ન જોતાં તેનામાં છુપાયેલી સારપ, સમયપાલન, કામ પ્રત્યેના લગાવને જોવાં જોઈએ. **વિકલાંગને પાંગળો, બિચારો નહીં પણ સ્વમાનભેર જીવી શકે તે રીતે આપણા સામાન્ય પ્રવાહમાં ભેળવવા પ્રયાસ કરવા જોઈએ.** દરેક ઉદ્યોગ કંપનીઓમાં વિકલાંગની શક્તિ, આવડત પ્રમાણે નોકરીએ રાખવાની પહેલ કરવી જોઈએ. સમાજમાં જેમ સમૂહલગ્નોના મેળાવડા થાય છે તે પ્રમાણે ઉદ્યોગ કંપનીઓએ, કોર્પોરેટ કંપનીઓએ વિકલાંગોના રોજગારી મેળા યોજીને તેમની શક્તિ પ્રમાણે નોકરી આપવી જોઈએ. **દરેક ઉદ્યોગપતિ, કંપનીના સી.ઈ.ઓ. કે એક્ઝિક્યુટિવમાં વિકલાંગો પ્રત્યે જોવાની નજર કેળવાશે તો સમાજના આ નબળા વર્ગને બાપડા-બિચારા રહેવાનો વારો નહીં આવે..."**

આ કંપનીના 'સેન્ટર ફોર એક્સલન્સ' દ્વારા સંગીતકલા, ભારતીય સંસ્કૃતિ - સભ્યતાને અનુરૂપ નૃત્ય - નાટિકાઓ, સારા પ્રવચનકારોનાં પ્રવચન, સેમિનાર યોજીને સ્વસ્થ સમાજનિર્માણના પ્રયાસો કરવામાં આવે છે. સારાં પ્રવચનો, ગીત-સંગીતની કેસેટો, ડીવીડી, સીડીઓ પણ વિતરણ કરવામાં આવે છે.

સમાજ પરત્વેના ઉત્તરદાયિત્વ અને વિકલાંગોના ઉત્કર્ષની પ્રવૃત્તિ માટે ૧૯૯૯માં ભારત સરકારના સામાજિક ન્યાય અને શક્તિકરણ મંત્રાલય તરફથી રાષ્ટ્રીય ઍવોર્ડ, ૧૯૯૯માં એનસીપી ઈડીપી તરફથી હેલન કેલર ઍવોર્ડ, ૨૦૦૩-૦૪નો ફિકીનો વાર્ષિક ઍવોર્ડ, ૨૦૦૯ માં રામક્રિષ્ન બજાજ રાષ્ટ્રીય ગુણવત્તા ઍવોર્ડ, ૨૦૦૯માં રીયલ હીરોઝ ઓફ ઈન્ડિયા સીએનએન-આઈ બીગ રિલાયન્સ ઍવોર્ડ શ્રી નિશિથભાઈ મહેતા અને માઈક્રોશાઈન કંપનીને એનાયત થયેલ છે.

*સીઈઆઈ, ગુજરાત રાજ્ય સહકારી સંઘ*
*૧૦૪/૧૮૪૨, કૃષ્ણનગર, સૈજપુર બોઘા,*
*અમદાવાદ-૩૮૨ ૩૪૬.*
*મો. ૯૬૬૨૮ ૩૩૨૬૮*

## ગાંધીજી

**(અનુસંધાન : પાના નં.-૫૭ ઉપરથી ચાલુ)**

ગિરમિટિઆઓ અને તેમના સ્ત્રી, બાળકો તથા આશ્રમની એકેએક બાબતની એટલી હદે સફળ સંચાલન અને વ્યવસ્થા કરી કે એની આ અદ્‌ભુત કામગીરી જોઈને ગાંધી સ્તબ્ધ થઈ ગયા.

જેને વાંચવાનો શોખ હોય અને વાંચવાની આદત હોય તેણે આ આખોયે પ્રસંગ પ્રભુદાસ ગાંધીએ લખેલ પુસ્તક 'જીવનનું પરોઢ' એ પુસ્તકમાં વાંચી લેવું. ગાંધીએ પોતાની આત્મકથામાં લખ્યું : "સ્લેશિયનની પ્રશંસા કરતાં હું કદી ન થાકું."

ગાંધી વિશે હજારો લોકોએ લાખો પાનાં લખ્યા છે. છતાં ગાંધીની વાત અધૂરી જ છે. ગાંધીજીના જીવનમાં ભલે એકપણ ચમત્કાર નથી પરંતુ ગાંધી ખુદ પોતે જ એક ચમત્કાર હતા. ધરતી પર આવો બીજો માણસ જનમ્યો નથી.

એમ તો આપણા દેશમાં ખૂબ ઘણા ભગવાનો છે. ચમત્કારોને કારણે તેમનો મહિમા છે. ચમત્કારોને કારણે તેઓ મહદઅંશે પૂજાય છે. જો તેમના જીવનમાંથી ચમત્કારોને બાદ કરવામાં આવે તો બાકી શું બચે?

**આચાર્ય રજનીશ કહે છે કે, "જ્યારે જ્યારે કોઈ મહાન હેતુની પરિપૂર્તિ અર્થે કોઈ મહાન શુભશક્તિ ધરતી પર અવતરણ કરે છે, કોઈ મહાન આત્મા જન્મ ધારણ કરે છે ત્યારે ત્યારે બ્રહ્માંડમાંની અન્ય શુભશક્તિઓ પણ જન્મ ધારણ કરીને તે મહાન આત્માની આસપાસ ગોઠવાઈ જાય છે અને તે મહાન આત્મા પોતાના લક્ષ્યમાં તમામ શુભશક્તિઓની મદદ થકી સફળ થાય છે. પરંતુ હેતુ પૂર્ણ થયા બાદ જેવી એ પરમ શુભશક્તિ જગત પરથી વિદાય લે છે કે તેની સાથે સાથે એક પછી એક અન્ય શુભ શક્તિઓ પણ વિદાય લે છે અને દુનિયા પર ફરીફરીને દુષ્ટ શક્તિઓનું સામ્રાજ્ય વ્યાપી વળે છે. આ ચક્ર અનાદિકાળથી અવિરત ચાલ્યા કરે છે."**

*આર.એચ-૨, પુણ્યશ્રી એપાર્ટમેન્ટ*
*કાશીરામ અગ્રવાલ હોલની પાસે*
*અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ફોન : ૨૬૩૦૧૭૨૯*

**શિખરજીની એકમાત્ર અને સર્વપ્રથમ**
**★★★ જેવી અદ્યતન એ.સી. હોટલ**
SHIKHARJI Continental

**ફાર ઈસ્ટ**
**All Inclusive Rs. 69,999/-**
10 Days • Dep. : 21 Apr., 01, 12, 22 May, 1 June
**સીંગાપોર • મલેશિયા • થાઈલેન્ડ**

**યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા**
TAK MAK® TOURS & TRAVELS
**મુલુંડ ● દાદર ● પાર્લા**
✆ : 93233 60708 / 25903514 • 5 • 6

# ગાંધીજી

● શાંતિલાલ સંઘવી ●

ગાંધીજી પોતાના જીવન દરમ્યાન હજારો લોકોના પરિચયમાં અને સંપર્કમાં આવ્યા હતા. ગાંધીજી વિશે અત્યાર સુધીમાં સેંકડો લોકોએ લખ્યું છે અને સેંકડો પુસ્તકો લખાયાં છે અને હજુ નવા નવા પુસ્તકો લખાયા કરે છે. તેમના વિશે ચર્ચાઓ અને વિવાદો ચાલ્યા કરે છે. ગાંધીજીનું વ્યક્તિત્વ એટલું વિરાટ હતું કે એનું સર્વગ્રાહી આકલન હજુ સુધી કોઈ કરી શક્યું નથી. દરેક વ્યક્તિએ તેમના જીવનની કોઈ એક બાજુ વિશે તથા પોતાને થયેલા અનુભવના આધારે તેમના વિશે લખેલ છે. એમના જીવનના નાના-મોટા તમામ પાસાને એક સાથે લઈને તેમના વ્યક્તિત્વનું મૂલ્યાંકન કરવાનું અશક્ય છે. આવું વિરાટ વ્યક્તિત્વ દુનિયામાં આજ સુધીના ઈતિહાસમાં અન્ય કોઈ જોવા મળતું નથી. એમની બાબતમાં ખાસ બાબત એ છે કે એમની દરેકે દરેક બાબત બનેલી હકીકત આધારિત સત્તાવાર છે. એમના જીવનમાં દૈવી ચમત્કાર કે કોઈ દૈવીશક્તિને સ્થાન આપવામાં આવ્યું નથી. ભૂતકાળના તમામ ભગવાનો દૈવી શક્તિનો આશ્રય લેતા હતા અને એમના જીવનમાં ચમત્કારોને પણ વણી લેવામાં આવ્યા છે. ગાંધીજી આ તમામ અસ્વાભાવિક અને કૃત્રિમ બાબતોથી સર્વથા દૂર હતા. **ગાંધીજીએ જીવનમાં જે કાંઈ પણ કર્યું તે માત્ર અને માત્ર પોતાની આવડત, શક્તિ, સમજણ અને અસાધારણ પુરુષાર્થ થકી જ કર્યું. જે પણ કર્યું તે કોઈ દેવી દેવતાની મદદ વગર અને ચમત્કારની હાજરી વગર માત્ર પોતાના જોરે કર્યું.** આ ખાસ વાતની નોંધ લેવાય તે જરૂરી છે.

આ લખાણમાં મારે એમની એક ખાસ વિશિષ્ટતા બાબત ધ્યાન ખેંચવાની છે. ઉપર લખેલ છે તેમ એમના સમગ્ર જીવનનું આકલન શક્ય જ નથી. જો વ્યાસજી લખાવે અને ગણેશજી લખે તો પણ નહીં. બ્રહ્માંડમાં આપણા સૂર્યની રચના થઈ. ધીરે ધીરે સૂર્યની આસપાસ નજીક દૂર ગ્રહો રચાતા ગયા અને ગ્રહોની ફરતે ઉપગ્રહો રચાતા ગયા. અને આમ એક સૂર્યમંડળની રચના થઈ. આ સમગ્ર મંડળ એક માત્ર સૂર્ય આધારિત છે. કેન્દ્રમાં સૂર્ય જ છે. સૂર્ય ન હોય તો ગ્રહમાળા જ નથી.

ગાંધીજીની ગ્રહમાળામાં કેવા કેવા લોકો હતા? એક એકથી ચડે એવા, એક એકનું માથું ભાંગે એવા, વિવિધ પ્રકારના લોકોનો જાણે શંભુ મેળો. બધાના વિચારો જુદા, માન્યતાઓ જુદી, ટેવો અને જીવનરીત જુદી, ધાર્મિક સામાજિક પરંપરાઓ બધાની જુદી, કોઈનો, કોઈ બાબતમાં કોઈ સાથે મેળ જ નહીં. ગાંધીજીની અનુપસ્થિતિમાં આ બધા ભેગા મળે તો એકપણ બાબતમાં એકબીજા સાથે સંમત થાય જ નહીં, બધાના મત જુદા. ગાંધીજીથી સાવેસાવ અલગ પ્રકૃતિના લોકો એની ગ્રહ માળામાં ભેગા થઈ ગયા હતા. અને છતાં જે લોકો ગાંધીજીના વ્યક્તિત્વમાં ઓગળી ગયા હતા એમાં સૌ પ્રથમ નામ આવે કસ્તુરબાનું, પછીના ક્રમે મહાવેદભાઈ, વિનોબા, રવિશંકર મહારાજ, મગનલાલ ગાંધી અને વલ્લભભાઈ પટેલ. આ છ એ છ જણે પોતાની જાત ગાંધીજીને સમર્પણ કરી દીધી હતી અને છતાં એ બધા જ છેવટ સુધી સ્વપ્રકાશિત રહ્યા હતા એ ખૂબ આશ્ચર્યજનક ઘટના છે.

ગાંધીજીના ગૃહમંડળમાં કેવા કેવા માથા ફરેલા માણસો હતા? થોડાક નામ જોઈએ : જવાહરલાલ મોતીલાલ નહેરુ, કાકાસાહેબ કાલેલકર, નરહરિ પરીખ, કિશોરલાલ મશરૂવાળા, શંકરલાલ બેંકર, આચાર્ય કૃીપલાની, જયપ્રકાશ નારાયણ, આચાર્ય નરેન્દ્રદેવ, પંડિત સુખલાલજી, મુનિશ્રી જિનવિજયજી, પંડિત બેચરદાસ દોશી, જમનાલાલ બજાજ, અબ્બાસ તૈયબજી, રામનારાયણ પાઠક, ઠક્કરબાપા, માલવિયાજી, કલ્યાણજીભાઈ, કુંવરજીભાઈ, દયાલજીભાઈ, સ્વામી આનંદ, જુગતરામભાઈ, બબલભાઈ, નવકૃષ્ણ ચૌધરી, રાજેન્દ્ર પ્રસાદ, રાજગોપાલચારી, પ્યારેલાલ, સરોજિની નાયડુ, મીરાંબહેન, સુશીલા નૈયર, મૃદુલા સારાભાઈ, ઘનશ્યામદાસ બિરલા, મણિબેન પટેલ, પ્રભાશંકર પટ્ટણી, સરહદના ગાંધી ગફારખાન, બાદશાહખાન, પ્રાણજીવન મહેતા, કનૈયાલાલ મુન્શી, નાનાભાઈ ભટ્ટ, ડૉ. બી.સી.રોય, કેટલા નામ લખવા? દેશના બીજા સેંકડો ઉપરાંત પરદેશના અન્ય સેંકડો.

તમે જુઓ કે આ બધા જ તમામે તમામ લોકો એકબીજાથી સાવે સાવ અલગ પ્રકૃતિના. બધાના વિચાર અલગ. પણ ગાંધી પાસે આવે એટલે જાણે આજ્ઞાંકિત બાળક!

શિવજીના ભૂતગણ જેવા આ બધા અને બીજા અનેકને સાથે રાખવા, બધાને સમજવા, બધાને સમજાવવા, સૌને તેમની પોતપોતાની શક્તિ અને રૂચિ અનુસાર કામે લગાડવા, બધાના મતભેદો (અને ક્યાંક મનભેદો પણ) નું સમાધાન કરવું, બધાને એકબીજા સાથે જોડી રાખવા — આ ભારે, અતિભારે કળા છે. આખી દુનિયામાં અને ઈતિહાસમાં મને બીજો આવો એકપણ જણ દેખાતો નથી.

અહીં એક ઓછો જાણીતો પ્રસંગ ટાંકીને વાત પૂરી કરીશ. દક્ષિણ આફ્રિકાના ફિનિક્સ આશ્રમમાં એક દિવસ ૧૭ વર્ષની એક છોકરી - મિસ સ્લેશિન આવી. ગાંધીને કહે છે : 'ગાંધી, મને તારું કામ ગમે છે એટલે તારી સાથે કામ કરવા માટે આવી છું.' ગાંધી તો ઝવેરી હતા. તરત જ આ છોકરીનું હીર પારખી ગયા. છોકરી તે જ દિવસથી આશ્રમના કામમાં જોડાઈ ગઈ. અમુક વખત પછી એકવાર તે ગાંધી સામે જ બેસીને કામ કરતી હતી. તેને શું સૂઝ્યું કે તે સીગારેટ સળગાવીને પીવા લાગી. પછી સીગારેટનો ધૂમાડો સીધો ગાંધીના મોં સામે જ ફેંક્યો! ગાંધીએ 'તડાક' દઈને એક તમાચો ગાલ પર ચોડી દીધો (ગાંધી જરૂર પડે તમાચો પણ મારી શકતા હતા!) સ્લેશિન કહે : "ગાંધી, હું કાંઈ સીગારેટ પીતી નથી. આ તો તને ખાસ ચીડવવા માટે જ તારી સામે પીધી!"

પછી? પછી બન્ને ખડખડાટ હસી પડ્યા. આ સ્લેશિને ગાંધી જ્યારે દક્ષિણ આફ્રિકાની જેલમાં ગયા ત્યારે આશ્રમમાંના હજારો

**(અનુસંધાન : જુઓ પાના નં.-૫૬ ઉપર)**

*ઉત્સાહ, શક્તિ અને હિંમત ન હારવી. આ તમામ કાર્ય સિદ્ધિ અપાવનારા ગુણ કહેવાય છે.*

# કચ્છના મૂર્ધન્ય સાહિત્યકાર – ડૉ. ધીરેન્દ્રભાઈ મહેતા

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ •

મુશ્કેલીઓ કે અવરોધોને વિદ્વાનોએ જીવનનું ઉપનામ આપ્યું છે. **શારીરિક પીડાઓ તો મજબૂત મનના માનવીને હંફાવી દે છે પરંતુ અનેક શારીરિક કષ્ટોને મનની મક્કમતાથી, આત્મબળથી હડસેલનાર તો વીરલા જ હોય છે.** આવું એક વિરલ વ્યક્તિત્વ એટલે ડૉ. ધીરેન્દ્રભાઈ મહેતા. તા. ૨૯-૮-૧૯૪૪ ના રોજ અમદાવાદમાં જન્મેલા ભાઈ ધીરેન્દ્રે પાંચેક વર્ષની કુમળી વયે પોલિયોમાં પગ ગુમાવતાં જ શૈશવ અપંગ બની ગયું. કિંતુ એસ.એસ.સી. સુધી અત્યંત મક્કમ મનોબળથી એમ કહી શકાય કે રોગને મહાત કર્યો. અનેક વ્યથાઓ સાથે દવા-ઑપરેશનો જેવા ઉપચારોને પરિણામે ઈ.સ. ૧૯૬૨માં ડબલ કેલિપર્સ અને કચીસની મદદથી ચાલવા લાગ્યા. તેમની 'ચિન્હ' નવલકથામાં તેનો નિર્દેશ દૃષ્ટિગોચર થાય છે.

માતા રમીલાબહેન સુશિક્ષિત સન્નારી. ભજનો, ગીતો, દેશભક્તિના ગીતો, હાલરડાં આદિ સુંદર સ્વરથી લલકારતા. અત્યંત માયાળુ માતા. કોઈ પણ આગંતુકનું અત્યંત ભાવભર્યું સ્વાગત હૃદયપૂર્વક કરે. તેમના પિતાશ્રી સાહિત્યના શોખીન. તેમનું નામ પ્રીતમલાલ. હીંચકે બેસીને તેઓ કવિવર નાનાલાલની અનેક રચનાઓ, મેઘાણીજીના લોક ગીતો લલકારતા. ભુજની મોર્ડન ટોકિઝ તેઓશ્રી હસ્તક હતી. ભુજમાં જાહેર બાંધકામ કામના એક અધિકારી જયેષ્ટારામભાઈ ભવાનીશંકર ભટ્ટ તેમના ખાસ મિત્ર અને મારા પિતાશ્રી વૈદ્યરાજ ભાઈ બાબુભાઈ ભટ્ટના પેશન્ટ. તેઓ અમારા માટે શ્રી પ્રીતમભાઈ પાસેથી પિક્ચર જોવા માટે ફ્રી પાસ લાવતા.

ધીરેન્દ્રભાઈની ભુજની લાલન કૉલેજમાં ગુજરાતી વિભાગના અધ્યક્ષ કક્ષાની સફળ કામગીરી મેં નિહાળી છે. વિદ્યાર્થી પ્રતિનિધિ સભાના સાહિત્ય વિભાગના ચેરમેન તરીકેની યશસ્વી કામગીરી તેમણે અદા કરેલી છે. યુનિવર્સિટી વ્યાખ્યાનમાળા પ્રતિવર્ષ યોજાય. તેમાં કયા સાહિત્યકારને નિમંત્રવા તે માટે પ્રિન્સીપાલ તેમની અચૂક સલાહ લે. એટલુંજ નહિં, સ્વીકારે પણ ખરા. અનેક સાહિત્યકારો, કવિઓના વક્તવ્ય - કાવ્યોને માણવાનો લહાવો માત્ર વિદ્યાર્થીઓને જ નહિં, અમને અધ્યાપકોને પણ અપાવ્યો છે.

એક સમયે ગુજરાતી વિષયના એક વ્યાખ્યાતા જેઓ એન.એસ.એસ.ના સંચાલક હતા, તેમણે કોલેજ લોબીમાં બ્લેક બોર્ડ પર સૂચનાઓ લખેલી. એ દરમ્યાન તેમણે ગુજરાતી વિભાગના અધ્યક્ષપદ માટે કંઈ અરજી કરેલી. ધીરેન્દ્રભાઈએ, એ નોટીસ બોર્ડ પરની વ્યાકરણના દોષોની ભૂલો શબ્દો નીચે અન્ડર લાઈન કરીને પ્રિન્સિપાલ સહિત સૌને દર્શાવવા સાહસ ખેડેલું.

લગભગ ૨૩ વર્ષ સુધી ભુજની શ્રી આર.આર. લાલન કૉલેજના આર્ટસ તથા સાયન્સ વિભાગના કોમનરૂમના સેક્રેટરી તરીકેની સેવા સૌપ્રથમ પ્રિન્સિપાલ ડૉ. જી.ડી. શર્માએ મને સુપરત કરેલી. ક્યારેક મિનિટ્સમાં રહી ગયેલી અધૂરાશો કે કોઈ ન આવરી લેવાયેલ બાબતો પ્રત્યે ધીરેન્દ્રભાઈ ધ્યાન દોરતા. સાહિત્ય - સંગીતના શોખને કારણે મને ફાઈન આર્ટસનું ચેરમેનપદ અવારનવાર સુપરત થતું. ધીરેન્દ્રભાઈ રચિત બાળ કાવ્યોનું સંગીત નિયોજન મારી સાથે સંગીતજ્ઞ નિરંજનભાઈ અંતાણીએ કરેલું. ગાયકવૃંદમાં કોલેજનાજ કલાકાર ભાઈ બહેનોએ આકાશવાણી ભુજ પરથી કાર્યક્રમ રજૂ કરેલો.

સાહિત્યક્ષેત્રે એક આગવું પ્રદાન એટલે ભુજમાં યોજાતી "સ્વ. છગનલાલ ભવાનીશંકર મહેતા સ્મૃતિ વ્યાખ્યાનમાળા." અનેક સાહિત્યકારોને વ્યાખ્યાન આપવા ધીરેન્દ્રભાઈ અને તેમનો સમગ્ર પરિવાર નિમંત્રણ પાઠવે. વ્યાખ્યાનકારને પોતાને ઘેર ઉતારાની સુંદર વ્યવસ્થા કરી, પૂરતું આદર-સન્માન અને ભાવથી ભીંજવી નાંખે.

તેમની સત્ત્વશીલ, અદ્ભુત આકર્ષિત સાહિત્યકૃતિઓથી અંજાઈને અનેક ઍવોર્ડને તેમની સમક્ષ ખેંચાઈને આવવાનું થયું છે. જે પ્રત્યેક સાહિત્યકાર માટે સહજ તો નથી જ. આ તો તેમના જીવનની ઉત્કૃષ્ટ ઘટનાઓ અવશ્ય કહી શકાય. **ગુજરાત સાહિત્યસભા (અમદાવાદ) તરફથી ઈ.સ. ૨૦૧૧નો શ્રી રણજીતરામ સુવર્ણ ચંદ્રક તા. ૫-૧-૨૦૧૩ ના રોજ તેમને અર્પણ કરવામાં આવ્યો. તેમને દર્શક એવોર્ડ નવલકથા માટે, કવિતા માટે અ.ક. ત્રિવેદી સુવર્ણ ચંદ્રક, હરેન્દ્રલાલ ધોળકિયા સુવર્ણચંદ્રક ટૂંકી વાર્તા માટે, સમગ્ર સાહિત્ય સર્જનનો ગુજરાત સાહિત્ય અકાદમી એવોર્ડ, ક.મા.મુનશી સુવર્ણ ચંદ્રક, ધનજી કાનજી ગાંધી સુવર્ણ ચંદ્રક એવોર્ડ, ૨.વ. દેસાઈ એવોર્ડ, કચ્છ શક્તિ એવોર્ડ, તારામતી ગાલા એવોર્ડ અને ગુજરાતી સાહિત્ય અકાદમીના પાંચ પારિતોષિકોથી નવાજવામાં આવ્યા છે.**

ગુજરાત સાહિત્ય પરિષદના પ્રકાશન 'પરબ'ના તંત્રી સાહિત્યવિદ્ શ્રી યોગેશભાઈ જોષી શ્રી ધીરેન્દ્રભાઈ માટે આલેખે છે કે, "શ્રી ધીરેન્દ્રભાઈની સર્જક ચેતનામાંથી સતત મૌન ઘૂંટાતું રહ્યું છે. એમના મૌનના ઘૂંટામણમાંથી એમને વાસ્તવમાં એમના શબ્દને ગતિ મળી છે. તેમની પાસે મૌનને સાંભળી શકતો કાન છે. ભીતરમાં સંચલનોને નિહાળીને સંવેદી શકતું હૈયું પણ કવિનું છે. જન્મજાત સંવેદનશીલતા ઉપરાંત વસ્તુજગતને જોવાની એમની વિશિષ્ટ શક્તિ તથા દૃષ્ટિ, વસ્તુ જગતને જોતાં તેમની ભીતર જાગતા તીવ્ર સ્પંદનો એમની સર્જકતાના મૂળમાં ધબકતા જણાય છે."

**(અનુસંધાન : જુઓ પાના નં.-૬૦ ઉપર)**

*જિંદગીમાં શાંતિ જોઈતી હોય તો ઈચ્છાઓ છોડો.*

પર્યટન

## હિંદુઓના સાત પવિત્ર સ્થળો પૈકીનું એક 'ટેમ્પલ ટાઉન'

# હરિદ્વાર

• સંજય પી. ઠાકર •

*હિંદુઓનું પાવન યાત્રાધામ હરિદ્વારનો પૌરાણિક કથાઓમાં પણ ઉલ્લેખ જોવા મળે છે. શિવાલિક પર્વતમાળાની પાર્શ્વભૂમિને લીધે રમણીય લાગતી હરિદ્વાર નગરી સાત મોક્ષદાયિની નગરીઓમાંની એક છે. અહીં ગંગા નદી પહાડી પ્રદેશ છોડી મેદાની વિસ્તારમાં પ્રવેશ કરે છે. અહીં ગંગાજીની સાંય આરતી મનોહર અને દિવ્ય હોય છે. કુંભમેળા વખતે અહીં લાખો શ્રદ્ધાળુઓ ઉમટી પડે છે અને ગંગા સ્નાનનો લાભ લે છે!*

હરિદ્વાર ભારતના ઉત્તર ભાગમાં આવેલા પર્વતીય ભૌગોલિક પરિસ્થિતિ ધરાવતા ઉત્તરાખંડ રાજ્યના હરિદ્વાર જિલ્લામાં આવેલું છે. તે હરિદ્વાર જિલ્લાનું મુખ્ય મથક છે. હરિદ્વાર હિંદુઓનું પવિત્ર યાત્રાધામ છે. હિંદી ભાષામાં હરિદ્વારનો અર્થ હરિ (= ઈશ્વર)નું દ્વાર થાય છે. તે હિંદુઓના સાત પવિત્ર સ્થળો પૈકીનું એક છે. સાત મોક્ષદાયિની નગરીઓમાંની એક હરિદ્વાર ગણાય છે. જેના દર્શન કરી દરેક વ્યક્તિ પોતાના જીવનમાં કંઈક જોયું, જાણ્યું હોય તેવી પ્રતીતિ કરતો હોય છે.

હરિદ્વાર સમુદ્રની સપાટીથી ૩૧૪ મીટર (૧૦૩૦ ફૂટ)ની ઊંચાઈ પર સ્થિત છે. શિવાલિક પર્વતમાળાના તળેટીના ભાગમાં ગંગા નદીના જમણા કાંઠે તે વસેલું છે. ગંગા નદીના મુખ (ગંગોત્રી હિમશિખર) થી ૨૫૩ કિ.મી.ની પહાડોમાં સફર ખેડી ગંગા નદી હરિદ્વાર ખાતેથી મેદાની પ્રદેશમાં પ્રવેશ કરે છે. આથી હરિદ્વારને ગંગાદ્વારના નામથી પણ ઓળખવામાં આવે છે.

ધાર્મિક લોકો અને પ્રકૃતિપ્રેમીઓ માટે હરિદ્વાર સ્વર્ગ સમાન છે. હરિદ્વાર ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાના વિવિધ સ્વરુપોને પ્રસ્તુત કરે છે. હરિદ્વારનો ઉલ્લેખ પૌરાણિક કથાઓમાં કપીલસ્થાન, ગંગાદ્વાર તેમજ માયાપુરીના નામે કરવામાં આવ્યો છે. હરિદ્વાર ગઢવાલ હિમાલયના ચાર ધામ યાત્રા માટેનું પણ પ્રવેશદ્વાર છે. (ઉત્તરાખંડમાં આવેલા ચાર ધામ એટલે યમુનોત્રી, ગંગોત્રી, કેદારનાથ અને બદ્રીનાથ) ચારધામ પ્રવેશદ્વારને લીધે ભગવાન શિવના અનુયાયીઓ હરદ્વાર અને ભગવાન વિષ્ણુના અનુયાયીઓ હરિદ્વારના નામથી આ સ્થળનો ઉલ્લેખ કરે છે. હર એટલે શિવ અને હરિ એટલે વિષ્ણુ.

કહેવાય છે કે આ નગર ઘણું પ્રાચીન છે. મહાભારતના બાણપર્વમાં ધૌમ્ય ઋષિ, રાજા યુધિષ્ઠિરને ભારતના તીર્થસ્થળો વિશે કહે છે ત્યારે તે વેળાએ એમાં ગંગાદ્વાર અર્થાત્ હરિદ્વાર અને કનખલના તીર્થોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અહીં કપિલ મુનિનું તપોવન હતું. કપિલ મુનિના નામ પરથી તે વખતે આ નગર 'કપિલા' અથવા 'કપિલ સ્થાન' નામથી ઓળખાતું હતું. મહાન રાજા ભગીરથ, જે સૂર્યવંશી રાજા સગરના પ્રપૌત્ર (ભગવાન શ્રીરામના એક પૂર્વજ) હતા, ગંગાજીને સતયુગમાં વર્ષોની તપસ્યા પછી પોતાના ૬૦,૦૦૦ પૂર્વજોના ઉદ્ધાર અને કપિલ મુનિના શ્રાપથી મુક્ત કરવા માટે પૃથ્વી પર લાવ્યા હતા. આ એક એવી પરંપરા છે, જેને કરોડો હિંદુ આજે પણ નિભાવે છે. તેઓ પોતાના પૂર્વજોના ઉદ્ધારની આશા રાખી એમની ચિતાની રાખ (અસ્થિકુંભ) લાવે છે અને ગંગાજીમાં વિસર્જિત કરે છે. અહીંની ગંગા નદી તેના બીજા બધા ભાગ કરતાં વધુ પવિત્ર ગણાય છે તથા શિવાલિકની પાર્શ્વભૂમિને કારણે આ નગર ખૂબ જ રમણીય લાગે છે.

હ્યુ એન સંગ સાતમી સદીમાં અહીં હરદ્વારમાં આવેલા. તેમણે અહીંનું વર્ણન 'મોન્યુ-લો' નામથી કરેલું છે. હરિદ્વારની નજીકમાં આવેલું માયાપુરી ગામ મોન્યુ-લો હશે એમ સમજવામાં આવે છે. પ્રાચીન કિલ્લા અને મંદિરોના ખંડિયેરો અહીં જોવા મળે છે.

ગંગા નદીના કાંઠા પર આવેલું 'હર કી પેડી' (કે 'હર કી પૌડી') નામનું સ્થાનક ભારતભરમાં પ્રસિદ્ધ બનેલું છે. ત્યાં ગંગાદ્વારનું મંદિર અને ભગવાન વિષ્ણુના ચરણચિહ્નો દીવાલ પર સ્થાપિત છે. બારેમાસ અહીં લાખો લોકોની અવરજવર રહે છે. યાત્રાળુઓ અહીં ગંગાસ્નાન કરીને ચરણચિહ્નોની પૂજા કરે છે તથા પવિત્ર ગંગાજળ સાથે લઈને પાછા જાય છે. ગંગાજીની સાંધ્ય આરતી અહીંનું ભાવનાસભર આસ્થાવાળો સમય અને આકર્ષણનું કેન્દ્ર છે.

હરિદ્વાર 'ટેમ્પલ ટાઉન' તરીકે પ્રખ્યાત છે. અહીં ડગલે ને પગલે પાવન તીર્થો - મંદિરો, આશ્રમો અને સાધુસંતો જોવા મળે છે. હરિદ્વારના દર્શનીય સ્થળો જોવા યાત્રિકો પોતાના વાહનમાં ફરી વળે છે અથવા બસ કે છકડારિક્ષા ભાડે કરે છે. હરિદ્વારના દર્શનીય સ્થળોમાં પ્રાચીન ગંગાજી મંદિર અને ગૌઘાટ, બિલ્વ પર્વત પર મનસાદેવી મંદિર, નીલ પર્વત પર ચંડીદેવી મંદિર, પાવનધામ, શિવાનંદ ધામ, આચાર્ય બેલા (ઈન્ડિયા ટેમ્પલ), બિલકેશ્વર મંદિર, ચિત્રકૂટ આશ્રમ, ભૂમા નિકેતન, માતા વૈશ્નોદેવી મંદિર, શાંતિકુંજ (ગાયત્રી પરિવાર), ભારત માતા મંદિર, સપ્તઋષિ આશ્રમ, શિવ-પાર્વતીના લગ્નસ્થળ ગણાતા કનખલ - હરિદ્વારમાં માનવ કલ્યાણ આશ્રમ (ભગવાન અર્ધનારેશ્વર મંદિર), જગદ્‌ગુરૂ આશ્રમ, ગીતા મંદિર, હરિહર મંદિર, દક્ષ પ્રજાપતિ મંદિર, મા આનંદમયી આશ્રમ, પતંજલિ યોગપીઠ મુખ્ય છે. પક્ષીપ્રેમીઓ માટે

*જીવનમાં દુઃખ આવી પડે ત્યારે રડવું નહિ. તેનાથી માર્ગ નીકળતો નથી પરંતુ હસીને મનને સ્થિર કરી માર્ગ કાઢવો જોઈએ.*

ભીમગોડા બેરેજ પર નીલધારા પક્ષી વિહાર (પક્ષી અભયારણ્ય) આકર્ષણરૂપ છે. મનસાદેવી અને ચંડીદેવીના મંદિરે જવા - આવવા કેબલ કાર (રોપ વે)ની સગવડ છે.

શિવાલિક પર્વતોના ઢોળાવ પર મનસાદેવીનું મંદિર આવેલું છે. હર કી પેડી નજીક આવેલા ગૌઘાટથી સડક માર્ગે પગથિયાં ચડીને અથવા કેબલ કાર (રોપ વે)થી મનસાદેવીના મંદિરે પહોંચી શકાય છે. કહેવાય છે કે મનસાદેવી ભક્તોની મનીષા (ઈચ્છા) પૂરી કરે છે. તેથી મનસાદેવી નામ પડેલું હોવાનું મનાય છે. પહાડ પર આવેલું આ મંદિર હરિદ્વારની શોભામાં અભિવૃધ્ધિ કરે છે. અહીંથી ગંગાના ઘાટનું, નગરનું રમણીય દશ્ય તથા ગંગાનો દૂર સુધીનો પટ જોઈ શકાય છે. મનસાદેવીના મંદિર નજીકમાં અષ્ટભુજાદેવી અને ભૈરવના મંદિરો તથા સૂર્યકુંડ આવેલા છે.

હરિદ્વારમાં મંદિરો ઘણાં છે, તે પૈકીનું સંભવતઃ દસમી સદીમાં બંધાયું હોવાનું કહેવાતું માયાદેવીનું મંદિર પથ્થરમાંથી બનાવેલું છે. તેમાં ત્રણ મસ્તક અને ચાર હાથવાળી માયાદેવીની મૂર્તિ સ્થાપિત કરેલી છે. ૧૯૦૪માં દહેરાદૂન સુધીનો રેલમાર્ગ થયો હોવાથી યાત્રીઓને હરિદ્વાર જવા-આવવાની અનુકૂળતા થઈ ગઈ છે.

આજે હરિદ્વાર અંદાજે પાંચ કિ.મી. જેટલી લંબાઈમાં વિસ્તર્યું છે. તેનો કુલ વિસ્તાર ૧૨.૩ ચો.કિ.મી. જેટલો છે. વર્ષ ૨૦૦૧ પ્રમાણે તેની વસતી ૧,૭૫,૦૧૦ છે. અહીં ગઢવાલી હિંદી ભાષાનું ચલણ છે. અગાઉના સમયમાં આ સ્થળ વાણિજ્યમથક પણ હતું. અહીં ઘોડાઓનો વેપાર થતો. યાત્રીઓની સગવડો જળવાય એ હેતુથી અહીં ઘણી ધર્મશાળાઓ અને આશ્રમો જોવા મળે છે.

ભારતના ધાર્મિક આસ્થા ધરાવતા લોકોમાં એક એવી માન્યતા પ્રવર્તે છે કે અહીં મૃત્યુ પામનાર પરમપદને પામે છે. ગંગાસ્નાન કરનારના જન્મ જન્માંતરના પાપ ધોવાઈ જાય છે, પરલોકમાં હરિપદની પ્રાપ્તિ થાય છે. લગભગ બધા જ પુરાણોમાં હરિદ્વારના મહાત્મ્યનું વર્ણન કરેલું છે.

જ્યારે સૂર્ય મેષ રાશિમાં પ્રવેશ કરે છે ત્યારે હરિદ્વારમાં પૂર્ણ કુંભમેળો ઉજવાય છે અને તે દર બાર વર્ષે ભરાય છે. અર્ધ કુંભમેળો અહીં દર છ વરસે યોજાય છે. કુંભમેળો ભરાય છે ત્યારે લાખો શ્રદ્ધાળુઓ અહીં ઊમટી પડે છે.

હરિદ્વાર શહેર સડકમાર્ગ દ્વારા રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં.-૫૮ સાથે જોડાયેલું છે, જે દિલ્હી અને માનાપસ શહેરને એકબીજા સાથે જોડે છે. નજીકનું રેલવે સ્ટેશન હરિદ્વાર ખાતે જ આવેલું છે, જે ભારતના અન્ય મુખ્ય શહેરો સાથે હરિદ્વારને સાંકળે છે. નજીકનું હવાઈ મથક જૌલી ગ્રાન્ટ, દહેરાદૂન ખાતે આવેલું છે. પરંતુ નવી દિલ્હી ખાતે આવેલા ઇંદિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાની મથકને પ્રાથમિકતા આપવામાં આવે છે. કચ્છી યાત્રાળુઓનું હરિદ્વારમાં જાણીતું - માનીતું સ્થળ એટલે શ્રી કચ્છી લાલરામેશ્વર આશ્રમ. કચ્છીઓ અહીં જ રોકાણ પસંદ કરે છે, અહીં રહેવા-જમવાની અને વાલરામજી ઘાટે ગંગાસ્નાન કરવાની ઉત્તમ સુવિધા સાંપડે છે. (સરનામું : શ્રી કચ્છી આશ્રમ, ભારતમાતા મંદિર પાસે, સપ્ત સરોવર માર્ગ, હરિદ્વાર, ઉત્તરાખંડ રાજ્ય પીન : ૨૪૯ ૪૦૧. ફોન : ૦૯૨૧૯૪ ૬૦૬૨૧, ઈ-મેઈલ : klra@kutchiashram.org)

- **અંતર :**

હરિદ્વારથી જોડિયું પવિત્ર નગર ઋષિકેશ ૨૪ કિ.મી., ઉત્તરાખંડ રાજ્યનું પાટનગર દહેરાદૂન ૫૪ કિ.મી., ગિરિમથક મસુરી ૮૯ કિ.મી., ગિરિમથક નૈનીતાલ ૨૨૪ કિ.મી., દિલ્હી ૨૫૧ કિ.મી., યમુનોત્રી ૨૬૨ કિ.મી., ગંગોત્રી ૨૭૩ કિ.મી., કેદારનાથ ૨૪૮ કિ.મી. અને બદ્રીનાથ ૩૨૬ કિ.મી. અંતરે છે.

*બી/૧, પ્લોટ-૧૭૨, ઓધવવિલા, આઈયા નગર,*
*મુંદ્રા રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૩૦૧૫૩*
*મો. ૯૪૨૮૮ ૧૯૪૫૩*

## ક્ષતિ-સુધાર

આ મુખપત્રના માસ જુલાઈ-૨૦૧૩ના અંકમાં પાના નંબર-૩૮ ઉપર સંસ્થાના ગવર્નિંગ બોર્ડના સભ્યો - ટ્રસ્ટીઓની યાદીમાં ક્રમાંક-૧ નામની આગળ "સ્વ." છપાયેલ છે, તેના બદલે ક્રમાંક-૨ ના નામની સાથે હોવું જોઈએ.

## કચ્છના મૂર્ધન્ય સાહિત્યકાર

**(અનુસંધાન : પાના નં.-૫૮ ઉપરથી ચાલુ)**

ઈ.સ. ૧૯૭૭ માં નૂતનબહેન મહેતા સાથે તેમના લગ્ન થયા. અત્યંત સાહિત્ય રસિક, કોલમિસ્ટ નૂતન બહેનનું શાણપણ, સમયોચિત વાત અને રીતભાત અનેરાં છે. ધીરેન્દ્રભાઈની પ્રગતિમાં તેમનો અને ડૉ. પુત્રી વેણુ, એન્જિનિયર પુત્રી શાલ્મલીનો અનુપમ આગવો પડછાયા સમો સુંદર ફળીભૂત ફાળો છે.

ટૂંકી વાર્તા અંગેની કેફિયતમાં તેમણે લખ્યું છે કે, "અરે! કોઈકવાર તો ત્રાંસી પડેલી મારી વ્હીલ ચેર કે ખૂણામાં પડેલી મારી કાંખ ઘોડીઓ કે ઊભા રહેલા મારા કેલીપર્સ જોઉં ને મારે છતે મારી ગેરહાજરી અનુભવું. ને લખલખું પસાર થઈ જાય!" જીવનનો પ્રત્યક્ષ ઊંડો અનુભવ એમને જરૂર ખપ લાગ્યો છે. **ચિન્હ, દિશાંતર અને છાવણી આ ત્રણેય શાશ્વત કૃતિઓ ઘણુ કહી જાય છે. ભંડારી ભવન, અદશ્ય ૧૯૮૦, આપણે લોકો ૧૯૮૫, કાવેરી અને દર્પણ લોક ૧૯૮૮, ધારણા ૧૯૯૦, ઘર ૧૯૯૫, ખોવાઈ ગયેલી વસ્તુ ૨૦૦૧, એ એમની અનન્ય નવલકથા છે.**

વરસાદના દિવસોમાં કોલેજની લોબીમાં, ચીકાશમાં કાંખ ઘોડીએ બેલેન્સ ગુમાવ્યું અને તે ક્ષણે ચત્તાપાટ જમીન પર પટકાયેલા શ્રી ધીરેન્દ્રભાઈને હાથ પકડી ઊભા કરવા જતાં પહેલાં જ આછું સ્મિત કરીને તરત જ આત્મબળે લોબીની પાળીના ટેકે ઊભા થઈ ગયા. એ દશ્યથી હું તેમના વીલપાવરથી અંજાઈ ગયો. આજે પણ અનેક ભૂતપૂર્વ સાહિત્યકારો, કવિઓના સુખદ સંભારણા સમાન તેમના આવાસો, તેમની સાહિત્ય સામગ્રીઓ, તેમને ખપમાં આપેલી ચીજવસ્તુઓ, તેમના નિવાસ સ્થાનોએ સંગ્રહાયેલી છે. તેમ ભુજમાં હોસ્પિટલ રોડ પર શ્રી ધીરેન્દ્રભાઈ મહેતાનું નિવાસ સ્થાન "જીવન છાયા" મુલાકાતીઓને તેમના જીવનમાં સુખની છાયા અવશ્ય બક્ષશે. શ્રી ધીરેન્દ્રભાઈની માનવીય સુગંધ તેમાં અવિરત લહેરાતી રહેશે.

*'સહજાનંદ', ૬-એ, લીમડા લેન,*
*સ્વામિનારાયણ વિદ્યાલય રોડ,*
*સંસ્કાર નગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

*લોકો યાદ કરે તેવું જીવન જીવો.*

તંદુરસ્તી

# પ્રસૂતિ બાદ હતાશાની બીમારી

• ડૉ. મણિલાલ ગડા – ડૉ. દીપ્તિ શાહ (ગડા) •

આગળના લેખમાં આપણે "પ્રસૂતિ બાદ હતાશાની બીમારી"ના કેસ (૨૯ વર્ષની આશાનો કેસ) વિષે ચર્ચા કરી. આ લેખમાં બીમારી વિષે ઊંડાણમાં જાણકારી મેળવીએ.

સમય સમય પર થતા આધુનિક સંશોધનો પ્રમાણે વિશ્વ આરોગ્ય સંસ્થા (World Health organization) આંતરરાષ્ટ્રીય વૈદ્યકીય વર્ગીકરણ (International classification of diseases KD) પુસ્તક બહાર પાડે છે આ પુસ્તકમાં શારીરિક રોગો તથા મનના રોગો વિષે ઊંડાણમાં જાણકારી હોય છે. હાલમાં આ પુસ્તકની દસમી આવૃત્તિ (KD - 10) અમલમાં છે.

આ પુસ્તકમાં પ્રસુતિ બાદ હતાશાની બીમારીનું એક અલગ બીમારી તરીકે વર્ણન કર્યું છે.

- **પ્રસૂતિ બાદ હતાશાની લાગણી :**

સર્વેક્ષણો દ્વારા માહિતી મળે છે કે ૧૦૦ પ્રસુતિમાં ૬૫ - ૭૦ મહિલાઓને પ્રસૂતિ બાદ હતાશાની લાગણી થાય છે. આ હતાશાની લાગણી થોડોક સમય (૮ થી ૧૦ દિવસ) સુધી રહે છે ત્યારબાદ મહિલા નોરમલ થઈ જાય છે. આ હતાશાની લાગણી માટે મેડિકલ સારવારની જરૂર નથી. લક્ષણો નીચે મુજબ છે.

**શારીરિક લક્ષણો** : (૧) માથું ભારી ભારી લાગે છે. (૨) થાક લાગે, (૩) અશક્તિ લાગે, (૪) ભૂખ અનિયમિત લાગે, (૫) ઊંઘ અનિયમિત થઈ જાય, (૬) શરીરમાં કળતર થયા કરે.

**માનસિક લક્ષણો** : (૧) હતાશા નિરાશા લાગે, (૨) મન ચિંતિત રહે, (૩) મનમાં વિચારો આવે કે હું મારા બાળકનું ધ્યાન રાખી શકીશ કે નહીં? (૪) યોગ્ય રીતે બાળકને ઉછેરી શકીશ? (૫) આત્મવિશ્વાસ ઓછો થઈ જાય, (૬) પ્રસૂતિ બાદનું કાર્ય બોજારૂપ લાગે (પરંતુ મહિલા બધું જ કાર્ય યોગ્ય રીતે કરી શકે)

ધીમે ધીમે ઉપરોક્ત લક્ષણો ઓછા થઈ જાય. દસેક દિવસમાં ઉપરોક્ત લક્ષણો કાબૂમાં આવી જાય તથા બધું જ નોરમલ થઈ જાય. આ હતાશાની લાગણી માટે મેડિકલ સારવારની જરૂરત નથી.

- **પ્રસૂતિ બાદ હતાશાની બીમારી :**

સંશોધનના સર્વેક્ષણોના તારવણી મુજબ ૧૦૦ પ્રસુતિમાં ૧૦ થી ૧૫ મહિલાઓને પ્રસૂતિ બાદ હતાશાની બીમારી થાય છે.

(૧) હતાશાની બીમારીના લક્ષણો બે અઠવાડિયાથી વધારે સમય રહે છે. (૨) લક્ષણોનું પ્રમાણ વધારે હોય છે. (૩) મહિલાને રોજિંદુ કાર્ય કરવામાં તકલીફ થાય છે. ઘણી વખત રોજિંદુ કામ પડ્યું રહે છે, થતું નથી (૪) મેડિકલ સારવાર - મનોચિકિત્સાની જરૂરત છે. એના વગર લક્ષણો કાબૂમાં આવતા નથી.

- **લક્ષણો :**

### (૧) શારીરિક લક્ષણો :

૧. **માથાનો દુઃખાવો** : માથાનો દુઃખાવો થાય, માથું ભારી ભારી લાગે.

૨. **થાક લાગે** : જલદી થાકી જવાય, સવારના ઊંઘમાંથી ઊઠીને જ થાક લાગે.

૩. **નબળાઈ અશક્તિ લાગે** : થોડુંક ચાલવાથી કે થોડુંક જ કામ કરવાથી થાક લાગે, અશક્તિ લાગે. ઘણી વખત કોઈપણ શારીરિક શ્રમ ન કરવા છતાં અશક્તિ લાગે

૪. **ભૂખ ઓછી થઈ જાય** : જમવામાં રૂચિ ન રહે

૫. **શરીરમાં કળતર** : હાથપગમાં દુઃખાવો રહે, આખું શરીર દુખ્યા કરે, કમરમાં દુઃખાવો થાય.

૬. **અનિંદ્રા** : ઊંઘ અનિયમિત થઈ જાય. ઘણી વખત રાત્રે મોડેથી ઊંઘ આવે. સવારમાં પરોઢિયે ઊંઘ વહેલી ઊડી જાય અને પછી ઊંઘ ન આવે.

૭. **ગભરામણના હુમલાઓ (Panic Attacks) :** વારંવાર ગભરામણ થાય, ધબકારા વધી જાય, છાતીમાં દુઃખાવો થાય, પરસેવો થાય, મુંઝારો થાય, હમણાં જ કાંઈ થઈ જશે. થોડા સમયમાં બધું જ નોરમલ થઈ જાય, શારીરિક તપાસ (કાર્ડિયોગ્રામ, સ્ટ્રેસ ટેસ્ટ, એન્જિયોગ્રાફી વગેરે) બધું જ નોરમલ આવે.

### (૨) મનના લક્ષણો :

૧. **ઉદાસ મન** : મન ઉદાસ રહે, હતાશા, નિરાશા રહે, આનંદ, ખુશી મહેસૂસ ન થાય. મનોબળ ઓછું થઈ જાય. વચ્ચે વચ્ચે સારું લાગે પણ વધારે સમય હતાશા રહે.

૨. **રસ ઊડી જવો** : ખાવાપીવામાં, મોજશોખના વિષયોમાં રસ ઊડી જવો. કોઈપણ બાબતમાં મન ન લાગે.

૩. **વારંવાર રડવું** : પોતાની લાગણીઓ પર કાબૂ ન રહે, વારંવાર રડવું આવે.

૪. આત્મવિશ્વાસ ઓછો થાય.

૫. **એકાગ્રતાનો અભાવ** : કામમાં એકાગ્રતા ન રહે, નાની નજીવો ભૂલો થાય.

૬. **ચીડિયાપણું** : નજીવી નાની બાબતમાં ગુસ્સો આવી જાય. પછી મહિલા ગુસ્સો કર્યા બદલ પસ્તાય. અવાજ ઘોંઘાટ સહન ન થાય.

૭. **નકારાત્મક વિચારો આવે** : ખોટા, નકામા વિચારો આવે, વિચારો પર મહિલાનો કાબૂ ન રહે.

૮. **નિર્ણય શક્તિની અક્ષમતા** : જલ્દી નિર્ણય ન લઈ શકે, નિર્ણય લેવામાં

*મનુષ્યનું પ્રથમ કર્તવ્ય જ્ઞાન મેળવવાનું અને બીજું લોક કલ્યાણનું છે.*

ઢીલ કરે, બીજા કહે એ પ્રમાણે કરે.

૯. **અયોગ્ય, અકારણ ચિંતા :** ખોટી, અકારણ ચિંતા થયા કરે, ઘરની વ્યક્તિને ઘરે આવતા ૫-૧૦ મિનિટ પણ મોડું થાય તો ચિંતા કર્યા કરે કે વ્યક્તિ ક્યારે આવશે. એ વ્યક્તિને ફોન કરે કે ક્યારે ઘરે આવશે વગેરે. ભવિષ્યની ખોટી ચિંતા કરે, રાઈનો પહાડ બનાવે.

૧૦. **નવજાત શિશુની અકારણ ચિંતા :** મહિલાને પોતાના પર આત્મવિશ્વાસ ન રહે. એને થયા કરે કે એ માતા તરીકે નવજાત શિશુનું યોગ્ય ઉછેર તથા માવજત નહીં કરી શકે. પોતે માતા તરીકે લાયકાત ધરાવતી નથી, કુટુંબીજનોને વારંવાર વિનંતી કર્યા કરે કે તમે મારા બાળકને સાચવજો, મોટો કરજો વગેરે.

૧૧. અપરાધભાવ તથા આત્મહત્યાના વિચારો આવે.

- **નિદાન :**

પ્રસૂતિ બાદના મહિનામાં મહિલા ઉપરોક્ત શારીરિક લક્ષણોની ફરિયાદ કરતી હોય ત્યારે ઉપરોક્ત મનના લક્ષણો વિષે જાણકારી મેળવવી જરૂરી છે.

મહિલા મનના લક્ષણો વિષે ફરિયાદ કરતી હોય ત્યારે એ લક્ષણોને મહત્ત્વ આપી મનોચિકિત્સકનો અભિપ્રાય લેવો ખૂબ મહત્વનું છે જેથી યોગ્ય નિદાન તથા સારવાર કરી શકાય.

- **બીમારીના કારણો :**

૧. **અનુવાંશિકતા (Genetic) :**

ડાયાબિટીસની જેમ હતાશાની બીમારી વારસાગત છે. હતાશાની બીમારીના મહિલાના મા-બાપ, ભાઈ-બહેન, કાકા, મામા, ફૂઈ, માસી, તથા એમના સંતાનોમાં (લોહીનો સંબંધ ધરાવનાર કુટુંબીજનોમાં કાકી, મામી, ફૂઆ, માસામાં નહીં) હતાશાની બીમારી હોવાની શક્યતા વધારે છે.

૨. **શારીરિક કારણો (Biological) :**

ગર્ભાવસ્થા તથા પ્રસૂતિ દરમ્યાન મહિલાના શરીરમાં હોર્મોન્સના ફેરફારો થાય છે. આ ફેરફારોને લીધે શરીરના અન્ય અવયવોમાં પણ ફેરફારો થાય છે જેથી મહિલા ગર્ભાવસ્થા તથા પ્રસૂતિ દરમ્યાન શરીરથી તથા મનથી તંદુરસ્ત તથા સ્વસ્થ રહી શકે જેને લીધે પ્રસૂતિ નોરમલ થાય. પ્રસૂતિ બાદ આ ફેરફારો પૂર્વવત નોરમલ થાય છે.

હોર્મોન્સના આ ફેરફારોમાં વધઘટ થઈ જાય અથવા અનુવાંશિક પરિબળ મહિલામાં હોય ત્યારે પ્રસૂતિ બાદ હતાશાની બીમારી થાય છે.

૩. **વ્યક્તિત્વનું પરિબળ (Psychological) :**

મહિલાનો સ્વભાવ સંવેદનશીલ - લાગણીશીલ હોય છે. નિરાશાજનક લાગણીઓને વ્યક્ત કરવાની અણઆવડત તથા તેવી અવ્યક્ત નકારાત્મક લાગણીઓને દબાવી દેવાની વૃત્તિ હોય છે. નિરાશાજનક પ્રંસગોનો સામનો કરવાના પૂરતા મનોબળનો અભાવ હોય છે. યોગ્ય રીતે "ના" પાડવાની કળા નથી હોતી. વ્યક્તિગત સંબંધોમાં અવારનવાર થતી ગેરસમજ, તકરારો તથા ચકમક મહિલાને હતાશાની બીમારી તરફ ધકેલે છે.

નજીવી બાબતોમાં અકારણ ચિંતા તથા સ્ટ્રેસ લે છે. આગળથી પ્રસંગોમાં નકારાત્મક પરિણામ આવશે એવું સમજી લે છે અને આ નકારાત્મક સમજણ યોગ્ય છે તથા એના પરિણામ વિષે નકારાત્મક વિચારી પત્તાનો મહેલ ઊભો કરે છે.

૪. **સામાજિક ઘટનાઓ :**

પોતાના અંગત સ્વજનનું અવસાન કે ગંભીર બીમારી, માનભંગ કે પ્રતિષ્ઠાભંગનો બનાવ કે ઘટના, સ્વજનના ધંધામાં નિષ્ફળતા વગેરે ઘટનાઓ મહિલાને પ્રસુતિ બાદ હતાશાની બીમારીના રોગી બનાવે છે.

અનુવાંશિક કારણો, શારીરિક કારણો, વ્યક્તિત્વનું પરિબળ તથા સામાજિક ઘટનાઓ, એક સાથે કે અલગ અલગ રીતે ઉપસ્થિત થતાં પ્રસૂતિ બાદ હતાશાની બીમારી ઉદ્‌ભવે છે.

ઉપરોક્ત કારણોને લીધે મનના અવયવોમાં (લિમ્બિક સિસ્ટમ રાસાયણિક (ન્યુરોટ્રાન્સમીટર્સના) ફેરફારો થાય છે. જે પ્રસૂતિ બાદ હતાશાની બીમારીના લક્ષણો પ્રદર્શિત કરવામાં કારણભૂત બને છે.

- **સારવાર :**

૧. **દવાઓ :** હતાશા પ્રતિરોધક દવાઓ આપવામાં આવે છે. આ દવાઓ મનના અવયવોમાં (લિમ્બિક સિસ્ટમ) થયેલા રાસાયણિક (ન્યુરોટ્રાન્સમિટર્સના) ફેરફારોને નોરમલ કરે છે. આથી ધીમે ધીમે રોગના લક્ષણો પર કાબૂ મેળવાય છે. હતાશા ઓછી થાય છે, આત્મવિશ્વાસ વધે છે.

૨. **મનોવિશ્લેષણ કાઉન્સેલિંગ :** કાઉન્સેલિંગ દ્વારા હતાશાની બીમારી તરફ ધકેલનારા ખામીયુક્ત વ્યક્તિત્વ તથા સામાજિક વ્યવહાર અને અન્ય પરિબળોની મહિલા જોડે નિખાલસ ચર્ચા કરવામાં આવે છે. આને લીધે મહિલાના વ્યક્તિત્વ તથા વલણમાં જરૂરી પરિવર્તન આવે છે. મહિલા માનસિક તથા સામાજિક પરિબળોનો યોગ્ય સામનો કરી શકે છે, સ્ટ્રેસનું યોગ્ય નિવારણ કરી શકે છે.

૩. **સ્વજનો તથા કુટુંબીજનોનો સાથ અને સહકાર :** સ્વજનોએ મહિલાને સહાનુભૂતિપૂર્વક સમજવાની કોશિશ કરવી જોઈએ. મહિલાના ગમા, અણગમા, અપેક્ષાઓને ધ્યાનમાં રાખી વર્તણૂક કરવી જોઈએ. વાણીમાં સંયમ કેળવવો જોઈએ. મહિલાને સ્વજનોની હૂંફ મળવી જોઈએ.

- **સારાંશ :**

પ્રસૂતિ બાદના એક મહિનાના સમયમાં શારીરિક લક્ષણો હોય ત્યારે મનના લક્ષણો વિષે જાણકારી મેળવવી અગત્યની છે. મનના લક્ષણો હોય ત્યારે મનોચિકિત્સકનો અભિપ્રાય લેવો જરૂરી છે. યોગ્ય નિદાન તથા મનોચિકિત્સા કરવી અગત્યની છે જેથી નવજાત શિશુ તથા બાળકનો યોગ્ય ઉછેર અને માવજત કરી શકાય.

*મનોસ્મૃતિ પોલીક્લિનિક 'પ્રભુકૃપા'*
*એલ.બી.એસ.માર્ગ*
*સર્વોદય હોસ્પિટલની અને હોટલ રાધાકૃષ્ણની બાજુમાં,*
*ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૬.*
*ફોન : (૦૨૨) ૨૫૧૪૮૮૫૯*

*પ્રજા પ્રેમી અને દયાળુ વ્યક્તિ જ શાસનની હક્કદાર.*

વાર્તા

# માતૃત્વની મનેય ઝંખના છે, પણ.....

• ડૉ. ઊર્મિલા શાહ •

"સુનિતા... હવે કોઈ વિચાર કર્યો? આમ ને આમ ક્યાં સુધી રાહ જોશો?"

"શાની વાત કરો છો, બા?"

"લે... મને પૂછે છે શાની વાત કરો છો? પરણ્યે પાંચ પાંચ વરસ થયાં પણ હજીય ખોળો ભરાયો નથી ને તોય તમારા પેટનું પાણીય હલતું નથી! આ નાની ઉંમરમાં છોકરાં થઈ જાય ને તો ક્યાં ઊછરી જાય એ ખબરેય ન પડે... છોકરાં મોટાં કરવાં એ કંઈ સહેલી વાત નથી. પછી મોટી ઉંમરે છોકરા થાય એટલે એને મોટાં કરતાં તો મુશ્કેલી, પણ પછી એને ભણાવી ગણાવીને ઠેકાણે નહીં પાડવાનાં? મને તો એટલી ચિંતા થાય છે કે રાત પડે ઊંઘેય આવતી નથી. બિચારા સુનીલનું શું થશે? અત્યારે તો ઠીક છે જુવાનીના જોરમાં હાથ બાવડામાં જોર છે ત્યાં સુધી કશી ખબર નહીં પડે. પણ પછી ઉંમર થાય ત્યારે એને બિચારાને ટેકો કોનો? એકલો પંડ શું કરી શકવાનો? આ તમે બધાં બહુ ભણેલાગણેલાં પણ પોતાનાં ભવિષ્યનો ય વિચાર ન કરો? ને પાછાં કહેશો "અમે સુધરેલા" અરે! શું ધૂળ સુધરેલા! છોકરા વિનાનું તે કંઈ ઘર હોય! આ ઘર તો જાણે મને ખાવા ધાય છે. તારે તો આખા દહાડામાં મોંમાંથી હરફેય બોલવાનું નહીં. સુનીલ તો એના કામધંધામાં. ઘરમાં છોકરાં હોય તો કંઈક વસ્તી ય લાગે. આ તો ઘર ભેંકાર લાગે છે, ભેંકાર. ના હોય તો કોઈ સારા ડૉક્ટરને બતાવી આવો. સુનીલને તો બિચારાને કામ આડે ટાઈમ મળતો નથી. પણ તું તો ભણેલીગણેલી છે. એકલી ડૉક્ટર પાસે ન જઈ શકે? જઈને પૂછો તો ખરા? કે આમ પાંચ પાંચ વર્ષ કેમ કોરાં ગયાં છે? પણ અંદરથી હાલે તો ને? ના, ના, આ તો બધી ચિંતા મને એકલીને છે. સંસાર તમારો ને ચિંતા મારે કરવાની. કોણ જાણે શું કરું એ જ સમજ નથી પડતી."

સુનિતા બાનું આ એકધાર્યું ભાષણ સાંભળી રહી હતી. એ જાણતી હતી કે બાને ક્યારેય કોઈ જવાબ આપી શકાય જ નહીં. પરણીને આવી ત્યારથી તેણે બાનો પડ્યો બોલ ઝીલ્યો હતો. કારણકે તે જાણતી હતી કે બાનો સ્વભાવ ઉગ્ર છે. "રાત કહે તો રાત ને દિવસ કહે તો દિવસ." એમની સાથે જો રહેવું હોય તો એની 'હા'માં હા કરવી જ પડે. ઘણી વાર, અરે! ઘણી વાર શું? લગભગ રોજ જ બા સાથે તેને મતભેદ થતા. આ ઘરમાં બા આવ્યાં ત્યારથી તેમણે એકહથ્થુ સત્તા ભોગવી હતી અને એટલે એમનો પડ્યો બોલ ઝિલાય એવી એમની સતત અપેક્ષા રહેતી. બા પરણીને આવ્યાં ત્યારે તો તેમને સાસુ હતાં નહીં. એટલે એ તો ક્યારેય કોઈના હાથ નીચે રહ્યાં જ ન હતાં. તેમને શું ખ્યાલ આવે કે તેમની આ જોહુકમી ને આ વર્તનની અસર સામા પર કેટલી ને કેવી થતી હશે? સુનિતા ઘણી વાર મૂંઝાતી, અકળાતી, કંટાળતી. ક્યારેક સુનીલ આગળ મન હળવું કરવા પ્રયત્ન કરતી તો સુનીલ એકદમ તેની પર અકળાઈ ઊઠતો. 'આ ઘરમાં રહેવું હોય તો બાનું માન તો રાખવું જ પડશે. તને ખબર છે સુનિતા? બાએ કેટકેટલાં દુ:ખ વેઠીને અમને મોટાં કર્યાં છે! વડીલ છે. ક્યારેક બે શબ્દો કહે પણ ખરાં. એમાં ખરાબ શું લગાડવાનું? આખરે તો તે તારા સારા માટે જ કહે છે ને! તું એટલું કેમ નથી સમજતી?"

"પણ સુનીલ, વાંક ન હોય ત્યારે પણ?"

"તું કહે છે ને કે વાંક ન હોય ત્યારે પણ? પણ માણસને ક્યારેય તેની પોતાની ભૂલ કે વાંક દેખાય છે ખરો? તું થોડી પોઝિટિવ એટીટ્યુડ રાખતાં શીખ. મને આ કકળાટ ગમતો નથી. તમને લોકોને બૈરાંઓને આ સિવાય કશું સૂઝતું જ નથી." ને એ સાંભળી સુનિતા રડી પડી. એક તો બાના ઉગ્ર સ્વભાવને કારણે સવારથી સાંજ એમનાથી બીતાં બીતાં જ રહેવાનું. ક્યારે, ને ક્યાં બાને સહેજ વાતમાં વાંકું પડી જાય તે સમજ જ ન પડે. ને સહેજ વાંકું પડતામાં તો તે જાણે ઘડીવારમાં એવા ઉગ્ર બની જાય કે જાણે પળવારમાં કોડીના કરી નાખે. અરે! તે દિવસે નીલામાસીની હાજરીમાં ય મને કેવી ધમકાવી નાખી હતી? વગર વાંકે. મને એમ કે સુનીલ ઓફિસેથી આવશે એટલે ગરમ રોટલી કરીને જમાડીશ. પણ એ દિવસે મારા કમનસીબે સુનીલને કોઈ મીટિંગ અચાનક આવી ગઈ. ને એટલે ઘરમાં પેસતાવેંત એમણે જમવાની ઉતાવળ કરી. હું રોટલી ઉતારું એટલી તો વાર થાય ને! પણ એટલી વારમાં તો સુનીલે ધમાધમ કરી મૂકી ને બા એ બધું જોઈ અકળાઈ ગયા મારી ઉપર. નીલામાસી મળવા આવીને બેઠાં હતાં. તેમના દેખતાં જ એ તો બોલવા માંડ્યા, 'પોતાના ધણીની સગવડ નથી સાચવી શકતાં તો બીજાનું તો શું કરવાના? સાવ ફૂવડ જેવી છે... સવારથી ઊઠીને જાણે શું કરો છો તે જ ખબર નથી પડતી ને! ચાર રોટલી કરીને મૂકતાં શું થાય છે. જાણે તો છે કે સુનીલને બપોરે ઑફિસે જવાની ઉતાવળ હોય છે. પછી સમજ ન પડે? આખો દિવસ શું કહે કહે કરવાનું? પાછું કહીએ એ તો તમને ગમે નહીં." ને નીલામાસીના દેખતાં જ આ બધું ચાલ્યું. મને ખૂબ દુ:ખ થયું. બહારના માણસ મારી શું કિંમત આંકે? હું કાંઈ સાવ અભણ ને અબુધ તો નથી. મને મારું સ્વમાન ન હોય? એમનું માન સાચવવા હું હરફેય બોલી નહીં. પણ મારે માટે કોઈની હાજરીમાં આ બધું સહન કરવું ખૂબ મુશ્કેલ હતું. મનેય મારું સ્વમાન ન હોય! મારો અહમ્ ન હોય! અરે! આપણે ત્યાં નોકરી કરતો હોય એવા નોકરચાકરનેય કશું જ કહેવાતું નથી. સહેજ રોકટોક કરીએ છીએ તો એય નોકરી છોડીને જતો રહે છે, પણ હું તો પરણીને અહીં આવી છું. હું ઘર છોડીને ક્યાં જવાની છું? ને આ તો કંઈ એક દિવસનું ઓછું જ છે? આવા

*દુન્યવી વસ્તુઓમાં સુખની શોધ વ્યર્થ છે, આનંદનો ખજાનો તો તમારી અંદર જ હોય છે.*

પ્રસંગો તો રોજેરોજ બને છે. રોજ જ કંઈ ને કંઈ રોકટોક, કંઈ કકળાટ હોય છે. સવારે ઊઠું ત્યારથી જાણે બાથી હું બીતી ને ફફડતી હોઉં છું. ક્યારેક સહેજ ભૂલ થઈ જાય ને તો તો જાણે મારા માથે આભ જ તૂટી પડે છે.

તમે માનશો? જમવા બેસું છું ત્યારે આ માનસિક ભારને કારણે ખાવામાં સ્વાદ સુદ્ધાં નથી લાગતો. પેટનું ભાડું ચૂકવવા માટે જ જાણે હું ખાતી ન હોઉં? થાળીમાં બે શાક, કચુંબર, ફરસાણ બધુંય હોય પણ હું આ ઘરનું ખાવાનું ક્યારેય શાંતિથી ખાઈ નથી શકી. બકરીને લીલું ઘાસ નીર્યું હોય પણ સામે જ વાઘ બાંધ્યો હોય તો એ ઘાસ ખાઈ કેવી રીતે શકે? મારી ય દશા આવી જ છે. બહારનાં સૌ લોકો સમજે છે કે 'સુનિતા ખૂબ સુખી છે. આટલું સારું ઘર, આવો હોશિયાર વર. સુનિતાએ તો પાંચે આંગળીએ ભગવાન પૂજ્યા છે.' મમ્મી-પપ્પા પણ એક જ રટણ કરે છે કે હવે સુનિતાને દિવસ ચડે એટલે ભયોભયો. પણ હું મારા મનની વ્યથા કોને કહું? કોની આગળ જઈ મારા અંતરની વાત કરું? મારા અંતરનો વિસામો હું સુનીલમાં શોધતી હતી. પણ બાના આ ઉગ્ર સ્વભાવથી હું હારતી, કંટાળતી ને ક્યારેક સુનીલને વાત કરું તો એ ખૂબ ગુસ્સે થઈ જાય છે. એમને મન તો બા એટલે સર્વસ્વ. બાનું, બા વિષેનું કશું જ એ સાંભળવા તૈયાર નથી હોતા. ને ત્યારે મારા મનમાંય ક્યારેક વંટોળ જાગે છે. મારું મન મને પૂછે છે કે "હું શું કરવા સુનીલને પરણીને આ ઘરમાં આવી છું? સુનીલને જો બા જ સર્વસ્વ હતાં તો નાહકનાં મારી સાથે લગ્ન જ શું કામ કર્યા? હુંય મારા મા-બાપ છોડી અહીં આવી છું. કોને માટે? સુનીલના સહારા વિના હું કેવી રીતે જીવી શકું? પણ સુનીલ એ સમજે છે ખરા? એ મને પ્રેમ નથી કરતા એવું સાવ તો નથી જ. પણ મારા અકળાયેલા, મૂંઝાયેલા મનને સાંત્વન આપવા તેમણે ક્યારેય વિચાર કર્યો છે ખરો? આખો દિવસ એમના વ્યવસાયમાં વ્યસ્ત રહેતાં સુનીલને ક્યાંથી ખબર પડે કે મારો આખો દિવસ કેવી રીતે વીતે છે? મને ક્યારેક તો જાણે સોનાના પીંજરામાં પૂરેલ એક પંખી હોઉં એવો અહેસાસ થાય છે, પાંખો ફફડાઉં છું, ઊડવા પ્રયત્ન કરું છું, પણ ક્યાં ઊડું? કેવી રીતે ઊડું? મુક્તિ મારા નસીબમાં જ ક્યાં છે?"

અને આજે બાએ જ્યારે મને બાળક માટે પૂછ્યું ત્યારે? "ન હોય તો ડૉક્ટરને બતાવો." હું ત્યારે મનમાં ને મનમાં સમસમી ઊઠી. "આમાં ડૉક્ટર શું કરશે? મારા હૃદયને જ જ્યાં 'હાશ' નથી, શાંતિ નથી ત્યાં સુધી હું બાળક માટે તો વિચાર જ કઈ રીતે કરી શકું? સુનીલ મને પ્રેમ આપે પણ મારું મન જ જો સ્વસ્થ ન હોય, તો એ પ્રેમનો અર્થ પણ શો? અને મનની જ જો શાંતિ ન હોય, મન જ જો પ્રફુલ્લિત ન હોય તો મારા ઉદરમાં ય સુનીલે રોપેલ બીજનું અંકુર ક્યાંથી વિકસવાનું છે! માનસિક અવસ્થાની અસર શરીર પર પડ્યા વિના ક્યારેય રહેતી નથી. આટલા અસ્વસ્થ મન સાથે ડૉક્ટરની ટ્રીટમેન્ટ કે દવાય શું અસર કરશે? ને તેથીય વધુ તો મને એ વિચાર આવે છે કે હું તો આવી અસ્વસ્થ અવસ્થામાં જીવું છું. હું મારા બાળકને સુખ કે શાંતિ કેવી રીતે આપી શકીશ? બાળકને જન્મ આપીને જો તેને સારી રીતે ઊછેરી શકવાની ન હોઉં તો તો હું ઈશ્વરની ગુનેગાર જ કહેવાઉં. ના, ના, એના કરતાં તો બહેતર છે કે હું મા ન જ બનું. માનસિક સ્વસ્થતા હું મેળવી ન શકું ત્યાં સુધી તો મને મા બનવાનો અધિકાર જ નથી, પણ મારા હૃદયનો આ વંટોળ સુનીલ સાંભળશે ખરો? બાને તો હું શું કહું? કેવી રીતે કહું?

*૨૫, પાર્થ બંગ્લોઝ, એસ.જી. હાઈવે,*
*અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૯૭૯૨ ૩૦૪૦૪*

## નોકરી શોધવામાં નિષ્ફળતા મળે ત્યારે

ભૂતપૂર્વ અમેરિકન પ્રમુખ હર્બટ હુવરે યુવાનીમાં ઘણો સંઘર્ષ કરવો પડ્યો હતો. તેમણે એન્જિનિયરિંગ કોલેજમાં ડિગ્રી લીધા પછી તેઓ નોકરી શોધી રહ્યા હતા એ દિવસોમાં તેઓ એક જાણીતા અમેરિકન ઉદ્યોગપતિ પાસે નોકરી માગવા ગયા. હુવરે લૂઈ જેનિનન નામના એ ઉદ્યોગપતિ પાસે જઈને કહ્યું કે, 'હું એન્જિનિયર બની ગયો છું પણ મને ક્યાંય નોકરી મળી નથી. તમારી કંપનીમાં એન્જિનિયરની જગ્યા ખાલી હોય તો મને તક આપશો?'

એ ઉદ્યોગપતિએ હુવરને કહ્યું, મારી કંપનીમાં એન્જિનિયરની જગ્યા ખાલી નથી એટલે હું તમને મદદરૂપ થઈ શકું એમ નથી. પણ મને એક ટાઈપિસ્ટની જરૂર છે. તમને ટાઈપિંગ ફાવતું હોય તો હું તમને નોકરી આપી શકું.

હુવરે એ ઉદ્યોગપતિનો આભાર માનીને કહ્યું કે મને એ નોકરી કરવામાં રસ છે પણ હું ચાર દિવસ પછી ફરજ પર આવી શકું એમ છું, જો તમે મંજૂરી આપતા હો તો. ઉદ્યોગપતિએ કહ્યું, ઠીક છે. તમે ચાર દિવસ પછી ફરજ પર આવી જજો મને વાંધો નથી.

હકીકતમાં હુવરને ટાઈપિંગ આવડતું નહોતું. પણ તેમણે નિશ્ચય કર્યો હતો કે પોતે ચાર દિવસમાં ટાઈપિંગ શીખી લેશે. તેમણે એક મિત્ર પાસેથી ટાઈપરાઈટર ઉછીનું લીધું અને તેઓ દિવસના અઢાર કલાક ટાઈપિંગની પ્રેક્ટિસ કરવા માંડ્યા.

ચાર દિવસ બાદ હુવર ઉદ્યોગપતિ લૂઈ જેનિનન પાસે પહોંચી ગયા. તેમણે કહ્યું કે, હું ફરજ પર આવી ગયો છું ઉદ્યોગપતિએ ચકાસણી કરવા તેને એક પત્ર ટાઈપ કરવા આપ્યો.

કુવરે પત્ર ટાઈપ કરીને તેમને આપ્યો. લૂઈ જેનિનન એ પત્ર ધ્યાનથી વાંચી ગયા પણ તેમને એમાંથી એક પણ ભૂલ મળી નહીં.

જેનિનને હુવરને પૂછ્યું, 'તમે એ દિવસે જ કેમ નોકરી પર ન લાગી ગયા?'

હુવરે કહ્યું કે એ દિવસે મને ટાઈપિંગ આવડતું નહોતું એટલે મેં ટાઈપિંગ શીખવા ચાર દિવસનો સમય માગ્યો હતો.

ઘણા યુવાનો ડિગ્રીના પતાકડા લઈને નોકરી શોધવા માટે કોશિશ કરતા હોય છે અને નોકરી ન મળે એથી નિરાશ થઈ જતા હોય છે. એમણે હુવરના આ કિસ્સા પરથી પ્રેરણા લેવી જોઈએ.

***(સંકલિત)***

*બાળકને દંડ દેવાને બદલે આપણે જ ખરેખર સુધરવાની જરૂર છે.*

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે સામેંજી બિલ્ડિંગમેં રેંતા સે ગોરધનકાકા હથમેં સુટકેસ ખણેને અજ રાતજો ચંઈ વગે રીક્ષામેંજા ઉતર્યા તડેં પંઢજો સજો શરીર ગારે સે લથપથ વો... બેગ પણ લબડેલી વી... રીક્ષા પણ ગારે વારી વી... ડ્રાઈવર પણ લબડેલો વો... સે ગોરધનકાકા જી હેડી હાલત કીં થઈ વી સે જરા તપાસ ત કર...

બચુડો : (તપાસ કરેનેં ચે) અધા, ગાલ ઈં વી ક ગોરધનકાકા રાતજો ત્રે વગે સ્ટેશન તે ઉતર્યા વા ને પોય રીક્ષા મેં વઠા.... રીક્ષા ભરોભર હલઈ તે... પણ જતાનું વળાંક ગનેજો વો સે વતાયલા કે ગોરધનકાકા ડ્રાઈવર જે ખભે તે ટપલી મારે ને ચેલા વ્યા... તેરંઈ રીક્ષાવારે જે હથમેંજા સ્ટિયરીંગ છૂટે વ્યો... રીક્ષા ફુટપાથ તે ચડેને કચરે-કાદવ વારે ખુડેવેમેં વેનેને ઊંધી પઈ... બોય જણા ભચેવ્યા... તડેં બાર નકરેને ગોરધનકાકા ચ્યાં આંઉતા તોકે હણેકેને ટપલી મારઈ ને તું હેડોમડે ગભરાજે વેં પણ બોય મડમડ ભચ્યા... હેડો કેની કઈજા ન... આંઉ ત બોરો ધ્રજે વ્યો વો... હકડી ટપલી સે ધ્રજે વનાજે? હા... આંઉ પેલા મડદા ખણે વેનેજી વાન હકલીંધોવો...

## ખિલજા મ ભલા

અશ્વિન : સ્ત્રીના વિચારો અને પુરુષોના વિચારોમાં શું ફરક હોય છે?

ભાવિન : સ્ત્રીના વિચારો પુરુષો કરતા વધારે શુદ્ધ હોય છે... કારણકે એ વારંવાર પોતાના વિચારો બદલ્યા કરતી હોય છે.

☺ ☺ ☺ ☺ ☺




સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

ટ્રાફિક પોલીસ : અરે નાલાયકો... બાઈક ઊભી રાખો... એક બાઈક પર ચાર ચાર સવારીથી જતાં શરમ નથી આવતી?

ટિનિયો : આજુબાજુ ડાફોળિયા મારતા બોલ્યો... અલ્યા, પાંચમો રસ્તામાં ક્યાં પડી ગયો? દોડીને પાછળ જોઈ તો આવ!

☺ ☺ ☺ ☺ ☺

ભિખારી : સાઈકલ સવારને ઊભો રાખી કહેવા લાગ્યો, ભાઈ સાહેબ, કાંઈક ખવડાવો... સવારથી ભૂખ્યો છું.

સાઈકલ સવાર : ચાલ પાછળ કેરિયર પર બેસી જા... એક આંટો ખવડાવું.

☺ ☺ ☺ ☺ ☺

હસમુખ : આ બધા વાતો કરે છે... સીનિયર - જુનિયર પણ આમાં કંઈ સમજ નથી પડતી.

ગોમુખ : ઓહો... આટલું પણ સમજાતું નથી? સી-નિયર એટલે સમુદ્રની પાસે હોય તે... અને જુ-નિયર એટલે પ્રાણીસંગ્રહાલય પાસે હોય તે...

☺ ☺ ☺ ☺ ☺

રાજુ : સ્ત્રીનો મૂડ બદલવા શું જોઈએ?

વિરાજ : બે જ વસ્તુઓ... એક તો 'આઈ લવ યુ' અને બીજું ૫૦ ટકા ડિસ્કાઉન્ટવાળું સેલ.

☺ ☺ ☺ ☺ ☺

સોહન : અરે પ્રોફેસર સાહેબ, આ શું, દાળનો વાટકો ખાલી છે અને તેમાં રોટલી બોળી બોળી ખાવ છો. આવું કેમ કરો છો?

પ્રોફેસર : અરે હું ગણિતનો પ્રોફેસર છું અને મેં વાટકામાં દાળ છે એમ ધારી લીધું છે.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : આ લાઈનને બે શબ્દોમાં કહો : 'આઈ લવ યુ.'

આદિત્ય : સાહેબ, આ પોસીબલ જ નથી કારણકે તેરી મેરી પ્રેમકહાની હૈ મુશ્કિલ... દો લબ્જોમેં યે બયાં ના હો પાયે...

☺ ☺ ☺ ☺ ☺

ગમનલાલ : જીવન શું છે?

ચમનલાલ : સૂવો તો સમાધિ અને ઊઠો તો ઉપાધિ.

☺ ☺ ☺ ☺ ☺

ટીનિયો : બોલ, એવી બે ચીજોના નામ આપ જે આપણે નાસ્તામાં ખાઈ શકતા નથી.

મનિયો : (લાંબો વિચાર કર્યા બાદ) એક તો લંચ અને બીજું ડીનર.

☺ ☺ ☺ ☺ ☺

મોન્ટુ : ચીન્ટુ ચૂપ બેસ... ધમાલ ના કર.

ચીન્ટુ : નહીં બેસું... તું કોણ છે મને એવું કહેનારો?

મોન્ટુ : હું મોનીટર છું.

ચીન્ટુ : એમાં શું થયું... હું સી.પી.યુ. છું.

☺ ☺ ☺ ☺ ☺

ડોક્ટર સાહેબ : અરે શું થયું કરશનકાકા, આ બાજું કેમ આવવાનું થયું?

કરશનકાકા : શું કહું બેટા... ભૂખ લાગતી નથી, રાતે ઊંઘ આવતી નથી.... દિવસે ચેન નથી પડતું... આખું શરીર દુખ્યા કરે છે...

ડોક્ટર સાહેબ : કાકા, દારૂ પીવો છો?

કરશનકાકા : સારુ ત્યારે બેટા, એક નાનો પૅગ બનાવ.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંત નગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

*સમયથી ડરો નહિં, તેનો સદ્દુપયોગ કરો.*

## "WOLF! WOLF!"

A boy had just left school. He was sent out to take care of the sheep.

He watched the sheep for a long time. When he was tired of watching them, he thought he would have some fun.

He shouted "Wolf! Wolf!" as loud as he could.

All the men in the fields came running up with sticks, to beat the wolf, and drive it away.

"Where is the wolf?" they said.

"There is no wolf," said the boy. "I called out for fun. It was good fun to see you all running up for nothing."

The men were angry, and they went away.

Next day the boy went with the sheep again. When he was watching them, a wolf came. The boy shouted, "Wolf! Wolf!" as loud as he could.

But the men said, "It is only that boy calling out for fun. He will not catch us this time."

So no one came to drive away the wolf, and the wolf went off with one of the sheep.

When the boy went home he was beaten.

He said, "I will never again shout 'Wolf! Wolf!' when there is no wolf."

---

☺ છોકરી આગળ પ્રપોઝલ આપવાની બેસ્ટ ધાર્મિક પધ્ધતિ આ મુજબ છે... ફક્ત ત્રણ સવાલો પૂછવાના છે.

(૧) મમ્મીની માને મરાઠીમાં શું કહેવાય?

(૨) રામના મોટા પુત્રનું નામ શું હતું?

(૩) સ્વામિનારાયણનું તિલક અંગ્રેજીના કયા અક્ષર જેવું હોય છે?

જવાબ : (૧) આઈ, (૨) લવ, (૩) યુ!!

★

લાભુ : વ્હાલી, દરિયામાં હોય એને મોતી કહેવાય, તો આંખોમાં હોય એને શું કહેવાય?

લીલા : મોતિયો. ☺

### કચ્છજો માડુ...

કચ્છજો માડુ ભુખ્ખ સૈંયેં ડુખ્ખ સૈંયેં, પણ કઢીયેં ન પિંઢજો કંધ;
માડુ મીળે હેંમથ વારા, તડેં રશ્મિન્ પુજેતાં પિંઢજે પંધ.

*– રશ્મિન્ ખોના (મુંબઈ)*

❀

**MAYUR PEER**

**NATIONAL ENTERPRISES**

**CLEARING, FORWARDING**
**SHIPPING & TRANSPORT AGENT**


277, Sahid Bhagat Singh Road, 1st Floor,
Suite No. 16, Hansraj Damodar Trust Building,
Fort, Mumbai-400 038.
**Tel. : (022) 2266 3097, 3254 7879**
**Fax : (022) 2267 3098**
**E-mail : mumbai@burleighintl.com**
**E-mail : mp@nealmp.com**
**Website : www.burleighintl.com**
**Website : www.nealmp.com**

### આ જગમાં થોડા મલે!

જાણે ભાષાને ભાવ, અંતરના ઊંડાણથી
પ્રગટાવે પુણ્ય પ્રકાશ, આ જગમાં થોડા મલે!
લખે લહિયા અનેક, ટેવના પરિણામથી
મર્મ માણી જે લખે, આ જગમાં થોડા મલે!

*– રશ્મિનનો રણકાર, ભાગ-૨માંથી સાભાર*

**Viketa**
**Electronics**
**An ISO 9001-2000 COMPANY**
**MANUFACTURERS OF ELECTRICAL PANEL BOARDS**
4759, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch.
**Phone : 02646-226257 Fax : +91-2646-252759**
**Mobile : 9824101111, 9824762141**
**E-mail : viketa53@rediffmail.com**




### 'મંગલ મંદિર' જૂન-૨૦૧૩ના અંકમાં તંત્રી લેખ

'કચ્છને સિંચાઈ માટેના પાણી તથા ડી-સેલિનેશન પ્લાન્ટના પાણી' નામનો લેખ ખૂબ માહિતીસભર છે.

સરકારે કરેલી કાર્યવાહી અને પાણી જરૂરિયાત વિશે સમજણ, સરકારની ફરજ અને ડી-સેલિનેશન પ્લાન્ટની વિગત વાંચવા મળી. વિચક્ષણ બુધ્ધિથી લખાયેલ લેખ ખૂબ ઉપયોગી છે. મહેનત અને લખાણ બદલ ધન્યવાદ.

*વશનજી પ્રેમજીભાઈ સોની*
*પ્રમુખશ્રી, શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન - મુંબઈ*

★

### શ્રી અશોકભાઈ મહેતા કે લખ-લખ વધાઈયું

અષાઢી બીજ - કચ્છી નવા વર્ષના દિવસે મુંબઈ મુકામે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ તેમજ 'મંગલ મંદિર'ના મુખ્ય તંત્રીશ્રીને 'કચ્છ શક્તિ ઍવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા તે જાણી ગૌરક્ષક ગીતાબેન રાંભિયા પરિવાર ખૂબ જ આનંદની લાગણી અનુભવે છે અને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

આપશ્રીનું સન્માન થયું તે સમગ્ર અમદાવાદના કચ્છીઓના સન્માન બરાબર છે. આપશ્રી અમદાવાદના સમગ્ર કચ્છીઓનું ગૌરવ છો.

આપશ્રીને દરેક કાર્યમાં યશ, કીર્તિ અને સફળતા મળે એવી અમારી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના.

આપશ્રીને સન્માનિત કરવામાં આવ્યા તે બદલ આપણી સંસ્થા દ્વારા ૩૫ અબોલજીવોને ગેરકાયદેસર કતલખાને જતા બચાવી અભયદાન અપાવેલ છે.

આપશ્રીએ જીવદયાના તેમજ માનવતાના કાર્યો માટે આપણી સંસ્થાને ખૂબ સહકાર આપ્યો છે અને આવો જ સહયોગ હંમેશાં મળતો રહે એ જ અભ્યર્થના.

આપશ્રીએ અત્યાર સુધી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તેમજ શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ખૂબ જ સેવા કરી છે અને આ સેવાને બિરદાવતા કચ્છ શક્તિ ઍવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. આ જ શક્તિથી વધુને વધુ સમગ્ર કચ્છીઓને પ્રગતિના પંથે લઈ જશો એ જ અભ્યર્થના.

*બચુભાઈ પી. રાંભિયા*
*શ્રી ગીતાબેન રાંભિયા પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ - અમદાવાદ*

★

### 'મંગલ મંદિર'ની સામગ્રી માટે અભિનંદન

'મંગલ મંદિર'ના અંકોમાં પ્રસિધ્ધ થતી સામગ્રી માટે તેની ટીમને ખરેખર ધન્યવાદ ઘટે છે.

કચ્છનો ઇતિહાસ, સમાજનો ઇતિહાસ તેમજ અન્ય માહિતી ઘણી જ રસપ્રદ હોય છે. મારી પાસે ૪ થી ૫ મેગેઝીનો આવે છે પણ કચ્છ વિશે તેમજ નર્મદાના નીર તેમજ કચ્છની સમસ્યાઓ વિશેના લેખો તેમજ અન્ય જે લેખો અને સામગ્રી, જે 'મંગલ મંદિર'માં જોવા મળે છે તે અન્ય મેગેઝીનોમાં હોતી નથી. 'મંગલ મંદિર' ખરેખર દરેક વર્ગ માટે ઉપયોગી છે.

મારું એક નમ્ર સૂચન છે કે - આપણા સમાજ પરિવારજનોને કચ્છી સંવત કયું ચાલે છે એની ૭૫ ટકા લોકોને ખબર હોતી નથી. આપણું સામયિક કચ્છી છે એટલે તેની ઉપર કચ્છી સંવત અને મહાવીર સંવત છાપવાનો નમ્ર અનુરોધ કરું છું.

અન્ય ઘણા કચ્છી મેગેઝીનોમાં આ વિગત અપાતી નથી. જે માટે ખરેખર આશ્ચર્ય થાય છે.

*દિલીપ હીરજી નાગડા - ડોંબીવલી (મુંબઈ)*
*મો. ૯૭૭૩૧૧૫૨૫૧*

★

### 'મંગલ મંદિર' રુઢિમુક્ત મુખપત્ર

આપના સમાજ દ્વારા પ્રગટ થતું 'મંગલ મંદિર' મને મળ્યું. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ આટલું સરસ અને આવું રળિયામણું મેગેઝીન પ્રકાશિત કરે છે એ જાણી આનંદ થયો. સમગ્ર સમાજના પ્રશ્નોને આવરી લેતું અને માર્ગદર્શન કરાવતું તમારું આ મુખપત્ર ખરેખર રુઢિમુક્ત છે.

હું અમારા દ્વારા પ્રગટ થતું 'જીવન સ્મૃતિ' આપને રવાના કરી રહ્યો છું. કચ્છના કેટલાક મિત્રો અમારા 'જીવન સ્મૃતિ'ના ચાહકો છે. આવા સામયિકો દ્વારા છેવટે તો આપણી સમસ્યાઓને હલ કરીને નવી દિશા શોધવાની છે. તેમાં અનેક મિત્રોને રસ લેતા કરવાના છે.

*મનુ પંડિત*
*જીવન સ્મૃતિ સ્વાધ્યાય મંદિર*
*૧૭, વસંતનગર, ભૈરવનાથ માર્ગ, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.*

★

JAYANT STEELS
179-A, Kandori Building, Opp. Sarvoday Nagar,
Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
Ph. : (022) 2242 2463 • 2242 7263

જયંત સ્ટીલ્સ
૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦
સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન

### (૧) 'મંગલ મંદિર' જૂન-૨૦૧૩ અંક

સુશ્રી સુધા મૂર્તિના અનેક લેખો તેમના પુસ્તકમાં તેમજ અન્ય જગ્યાએ એકથી વધારે વખત વંચાઈ ગયા હોય તો પણ ફરીફરીને વાંચવાનું મન થાય એટલા touching લેખ હોય છે. અને તેમાં પણ JRD બાબતમાં તો શું કહેવું? નહેરુજીના સમાજવાદના જમાનામાં તેઓ મુક્ત અર્થતંત્રના પ્રણેતા હતા. તેઓ તથા તેમના જેવી માન્યતા ધરાવતા સજ્જનોએ તે વખતે FORUM OF FREE ENTERPRISE નામની સંસ્થા સ્થાપેલી, જેનો તે વખતે હું સભ્ય થયેલો. એ સંસ્થા તરફથી દર મહિને તેના સભ્યોના વિચારોની નાની પુસ્તિકાઓ મળતી. તેમાં JRD ના ઘણા વિચારો અને તેમના ભાષણો વાંચવા મળતા. તેમનું એક લખાણ "WE, THE PEOPLE" એ જમાનામાં બહુ પ્રખ્યાત થયેલું. તેમના રસ્તે ભારત ઘણા વર્ષ પછી ચાલ્યું, ચાલવું પડ્યું. ભારત સરકારે પણ છેલ્લે છેલ્લે એ રત્નની કદર કરીને ઉદ્યોગપતિઓમાં પ્રથમ "ભારત રત્ન"થી નવાજ્યા.

તંત્રીશ્રીએ કચ્છી સંસ્થાઓનું જુદા જુદા વિભાગોમાં વહેંચીને સરસ વિશ્લેષણ કર્યું છે.

અન્ય લેખોમાં જૈન ધર્મ વિષેના સુશ્રી નીતા ઠાકરનો લેખ જૈનોના ઇતિહાસમાં રસ ધરાવતા દરેકે વાંચવો જોઈએ. તે લેખમાંથી ઘણું જાણવાનું મળ્યું.

મુનિશ્રી વિદ્યાવિજયજીના લેખ બાબત ભાઈ શાંતિભાઈ સંઘવીએ 'મંગલ મંદિર' જુલાઈ માસના અંકમાં યોગ્ય પ્રતિભાવ આપ્યો જ છે.

★

### (૨) 'મંગલ મંદિર' જુલાઈ-૨૦૧૩ અંક

'મંગલ મંદિર' માસ જુલાઈના અંકમાં મારા પત્ર સામે શ્રી નીતિનભાઈએ જે ટિપ્પણી કરી છે એમાં તેમની સમજફેર થઈ હોય એવું લાગે છે.

મારો કહેવાનો ભાવાર્થ સ્પષ્ટ હતો કે કોઈ વિકૃત માનસનો પુરુષ, સ્ત્રીના ઓછા કપડાનું બહાનું બતાવીને છેડતી અથવા બળાત્કારના ગુનામાંથી છટકી ન શકે. ઓછાવત્તા કપડાંની બાબત અથવા વ્યાખ્યા બુરખા સુધી પણ પહોંચી શકે. એટલે બુરખાનો ઉલ્લેખ આ સંદર્ભમાં હતો. તેમના લખાણના સંદર્ભમાં નહિ.

તે સાથે સ્ત્રીઓના વસ્ત્રોનું બહાનું બતાવીને કેટલાક રાજકારણીઓ અને સમાજશાસ્ત્રીઓ જે રીતે બળાત્કારીઓનો બચાવ કરવાનો પ્રયત્ન કરે છે એ બિલકુલ અયોગ્ય છે.

રહી વાત સાધુ-સંતોની, તો આપણે એ કેમ સ્વીકારતા નથી કે કામ એ પ્રાણીમાત્રની આધિવૃત્તિ છે. એને જીતવાનું અતિ દુષ્કર છે. લાખોમાં થોડાક વિરલાઓ જ એને કાબૂમાં રાખી શકે છે. જો તેઓ લપસી પડતા હોય તો એ તેમની માનવીય નબળાઈ તરીકે સ્વીકારી લેવી જોઈએ અને તેઓએ બ્રહ્મચર્ય પાલનનો દેખાવ છોડીને ગૃહસ્થાશ્રમ અપનાવવો જોઈએ. સ્ત્રીઓના વસ્ત્રોને દોષ દેવાની વાત અહીં પણ બિલકુલ અયોગ્ય છે.

આનો મતલબ એમ કહેવાનો નથી કે સ્ત્રીઓ બધી જ દૂધે ધોયેલી છે. માનવસહજ નબળાઈઓ બધામાં હોય. યુવા અવસ્થામાં કામાવેગ પ્રબળ હોય છે, જેમાં સાધુ સંતો પણ લપસી પડતા હોય તો મૂળભૂત રીતે સારા યુવાન - યુવતીઓ ભૂલ કરી બેસે તો સમાજે તેઓને માફ કરવા જોઈએ. હાલ તો એવી પરિસ્થિતિ છે કે સમાજ યુવતીઓને જ ગુનેગાર ગણે છે.

બીજું, સ્ત્રીઓએ શું પહેરવું કે ન પહેરવું, ક્યારે બહાર નીકળવું કે ન નીકળવું, શું કરવું કે ન કરવું, આ બધું પુરુષોએ જ નક્કી કરવાનું? સ્ત્રીઓને ભોગના સાધન તરીકે જોવાને બદલે એક વ્યક્તિ કે માનવી તરીકે જોતાં પુરુષોએ શીખવું પડશે.

આ સિવાય - શ્રી નીતિનભાઈએ અન્ય વાતો જે વર્ણવી છે એની સાથે સંમત થઈ શકાય.

***મગનલાલ સંઘવી - અમદાવાદ***

★

### "મંગલ મંદિર" પ્રતિભાવ

'મંગલ મંદિર'ના જુલાઈના અંકમાં બે ત્રણ લેખો ખાસ ધ્યાન ખેંચે તે પ્રકારના છે.

ડૉ. સુધા મૂર્તિનો 'વા ન વા', શ્રી અશોક મહેતાનો 'ઈગો', તેમજ અન્ય લેખો 'સદ્ભાવના' અને 'સ્ત્રીની વેદના.'

ડૉ. સુધા મૂર્તિનો લેખ ખરેખર આંખ ઉઘાડનારો છે. અત્યંત ગરીબીમાં સબળતા માનવીને કોઈ માનવીય કરુણા મૂર્તિ આર્થિક મદદ કરી, વૈભવશાળી ધનપતિ સુધી લઈ જાય તે વ્યક્તિ બધા ઉપકારો ભૂલી જઈ માત્ર સ્વલક્ષી બની કોઈએ કરેલા ઉપકારને સાવ જ ભૂલી જાય એટલું જ નહીં, પરંતુ એ ઉપકૃત વ્યક્તિને યાદ પણ ન કરે તેવી વ્યક્તિ ખરેખર ધિક્કારને પાત્ર છે અને બિલકુલ કપાત્ર જ છે.

એવું જ શ્રી અશોક મહેતાનાં 'ઈગો' લેખનું છે. માનવીનો અહં માનવીને માનવ મટાવી રાક્ષસના પાત્રમાં મૂકી દે છે. જિંદગીમાં ઈગો અતિ નુકસાનકર્તા છે, એ આપણે જેટલું જલદી સમજી શકીએ એટલું સ્વયં ઈશ અને જગત માટે અતિ જરૂરી અને ઉપકારક છે. સદ્ભાવના અને સ્ત્રીની વેદના વાળા લેખો જીવન મૂલ્યોનું મૂલ્યાંકન કરવાના પર્યાય સમાન છે. આમ તો 'મંગલ મંદિર' લેખોની ગુણવત્તા અને પસંદગીમાં અત્યંત ચોક્કસ અને સચેત છે એ ખરેખર આનંદની વાત છે.

***મુકુંદ મહેતા 'અલ્પ' - આદિપુર, કચ્છ***

★

MILAN® MASALA

**K. K. MASALAWALA**
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

### 'મંગલ મંદિર' — ચાહક વર્ગ

'મંગલ મંદિર' માસ જુલાઈ-૨૦૧૩નો અંક કચ્છની વૈવિધ્યસભર સંસ્કૃતિ, તેની વિવિધ સમસ્યાઓ અને તેનાં ઉકેલ સંબંધી સરસ લેખન સામગ્રી અને માહિતીથી ભરપૂર છે. ઉપરાંત નર્મદા અંગેનો લેખ ઘણો જ વિશ્લેષણાત્મક હતો. આ માટે અભિનંદન.

હકીકતમાં 'મંગલ મંદિર'ના વૈવિધ્યસભર લખાણોએ 'કાસ્પ' સંસ્થાનાં બાળકો અને શાળાને શિક્ષકોને ઘેલું લગાડ્યું છે. હમણાં જ એક કર્મનિષ્ઠ શાળાના આચાર્ય બહેને ફોન પર પૂછ્યું, 'તમોએ આ વખતે મંગલ મંદિર મોકલાવ્યું નથી.' — આ વાક્ય 'મંગલ મંદિર' પ્રત્યેની વાગડ - કચ્છના વાચક ગણની મનોભાવના વ્યક્ત કરે છે. આ માટે આપ અને સમસ્ત ટીમ યશભાગી છો.

*ભરતસિંહ ડી. જાડેજા*
*પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર,*
*'કાસ્પ' ગુજરાત યુનિટ - રાપર, કચ્છ*

## સ્વીકાર - સમાલોચન

### મગનલાલ સંઘવી

### (૧) ઓસરીમાં તડકો

***લેખક :*** શ્રી ગુલાબ દેઢિયા, ***પ્રથમ આવૃત્તિ :*** ૨૦૧૨,

***પૃષ્ઠ :*** ૧૭૬, ***કિંમત :*** રૂા. ૧૨૦/-

***પ્રકાશક :*** ગોરધન પટેલ 'કવિ'. વિવેકગ્રામ પ્રકાશન, વી.આર.ટી.આઈ., નાંગલપુર રોડ, માંડવી (કચ્છ)

શ્રી ગુલાબભાઈ કચ્છીઓ માટે અજાણ્યા નથી. આ પુસ્તકના લલિત નિબંધોમાં ઘણા પ્રસંગ ચિત્રો હૃદયસ્પર્શી છે. વાંચતા જરાય કંટાળો ન આવે. દરેક નિબંધમાં બે/ચાર યાદગાર વાક્યો હોય. ગ્રામ્યજીવન અને કુદરત પ્રત્યેનો એમનો પ્રેમ લગભગ દરેક નિબંધમાં દેખાઈ આવે છે. વાંચવા તથા વસાવવા લાયક પુસ્તક.

### (૨) રાંધ

***લેખક :*** શ્રી ગુલાબ દેઢિયા, ***પ્રથમ આવૃત્તિ :*** ૨૦૧૨,

***પૃષ્ઠ :*** ૧૨૮, ***કિંમત :*** આપી નથી.

***પ્રકાશન :*** ૧૪/૩૨૬, સમુદ્ર મંથન, જે.પી. રોડ, અપના બજાર સામે, અંધેરી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૩.

કચ્છી બોલીમાં 'રાંધ' એટલે રમત....GAME

કચ્છી બોલીમાં લખાયેલો આ કાવ્યસંગ્રહ કચ્છી બોલીના જાણકારો અને ભાષા ચાહકોને જરૂર ગમશે.

### (3) બળાત્કારની સમસ્યા

***સંપાદક :*** શ્રી હેમરાજ શાહ, ***પ્રથમ આવૃત્તિ :*** જૂન ૨૦૧૩

***પૃષ્ઠ :*** ૨૯૬, ***કિંમત :*** રૂા. ૨૫૦/-

***પ્રકાશક :*** નવભારત સાહિત્ય મંદિર, ૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨.

પુસ્તકની નવીનતા એ છે કે કોઈ એક જ લેખકના વિચારો ન હોઈ જુદી જુદી જગાઓની, જુદી જુદી ઉંમરની વ્યક્તિઓએ ધર્મ, જાતિના ભેદ વગર પોતાના વિચારો વર્ણવ્યા છે. અને શ્રી હેમરાજભાઈએ તેનું સરસ રીતે સંપાદન કર્યું છે. મૂળમાં મહારાષ્ટ્ર ગુજરાતી સમાજ મહામંડળ અને ચિત્રલેખા સાપ્તાહિકે સંયુક્ત રીતે આ સમસ્યાની બાબતમાં નિબંધોની ઈનામી સ્પર્ધા રાખેલ. એમાં ઈનામને પાત્ર પચ્ચીસ નિબંધો છે. સ્પર્ધામાં આવેલ ૪૦ નિબંધો પુસ્તકમાં સંપાદિત કરીને પ્રગટ કરવામાં આવેલ છે.

સરકારે, પોલીસ વિભાગે, ન્યાયતંત્રે, કુટુંબે અને સમાજે આ બાબતે શું કરવું અને શું ન કરવું? તે માટે બધા લેખક - લેખિકાઓનો સુર લગભગ એક છે.

આ એક નવતર પ્રયોગ અનુકરણ કરવા યોગ્ય છે.

દરેકે વસાવવા અને વાંચવા લાયક પુસ્તક છે.

### (૪) તવારીખી તેજછાયા

***લેખક :*** શ્રી નરેશ અંતાણી, ***પ્રથમ આવૃત્તિ :*** એપ્રિલ ૨૦૧૩

***પૃષ્ઠ :*** ૧૧૯, ***કિંમત :*** રૂા. ૧૦૦/-

***પ્રકાશક :*** શ્રી નરેશ અંતાણી, ભૂમા નિકેતન, ૨૨/બી, શિવમ પાર્ક, રીંગ રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.

ઈતિહાસ તથા નીરસ વિષયને રસપ્રદ બનાવવાનો સફળ કહી શકાય એવો પ્રયત્ન પ્રસ્તુત પુસ્તકમાં થયો છે. માત્ર રાજાશાહીની વાતો ઈતિહાસમાં ભણાવાતી હતી, જ્યારે અહીં પ્રજાકીય પરિસ્થિતિ ઉપરાંત જુદા જુદા સમયે રાજ્ય સામે થયેલ ચળવળો, ડોસાભાઈ લાલચંદ જેવા દાનવીર કચ્છીની જીવન ઝલક, મુનિશ્રી વિદ્યાવિજયજીના સંસ્મરણો વગેરે નોંધપાત્ર સામગ્રી છે. આપણા વિશ્રામ ગૃહના કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમનો પણ ઉલ્લેખ તેઓએ કરેલ છે. કચ્છીઓએ વાંચવા લાયક પુસ્તક.

*☺ અકસ્માતના સ્થળે ચંગુ આક્રંદ કરી રહ્યો હતો : 'હે ભગવાન, મારો એક હાથ કપાઈ ગયો રે!'*

*મંગુ : શાંત થઈ જા, રડીશ નહીં. પેલા માણસને જો! તેનું માથું કપાઈ ગયું છે તો પણ રડતો નથી.' ☺*

॥ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ॥

**રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી**

"ધુલ્લા વિલા", બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

# અન્ય સંસ્થાઓના સમાચાર

## મુંબઈમાં 'કચ્છ શક્તિ' દ્વારા અષાઢી બીજ – કચ્છી નવા વર્ષની શાનદાર ઉજવણી

*કચ્છડો વંકો, કચ્છી વંકા,*
*જગમેં જે જે જશ જા ડંકા,*
*વંકી કચ્છ વતનજી વાણી,*
*ઈ પાંજે કચ્છડે જો પાણી....*

છેલ્લા કેટલાક વર્ષોથી કચ્છી નવું વર્ષ – અષાઢી બીજનો પ્રસંગ મુંબઈની જાણીતી સંસ્થા 'કચ્છ શક્તિ' દ્વારા અનેક ઉમંગ અને ઉલ્લાસમય રીતે ઉજવવામાં આવે છે. તે અવસરની પરંપરા જાળવીને આ વર્ષે સળંગ ૩૩મા વર્ષની ઉજવણી પણ મુંબઈમાં દાદરના યોગી સભાગૃહ ખાતે તા. ૧૦-૭-૨૦૧૩ના રોજ શાનદાર રીતે કરવામાં આવી હતી. જેમાં મુખ્ય કાર્યક્રમો હતા....

- અષાઢી બીજ - કચ્છી નવા વર્ષની ઉજવણી
- 'જલ સાક્ષરતા' વિષયે નિબંધ સ્પર્ધાના વિજેતાઓનું બહુમાન
- મુંબઈ સ્થિત જે કચ્છી દંપતીઓએ લગ્ન જીવનના ૬૦ વર્ષ પૂરા કર્યા હોય તેમનું સન્માન
- મુંબઈ સ્થિત જે કચ્છી વ્યક્તિઓએ ૮૦ વર્ષ અથવા તેથી વધુ વર્ષ પૂરા કર્યા હોય તેમનું સન્માન
- કચ્છ શક્તિ – નેશનલ ઍવોર્ડ ૨૦૧૩ માટે જાહેર થયેલ વિશિષ્ટ પ્રતિભાઓનું સન્માન અને ઍવોર્ડ એનાયત.
- 'કચ્છ શક્તિ' મેગેઝીનના તંત્રી શ્રી હેમરાજ શાહ દ્વારા સંપાદિત 'બળાત્કારની સમસ્યા' પુસ્તકનું લોકાર્પણ
- સંગીત સંધ્યા

**• કચ્છી નવું વર્ષ :**

અષાઢી બીજ - કચ્છી નવા વર્ષ નિમિત્તે ઉપસ્થિત સર્વે કચ્છી પરિવારજનોએ પરસ્પર શુભેચ્છા વ્યક્ત કરી હતી.

સમારંભમાં શ્રી અરૂણભાઈ ગુજરાથી અતિથિ વિશેષપદે ઉપસ્થિત હતા.

કચ્છમાં રાજાશાહીના જમાનામાં અષાઢી બીજની ઉજવણી 'નવા વર્ષ' તરીકે દબદબાપૂર્વક થતી હતી તે હયાત જૂની પેઢી - દાદા-દાદીની સ્મૃતિમાં આજે પણ છે. રાજાશાહીનો અંત આવ્યો... કેટલાક કચ્છી પ્રજાજનો જન્મ ભોમકાને છોડીને દેશ-વિદેશમાં સ્થાયી થયા પરંતુ ધીંગી ધરાના ધીંગા કચ્છીજનો મુંજી માતૃભૂમિ કે નમન કરતા 'અષાઢી બીજ' ઉજવવાની પરંપરા આજે પણ વિસર્યા નથી... આ છે કચ્છના પાણીની એક ઝલક!

દેશ-વિદેશમાં કચ્છીયતને ઉજાગર કરનાર 'કચ્છ શક્તિ' દ્વારા આ પ્રસંગની ઉજવણી ખૂબ જ અનોખી અને ભવ્ય રીતે કરવામાં આવે છે, જે એક નોંધનીય બાબત છે. છેલ્લા કેટલાય વર્ષોથી વિશેષ સિધ્ધિ પ્રાપ્ત કચ્છની પ્રતિભાઓને ઍવોર્ડ અર્પણ કરી તેમની શક્તિનો ઓજસ સર્વત્ર પ્રસરાવવામાં આવે છે. આ રીતે 'કચ્છ શક્તિ' દ્વારા દેશ-વિદેશના ૬૦૦થી વધુ કચ્છી વિશિષ્ટ વ્યક્તિઓને નેશનલ ઍવોર્ડ એનાયત થયા છે. આ પ્રકારની પ્રવૃત્તિ સમસ્ત કચ્છી પ્રજા માટે ગૌરવપૂર્ણ છે.

**• કચ્છ શક્તિ નેશનલ ઍવોર્ડ - ૨૦૧૩ :**

આ વર્ષે શાલ, સર્ટિફિકેટ અને મોમેન્ટો સાથે કચ્છ શક્તિ નેશનલ ઍવોર્ડ-૨૦૧૩ કચ્છની જે વિશિષ્ટ પ્રતિભાઓને એનાયત થયા તેની યાદી નીચે મુજબ છે :

**સમાજસેવા ક્ષેત્રે :**
શ્રી અશોક મહેતા (મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ)
શ્રી દયારામભાઈ ચાંદ્રા ભાનુશાલી, શ્રી નાનજીભાઈ વેલજી છેડા (બિદડા સર્વોદય ટ્રસ્ટ)

**અભિનય ક્ષેત્રે :**
અભિનેત્રી સુશ્રી કોમલ ઠક્કર

**નાટ્ય રત્ન ક્ષેત્રે :**
સુશ્રી જીનલ દેઢિયા

**પત્રકારત્વ ક્ષેત્રે :**
સુશ્રી દીપલ ગાલા (ટાઈમ્સ ઑફ ઈન્ડિયા - હૈદ્રાબાદ)

**નારી રત્ન ક્ષેત્રે :**
ડૉ. સુશ્રી કામિની ગોગરી, સુશ્રી શિલ્પા છેડા, ડૉ. સુશ્રી યોગિની મૈશેરી, સુશ્રી મૃદુલા દંડ, સુશ્રી માયા કોઠારી.

**હેન્ડિક્રાફ્ટ ક્ષેત્રે :**
સુશ્રી હીના હર્ષદ સંઘવી - માંડવી

**પ્રવક્તા ક્ષેત્રે :**
શ્રી ધીરજભાઈ છેડા (એકલવીર)

FAVOURITE
FAVOURITE SAFETY PRODUCTS
MFG. & EXP. OF INDUSTRIAL SAFETY SHOES
C-1 / B 2007-2006/3, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch (Gujarat)
Ph. : 91 2646 220690 / 251646 Fax : 91 2646 - 251030
Mail : info@favouriteshoes.com Website : www.favouriteshoes.com
Dhiren Shah (Dand)
Director
M. : 98795 00916

❀ **ઉદ્યોગ રત્ન ક્ષેત્રે :**
શ્રી દિનેશભાઈ એન. ઠક્કર (ઠક્કર ડેરી, કોલકત્તા), શ્રી મહેશભાઈ માણેક, શ્રી વિનયભાઈ છેડા (વિનય ઈલેક્ટ્રિકલ્સ)

❀ **બેન્કિંગ ક્ષેત્રે :**
અરિહંત કો.ઓ. બેંક લિ.

❀ **પ્રકાશન ક્ષેત્રે :**
શ્રી શાંતિલાલભાઈ ફુરિયા (જીવનદીપ પ્રકાશન)

❀ **ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ ક્ષેત્રે :**
શ્રી રાહુલભાઈ ધરમશી - બેંગ્લોર

● **જલ સાક્ષરતા નિબંધ સ્પર્ધા :**

ચાલુ વર્ષ દરમ્યાન કચ્છ શક્તિ દ્વારા આ વર્ષે 'જલ સાક્ષરતા' વિષયે નિબંધ સ્પર્ધાનું આયોજન થયું હતું.

ઔદ્યોગીકરણ અને શહેરીકરણને કારણે પાણીનો વપરાશ સર્વત્ર વધી ગયેલ છે. બીજી તરફ વસતિના મોટા ભાગને પીવાના પાણી માટે પણ તકલીફ વેઠવી પડતી હોય છે. પ્રદૂષણના કારણે પણ પાણી દૂષિત થતું જાય છે. આખા વિશ્વ માટે આ એક મોટી સમસ્યા છે. આ પ્રશ્નને હલ કરવા સામાન્ય પ્રજાજનોએ કેવા પ્રયત્નો કરવા જોઈએ? તે તરફ સમાજમાં જાગૃતિ લાવવાના ઉદ્દેશથી 'જલ સાક્ષરતા' નિબંધ સ્પર્ધાનો 'ચિત્રલેખા' મેગેઝીન અને 'કચ્છ શક્તિ' દ્વારા સંયુક્તપણે આયોજન કરવામાં આવ્યું હતું. આ નિબંધ સ્પર્ધાના સ્પર્ધકો વચ્ચે કુલ એકાવન હજાર રૂપિયાના પારિતોષિકો એનાયત થયા હતા.

ઉપરોક્ત સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે : આયુષી ભૂપેશ પટેલ - વલસાડ, દ્વિતીય ક્રમાંકે : ડૉ. પલ્લવી કે. શાહ - ભુજ, તૃતીય ક્રમાંકે : કિરણ સુભાષ સુબ્રમણ્યન - નવી મુંબઈને વિજેતા જાહેર કરવામાં આવેલ. આ સિવાય, આશ્વાસન પારિતોષિક પણ આપવામાં આવ્યા હતા.

*"આવું અમૂલું જળ વેડફવું કેમ પાલવે?*
*જે આપણી જાતને જતન કરી જાળવે."*

નિબંધ સ્પર્ધાના વિજેતાઓને શ્રી દેવાંસુભાઈ દેસાઈના હસ્તે પારિતોષિકોનું વિતરણ કરવામાં આવેલ.

## સમાજસેવા ક્ષેત્રનો એવોર્ડ
## શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતાને અર્પણ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતાને સમાજસેવા ક્ષેત્રે ઉપરોક્ત કચ્છ શક્તિ નેશનલ એવોર્ડ - ૨૦૧૩, ઉપરોક્ત સમારંભમાં અર્પણ કરવામાં આવ્યો હતો. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર 'મંગલ મંદિર'ના તેઓશ્રી મુખ્યતંત્રી છે. તે ઉપરાંત કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદના અધ્યક્ષપદે અને મેગેઝિન ક્લબ (ગુજરાત - અમદાવાદ)ના ઉપપ્રમુખપદે, શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પૂર્વ પ્રમુખ તેમજ હાલે ટ્રસ્ટી છે. અમદાવાદમાં રહી વિવિધલક્ષી સેવાકાર્યોમાં લાંબા સમયથી વ્યસ્ત છે. કચ્છમાં નર્મદા નદીના સિંચાઈના પાણી શક્ય ઝડપથી પહોંચે તે માટે ખૂબ પ્રયત્નશીલ છે. કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના નેજા હેઠળ તાજેતરમાં પ્રકાશિત થયેલ 'કચ્છનો સર્વાંગી ઈતિહાસ' તૈયાર કરાવવામાં તેમનું સક્રિય પ્રદાન રહેલું છે. સામાજિક ક્ષેત્રે વિવિધ પ્રવૃત્તિઓમાં કાર્યરત રહેવા બદલ શ્રી કચ્છી જૈન ગૂર્જર સમાજ - માટુંગા (પાખાડી) સમાજનો પ્રતિષ્ઠિત એવોર્ડ 'સમાજ રત્ન' અગાઉ તેઓશ્રીને એનાયત થયેલ છે.

ચાલુ વર્ષે કચ્છ શક્તિ નેશનલ એવોર્ડ-૨૦૧૩ પ્રાપ્ત કરવા બદલ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પરિવારજનો અને મુખપત્ર 'મંગલ મંદિર' પરિવાર દ્વારા ખૂબ ખૂબ અભિનંદન.

આપશ્રી, આવી જ રીતે નિરંતર પ્રગતિ સાધતા રહીને સમાજનું ગૌરવ વધારતા રહો તેવી શુભેચ્છા.

ઉપરોક્ત કાર્યક્રમમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી રમણિકભાઈ ગોસર, શ્રી મણિલાલભાઈ ગોસર, શ્રી શાંતિલાલ મૂલજી સાવલા, શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ, શ્રી મુળજી નરશી લોડાયા, શ્રી બંસીલાલ મગનલાલ ગડા, શ્રી વીરેન ધીરજલાલ શાહ (ભુજ), શ્રીમતી રેવંતીબેન મણિલાલ ગોસર, શ્રીમતી નવલબેન ગિરીશ હીરજી શાહ વગેરે, કચ્છ શક્તિના નિમંત્રણથી મુંબઈ ખાતે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

*– તંત્રી મંડળ, 'મંગલ મંદિર'*

● **લગ્ન જીવનના ૬૦ વર્ષવાળા દંપતીઓનું સન્માન :**

કચ્છ શક્તિએ આ અગાઉ વર્ષ ૧૯૯૯માં વડીલોનું સન્માન કર્યું હતું. ફરીથી આ વર્ષે મુંબઈ સ્થિત લગ્ન જીવનના ૬૦ વર્ષથી ઉપરના ૧૧ કચ્છી દંપતીઓનું સન્માન ઉપરોક્ત કાર્યક્રમમાં કરવામાં આવેલ. તેઓ દરેકને શાલ ઓઢાડી, એક સ્મૃતિ ચિહ્ન અર્પણ કરવામાં આવ્યું હતું.

● **૮૦ વર્ષ કે તેથી ઉપરની વયવાળા વડીલોનું સન્માનઃ**

ઉપરોક્ત વિવિધલક્ષી કાર્યક્રમમાં મુંબઈ સ્થિત ૮૦ વર્ષ કે તેથી વધુ વયવાળી ૧૬ વ્યક્તિઓનું શાલ અને સ્મૃતિ ચિહ્ન સાથે ઉચિત સન્માન કરવામાં આવેલ. જેમાં ૧૦૬ વર્ષના, ગામ ભોજાયના માતુશ્રી લક્ષ્મીબેન જેઠાલાલ દેઢિયા પણ સામેલ હતા. તેઓશ્રીએ દરેકને નવા વર્ષની શુભેચ્છા અને આશીર્વાદ આપ્યા હતા.

તીર્થ પટ
હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર
જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર
★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.
Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761

● **પુસ્તકનું લોકાર્પણ :**

'કચ્છ શક્તિ' સંસ્થાના પ્રમુખશ્રી તથા તે નામના વાર્ષિક અંકના તંત્રીશ્રી હેમરાજભાઈ શાહે કુલ ૩૬ જેટલાં પુસ્તકો પ્રગટ કર્યા છે. જેમાં ગુજરાતી, મરાઠી અને અંગ્રેજી ભાષાના અનુવાદવાળા પુસ્તકો છે.

ઉપરોક્ત કાર્યક્રમમાં તેમના 'બળાત્કારની સમસ્યા' પુસ્તકનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

● **સંગીત સંધ્યા :**

કાર્યક્રમની શરૂઆતમાં કચ્છી ગીત-સંગીતનું મહેફિલનું ખૂબ સુંદર રીતે આયોજન કરવામાં આવેલ.

શ્રી ઉત્તમ છેડાએ તેમના નામ પ્રમાણે સમગ્ર કાર્યક્રમનું ખૂબ ઉત્તમ રીતે સંચાલન કર્યું હતું.

● **કચ્છ શક્તિ વિશેષાંક :**

જલ સાક્ષરતાની થીમ સાથે 'કચ્છ શક્તિ'નો વાર્ષિક અંક અષાઢી બીજ નિમિત્તે ૧૦ જુલાઈ, ૨૦૧૩ના પ્રકાશિત થયેલ છે. જેના સ્થાપક અને તંત્રી શ્રી હેમરાજભાઈ શાહ છે.

કચ્છની ધીંગીધરા તથા કચ્છીયતને ઉજાગર કરતું અને કચ્છની ભાતીગળ લોક સંસ્કૃતિવાળા નયનરમ્ય મુખપૃષ્ઠથી સુશોભિત આ વાર્ષિક અંકમાં જલ સાક્ષરતા વિષયે ઉત્કૃષ્ટ વાંચન સામગ્રી સામેલ છે. તે ઉપરાંત કચ્છ શક્તિ દ્વારા જાહેર થયેલા વિવિધ ક્ષેત્રના ઍવોર્ડ વિજેતાઓ તેમજ સન્માન પ્રાપ્ત કરનારની માહિતીસભર યાદી પ્રસિધ્ધ કરવામાં આવી છે. આ રીતે કચ્છ શક્તિનો વાર્ષિક અંક જાણવા - માણવા યોગ્ય બન્યો છે.

*— દિનેશ મહેતા*

## મેગેઝિન ક્લબની દ્વિતીય વાર્ષિક સભામાં કારોબારીની થયેલી વરણી

સ્પીપાના ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ શ્રી દિનેશભાઈ પટેલ (તંત્રી : ઉમિયા પરિવાર) ના અધ્યક્ષ સ્થાને, શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ખાતે તા. ૧૬-૬-૨૦૧૩ ને રવિવારે મળેલ, મેગેઝિન ક્લબની દ્વિતીય જનરલ સભામાં ૧૦૦ થી વધુ તંત્રીઓ/સંપાદકો હાજર રહ્યા હતા. જેમાં મેગેઝિનોને પોસ્ટખાતા દ્વારા થતી રીકવરીની માગણી, પોસ્ટિંગ તેમજ મંજૂરી, રજિસ્ટ્રેશન જેવા પ્રશ્નો બાબતે થતી પારાવાર મુશ્કેલી ભર્યા પ્રશ્નોની ઉગ્ર ચર્ચાઓ થયેલ. **આ પ્રકારના પ્રશ્નોની સામૂહિક રજૂઆત કરવા તથા મેગેઝિનો દ્વારા ભારતની સંસ્કૃતિ, સાહિત્ય અને સમાજની મૂળભૂત સમસ્યાના ઉકેલ માટે મદદરૂપ થવાના હેતુથી મેગેઝિન ક્લબની રચના કરવામાં આવી છે.** આ ક્લબના સંચાલન માટે નીચે મુજબ એક કમિટીની રચના કરવામાં આવી હતી.

★ અધ્યક્ષ : શ્રી પી.કે લહેરી (તંત્રી - સુવિચાર)

★ ઉપાધ્યક્ષ : શ્રી જોરાવરસિંહ જાદવ (તંત્રી - કારડિયા સંદેશ)
શ્રી અશોક મહેતા (તંત્રી - મંગલ મંદિર)

★ મંત્રી : શ્રી ભીમજીભાઈ નાકરાણી (તંત્રી - સરદાર જ્યોત)

★ સહમંત્રી : ડૉ. શ્રી હર્ષદ પટેલ (તંત્રી - આદિત્ય કિરણ)

★ ખજાનચી : શ્રી ભરત ઓઝા (તંત્રી - કચ્છ શ્રુતિ)

તેમજ કારોબારીમાં શ્રી યશવંત મહેતા (સંપાદક - બાલઆનંદ), પારૂલ દાંડીકર (તંત્રી - ભૂમિપુત્ર), ગીતા કપૂર (તંત્રી - ગૃહશોભા), સૌરભભાઈ કામદાર (સૌરભ પુસ્તક ભંડાર ઈન્ટરનેશનલ), હિતેશભાઈ કામદાર (વિજય મેગેઝિન વર્લ્ડ), શ્રી મણિભાઈ પટેલ (તંત્રી - ગ્રામગર્જના), શ્રી દેવેન્દ્ર ત્રિવેદી (તંત્રી - જનકલ્યાણ), શ્રી દિનેશ મહેતા (તંત્રીમંડળ મંગલ મંદિર), વિવેક દેસાઈ, ડૉ. પ્રભુદાસ પટેલ, ઘીસુભાઈ મહેતા, વગેરેની નિમણૂક કરાયેલ છે. તદ્ઉપરાંત સલાહકાર સમિતિની પણ રચના કરવામાં આવી હતી.

**આજની સભામાં દર ત્રણ મહિને બેઠક, ૧૦૦૦ થી વધુ સભ્યોની નોંધણી, એકબીજા મેગેઝિનોની ફ્રી આપ - લે કરવાનું, જિલ્લા ધોરણે બે પ્રતિનિધિઓની નિમણૂક કરવાનું, ગુજરાતભરના મેગેઝિનોના તંત્રીઓને આ ક્લબમાં જોડવાનું, તેમજ મેગેઝિન લવાજમ એજન્સીઓને પણ આ ક્લબમાં સભ્ય બનાવવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું હતું.**

આગામી અર્ધવાર્ષિક તેમજ વાર્ષિક મિટીંગ માટેની સંપૂર્ણ જવાબદારી - આયોજન કરી આપવા માટે પાંચ સંસ્થાઓએ ઓફર કરી હતી. મેગેઝિન ક્લબના સભ્ય થવા ઈચ્છતા સૌને ૯૭૨૩૩ ૩૬૪૮૨ ઉપર સંપર્ક કરવા વિનંતી છે. સભાનું સફળ સંચાલન શ્રી ભીમજીભાઈ નાકરાણીએ કર્યું હતું. કચ્છી ભવનના ટ્રસ્ટીઓએ જમવા સાથેની સુંદર વ્યવસ્થા કરી આપવા બદલ આભાર માનવામાં આવેલ. હાલનું કાર્યાલય સેટેલાઈટ વિસ્તારમાં રામદેવનગર ચાર રસ્તા પાસે આવેલ 'સદ્‌વિચાર પરિવાર' સમર્પણ વિદ્યાપીઠ ખાતે રાખવા માટે સંમતિ આપવામાં આવી હતી આ વિગત ક્લબના મીડિયા ઈન્ચાર્જ શ્રી સૌરભભાઈ કામદારે અખબારી યાદીમાં જણાવી હતી.

★

## ગુજરાતની જળ સમસ્યા અને ઉકેલ અંગે સેમિનાર યોજાયો

લોકસેવા ટ્રસ્ટ, નર્મદા અભિયાન અને સદ્‌વિચાર પરિવાર વતી શ્રી ભીમજી નાકરાણીએ જણાવ્યું હતું કે ગુજરાતમાં પાણીની સમસ્યા

JASH Mercantile LLP
101, Manratna Business Park,
1st Floor, Junction of Derasar Lane,
Tilak Road, Ghatkopar (East),
Mumbai-400 077.
Tel. : +91.22.44229100 - 199
Fax : +91.22.44229119
E-mail : info@jashmercantile.com
Website : www.jashmercantile.com

અંગે ગંભીરતાથી ક્યારેય વિચારણા થઈ નથી. આપણી પાસે પૂરતો વરસાદ, નર્મદા જેવી યોજનાઓ અને અનેક નાના-મોટા ડેમ અને તળાવો હોવા છતાં પાણીના મેનેજમેન્ટની ખામીના કારણે પાણીની તંગી ઊભી થયા કરે છે. આવી કંઈક વાત તાજેતરમાં સમર્પણ વિદ્યાપીઠ ખાતે યોજાયેલા સેમિનારમાં જળ કર્મિઓ દ્વારા થઈ હતી. આ સેમિનારમાં ખાસ કરીને સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં પાણીની ઊભી થતી અછતના કારણો, ઉપરાંત નર્મદા યોજના અને કલ્પસર યોજનાની તત્કાલીન સ્થિતિ, અને જળ સમસ્યા ઉપર પણ અલગ અલગ ૯ જેટલા તજજ્ઞોએ પોતાના અભ્યાસ અને માહિતીના આધારે ચર્ચા કરી હતી. જેમાં કોઈ રાજકીય ભેદભાવ કે પૂર્વગ્રહો વિના ખરેખર વાસ્તવિક સ્થિતિનો લોકોને ખ્યાલ આવે તે બાબતે ચર્ચા કરી હતી. આ સેમિનાર બે સેશનમાં યોજવામાં આવ્યો હતો. પ્રથમ બેઠકના અધ્યક્ષ સ્થાને શ્રી પી.કે. લહેરીએ નર્મદા યોજનાની ખરી સ્થિતિથી સૌને વાકેફ કર્યા હતા. તો બીજી બેઠકમાં અધ્યક્ષ સ્થાનેથી માહિતી આપતા ડૉ. વિદ્યુત જોશીએ જણાવ્યું હતું કે નર્મદા બંધમાં આજે જેટલું પાણી છે તે પીયત અને પીવા માટે પૂરતુ છે. દરવાજા મૂકવાથી વીજળીમાં ફાયદો થઈ શકે તેમ છે. સૌરાષ્ટ્ર, કચ્છ કે ઉત્તર ગુજરાત - ભાલ પંથકમાં પેટા કે સબ કેનાલ, કે પીયત મંડળીઓના અભાવે નર્મદાનું પાણી લોકો સુધી પહોંચતું નથી. અને આ કામો નહીં થવા પાછળ કામ કરતી સીસ્ટમ કે વ્યવસ્થા જવાબદાર છે. અંદાજિત ૪૦ જેટલી મહત્ત્વની NGOના પ્રતિનિધિઓએ પણ આ વાત સ્વીકારી હતી. જેમાંના કેટલાક તો નર્મદા જળ વિતરણની વ્યવસ્થા સંભાળે છે. આજ રીતે કલ્પસર અંગેના ત્રણ વર્ષના સતત અભ્યાસ પછી કલ્પસર સહયોગ સમિતિના પ્રમુખ શ્રી વિનુભાઈ ગાંધીએ જણાવ્યું હતું કે ખૂબ જ ઊંડાણપૂર્વકના અભ્યાસ અને અધિકારીઓ સાથેની અનેક બેઠકો પછી એવું લાગે છે કે કેટલાક રિપોર્ટના અભાવે આ યોજના ૨૦૧૫ પહેલા શરૂ થાય તેવું લાગતું નથી. અને આ યોજના તો પબ્લિક પાર્ટનરશીપ દ્વારા કરવાની છે. અહીં કોઈ અંતરાય નથી. સરકાર ચાહે તો આ કામ ઝડપથી થાય, તો સૌરાષ્ટ્ર - કચ્છની કાયાપલટ થઈ શકે તેમ છે.

જળ સંચય ક્ષેત્રે કાર્યરત શ્રી મનસુખભાઈ સુવાગિયાએ જામકાથી થયેલી જળ ક્રાંતિ અને એમની સંસ્થા દ્વારા સ્વ મહેનતે થયેલા અનેક ચેકડેમોનો આજે જે ગામો લાભ લે છે તેની વાત કરી હતી. તો સાથે એ પણ જણાવ્યું હતુ કે ચેકડેમોની આ પ્રવૃત્તિ ૨૦૦૫થી લગભગ બંધ છે જે ફરી કાર્યરત થવી જોઈએ. ચેકડેમ ડિઝાઈન, પાણીની બચત યોજના અંગેના તજજ્ઞ ડૉ. પી. એચ. વોરાએ જણાવ્યું હતું કે સૌરાષ્ટ્ર - કચ્છના પાણી માટેના કાયમી ઉકેલ માટે એક માત્ર ઉપાય છે — અને તે ચેકડેમ અને મહત્ત્વના તળાવો કે આડબંધોથી પાણીનું સંચય કરવું. ખૂબ જ ઊંડાણપૂર્વક તેમણે આ પેટર્નની વાત કરી હતી. આજ રીતે શ્રી ઇસ્માઈલ કલાણિયાએ પણ મહુવા વિસ્તારમાં ચેકડેમો દ્વારા થયેલી હરિયાળી ક્રાંતિની વાત કરી હતી. તો શ્રી વિજુભાઈ વઘાસિયાએ અને ગુજરાત ગ્રીન રીવો. કંપનીના પ્રતિનિધિ દ્વારા ડ્રીપ દ્વારા ખેડૂતોને થતા ફાયદાની વાત કરી હતી.

આ ઉપરાંત અમેરિકાથી આવીને પાણી માટે કામ કરતા શ્રી ગૌરવ પંડિતે ૪ વર્ષમાં સાબરમતી નદીના પાણી બંધમાંથી છોડાવી ૪૦ કિ.મી. ના વિસ્તારમાં થતા કામની વિગત આપી હતી. અને આ લાભ લેનારા ખેડૂતોએ તેમની વધેલી આવક અંગે વાત કરી હતી. આ ઉપરાંત અંદાજિત ૪૦ જેટલી વ્યક્તિઓએ પણ એક અવાજે જણાવ્યું હતું કે નર્મદાના પાણી ક્યારે મળશે? કલ્પસરનું શું થશે? ચેકડેમોનું કામ કેમ બંધ છે? આ તમામ બાબતે શ્રી ગૌતમ ઠાકર અને ડૉ. વિદ્યુત જોશી દ્વારા યોગ્ય પ્રત્યુત્તર આપવામાં આવ્યા હતા. **જ્યારે કચ્છને નર્મદાના મુદ્દે થઈ રહેલા અન્યાય બાબતે શ્રી અશોક મહેતાએ વાત કરી હતી** તો ભાલ વિસ્તારમાં પેટાકેનાલો ક્યારે બની શકે? તે અંગે શ્રી ધરમશીભાઈ મોરડિયાએ પોતાની વ્યથા રજૂ કરી હતી. શ્રી ભીમજીભાઈ નાકરાણીએ સંચાલનની સાથે સાથે જણાવ્યું હતું કે જળસંચયના ક્ષેત્રે લોકભાગીદારી ઘટી છે અને કામ લગભગ બંધ છે. નર્મદાની કેનાલના અધૂરા કામને કારણે લોકો સુધી પાણી પહોંચ્યા નથી. ખેડૂતોને ડ્રીપના ઉપયોગની જાણકારીનો અભાવ છે. ૨૦૦૪-૨૦૦૫ સુધી ગુજરાતમાં પાણીસંગ્રહનો માહોલ ઊભો થયો હતો જે આજે બંધ થઈ ગયો છે. આ માહોલ ફરી ઊભો થવો જોઈએ. **ગુજરાતની જળ સમસ્યાના ઉકેલ માટે પ્રજાકીય સહયોગ અને વિચાર અભિયાન માટે 'ગુજરાત જળસેવા' અભિયાનની રચના કરવામાં આવી હતી.**

ઉપરોક્ત સેમિનારમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ અમદાવાદના શ્રી અશોક મહેતા, શ્રી દિનેશ મહેતા તેમજ શ્રી કચ્છી સમાજ - અમદાવાદના શ્રી હંસરાજભાઈ કંસારા અને શ્રી ભરતભાઈ ઓઝા ઉપસ્થિત રહ્યા હતા.

★

## "મેગેઝિન ક્લબ"

'મેગેઝિન ક્લબ'નું આમંત્રણ સર્વે તંત્રીશ્રી, સંપાદકશ્રી તથા પ્રકાશકશ્રીને મળ્યું જ હશે અને તા. ૧૬-૬-૨૦૧૩ની બેઠકમાં થયેલી ચર્ચા અને કાર્યવાહીની નોંધ અગાઉ પ્રેસનોટ સ્વરૂપે આપ સૌને મોકલી આપી હતી. આપણી આ મેગેઝિન ક્લબ, સામયિકોના સંગઠન માટેનો પહેલો પ્રયત્ન છે. એટલે આપણે સૌ એક અવાજે તન, મન, ધનથી આ ક્લબમાં જોડાવાનો પાક્કો નિર્ણય કરી, સૌ સંગઠનને ટેકો આપે તે જરૂરી છે. પ્રકાશકો પણ આ ક્લબમાં આવકાર્ય છે. ધર્મ, સંપ્રદાય, ઈન્ડસ્ટ્રીઝ કે સ્ટોલ ઉપર વેચાણ ધરાવતા સામયિકના પ્રકાશકો કે

GLOBAL MERCANTILE PVT. LTD.
45/A, Mittal Tower, 4th Floor, "A" Wing, 210, Nariman Point, Mumbai-21.
Tel. : +91-22-4213 1900 (99 Lines) • Fax : +91-22-4213 1919
E-mail : global45a@yahoo.com

તંત્રીઓ અને પુસ્તક પ્રકાશકો આ સંગઠનમાં થોડો ઓછો રસ લેતા હોય તેવું લાગે છે. આજ રીતે સરકારી, અર્ધસરકારી સામયિકોના સંપાદકો પણ ખાસ રસ દાખવતા નથી. આવું કેમ? સંગઠન - સહયોગથી હંમેશાં ફાયદો થાય છે. આપણો સ્વાર્થ હોય કે ન હોય, આપણે જરૂર હોય કે ન હોય, પરંતુ જ્યારે આપણા વ્યવસાયિકો - સરખી પ્રવૃત્તિ ધરાવનારા ભેળા થતા હોય ત્યારે સહયોગ આપવો, ભેળા રહેવું એ તો માનવીય ગુણોની પહેલ છે. અહમનો અંચળો ફેંકીને સૌને સાથ આપવાની સારી વૃત્તિનું પ્રથમ પગથિયું છે. આમાં આપણે ઊણા ઊતરીએ તે કેમ ચાલે? ઘણા તંત્રી કે સંપાદક જે તે મેગેઝિનમાં નોકરી કરતા હોય પરંતુ તે મેગેઝિન આખરે વાચક માટે બનતી વિગત સાથેનું માધ્યમ તો છે જ. અને આપણે એટલે કે તંત્રી કે સંપાદક આ મેગેઝિનના સંવાહક છીએ. આપણે પ્રકાશક કે ઉપલા અધિકારીને જાણ કરી રજાના દિવસે પણ બેઠક, સેમિનારમાં આવવું તે આપણી ફરજ છે. અને આવા સંગઠનમાં જોડાવું તે પણ 'પબ્લિક રીલેશન'નું એક મહત્ત્વનું અંગ છે. મેગેઝિન ગમે તે વિષય ઉપરનું હોય, છે તો સમાજ કે નાગરિક સ્વજનો માટે. તો પછી આપણે આવા પ્રકારના આ સંગઠનને ટેકો શા માટે ન આપવો? વિચારવા જેવી વાત છે. આપણે જરૂર નથી, પરંતુ બીજી સો વ્યક્તિના 'ભલા' માટે આપણે નિમિત્ત બનવાનો અવસર તો છે, તો આ અવસરને માણીએ, સૌને માટે આપણી જાતને, સૌની સાથે જોડીએ, ભેળા રહીએ - ભેળા મળીએ, બેઠક મીટિંગમાં આવીએ. 'મેગેઝિન ક્લબ'ની સભ્ય ફી (આજીવન) ભરીએ, જરૂર પડે મદદ પણ કરીએ. સંગઠનને ટેકો આપી - આપણો આત્મિય ધર્મ આપણે બજાવીએ. સભ્યપદ ફીની રકમો ચેક / ડ્રાફ્ટ / રોકડા સદ્‌વિચાર પરિવાર "મેગેઝિન ક્લબ"ના નામે મોકલી સભ્યપદ મેળવી, સભ્યપદનો લાભ લઈએ અને સંગઠનને ટેકો આપીએ. પ્રત્યુત્તર અને સૂચનો તો પાઠવશો જ. આપના તરફથી યોગ્ય પ્રત્યુત્તર, મેગેઝિનની નકલ અને સભ્યપદ માટેનું ફોર્મ જરૂર મળશે તેવી અપેક્ષા સહ.

| | |
|---|---|
| *પી.કે. લહેરી, આઈ.એ.એસ.* | - *પ્રમુખ* |
| *ભીમજી નાકરાણી* | - *મંત્રી* |
| *અશોક મહેતા, જોરાવરસિંહ જાદવ* | - *ઉપપ્રમુખ* |
| *ડૉ. હર્ષદ પટેલ* | - *સહમંત્રી* |
| *ભરત ઓઝા* | - *ખજાનચી* |

***નોંધ :*** આપ આપના મિત્રો, સ્વજનો-તંત્રી, સંપાદકો અને પ્રકાશકોને ફોર્મની ઝેરોક્ષ આપી સભ્ય બનવા માટે આગ્રહ કરશો તેવી અપેક્ષા. સભ્યપદ માટે ઓછામાં ઓછા રૂા. ૫૦૦/- અને વધુમાં વધુ રૂા. ૫૦૦૦/- આપી શકાય છે.

બેઠક પછી બે જ દિવસમાં દિલ્હી પ્રેસના માલિક અને ઈલમા (ભારતીય ભાષાઈ સમાચાર પત્ર સંગઠન)ના ચેરમેન શ્રી પરેશનાથ સાથે મીટિંગ યોજીને ગુજરાતના સામયિકોના પ્રશ્નોના ઉકેલ માટે ખાતરી લીધી હતી.

મેગેઝિન ક્લબના તમામ સભ્યો માટેની આગામી ૩ બેઠકના સૌજન્યદાતા મળી ગયા છે. આ મીટિંગોની જાણ હવે પછી સૌને કરવામાં આવશે. સૌની હાજરી અનિવાર્ય છે, તેવું મેગેઝિન ક્લબની એક યાદીમાં જણાવાયું છે.

### ખાસ ધ્યાન આપશો

આપશ્રીના સામયિક માટે વર્ષ ૨૦૦૨થી પોસ્ટિંગ ચાર્જ પેટેની રકમ ભરપાઈ કરવા અગર પોસ્ટ ખાતા તરફથી નોટિસ મળી હોય અને તે કારણે સામયિકનું ચાલુ પોસ્ટિંગ રદ કરવાનું જણાવાયું હોય તો તે સામે જરૂરી કાર્યવાહી કરવા મેગેઝિન ક્લબના ઉપપ્રમુખશ્રીના ફોન નંબર : ૯૪૨૮૦ ૪૦૨૬૧, ૯૮૨૫૩ ૨૨૬૮૯ પર તુરત સંપર્ક કરશો.

*ભીમજીભાઈ નાકરાણી, મંત્રી – 'મેગેઝિન ક્લબ'*

★

## શ્રી કચ્છી જૈન સમાજ - વાપી
## કચ્છી નવા વરસની ઉજવણી

શ્રી કચ્છી જૈન સમાજ - વાપી દ્વારા કચ્છી નવા વરસ અષાઢી બીજ નિમિત્તે વાપીમાં ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ કચ્છી સમાજના જાણીતા લેખક શ્રી વિશન નાગડાના પ્રમુખપદે અને શ્રીમતી નીમુબેન નાગડાના અતિથિ વિશેષપદે યોજવામાં આવેલ. જેમાં કચ્છી વીસા સમાજ, દશા સમાજ, વાગડ વીસા સમાજ અને ગૂર્જર સમાજના પદાધિકારીઓ તેમજ સમાજના મોટાભાગના ભાઈ-બહેનો કચ્છી પહેરવેશ પરિધાન કરીને આવતા કાર્યક્રમના સ્થળે કચ્છી માહોલ સર્જાઈ ગયો હતો.

સૌપ્રથમ સમાજના નવા વરાયેલા પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ છેડા અને નવી કારોબારી સમિતિને સભ્યોની વિગત આપીને પરિચય કરાવવામાં આવેલ હતો. ત્યારબાદ સમારંભ પ્રમુખ, અતિથિ વિશેષ અને કચ્છી સમાજના પદાધિકારીઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ.

સૌપ્રથમ ઉત્તરાખંડમાં વિનાશક પૂરના લીધે પ્રાણ ગુમાવનાર તેમજ સમાજની કારોબારીના સભ્યોના થયેલ દુઃખદ નિધન બદલ ઊભા રહી બે મિનિટના મૌન સાથે શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી.

આ પ્રસંગે કચ્છી જૈન એકતા ગ્રુપ અને કચ્છી યુવા ગ્રુપ દ્વારા

Prakash®
PRAKASH METAL CRAFT PVT. LTD.
E-56/57, Sarvoday Nagar, 1st Panjrapole Lane, Mumbai-4.
Tel. : 2242 7461 Telefax : 2242 6636
E-mail : prakashmetalcraft@rediffmail.com • Website : www.prakashmetalcraft.com
MFG. ST. STEEL UTENSILS




*દીપ પ્રાગટ્ય બાદ મંચસ્થ મહાનુભાવો સાથે પદાધિકારીઓ.*




*સમારંભ પ્રમુખ શ્રી વિશન નાગડાનું બહુમાન કરતાં સમાજના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ છેડા*

રજૂ કરાયેલા પ્રોગ્રામમાં કચ્છી ગજીયો, કચ્છી રાસ, ફેશન શો જેવા મનોરંજન કાર્યક્રમ રજૂ કરવામાં આવેલ. આ ઉપરાંત વિશન નાગડા સર્જિત 'ખલમસ્તી - ધલમસ્તી' ડ્રામા રજૂ કરવામાં આવેલ.

આ પ્રસંગે કચ્છી સમાજના વડીલ એવા પીઢ કવિ શ્રી માધુબાપા 'અશ્ક' ખાસ કચ્છથી પધારીને કાર્યક્રમની શોભા વધારી હતી.

સમાજના પ્રમુખશ્રીએ પોતાના પ્રવચનમાં ખૂબજ ઉત્સાહપૂર્વક જણાવ્યું હતું કે જો સંજોગો સાથ આપશે તો વાપીમાં એક 'કચ્છી ભવન' બનાવવાની મારી ભાવના છે. તેમની આ જાહેરાતને તાળીઓથી વધાવી લેવામાં આવી હતી, તેમ વાપી સમાજની એક યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

★

## ગરીબોની સેવા કરવા બદલ બિદડા સર્વોદય ટ્રસ્ટને વધુ એક એવોર્ડ

૧૭મી આંતરરાષ્ટ્રીય જૈનાનું અધિવેશન અમેરિકાના ડેટ્રોઈટ ખાતે યોજાયું હતું. જેમાં ૩૫૦૦થી વધુ સાધર્મિકોએ ભાગ લીધો હતો. જૈનાના પ્રમુખ પ્રેમ જૈન અને સુશીલ જૈને ગરીબ દર્દીઓને શ્રેષ્ઠ સારવાર આપવા બદલ જૈન આંતરરાષ્ટ્રીય ઈન્સ્ટિટ્યૂશન રેકોગ્રીમન એવોર્ડ બિદડા સર્વોદય ટ્રસ્ટના વાઈસ ચેરમેન વિજય છેડા અને જયા રીહેબ સેન્ટરના ડાયરેક્ટર મૂકેશભાઈ દોશીને આપવામાં આવ્યો હતો.

ટ્રસ્ટ વતી એવોર્ડ સ્વીકારતા શ્રી છેડાએ કહ્યું હતું કે, છેલ્લા ૨૦ વર્ષથી જૈના તરફથી સહયોગ મળી રહ્યો છે. માનવતાના કાર્યમાં સહયોગ આપનારા ડૉક્ટરો, સ્વયંસેવકો, અમેરિકા અને કેનેડાના જૈન સેન્ટર અને દર વર્ષે મેગા મેડિકલ કેમ્પમાં ડૉ. મણિભાઈ મહેતા, સવિતાબહેન મહેતા, ડૉ. ગિરીશ શાહ, અરવિંદભાઈ અને જયાબેન શાહ, ડૉ. દિનેશ શાહ, રમેશભાઈ અને પ્રફુલ્લા શાહનો આ તબક્કે આભાર માન્યો હતો.

તેમણે કહ્યું હતું કે, રાત-દિવસ સહયોગ આપતા તબીબો, કર્મચારીઓ, દાતાઓ અને ટ્રસ્ટીઓની હૂંફને લીધે ૪૦ વર્ષમાં ૪૦ લાખ જેટલા દર્દીઓની સેવા કરી શક્યા છીએ અને આ એવોર્ડનો શ્રેય તેમના ફાળે જાય છે. ટ્રસ્ટની મેડિકલ અને સર્જરી માટેની વ્યવસ્થાની વિગતો ડૉ. મણિભાઈ મહેતાએ અને ઈન્ટરનેશનલ એનેસ્થેટીક ટ્રેઈનિંગ ડૉક્ટરોને કેમ બિદડા કેમ્પમાં અપાય છે એ વિશેની માહિતી નીતિન શાહે આપી હતી. ડૉ. તુષાર મહેતા અને ડાયેટીશિયન અલકા રાંભિયાએ એક વખત બિદડામાં કામ કરો તો હંમેશાં સેવાના કાર્યમાં જોડાવાનું મન થશે તેવો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો, તેમ બિદડા સર્વોદય ટ્રસ્ટની એક પ્રેસનોટમાં જણાવ્યું હતું.

### કચ્છી સુભાષિતો

**નીમ-બાવર ને આમરી, જુદ્ધા મીણીજા રંગ;**
**કડવા ખટ્ટાને મીઠ્ઠા, તેળા ડીં પ્રસંગ. ૧૦**
**દુઃખીયેંજે દુઃખ મત્થા, કડેં ન કજે ખીલ્લ;**
**કડેં સમય પાંજો અચે, તડેં થીપે ધીલ્લ. ૧૧**
**છડે ન સજ્જન સજ્જનતા, મીલે ભલેંકીં ત્રાસ;**
**ચંદન કે ભલેં બાર્યો, બરધે ડે સુવાસ. ૧૨**
**દુર્જન છડે ન કુટણકો, આંજણ છડે ન કારાસ;**
**સાજન હેત છડે નકીં, હીરો છડે ન ધોરાસ. ૧૩**
**સમો સુંજણી ગાલ કજે, ઠલા ન કઢજે વેણ;**
**સોનજી ઝાર પે પાણીમેં, તેંમે કેળા વયેણ. ૧૪**
**મીઠ મીઠડાં સકર મધુ, તેનું મીઠડો ખીર;**
**અને ખીરનું મીઠો લગે, સુપુત્ર બાવન વીર. ૧૫**
**ગંગા જલ પવિત્ર ઘણે, પવિત્ર સમુદ્ર વીર;**
**અધમ નિવારણ પવિત્ર જન, અખ્ખ આંસુજા નીર. ૧૬**

*"રશ્મિનજો રણકાર : ભાગ-૧"માંથી સાભાર*

Proprietor : **PRAMESH DAND**ની શુભેચ્છાઓ સાથે...

**LAXMI ELECTRIC CORPORATION**

**GOVERNMENT LICENCED ELECTRICAL CONTRACTORS**

ALL TYPES OF ELECTRICAL WORKS & ELECTRICAL CONSULTANTS
WE UNDERTAKE B.E.S.T., Reliance Energy & M.S.E.B. Works

Shree Niwas, Black No. 2, Opp. Nalanda, R.H.B. Road, Mulund (W), Mumbai-80.
Cell : 9322277220 Other No. 25600739 E-mail : laxmielectric_corp@yahoo.co.in

*આરામનો અર્થ કામ વગર પડ્યા રહેવાનો નથી, પરંતુ શક્તિ મેળવવાનો છે.*

# "મંગલ મંદિર" – પ્રાપ્ત થયેલાં લવાજમ

જુલાઈ – ૨૦૧૩ દરમ્યાન નીચે મુજબ લવાજમ પ્રાપ્ત થયેલ છે.

## રિન્યૂ થયેલ લવાજમો

### ૧ વર્ષનું લવાજમ

| | |
|---|---|
| • કિશોરચંદ્ર જગજીવન શાહ | ભુજ, કચ્છ |
| • તારક આર. શાહ | આંબાવાડી, અમદાવાદ |

### ૩ વર્ષનું લવાજમ

| | |
|---|---|
| • અજિત ઉપેન્દ્રભાઈ શાહ | ભાવનગર |

## નવાં પ્રાપ્ત થયેલ લવાજમો

### ૧ વર્ષનું લવાજમ

| | |
|---|---|
| • ઋષીલ શવાઈલાલ શાહ | ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ |
| • મિતેશ સૂર્યકાંત શાહ | વાસણા, અમદાવાદ |
| • ઉમરશી શામજી સતરા | વડાલા, તા. મુંદ્રા, કચ્છ |
| • ચંદ્રકાંત કે. શાહ | બાગલકોટ, કર્ણાટક |
| • હરીશ લક્ષ્મીદાસ આસર | ફોર્ટ, મુંબઈ |
| • ડી. વી. બુચિયા | સપના નગર, ભુજ, કચ્છ |
| • અતુલ મનસુખલાલ મહેતા | રાપર, કચ્છ |
| • જય એન. મહેતા | ગાંધીધામ, કચ્છ |
| • રૂપમ મણિલાલ શાહ | ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ |
| • કમલેશ મૂલચંદ સોની | ડોંબીવલી (ઈસ્ટ), મુંબઈ |
| • સૂર્યકાંત નેણશી મોતા | સાંગલી (મહારાષ્ટ્ર) |
| • નરેન્દ્ર ઠાકરશી મોતા | થાણા (વેસ્ટ), મહારાષ્ટ્ર |
| • ખુશાલ ખેતશી મોતા | ડોંબીવલી (વેસ્ટ), મુંબઈ |
| • દમયંતી રતિલાલ મોતા | રાપર ગઢવારી, તા. અબડાસા |
| • કાંતાબાઈ દામજી મોતા | અંબરનાથ (મહારાષ્ટ્ર) |
| • કુંવરજી એમ. મોતા | મુલુંડ (વેસ્ટ), મુંબઈ |
| • સોમચંદ હંસરાજ મોતા | ડોંબીવલી (ઈસ્ટ), મુંબઈ |
| • હરીશ હીરજી મોતા | ડોંબીવલી (ઈસ્ટ), મુંબઈ |
| • કિરણ ઠાકરશી મોતા | ભાંડુપ (વેસ્ટ), મુંબઈ |
| • ભરત ખેતશી મોતા | ડોંબીવલી (ઈસ્ટ), મુંબઈ |
| • સોમચંદ મૂલજી મોતા | ડોંબીવલી (ઈસ્ટ), મુંબઈ |
| • જયંતીલાલ મણિલાલ મોતા | ડોંબીવલી (વેસ્ટ), મુંબઈ |
| • તિલકચંદ હંસરાજ મોતા | ભાંડુપ (વેસ્ટ), મુંબઈ |
| • મહેશ હીરજી મોતા | ડોંબીવલી (ઈસ્ટ), મુંબઈ |
| • આણંદજી મૂળજી મોતા | ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ |
| • ધનજી મૂળજી મોતા | ડોંબીવલી (ઈસ્ટ), મુંબઈ |
| • તારાચંદ નેણશી મોતા | ભાંડુપ (વેસ્ટ), મુંબઈ |
| • નવીનચંદ્ર જે. મોતા | ડોંબીવલી (વેસ્ટ), મુંબઈ |
| • લક્ષ્મીચંદ એમ. મોતા | ડોંબીવલી (ઈસ્ટ), મુંબઈ |
| • મહેન્દ્ર હંસરાજ મોતા | નવી મુંબઈ |
| • ઠાકરશી મૂળજી મોતા | ભાંડુપ (વેસ્ટ), મુંબઈ |
| • ઉત્તમચંદ ખેતશી મોતા | ડોંબીવલી (ઈસ્ટ), મુંબઈ |
| • ઝવેરચંદ મૂળજી મોતા | ડોંબીવલી (ઈસ્ટ), મુંબઈ |
| • જિજ્ઞેશ કુંવરજી મોતા | મુલુંડ (વેસ્ટ), મુંબઈ |
| • મેહુલ તારાચંદ મોતા | ડોંબીવલી (ઈસ્ટ), મુંબઈ |
| • શાંતિલાલ ઉમરશી મોતા | કોચી (કેરાલા) |
| • દીપક કુંવરજી મોતા | ડોંબીવલી (વેસ્ટ), મુંબઈ |
| • કાંતિલાલ હંસરાજ મોતા | આદિપુર, કચ્છ |
| • ચંદ્રકાંત ઉમરશી મોતા | બેંગલુરુ |
| • નીતિન કુંવરજી મોતા | ડોંબીવલી (વેસ્ટ), મુંબઈ |
| • લક્ષ્મીચંદ ખેતશી મોતા | ડોંબીવલી (ઈસ્ટ), મુંબઈ |
| • ભરત મણિલાલ મોતા | ગાંધીધામ, કચ્છ |
| • લહેરચંદ હંસરાજ મોતા | આદિપુર, કચ્છ |
| • ગુલાબ હીરજી મોતા | હૈદ્રાબાદ |
| • ખંતીલા દિનેશ મોતા | કોચી (કેરાલા) |
| • નીલેશ લાલજી મોતા | મુલુંડ (વેસ્ટ), મુંબઈ |
| • ખીમજી મૂળજી મોતા | ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ |
| • કમલેશ સૂર્યકાંત મોતા | સાંગલી (મહારાષ્ટ્ર) |
| • દામજી ટોકરશી મોતા | હુબલી (કર્ણાટક) |
| • પ્રેમીલાબાઈ ચત્રભુજ મોતા | ડોંબીવલી (વેસ્ટ), મુંબઈ |
| • લાલજી હંસરાજ મોતા | બયાના (ભરતપુર - રાજસ્થાન) |
| • ભરતસિંહ જાડેજા | રાપર, કચ્છ |
| • શાંતાબેન ગાલા | લાકડિયા, કચ્છ |
| • નરેશભાઈ પરમાર | લાકડિયા, કચ્છ |

### ૩ વર્ષનું લવાજમ

| | |
|---|---|
| • રાજેશ કે. નાગડા | મુલુંડ (ઈસ્ટ), મુંબઈ |
| • કલા કેન્દ્ર | ડોંબીવલી (ઈસ્ટ), મુંબઈ |

### આજીવન

| | |
|---|---|
| • મનીષ રમણલાલ ગાલા | આદિપુર, કચ્છ |
| • જયેશ કે. ગંગર | બોરીવલી (વેસ્ટ), મુંબઈ |
| • હાર્દિક ભરત મૈશેરી | વાપી (ગુજરાત) |
| • શ્રી કોટડા રોહા જૈન મહાજન | કોટડા રોહા, તા. નખત્રાણા |
| • ભદ્રેશ ગણેશભાઈ દોશી | ભુજ, કચ્છ |

NGR NUTAN
GUJARAT ROADLINES
ગુજરાત - મહારાષ્ટ્ર

પ્રો. પ્રફુલ મેઘજી ભાણજી શાહ (મો. ૦૯૪૨૨૧ ૧૪૨૯૪)
B/29, Transport Nagar Free Zone, Bhandara Road,
NAGPUR-440 008.
Ph. : (0712) 2681733, 2682733 Fax : (0712) 2680433

# સાર સમાચાર

*સંકલનકર્તા : શાંતિલાલ સંઘવી*

(૧) દિલ્હીની વિવિધ કોર્ટોમાં રોજના સરેરાશ ૨૫ છુટાછેડાના કેસ નોંધાય છે. *(સંદેશ, તા. ૨-૬-૧૩)*

(૨) 'કેગ' (CAG)ના અહેવાલ મુજબ અદાણી પાવર કંપની અને ગુજરાત ઊર્જા વિકાસ નિગમ વચ્ચે વીજળી ખરીદી કરાર થયો હતો. એ શરતોનું પાલન થયું નહીં એટલે અદાણીને રૂા. ૨૪૦.૦૮ કરોડનો દંડ કરવામાં આવ્યો. અદાણીએ સરકારને માત્ર રૂા. ૭૯.૮૨ કરોડ ચૂકવ્યા. બાકીના રૂા. ૧૬૦.૨૬ કરોડ સરકારે માંડી વાળ્યા! *(લોક સ્વરાજ, મે-૨૦૧૩)*

(૩) ગયા વર્ષે પ્રકાશિત થયેલા આંકડા મુજબ ચીનની વસતિ ૧૩૫ કરોડ, હિંદુસ્તાનની ૧૨૧ કરોડ, બ્રાઝીલની ૧૯ કરોડ, રશિયાની ૧૪ કરોડ તથા દક્ષિણ આફ્રિકાની ૫ કરોડ સામે આ 'બ્રિક્સ'ના દેશોની માથાદીઠ આવક ચીનની ૯૧૦૦ ડોલર, હિંદુસ્તાનની ૩૯૦૦ ડોલર, બ્રાઝીલની ૧૨૦૦૦ ડોલર, રશિયાની ૧૭૦૦૦ ડોલર અને દક્ષિણ આફ્રિકાની ૧૧૩૦૦ ડોલર હતી. *(નયા માર્ગ, તા. ૧૬-૫-૧૩)*

(૪) ઓરિસ્સાના જીરાંગો શહેરની ૨૦૦૭માં સ્થાપવામાં આવેલી જુનિયર સાયન્સ કૉલેજમાંથી આજ સુધીમાં એક પણ વિદ્યાર્થી પાસ થયો નથી. ચાલુ વર્ષે પણ ૨૦ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા પણ બધા જ નાપાસ થયા છે. *(દિવ્ય ભાસ્કર, તા. ૪-૬-૧૩)*

(૫) તિરૂપતિ બાલાજીમાં ભક્તો દ્વારા માથાના વાળ ઉતરાવીને અર્પણ કરવામાં આવે છે. ગયા વર્ષે ૬૪૭૬૦ કિલો વાળનો જથ્થો મળેલો. જેના લીલામમાં મંદિરને ૧૦૭ કરોડ રૂપિયાની કમાણી થઈ. *(ગુજરાત સમાચાર, તા. ૭-૬-૧૩)*

(૬) આંધ્રના પૂર્વ સાંસદ હરિરાવે પોતાના વજન જેટલી ૬૫ કિલો ચાંદી તિરૂમાલાના વેંકટેશ્વર મંદિરને પોતાની મનોકામના પૂરી કરવા દાનમાં આપી. (ભગવાનને સોનાચાંદીની જરૂર નથી. આટલી ચાંદી ગરીબોના ભલા માટે આપી હોત તો ભગવાન અતિશય પ્રસન્ન થયા હોત!) *(દિવ્ય ભાસ્કર, તા. ૯-૬-૧૩)*

(૭) ઉત્તર પ્રદેશની અરુનિમા સિન્હા નામની ૨૪ વર્ષની મહિલાને લૂંટારાઓએ ચાલતી ટ્રેને બહાર ફેંકી દીધી. તેનો ડાબો પગ કપાઈ ગયો. બે વર્ષ પછી પ્લાસ્ટિકના બેસાડેલા પગની મદદથી તા. ૨૧-૫-૨૦૧૩ના રોજ તેણે માઉન્ટ એવરેસ્ટના શિખર પર પગ મૂક્યો. *(સાધના, તા. ૧-૬-૧૩)*

(૮) રશિયાની સરકારે હવે એવો કાયદો કર્યો છે કે કોઈની ધાર્મિક લાગણીને ઠેસ પહોંચાડનારને પાંચ લાખનો દંડ અને એક વર્ષની જેલની સજા કરવામાં આવશે. *(સાધના, તા. ૧-૬-૧૩)*

(૯) ઈન્ડોનેશિયાની સરકારે અમેરિકાને હિંદુ સરસ્વતી દેવીની ૧૦ ફૂટ ઊંચી મૂર્તિ ભેટ આપી છે. જે અમેરિકન પ્રમુખના નિવાસ સ્થાનની નજીકમાં જ મૂકવામાં આવેલ છે. *(સાધના, તા. ૮-૬-૧૩)*

(૧૦) ચીનમાં ચેન ગુઆંગબીઓ નામના વેપારીએ ટીનના કેનમાં શુધ્ધ હવા ભરીને એક ડોલરમાં વેચવાનો ધંધો શરૂ કર્યો છે, જે ધમધોકાર ચાલે છે! *(ચિત્રલેખા, તા. ૨૪-૬-૧૩)*

(૧૧) રવીન્દ્રનાથ ટાગોરને મળેલ નોબેલ પદક ઉપરાંત બીજી ૪૭ જેટલી ચીજોની ચોરી થઈ ગઈ છે. વળી ૧૯૭૧ની પાકિસ્તાન સાથેની લડાઈ વખતે પાકિસ્તાનની સેનાએ સ્વીકારેલી શરણાગતિ વખતે તેના સેનાપતિ જનરલ નિયાઝીએ પોતાની પિસ્તોલ લેફ. જનરલ જગજીતસિંહ અરોરાને સોંપી દીધેલી. આ પિસ્તોલ દિલ્હીના નેશનલ મ્યુઝિયમમાં રાખવામાં આવેલી તે ચોરાઈ ગઈ છે. ગાંધીજીના વર્ધા આશ્રમમાંથી ગાંધીજીના ચશ્માં ચોરાઈ ગયા છે. આમાંથી એક પણ ચોર પકડાયો નથી. *(સાધના, તા. ૮-૬-૧૩)*

(૧૨) ડેન્માર્કમાં સરકારે જાહેર કરેલી યાદીમાંથી જ પોતાના બાળકનું નામ પસંદ કરી શકાય છે. ગમે તે નામ રાખી શકાતું નથી. *(દિવ્ય ભાસ્કર, તા. ૧૫-૬-૧૩)*

(૧૩) જ્યોતિબા (જોતીબા) ફૂલે અને ડૉ. આંબેડકરના વિચારોને ગીતોમાં ઢાળીને વંચિત સમુદાયમાં જાગૃતિ લાવવાનો પ્રયત્ન કરનાર 'કબીર કલા મંચ'ના બે કલાકારો શીતલ સાઠે અને સચીન માલીને મહારાષ્ટ્ર સરકારે નક્સલવાદી ઠરાવીને જેલ ભેગા કરી દીધા છે. પોલીસનો આરોપ છે કે આ બંને કલાકારો ભગતસિંહ તથા અન્ય ક્રાંતિકારીઓની કહાનીઓ લોકોને સંભળાવીને લોકોને ઉશ્કેરી રહ્યા છે! *(દલિત અધિકાર, તા. ૧-૬-૧૩)*

(૧૪) સ્વીટ્ઝરલેન્ડમાં દયામૃત્યુ (મર્સી કિલીંગ) કાયદેસર છે. એટલું જ નહીં પણ સ્વેચ્છા મૃત્યુ પણ કાયદેસર છે. ત્યાં પીડારહિત મોત પણ આપવામાં આવે છે. *(વિવેકપંથી, મે-૨૦૧૩)*

(૧૫) ચીનના રેલવે પ્રધાન લીયુ ને ભ્રષ્ટાચારના આરોપસર જેલમાં મોકલી દેવાયા છે. તેને મૃત્યુદંડ મળે એવી સંભાવના છે. *(વિવેકપંથી, મે-૨૦૧૩)*

(૧૬) એથેન્સ ઓલિમ્પિકમાં બે મેડલ જીતનાર સીતા શાહુને ઉત્તર પ્રદેશ સરકારે તથા ભારત સરકારે મોટા ઈનામો આપવાની જાહેરાત કરી. પરંતુ હજુ સુધી તેને એક રૂપિયો પણ મળેલ નથી. અત્યારે તે અલ્હાબાદમાં પાણીપૂરી વેચીને ગુજરાન ચલાવે છે. *(વિવેકપંથી, મે-૨૦૧૩)*

(૧૭) અમેરિકાના મીશીગનમાં ન્યાયાસન પર બિરાજમાન જજ

*કર્મ વગર ફળની અપેક્ષા રાખવી વ્યર્થ છે.*

સાહેબનો મોબાઈલ ફોન રણકી ઊઠ્યો. જજ સાહેબે પોતે જ પોતાને ૨૬ ડોલરનો દંડ કર્યો. (આપણા દેશમાં....?) *(વિવેકપંથી, મે-૨૦૧૩)*

(૧૮) મહારાષ્ટ્રના સતારામાં શાહરૂખ ખાનને શુટીંગ માટે બગીચો લીલોછમ રાખવા - રાજ્યમાં ભીષણ દુકાળ હોવા છતાં - હજારો લીટર પાણી મફત આપ્યું. *(વિવેકપંથી, મે-૨૦૧૩)*

(૧૯) સૌથી વધુ વંચાતા ચેતન ભગતને પાછળ રાખીને અંગ્રેજીમાં લખતા લેખક અમીશ ત્રિપાઠી ઘણા આગળ નીકળી ગયા છે. તેની પ્રથમ નવલ 'ધી ઈમોર્ટલ્સ ઑફ મેલુહા'ની હસ્તપ્રત વીસ વીસ પ્રકાશકોએ પરત કરેલી. હવે એમના પુસ્તકોની ૧૭ લાખથી વધારે નકલો વેચાઈ ચૂકી છે - વેચાણ ચાલુ છે. તેને રૂા. ૪૦ કરોડ રોયલ્ટી મળી ચૂકી છે. આ સફળતાનું શ્રેય એની પત્ની પ્રીતિ વ્યાસના કમાલના માર્કેટિંગને છે. *(પરબ, જૂન-૨૦૧૩)*

(૨૦) અમીશ ત્રિપાઠીનું અન્ય પુસ્તક 'ધી ઑથ ઑફ વાયુપુત્રાઝ' વિશે લોકોએ જાણ્યું કે આ પુસ્તકના ફિલ્મીકરણ માટેના હક્કો કરણ જોહરે ખરીદ્યા છે. એટલે એક જ અઠવાડિયામાં તેની સાડા ત્રણ લાખ નકલ ચપોચપ વેચાઈ ગઈ! ગજબનાક માર્કેટિંગ એની પત્ની પ્રીતિ વ્યાસનું! *(પરબ, જૂન-૨૦૧૩)*

(૨૧) અમદાવાદની "આબાદ" ડેરીની જમીન માટે રાજ્યની મૂલ્યાંકન સમિતિએ ભાડા પેટેની વાર્ષિક રકમ રૂા. ૧૨૦૦ કરોડ આંકી હતી. પરંતુ રાજ્ય સરકારે એક રૂા. પ્રતિ ચોરસ ફૂટના ભાવે આ ૪.૨ લાખ ચો.ફીટ જમીન આપી દીધી છે. જેના કારણે વર્ષે રૂા. ૧૧૯૯.૯૫ કરોડનું ગુજરાતને નુકસાન થઈ રહ્યું છે. *(નિરીક્ષક, તા. ૧૬-૬-૧૩)*

(૨૨) બ્રિટનમાં રેન્ટ-એ-મોર્નર નામની સંસ્થા છે, જે કોઈની અંતિમક્રિયા માટે ડાઘુ કે પ્રાર્થનાસભા વખતે વિલાપ કરનારાની સેવા ભાડે આપે છે. *(ચિત્રલેખા, તા. ૧-૭-૧૩)*

(૨૩) ગુજરાત સરકારે ત્રણેક વર્ષથી પ્રાથમિક શિક્ષણમાં 'ગુણોત્સવ'નું આયોજન કરેલ છે. આ 'ગુણોત્સવ'ની જે માહિતી જાણવા મળેલ છે તે મુજબ ૪૪,૨૩૨ શિક્ષકોમાંથી ૧૫,૨૫૦ શિક્ષકોને ફરીથી શાળા - કોલેજમાં ભણવા મોકલવા પડે તેમ છે. સુપ્રીમ કોર્ટે 'વિદ્યા સહાયક'ના કેસમાં સરકાર 'શિક્ષણ શત્રુ'ની પ્રથા અપનાવી રહી છે એવી ટીકા કરી છે. *(નયા માર્ગ, તા. ૧-૬-૧૩)*

(૨૪) ગુજરાતના છઠ્ઠા - સાતમા ધોરણમાં ભણતા અનેક વિદ્યાર્થીઓને સાદા સરવાળા - બાદબાકી આવડતા નથી. પ્રાથમિક શિક્ષણનું સ્તર આટલું નીચું હોવા છતાં બારમા ધોરણ સાયન્સનું પરિણામ ૯૨.૫૩% આવ્યું. રાતોરાત બારમા ધોરણના વિદ્યાર્થીઓ હોશિયાર બની ગયા! પરિણામની ટકાવારી ઊંચી રહે તેમાં સરકાર અને સંચાલકોનું સ્થાપિત હિત રહેલું છે. પેપર સરળ નીકળે, પરીક્ષકોને પણ વધારે તકલીફ ન પડે, આ બધું શિક્ષણની ગુણવત્તા (એટલે શું?)ના ભોગે થઈ રહ્યું છે. *(નયા માર્ગ, તા. ૧-૬-૧૩)*

(૨૫) પ્રધાનમંત્રીના કાર્યાલય દ્વારા માહિતી અધિકાર હેઠળ મળેલ માહિતી અંતર્ગત ૨૦૦૪થી ૨૦૧૩ દરમ્યાન વડાપ્રધાનની વિદેશયાત્રા પર થયેલ ખર્ચ ૯ અબજ, ૬૪ કરોડને ૭૬ લાખ રૂપિયા થયેલ છે. *(સાધના, તા. ૧૫-૬-૧૩)*

(૨૬) ભારતના ઋગ્વેદ આદિ ચારેય વેદોનું વિશ્વની ૧૩૩ ભાષાઓમાં ભાષાંતર થયું છે એમ ઉત્તરાખંડના રાજ્યપાલ શ્રી અઝીઝ કુરેશીએ જણાવ્યું છે. *(સાધના, તા. ૧૫-૬-૧૩)*

(૨૭) અંગ્રેજી ફિલ્મ 'ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ-૬'માં સ્ટંટ દશ્યમાં એક દશ્ય માટે પૂરી ૨૫૦ કારોનો ખુરદો બોલાવી દેવામાં આવ્યો છે. *(સાધના, તા. ૧૫-૬-૧૩)*

(૨૮) મથુરાના મુસ્લિમોએ જાહેર કર્યું છે કે તેઓ મથુરામાં ગૌહત્યા થવા દેશે નહીં. *(સાધના, તા. ૨૨-૬-૧૩)*

(૨૯) વિશ્વની સૌથી મોટી ઈમારત 'બુર્જ ખલીફા'ના ૧૨૪મા માળે 'યોગ ઍટ ધ ટોપ' નામે ૨૪ દિવસના શિબિરમાં લોકોને સૂર્ય નમસ્કાર અને યોગ શીખવવામાં આવે છે. *(સાધના, તા. ૨૨-૬-૧૩)*

(૩૦) બોલિવિયાના એક ગામમાં એક કિશોરી પર બળાત્કાર કરનાર યુવાનને કિશોરીની સાથે જ સજારૂપે જીવતો દફન કરી દેવામાં આવ્યો. યુવાને બળાત્કાર પછી તે યુવતીની હત્યા કરેલી. *(સાધના, તા. ૨૨-૬-૧૩)*

(૩૧) ૨૯ વર્ષની ગુજરાતની દીકરી આરાધના ભટ્ટ એ ન્યુઝીલેન્ડમાં આ વર્ષના પેસીફિક મ્યુઝીક ઍવોર્ડની છ કેટેગરીમાં બધી જ ટ્રોફી તેણી એકલીએ જીતીને વિક્રમ સર્જેલ છે. *(સાધના, તા. ૨૨-૬-૧૩)*

(૩૨) પ્રો. સ્લોબોચિકોફ પ્રાણીશાસ્ત્રના વિશેષજ્ઞ છે. તેણે એક એવું સોફ્ટવેર વિકસાવેલ છે જેથી જાનવરોના અવાજને સમજીને તેની જ ભાષામાં વાત કરવાનું શક્ય બનશે. *(સાધના, તા. ૨૨-૬-૧૩)*

(૩૩) રશિયાના રાષ્ટ્રપતિ પુટીને ત્યાંના મુસ્લિમોને જાહેરમાં જણાવેલ છે કે 'જો તમારે શરિયતનું શાસન જોઈતું હોય તો ત્યાં ચાલ્યા જાઓ.' જો તેમને રશિયામાં રહેવું હોય, રશિયામાં કામ કરવું હોય અને રશિયાનું અન્ન ખાવું હોય તો રશિયાના તમામ કાનૂનોનું પાલન કરવું પડશે એમ તેણે રશિયાની સંસદ ડ્યુમામાં જાહેર કર્યું છે. *(સાધના, તા. ૨૨-૬-૧૩)*

(૩૪) બનાસકાંઠામાં છેલ્લા બે વર્ષમાં દલિતો પર અત્યાચારના ૨૧૧ કેસ થયા. ૫૨૯ આરોપીઓ પકડાયા. માત્ર બે ને સજા થઈ! *(ગુજરાત ટુડે, તા. ૮-૪-૧૩)*

(૩૫) અમદાવાદમાં રહેતા શ્રી હરીશભાઈ વ્યાસ જે જૂન-૨૦૧૩માં અવસાન પામ્યા તે પોતે Ph.D. હતા. તેમના પત્ની પણ Ph.D. છે, તેમની પુત્રી પણ Ph.D. છે, તેમનો પુત્ર અને પુત્રવધૂ પણ બંને Ph.D. છે. આમ એક જ કુટુંબમાં ૫ Ph.D. *(નયા માર્ગ, તા. ૧૬-૬-૧૩)*

*સત્યથી ધર્મનું, અભ્યાસથી વિદ્યા, સદવર્તનથી કુળનું અને અપારદર્શક વસ્ત્રો પહેરવાથી સ્ત્રીઓનું રક્ષણ થાય છે.*

## શબ્દ રમત-૮૫

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | ૪ | ૫ | ■ | ૬ | ૭ | | ૮ |
| | ■ | ૯ | ૧૦ | ■ | ૧૧ | | ૧૨ | | | ■ | |
| ૧૩ | ૧૪ | ■ | ૧૫ | ૧૬ | | ■ | ૧૭ | | ■ | ૧૮ | ■ |
| ૧૯ | | ૨૦ | ■ | | ■ | ૨૧ | | ■ | ૨૨ | | ૨૩ |
| ■ | ૨૪ | | ૨૫ | ■ | ૨૬ | | ■ | ૨૭ | | ■ | |
| ૨૮ | ■ | ૨૯ | | ૩૦ | ■ | ૩૧ | ૩૨ | | ■ | ૩૩ | |
| ૩૪ | | ■ | ૩૫ | | ૩૬ | ■ | ૩૭ | | ૩૮ | ■ | |
| | ■ | ૩૯ | | ■ | ૪૦ | | ■ | ૪૧ | | ૪૨ | ■ |
| ૪૩ | ૪૪ | | ■ | ૪૫ | | ■ | ૪૬ | ■ | ૪૭ | | ૪૮ |
| ■ | | ■ | ૪૯ | | ■ | ૫૦ | | ૫૧ | ■ | ૫૨ | |
| ૫૩ | ■ | ૫૪ | | | ૫૫ | | ■ | ૫૬ | ૫૭ | ■ | |
| ૫૮ | | | | ■ | ૫૯ | | | ■ | ૬૦ | | |

શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૨૦-૮-૨૦૧૩)*

### આડી ચાવીઓ

૧. ઠંડીમાં ધુમાડા જેવું થઈ હવામાં જામે તે (૩)
૩. એક માદક પદાર્થ, વ્યસન (૩)
૬. ઝાકળ (૪)
૯. નોકર, સેવક (૨)
૧૧. જગમાં બધે જાણીતું (૫)
૧૩. છેડો, અંત (૨)
૧૫. એક ધાતુ (૩)
૧૭. મિલે ______ મેરા તુમ્હારા તો (૨)
૧૯. મૂળ ઉપરથી ઉતારેલું બીજું લખાણ (૩)
૨૧. કસોટી ઉપરથી નક્કી કરેલા સોના ચાંદીનો ભાવ (૨)
૨૨. મંદિરના શિખર તરીકે મૂકાતો ઘાટ (૩)
૨૪. કૃપા, દયા (૩)
૨૬. તેલ નહિં, તેલની ______ જુઓ (૨)
૨૭. પગ, દરજ્જો (૨)
૨૯. પાસા ફેંકી ભવિષ્ય જોવાની વિદ્યા (૩)
૩૧. સૌંદર્ય (૩)
૩૩. ભારતની પવિત્ર નદી ______ છે (૨)
૩૪. ______ ના વાંકે પખાલીને ડામ (૨)
૩૫. બહાર જતું કે મોકલાતું (૩)
૩૭. ચાંપતી ઉઘરાણી (૩)
૩૯. ગાવું તે, ગાયન (૨)
૪૦. હંમેશાં કડવું હોય છે (૨)
૪૧. રોકડા પૈસા (૩)
૪૩. જોડકું, બેલડું (૩)
૪૫. બીજું, અન્ય (૨)
૪૭. લખેલું ભૂંસવા માટેનો પદાર્થ (૩)
૪૯. સરોવર (૨)
૫૦. ખાખરાની ખિસકોલી ______ નો સ્વાદ શું જાણે? (૩)
૫૨. નસીબ (અંગ્રેજીમાં) (૨)
૫૪. સાવ રમત જેવી વાત કે વસ્તુ (૫)
૫૬. રસ્તો, પ્રતીક્ષા (૨)
૫૮. બાળપણ, કાચી ઉંમર (૪)
૫૯. લાલ માટી, સોના ગેરુ (૩)
૬૦. ડાઘ, લાંછન (૩)

### ઊભી ચાવીઓ

૧. બસમાં ______ કરવાની મનાઈ હોય છે (૪)
૨. હંમેશાં (૨)
૪. રૂપાનું (૩)
૫. દીવાની જ્યોત (૨)
૬. નગર (૩)
૭. જાત, પનો, માલ (૨)
૮. બુધ્ધિ (૨)
૧૦. તૈયાર થયેલું (૨)
૧૨. શત્રુની છૂપી રીતે બાતમી જાણી લાવનાર (૩)
૧૪. ચીજ, સંખ્યા (૩)
૧૬. ______ ગુણ સંપન્ન (૨)
૧૮. દોરડી બળે પણ ______ ન છોડે (૨)
૨૦. તરંગ, પાણીનું મોજું (૩)
૨૧. ______ અને કન્યા કરગરે ના મળે (૩)
૨૨. શરીરની ઊંચાઈ કે જાડાઈ (૨)
૨૩. શરીરને શોભાવનાર વસ્ત્ર (૪)
૨૫. મુસલમાનોનો એક તહેવાર (૪)
૨૭. આંખનું પલકવું તે (૪)
૨૮. ઘરના છોકરા ઘંટી ચાટે, ને ______ ને આટો (૪)
૩૦. રામનો પુત્ર (૨)
૩૨. ગોળ વિના મોળો કંસાર, ______ વિના સૂનો સંસાર (૨)
૩૬. ઘટ, ખોટ (૩)
૩૭. મેરા નામ ______ (રાજ કપૂરની એક ફિલ્મ) (૩)
૩૯. તમાચો મારી ______ રાતો રાખવો (૨)
૪૨. બે ગણું, બેવડું (અં.) (૩)
૪૪. ______ ને અડદ ભેગા ભરડવા (૨)
૪૬. ______ થી બે ભલા (૨)
૪૮. ખેંચાખેંચી, તકરાર (૪)
૪૯. ______ ને ભરતી ક્યારેય કોઈની રાહ ન જુએ (૩)
૫૦. પખવાડિયાની સાતમી તિથિ (૩)
૫૧. યોગ્ય, ઘટીત (૨)
૫૩. આપો; પિતા, દાદો (૨)
૫૪. અવાજ (૨)
૫૫. અઠવાડિયાનો દરેક દિવસ (૨)
૫૭. ટંકાવાથી થતો અવાજ (૨)

*કાયદા ઘડવાથી જવાબદારીમાંથી છટકી શકાતું નથી, એનો અમલ થાય એ જરૂરી છે.*



અષાઢી બીજ પર્વ નિમિત્તે સર્વે કચ્છીજનોને હાર્દિક શુભેચ્છા.....
नीलम स्टेनलेस स्टील का सरताज - वही है बडा विश्वास !
STAINLESS STEEL
PRESSURE COOKER
AND PRESSURE PAN
IS-2347
CM/L-9495910
NEW ARRIVAL
neelam
STAINLESS STEEL
Available Sizes :
Pressure Cooker 2.5, 3.5, 5.5, 7.5 Ltrs.
Belly Pressure Cooker 3, 5, 7.5 Ltrs.
Pressure Pan Junior & Senior
Features
• Heavy Bottom Thickness
• Long-Lasting Stainless Steel Vent Tube
• Strong Rim For Enhanced Protection
• Anti-Bulging Thermal Base
• Energy Saver Base
• Induction Base Encapsulated Sandwich Bottom
• Made From 18/8 Salem Steel
5 Years Warranty
NEELAM APPLIANCES PVT. LTD.
Off. :
Neelam House, Fafadia Ind. Estate, Village Waliv, Vasai (E) - 401208.
Dist - Thane, Maharashtra, INDIA.
Tel. +91-250-2452309 / 2454869 / 3295791
Regd. Off. :
C. P. Tank, Mumbai - 400 004.
Ph. - +91-22-22420227
E-mail : neelamsteel@yahoo.com
Innovators in exclusive range of quality stainless steel utensils

### જૂન-૨૦૧૩ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૩૯નો સમય મર્યાદા બાદ સાચો ઉકેલ મોકલનારના નામ

૨૪. ઉષા બી. સંઘવી - રૂરકેલા
૨૫. નયન નવીન રાંભિયા - મુંબઈ
૨૬. નવીન શામજી લાલકા - ગદગ
૨૭. કુસુમ લક્ષ્મીચંદ નાગડા - મુંબઈ
૨૮. લક્ષ્મીચંદ વી. ધરમશી - બીજાપુર
૨૯. ચંદ્રિકા એ. શાહ - રૂરકેલા
૩૦. સૌ. શીતલ ચંદ્રકાંત દેઢિયા - સાતારા
૩૧. સુનીલ ખીમચંદ છેડા - અમદાવાદ
૩૨. કલ્પના નીતિન પાલાણી - અમદાવાદ
૩૩. ધ્વનિ હાર્દિક પટવા - અમદાવાદ
૩૪. સ્મિતા વિશાલ શાહ - અમદાવાદ
૩૫. પ્રતિમા ગિરીશ શાહ - અમદાવાદ
૩૬. સલોની નવીન લાલકા - અમદાવાદ
૩૭. અલ્પા પીયૂષ ગાલા - અમદાવાદ
૩૮. આરતી લક્ષ્મીચંદ મૈશેરી - અમદાવાદ

### સુડોકુ-૧૦૩૯નો સમય મર્યાદા બાદ ૧ ભૂલવાળા ઉકેલ મોકલનારના નામ

૩૯. અરવિંદ જે. ભટ્ટ - અમદાવાદ
૪૦. રેખાબેન પ્રફુલ્લ ઠક્કર - અમદાવાદ
૪૧. દિતીશા અમિત કોરડિયા - અમદાવાદ
૪૨. મનાલી ભારતેષ સંઘવી - રૂરકેલા

### જુલાઈ-૨૦૧૩ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૪૦નો સાચો ઉકેલ મોકલનારના નામ

૧. પ્રતાપ નારાણજી દંડ - અમદાવાદ
૨. નીકિતા કમલેશ લાલન - અમદાવાદ
૩. આરતી લક્ષ્મીચંદ મૈશેરી - અમદાવાદ
૪. અરવિંદ જે. ભટ્ટ - અમદાવાદ
૫. સુરેન્દ્ર બી. જૈની - અમદાવાદ
૬. દેવેન દિલીપ દંડ - અમદાવાદ
૭. અવંતી દેવેશ દંડ - અમદાવાદ
૮. રશ્મિ પ્રશાંત ખોના - અમદાવાદ
૯. સ્મિતા વિશાલ શાહ - અમદાવાદ
૧૦. ઉષ્મા વિશાલ શાહ - અમદાવાદ
૧૧. કલ્પના નીતિન પાલાણી - અમદાવાદ
૧૨. જલ્પા દિલીપ મોમાયા - અમદાવાદ

**(અનુસંધાન : જુઓ પાના નંબર - ૮૨ ઉપર)**

# સુડોકુ

**રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)**

*સુડોકુ ક્રમાંક-૧૦૪૧ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૨૦-૮-૨૦૧૩ સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ સપ્ટેમ્બર-૨૦૧૩ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.*

**<u>શરતો</u> :** ૧. *1થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ.*
૨. *1થી ૯ના આંકડા 3 X 3ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.*

સુડોકુ ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

## ક્રમાંક - ૧૦૪૧

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૩ | ૪ | | ૬ | | | | ૮ |
| | ૮ | | | | ૨ | ૫ | ૩ | |
| | | ૫ | | ૩ | ૮ | | | |
| | | ૧ | | | ૪ | | ૭ | ૨ |
| ૩ | | | ૬ | | ૭ | | | ૪ |
| ૪ | ૨ | | ૮ | | | ૬ | | |
| | | | ૫ | ૮ | | ૨ | | |
| | ૭ | ૩ | ૨ | | | | ૮ | |
| ૮ | | | | ૯ | | ૩ | ૪ | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૯ | | ૧ | ૫ | ૨ | | |
| ૫ | | | | | ૯ | ૭ | | |
| | ૭ | | | | ૪ | | ૫ | ૧ |
| | ૫ | | | | ૬ | ૧ | | ૩ |
| ૮ | | | | ૪ | | | | ૯ |
| ૯ | | ૬ | ૨ | | | | ૪ | |
| ૧ | ૮ | | ૪ | | | | ૯ | |
| | | ૪ | ૬ | | | | | ૨ |
| | | ૫ | ૧ | ૩ | | ૪ | | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૭ | | | | | ૯ | | ૨ |
| | | | ૩ | | | | ૬ | |
| ૩ | | | | ૬ | ૭ | ૫ | | |
| | | ૭ | | | ૬ | | ૫ | ૩ |
| | ૫ | | | ૮ | | | ૭ | |
| ૨ | ૧ | | ૭ | | | ૪ | | |
| | | ૪ | ૬ | ૯ | | | | ૭ |
| | ૬ | | | | ૮ | | | |
| ૭ | | ૧ | | | | | ૪ | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | | | ૫ | | | | ૭ | |
| | | ૧ | ૮ | ૩ | | ૨ | | |
| | | ૬ | | | ૪ | | | |
| | ૧ | ૮ | ૪ | | | | ૫ | |
| | | | | ૨ | | | | |
| | ૩ | | | | ૬ | ૭ | ૯ | |
| | | | ૨ | | | ૯ | | |
| | | ૯ | | ૪ | ૩ | ૬ | | |
| | ૭ | | | | ૧ | | | ૫ |

## ઉકેલ : ક્રમાંક - ૧૦૪૦

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૪ | ૧ | ૮ | ૯ | ૬ | ૫ | ૨ | ૩ |
| ૮ | ૨ | ૫ | ૧ | ૩ | ૪ | ૬ | ૯ | ૭ |
| ૩ | ૯ | ૬ | ૭ | ૫ | ૨ | ૮ | ૧ | ૪ |
| ૨ | ૧ | ૭ | ૪ | ૮ | ૫ | ૩ | ૬ | ૯ |
| ૫ | ૬ | ૯ | ૩ | ૨ | ૭ | ૪ | ૮ | ૧ |
| ૪ | ૮ | ૩ | ૬ | ૧ | ૯ | ૨ | ૭ | ૫ |
| ૧ | ૭ | ૪ | ૫ | ૬ | ૮ | ૯ | ૩ | ૨ |
| ૬ | ૩ | ૨ | ૯ | ૪ | ૧ | ૭ | ૫ | ૮ |
| ૯ | ૫ | ૮ | ૨ | ૭ | ૩ | ૧ | ૪ | ૬ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૪ | ૩ | ૮ | ૭ | ૧ | ૬ | ૫ | ૯ |
| ૮ | ૫ | ૬ | ૪ | ૨ | ૯ | ૩ | ૭ | ૧ |
| ૭ | ૯ | ૧ | ૬ | ૫ | ૩ | ૮ | ૨ | ૪ |
| ૫ | ૬ | ૯ | ૨ | ૪ | ૭ | ૧ | ૮ | ૩ |
| ૩ | ૮ | ૨ | ૯ | ૧ | ૫ | ૪ | ૬ | ૭ |
| ૪ | ૧ | ૭ | ૩ | ૬ | ૮ | ૫ | ૯ | ૨ |
| ૬ | ૩ | ૫ | ૧ | ૯ | ૨ | ૭ | ૪ | ૮ |
| ૧ | ૨ | ૪ | ૭ | ૮ | ૬ | ૯ | ૩ | ૫ |
| ૯ | ૭ | ૮ | ૫ | ૩ | ૪ | ૨ | ૧ | ૬ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૪ | ૧ | ૭ | ૫ | ૮ | ૯ | ૬ | ૨ |
| ૯ | ૭ | ૬ | ૩ | ૧ | ૨ | ૮ | ૫ | ૪ |
| ૨ | ૮ | ૫ | ૯ | ૪ | ૬ | ૭ | ૩ | ૧ |
| ૪ | ૫ | ૩ | ૬ | ૭ | ૧ | ૨ | ૮ | ૯ |
| ૬ | ૧ | ૮ | ૨ | ૯ | ૩ | ૫ | ૪ | ૭ |
| ૭ | ૯ | ૨ | ૪ | ૮ | ૫ | ૩ | ૧ | ૬ |
| ૧ | ૩ | ૭ | ૮ | ૬ | ૯ | ૪ | ૨ | ૫ |
| ૮ | ૬ | ૪ | ૫ | ૨ | ૭ | ૧ | ૯ | ૩ |
| ૫ | ૨ | ૯ | ૧ | ૩ | ૪ | ૬ | ૭ | ૮ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૧ | ૩ | ૯ | ૬ | ૮ | ૪ | ૨ | ૫ |
| ૬ | ૨ | ૮ | ૪ | ૧ | ૫ | ૩ | ૯ | ૭ |
| ૯ | ૫ | ૪ | ૭ | ૨ | ૩ | ૬ | ૧ | ૮ |
| ૩ | ૮ | ૨ | ૫ | ૭ | ૧ | ૯ | ૪ | ૬ |
| ૪ | ૭ | ૯ | ૨ | ૮ | ૬ | ૧ | ૫ | ૩ |
| ૫ | ૬ | ૧ | ૩ | ૯ | ૪ | ૭ | ૮ | ૨ |
| ૮ | ૩ | ૫ | ૬ | ૪ | ૯ | ૨ | ૭ | ૧ |
| ૧ | ૯ | ૭ | ૮ | ૩ | ૨ | ૫ | ૬ | ૪ |
| ૨ | ૪ | ૬ | ૧ | ૫ | ૭ | ૮ | ૩ | ૯ |

*કેટલાક શાણા લોકો હસતા નથી કેમકે તેઓ જાણે છે કે એમ કરવાથી તેમની ખામીઓ છતી થઈ જશે.*

## શબ્દ રમત-૮૪નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પા | જી | | ગું | જ | ન | | પ | જ | વ | ણી | |
| ગ | વા | હી | | રા | | ફા | ર | સ | | | વિ |
| લ | ત | | અં | | અ | લ | ગ | | અ | મી | ર |
| | | કું | જ | ર | | | જુ | ગ | | ત | લ |
| અં | ગ | | લિ | | વા | ગ | | | લા | વા | |
| બા | લ | ક | | વા | | ર | | હિ | લ | ચા | લ |
| ડી | | દા | મ | ન | | મ | ન | સા | | કા | |
| | કિં | | હે | ર | ત | | | બ | | લ | |
| પ | શુ | પા | લ | | ક | ફ | ન | | ત | | દૈ |
| તા | ક | ડો | | વા | લી | | | | ત્વ | મે | વ |
| કા | | શી | | હિ | | દે | ન | | | ખ | ત |
| | વા | | | ની | ર | | ટ | | ભ | લા | |

*જૂન-૨૦૧૩ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૮૩ના સમય મર્યાદા બાદ ઉકેલ મોકલાવનારના નામ*

| | | | |
|---|---|---|---|
| ૧૧. લક્ષ્મીચંદ વી. ધરમશી | - | બીજાપુર | બધા સાચા |
| ૧૨. અજિત મનહરલાલ મહેતા | - | અમદાવાદ | બધા સાચા |
| ૧૩. નવીન શામજી લાલકા | - | ગદગ | બધા સાચા |
| ૧૪. પ્રતિમા ગિરીશ શાહ | - | અમદાવાદ | ૧ ભૂલ |
| ૧૫. ભાનુમતી હરખચંદ ગડા | - | અંકલેશ્વર | ૨ ભૂલ |

*જુલાઈ-૨૦૧૩ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૮૪ના ઉકેલ મોકલાવનારની નામાવલી*

| | | | |
|---|---|---|---|
| ૧. પ્રતાપ નારાણજી દંડ | - | અમદાવાદ | બધા સાચા |
| ૨. પ્રભા મહેન્દ્ર શેઠિયા | - | વલસાડ | બધા સાચા |
| ૩. ચંદ્રા મહેન્દ્ર શાહ | - | ભટ્ઠા, અમદાવાદ | ૨ ભૂલ |
| ૪. અરવિંદ જે. ભટ્ટ | - | અમદાવાદ | ૪ ભૂલ |

## શબ્દ રમત હરીફાઈ

### વર્ષ ૨૦૧૨-૨૦૧૩ના વિજેતાઓ

'મંગલ મંદિર'માં આવતી શબ્દ રમતના પ્રત્યુત્તર ઘણા વાચકો તરફથી આખા વર્ષ દરમ્યાન મળ્યા છે. 'મંગલ મંદિર' તંત્રી મંડળ આ માટે આપ સૌના આભારી છે. વર્ષ દરમ્યાન સૌથી વધારે અને સૌથી વધારે સાચા પ્રત્યુત્તરોને ધ્યાનમાં રાખીને નીચે મુજબના હરીફોને વિજેતા જાહેર કરવામાં આવેલ છે. વિજેતાઓને હાર્દિક અભિનંદન.

- **પ્રથમ ઈનામ :**
  1. શ્રી પ્રતાપ નારાણજી દંડ - અમદાવાદ
  2. શ્રીમતી પ્રભાબહેન મહેન્દ્ર - વલસાડ
- **દ્વિતીય ઈનામ :**
  1. અરવિંદ જે. ભટ્ટ - અમદાવાદ
  2. નવીન શામજી લાલકા - ગદગ
  3. ચંદ્રાબેન મહેન્દ્ર શાહ - સેટેલાઈટ, અમદાવાદ
  4. ચંદ્રાબેન મહેન્દ્ર શાહ - ભટ્ઠા, અમદાવાદ
- **તૃતીય ઈનામ :**
  1. સરોજ અનુપ ચંદુરા - સુરત
  2. શાંતિલાલ વ. શાહ - અમદાવાદ

સર્વ વિજેતાઓને તેમના ઈનામો તા. ૨૨-૯-૨૦૧૩ના રોજ આયોજિત 'સ્વામિવાત્સલ્ય' કાર્યક્રમના સમયે એનાયત કરવામાં આવશે. આપ સૌને તે કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ છે.

***સંકલન : રજનીકાંત પારેખ***

### ☺ પ્રેમ

**તખુભાની પત્નીએ પૂછ્યું, 'તમે મને કેટલો પ્રેમ કરો છો?'**

**તખુભા : 'ગાંડી, હું તને એટલો બધો પ્રેમ કરું છું કે તારું એઠું કરેલું ઝેર પણ હું પી જાઉં! વિશ્વાસ ના આવતો હોય તો ખાતરી કરી જો....'** ☺

### સુડોકુ ઉકેલ મોકલાવનારની નામાવલી

*(અનુ. પાના નં.-૮૧ ઉપરથી ચાલુ)*

૧૩. મીનાક્ષી ભારતેષ સંઘવી - રૂરકેલા
૧૪. ચંદ્રિકા એ. શાહ - રૂરકેલા
૧૫. પ્રભા મહેન્દ્ર શેઠિયા - વલસાડ
૧૬. સરોજ અનુપ ચંદુરા - સુરત
૧૭. હેન્સી અતુલ શાહ - ભુજોડી

*જુલાઈ-૨૦૧૩ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૪૦નો ભૂલવાળા ઉકેલ મોકલનારના નામ*

૧૮. અનુબેન બાબુભાઈ મહેતા - અમદાવાદ
૧૯. અવની દર્શન મહેતા - અમદાવાદ
૨૦. સરોજ જયેશ શાહ - અમદાવાદ
૨૧. મિતેશ કાંતિલાલ લોડાયા - હૈદ્રાબાદ
૨૨. મણિલાલ શામજી મોમાયા - સાંયરા
૨૩. મુકેશ લક્ષ્મીચંદ મોમાયા - સાંયરા
૨૪. જિતેન્દ્ર લક્ષ્મીચંદ મોમાયા - સાંયરા
૨૫. દર્શના મિતેશ લોડાયા - વારાપધ્ધર
૨૬. પ્રેમચંદ શામજી મોમાયા - વારાપધ્ધર
૨૭. કલ્પેશ પ્રેમચંદ મોમાયા - વારાપધ્ધર
૨૮. લહેરચંદ શિવજી વિકમશી - વારાપધ્ધર

Gala Agencies
EXCLUSIVE SAREES
Contact Person : CHAITALI K. GALA (M. : 98333 26660)
*EXCLUSIVE FANCY KOTA*
*EXCLUSIVELY*
*(RETAIL ONLY ON SATURDAY)*
11/A, Ground Floor,
Old Hanuman 2nd Cross Lane,
Kalbadevi, MUMBAI-02.
Tel. : 22401195 Fax : 40221195

# જાણવા જેવું

*સંકલન : રજનીકાંત પારેખ*

## માનવ શરીર સંબંધી

- આપણું શરીર ૭૨ ટકા અને મગજ ૮૦ ટકા પાણીથી બનેલું છે. મગજ શરીરને મળતા ઑક્સિજનના ૨૫ ટકા ભાગનો ઉપયોગ કરે છે.
- આપણે જેટલું આરોગીએ છીએ, એટલી જ આપણી સાંભળવાની ક્ષમતા નબળી થતી જાય છે.
- આપણો આઈ ક્યુ લૅવલ જેટલો ઊંચો હોય છે આપણે તેટલા જ વધુ સપના જોઈએ છીએ.
- અંતરીક્ષમાંથી પાછા ફરતા ઍસ્ટ્રોનૉટની લંબાઈ બે ઇંચ સુધી વધી શકે છે. અંતરીક્ષમાં ગુરુત્વાકર્ષણની ઉણપથી કરોડરજ્જુમાં અસ્તિત્વ ધરાવતા કાર્ટીલેટ ડિસ્ક ફેલાવા લાગે છે. જેનાથી લંબાઈ વધે છે.

★

- **પિરામિડ :** ગ્રેટ પિરામિડ ઑફ ગીઝા ૨૦ લાખ પથ્થરોથી બન્યો છે. જેનું વજન ૨.૫ ટન છે. પૂરો પિરામિડ બન્યા બાદ તેની ૪૮૧ ફૂટની લંબાઈએ ૩૮૦૦ વર્ષ સુધી સૌથી ઊંચા મોન્યુમેન્ટનો રેકોર્ડ જાળવી રાખ્યો છે. ત્યારબાદ ઈંગ્લેન્ડના લિંકન કેથેડ્રલે માત્ર ૪૪ ફૂટથી આ રેકોર્ડ તોડ્યો હતો.
- **બ્રહ્માંડની અનોખી હકીકત :** પ્રત્યેક પૂનમે સંપૂર્ણ ચંદ્ર એક જ દિશાથી જોવા મળે છે. તેની પાછળની સપાટી ક્યારેય જોઈ શકાતી નથી. સંપૂર્ણ ચંદ્ર અર્ધ ચંદ્રથી અંદાજે નવ ગણો વધુ ચમકે છે.
- સૂર્યગ્રહણ દરમ્યાન પૃથ્વીનું તાપમાન ૬ ડિગ્રી સુધી ઘટી શકે છે.
- **દુનિયાના શ્રેષ્ઠ ઈન્ટરનેશનલ ઍરપોર્ટ :** હોંગકોંગ ઈન્ટરનેશનલ એરપોર્ટ સતત સાતમા વરસે વિશ્વનું સૌથી શ્રેષ્ઠ એરપોર્ટ રહ્યું છે. ટોપના અન્ય ઍરપોર્ટ આ પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| કન્સાઈ | : | જાપાન |
| કુઆલાલુમ્પુર | : | મલેશિયા |
| મ્યુનીચ | : | જર્મની |
| કોપનહેગન | : | ડેન્માર્ક |

- **ઑસ્કાર ટ્રોફી :** ઑસ્કર વિજેતા તેમની ઍવોર્ડ વિનિંગ ટ્રોફી વેચી શકતા નથી. ૧૯૫૦માં બનેલા નિયમ મુજબ ઍવોર્ડ વિજેતા અથવા તેમના પરિવારજનો ટ્રોફી વેચવા માંગે તો તેમણે સૌથી પહેલાં ઍકેડેમીને દરખાસ્ત કરવી પડે છે જે ૧ ડોલરમાં તેને ખરીદશે. જોકે જૂની ટ્રોફીઓની અનેક વખત કરોડો રૂપિયામાં બજારમાં હરાજી થાય છે. માઈકલ જેક્સને ૧૯૯૯માં અંદાજે ૧૦ લાખ ડોલર (૫૨ કરોડ રૂપિયામાં) ડેવિડ સેલ્જેનિકની ટ્રોફી ખરીદી હતી.

★

### સી-૧૭ ગ્લોબ માસ્ટર

વિશ્વના સૌથી વિશાળ પરિવહન વિમાનોમાં સામેલ સી-૧૭ ગ્લોબ માસ્ટર ભારતમાં તરતમાં જ આવી જશે. હવાઈ દળે અમેરિકી કંપની બોઈંગ પાસેથી આવા ૧૦ વિમાનોનો આશરે ૨૨૫ અબજમાં સોદો કર્યો છે. આ વિમાનની વિશેષતા આ પ્રમાણે છે.

- વાહક ક્ષમતા : ૭૪૭૯૭ કિલોગ્રામ
- રનવે : ૭૦૦૦ ફૂટ (આશરે ૨.૧૩ કિ.મી.)
- ઉડ્ડયન સીમા : ૪૪૪૪ કિ.મી.
- કોકપીટમાં : ૪ ક્રૂ
- સ્પીડ : ૮૦૫ કિ.મી. પ્રતિ કલાક
- ૧૦૨ જવાન, ૫૪ દર્દી કે બચાવકર્મી લઈ જઈ શકાય છે.
- તેમાં એક ટેન્ક કે એક હેલિકોપ્ટર કે મોટા બખ્તરબંદ વાહન લઈ જઈ શકાય છે.
- લડાઈ દરમ્યાન તેમાંથી ફ્લેઅર્સ (વિશેષ આતશબાજી) નીકળે છે જે મિસાઈલ હુમલાઓથી બચાવ કરે છે.
- મિસાઈલ વોર્નિંગ સિસ્ટમ, જામર્સથી સુસજ્જ.
- આ વિમાનમાં : ૯૦ લાખ પાર્ટસ, ૬૩ હજાર કિલો એલ્યુમિનિયમ, ૨૦ કિલોગ્રામ કલર વપરાયો છે. તેમાં ૧૯૩ કિ.મી. જેટલું વાયરીંગ કરવામાં આવ્યું છે.
- આવા આ અદ્યતન વિમાનની ૨૯ હજાર એન્જિનિયરિંગ ડ્રોઈંગ બનાવાઈ હતી.
- આ વિમાનને દિલ્હીના હિન્ડન એરબેઝમાં રાખવામાં આવશે.

★

### આ લોકવાયકા ડૉક્ટરો પણ સાચી માને છે.

*બ્રિટીશ મેડિકલ જર્નલે રીસર્ચના આધારે એવી છ વાયકાઓની યાદી તૈયાર કરી છે, જેને ડૉક્ટરો પણ સાચી માને છે.*

(૧) માણસે દિવસમાં ઓછામાં ઓછું ૮ ગ્લાસ પાણી પીવું જોઈએ.
(૨) માણસ તેના સમગ્ર જીવનમાં મગજના માત્ર ૧૦ ટકા ભાગનો જ ઉપયોગ કરે છે.
(૩) મૃત્યુ બાદ પણ આપણા નખ અને વાળ વધે છે.
(૪) શેવિંગ કરવાથી વાળ બીજી વખત ઝડપથી અને વધુ જાડા ઉગે છે.
(૫) ટર્કી (એક પ્રકારનું પક્ષી) ખાવાથી ઊંઘ ઓછી આવે છે.
(૬) હોસ્પિટલોમાં મોબાઈલના ઉપયોગથી ઈલેક્ટ્રો મેગ્નેટીક રેડિયેશન વધુ થાય છે.

*સફળતા માટે શરીર સ્વસ્થ હોવું જરૂરી છે.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લાઈબ્રેરીને ભેટ મળેલ પુસ્તકો – સાભાર સ્વીકાર

| ક્રમ | પુસ્તકનું નામ | લેખક | પૃષ્ઠ | ભેટ આપનારનું નામ |
|---|---|---|---|---|
| ૧. | યુગપુરુષ કૃષ્ણમૂર્તિ | હીરાલાલ બક્ષી | ૧૦૪ | શ્રી કાંતિલાલ રતનશી સાયા |
| ૨. | શિક્ષણ અને જીવન રહસ્ય | હીરાલાલ બક્ષી | ૧૨૩ | શ્રી કાંતિલાલ રતનશી સાયા |
| ૩. | જીવન વિજ્ઞાન | જમનાદાસ કે. લાદીવાલા | ૧૧૩ | શ્રી કાંતિલાલ રતનશી સાયા |
| ૪. | જૈન આદર્શ પ્રસંગો ભાગ : ૧ થી ૫ | પંન્યાસ ભદ્રેશ્વર વિજય | | શ્રી કાંતિલાલ રતનશી સાયા |
| ૫. | પ્રેરણા પુષ્પ (સર્વના વિકાસ સાથે સ્વનો વિકાસ) | પારસધામ | ૧૯૧ | શ્રી ચંદ્રકાંત વીરજી સંઘવી |
| ૬. | બળાત્કારની સમસ્યા | હેમરાજ શાહ | ૨૯૬ | હેમરાજ શાહ |
| ૭. | ડોલર વહુ | સુધા મૂર્તિ | ૧૭૦ | શ્રીમતી ઝરણા હેમાંગ પારેખ |
| ૮. | આખાણી અજભ અનુભવજી (સત્ય ઘટનાત્મક નવલકથા) | જયંતી જોશી 'શબાબ' | ૭૯ | કુ. ચૌલાબેન કુરૂવા |
| ૯. | રશ્મિન જો રણકાર ભાગ-૧ (કચ્છી ગુજરાતી કાવ્ય સંગ્રહ) | શાહ રતિલાલ શીવજી ખોના | ૬૫ | કુ. ચૌલાબેન કુરૂવા |
| ૧૦. | Rays of Light (Poems by Kutchi Kavi "Tej") | Upadhyay Bhuvanchandra Maharaj "Chinmay" | ૪૨ | કુ. ચૌલાબેન કુરૂવા |
| ૧૧. | ઓશરીનો તડકો | ગુલાબ દેઢિયા | ૧૭૬ | શ્રી ગુલાબ દેઢિયા |
| ૧૨. | રાંધ | ગુલાબ દેઢિયા | ૧૨૮ | શ્રી ગુલાબ દેઢિયા |
| ૧૩. | તવારીખી તેજછાયા | નરેશ અંતાણી | ૧૧૯ | શ્રી નરેશ અંતાણી |
| ૧૪. | પ્રસન્ન આરોગ્ય | હરેશ ધોળકિયા | | શ્રી હરેશ ધોળકિયા |

## નિમંત્રણ



ગૌરક્ષક ગીતાબેન રાંભિયા

જય અહિંસા સાથે જણાવવાનું કે **ગૌરક્ષક ગીતાબેન રાંભિયા** અબોલ જીવોને ગેરકાયદેસર કતલખાને જતાં બચાવી અભયદાન અપાવવાનું કાર્ય કરતા હતા અને આ જ કાર્ય કરતાં, તા. ૨૭-૮-૧૯૯૩ના રોજ કસાઈઓ દ્વારા તેમની ક્રૂર હત્યા કરવામાં આવી.

આગામી તા. ૨૭-૮-૨૦૧૩ના રોજ ગૌરક્ષક ગીતાબેન રાંભિયાની શહાદતને ૨૦ વરસ પૂરા થતા હોઈ, એક શ્રધ્ધાંજલિનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. તે કાર્યક્રમમાં સૌને પધારવા હાર્દિક આમંત્રણ છે.

અમારી સંસ્થાના જીવદયાના, માનવસેવાના કાર્યોમાં હંમેશાં આપ સૌનો સાથ-સહકાર મળતો રહ્યો છે અને આવો જ સહયોગ હંમેશાં મળતો રહે એ જ અભ્યર્થના.

**તા. ૨૭-૦૮-૨૦૧૩, મંગળવાર • સમય : સવારે ૯.૦૦ થી ૧૦.૦૦**

**સ્થળ : ગૌરક્ષક ગીતાબેન રાંભિયા સ્મૃતિ સ્મારક**
**અહિંસા ચોક, સી.એન. વિદ્યાલય પાસે, આંબાવાડી, અમદાવાદ.**

**લી.**

**ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ તથા**
**ગીતાબેન રાંભિયા પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ - અમદાવાદ**

*મગજ સ્વર્ગને નરકમાં અને નરકને સ્વર્ગમાં બદલી નાખવાની ક્ષમતા ધરાવે છે.*

★ **કચ્છમાં નવી હોસ્પિટલ :** કચ્છમાં તેજ ગતિથી થઈ રહેલા ઔદ્યોગિકરણને ધ્યાનમાં રાખી કચ્છમાં કામદાર વીમા યોજના હોસ્પિટલ ઊભી કરવાની કેન્દ્રીય શ્રમ રોજગાર રાજ્ય મંત્રીશ્રીએ અમદાવાદમાં આ જાહેરાત કરી હતી. કાપડ ઉદ્યોગ સંબંધિત વિવિધ પ્રોજેક્ટોના સંદર્ભમાં તાજેતરમાં ગુજરાતની મુલાકાતે આવેલા મંત્રીશ્રીએ પત્રકારો સાથેની વાતચીતમાં કેટલીક મહત્ત્વની જાહેરાતો કરી હતી.

★ **અષાઢી મેઘમહેર :** કચ્છમાં બીજા રાઉન્ડમાં શાંત છતાં ઝમકદાર વરસાદ થતાં જાણે આગોતરી જ અષાઢી બીજ આવી ગઈ હોય તેવો આનંદ છવાયો હતો. તાજેતરમાં રાપર, મુંદ્રા, માંડવી, નાની બન્ની, અબડાસા, લખપત, ગાંધીધામ, નખત્રાણા વગેરે વિસ્તારમાં એકાદ ઇંચ તથા ભુજ, અંજાર, ભચાઉ જેવા સ્થળોએ ઝાપટાથી અડધો ઇંચ પાણી વરસ્યું હતું. આ વરસાદે સમગ્ર જિલ્લામાં એક આગવી ચમક લાવી દીધી હતી. જુલાઈ માસના પ્રથમ સપ્તાહ સુધીમાં મુંદ્રામાં મોસમનો આંક નવ ઇંચ અને માંડવીમાં સાડા ચાર ઇંચ પાર કરી ગયેલ હતો.



સંકલન : દિનેશ આર. મહેતા

★ **ઉત્તરાખંડના પૂરગ્રસ્તો માટે ફાળો :** અંજાર તાલુકાના ખંભરા ગામની શાંતિનગર સોસાયટીએ ઉત્તરાખંડના પૂરગ્રસ્તો માટે રૂા. ૧,૦૧,૧૧૧/- એકત્ર કર્યા હતા. જે તેમણે સામૂહિક રીતે જન્મભૂમિ પત્રો રાહત નિધિમાં તાજેતરમાં જમા કરાવ્યા હતા. જ્યારે વ્હાઈટ હાઉસ શાળા તેમજ ભુજની માતૃછાયા કન્યા વિદ્યાલયમાં બાળકો - શિક્ષકો - શાળા પરિવારે રૂા. એક-એક લાખ જેટલો ફાળો જમા કરાવીને નોંધનીય યોગદાન આપ્યું હતું.

★ **કચ્છના રણ સંશોધન ઉપર પીએચ.ડી. :** તાજેતરમાં કચ્છ યુનિવર્સિટીના અર્થ એન્ડ એન્વાયર્નમેન્ટલ સાયન્સ વિભાગમાંથી કુ. જી. મમતાદેવીને તેમના કચ્છના રણ વિશેના સંશોધન ઉપર પીએચ.ડી. ડિગ્રી એનાયત કરવામાં આવી હતી. તેમણે કચ્છના રણનો પૂર્વ હવામાનશાસ્ત્ર તથા પૂર્વ ભૂકંપની વિવિધ અસરો વિશેનો ગહન અભ્યાસ રજૂ કર્યો હતો.

★ **જનરલ હોસ્પિટલ અદાણીને અર્પણ :** ભુજ ખાતેની જી.કે. જનરલ હોસ્પિટલની ગુજરાત અદાણી ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સીસને તાજેતરમાં ૯૯ વર્ષ માટે હસ્તાંતરણની વિધિવત્ પ્રક્રિયા તાજેતરમાં ગાંધીનગર અને ભુજ ખાતે પૂર્ણ કરાઈ. તે સાથે ભારતની પ્રથમ એવી પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપની ગુજરાત સરકારે કંડારેલી કેડીનો આરંભ થયો હતો.

★ **ભુજમાં લીગલ અવેરનેસ સેમિનાર :** અગર દરેક વ્યક્તિ તેની ફરજ અને કાયદો સમજી ભ્રષ્ટાચાર સામે છેલ્લે સુધી લડી લેવાનું મન બનાવી તેને પ્રામાણિકપણે આચરણમાં મૂકે તો ભ્રષ્ટાચારની બદીને નાથવી અશક્ય નથી તેવું તાજેતરમાં ભુજ ખાતે કચ્છ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ભુજ દ્વારા યોજાયેલા લીગલ અવેરનેસ સેમિનાર પ્રિવેન્શન ઑફ કરપ્શન એક્ટ, ૧૯૮૮માં વિવિધ તજજ્ઞ વક્તાઓએ જણાવ્યું હતું.

આ અવસરે પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં પ્રિન્સિપાલ એન્ડ ડિસ્ટ્રીક્ટ જજ શ્રી જી.એન. બ્રહ્મભટ્ટે ભ્રષ્ટાચાર અને તેના વ્યાપ તથા તેના નિરાકરણને કેન્દ્રમાં રાખીને વાત કરતાં જણાવ્યું કે કોઈપણ રાષ્ટ્રની પારાશીશી તેના નાગરિકની ગુણવત્તા આધારિત છે. તેઓશ્રીએ વધુમાં જણાવ્યું કે દેશની દરેક વ્યક્તિ તેની ફરજ અને ભ્રષ્ટાચાર સામેના કાયદાને સમજીને પ્રામાણિકપણે લડી લેવાની તૈયારી રાખે તો આ બદી જરૂર અંકુશમાં આવે.

"ભ્રષ્ટ આચરણ સામાજિક દૂષણ" એ વિષયને કેન્દ્રમાં રાખીને કચ્છ યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડૉ. કાંતિભાઈ ગોરે ભ્રષ્ટાચાર કોને કહેવાય, તેના પ્રકારો અને ભારતીયોની મનોવૃત્તિ વગેરેને કેન્દ્રમાં રાખીને જણાવ્યું કે જ્યાં નીતિ-નિયમ ન હોય તે સમાજ નહીં પણ ટોળું કહેવાય. તેમણે ઉમેર્યું હતું કે કાયદો, વહીવટ અને ન્યાય વિભાગ જ્યાં સ્વાયત્ત નથી ત્યાં ભ્રષ્ટાચાર ઝડપથી ફેલાય છે. ભારતનું કોઈ ક્ષેત્ર ભ્રષ્ટાચાર વગરનું નથી. ટકાવારીમાં ભારતમાં ભ્રષ્ટાચારીઓ ઓછા છે પણ સહન કરનારા વધુ છે. ભ્રષ્ટાચાર સહન કરવો તે પણ ભ્રષ્ટાચાર છે. ભારતના અર્થતંત્ર ઉપર અત્યારે સૌથી વધુ પ્રભાવ ભ્રષ્ટાચારનો હોવાનું કહેતાં તેમણે ઉમેર્યું કે ભ્રષ્ટાચાર દેશ અને કાળ પ્રમાણે સ્થિતિ બદલે છે.

લાંચ રુશવત વિરોધી બ્યૂરો સરહદી એકમના મદદનીશ નિયામક શ્રી પી.જે. ચૌધરીએ ભ્રષ્ટાચાર ડામવા તંત્રની કટિબદ્ધતા વિષય ઉપર બોલતાં ભ્રષ્ટાચારીઓને સજાનું પ્રમાણ વધારવા થઈ રહેલા પ્રયત્નોની માહિતી આપી હતી. આ સિવાય, અન્ય કેટલાક વક્તાશ્રીઓએ પણ ઉપરોક્ત બાબતે વિવિધ વિગતો પોતાના પ્રવચનમાં વણી લીધી હતી.

★ **ગૌચર જમીન કૌભાંડ :** મુંદ્રા વિસ્તારમાં ગાયોના ચરિયાણ માટે અનામત રખાયેલી ૧૪૦૦ એકર ગૌચર જમીનમાંથી ૧૨૦૦

*ફરજ પાલનમાં કાયમ માટે ઈમાનદારી રાખવી.*

એકર ભૂમિ સસ્તા દરે ખાનગી કંપનીને આપી દઈને રૂા. ૬૦૦ કરોડનું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાના આક્ષેપ તાજેતરમાં પૂર્વ નાણામંત્રી શ્રી બાબુભાઈ શાહે ભુજ ખાતે પત્રકાર પરિષદમાં કર્યા હતા. વધુમાં ભુજ ખાતેની જનરલ હોસ્પિટલ મુદ્દે વિગતો આપી તેઓશ્રીએ કૅગની તપાસ કરવાની માગણી કરી હતી.

★ **સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યા ઘટી :** અદાણી મેડિકલ કોલેજના આગમન બાદ ભુજની સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યા ઘટતી રહી છે. તેની જવાબદારી આરોગ્ય વિભાગની છે તેવું પૂર્વ નાણામંત્રી શ્રી બાબુભાઈ મેઘજી શાહે મુખ્ય સચિવને લખેલા પત્રમાં જણાવ્યું હતું. રાજયમાં માત્ર કચ્છની સિવિલ હોસ્પિટલનો દરજ્જો નાબૂદ ન થાય અને તેનું સંચાલન ખાનગી ઉદ્યોગગૃહોના હાથમાં ન જાય તેવી લોકોની માંગણી તેઓશ્રીએ પત્ર દ્વારા વ્યક્ત કરી હતી.

★ **બોરડી ચોમાસે ફળી :** કચ્છમાં જત જાતિના લોકો મુખ્યત્વે પશુપાલનના વ્યવસાય અર્થે સંકળાયેલા છે. પરંતુ પાવરપટ્ટીના લોરિયા અને ઝુરા વચ્ચે આ જાતિના ઘણા પરિવારોએ ખેતીના વ્યવસાયને સ્વીકારી એક અનોખી વાંઢ ઊભી કરી છે. જે પંથકમાં જતવાંઢ તરીકે ઓળખાય છે. આ જત પરિવારોએ પોતાની માલિકીવાળી સેંકડો એકર જમીન પર લીલી કુંજાર જેવી વાડીઓ ઊભી કરી છે. આ વાડીઓમાં ખેતીનાં પાકો ઉપરાંત બાગાયતી પાકોનું પણ ભરપૂર ઉત્પાદન થાય છે. કેટલીક વાડીઓમાં દેશી અને કલમી બોરના વૃક્ષો છે. જેમાં દર વર્ષે શિયાળાની ઠંડી સીઝનમાં વિપુલ માત્રામાં બોરનો પાક થાય છે. પરંતુ છેલ્લા પાંચેક વર્ષોથી કુદરતી કૌતુક સમાન દેશી બોરડીના ઝાડ પર શિયાળા ઉપરાંત ચોમાસાની શરૂઆતની મોસમમાં પણ બોરનો પાક લચી પડે છે.

★ **કચ્છમાં ૨૦ વીજ સબ સ્ટેશન :** કચ્છની વીજ સમસ્યાને નિવારવા હજુ અનેક સ્થળે નવા સબ સ્ટેશન બનાવવાની જરૂરત હોવાથી પાંચ સ્થળે વીજમથકનું નિર્માણ થઈ ચૂક્યું છે. બાકીના ૧૫ નવા મથકનું આયોજન હોવાથી આ તમામ સગવડોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત ૧૫મી ઓગસ્ટે કરવામાં આવશે. સુવિધા પાછળ જિલ્લામાં રૂા. ૨૧૨.૫૪ કરોડનો ખર્ચ થશે. તેવી માહિતી રાજ્યના ઊર્જામંત્રીશ્રીએ તાજેતરમાં આપી હતી.

★ **નર્મદા પ્રશ્ને કચ્છીઓને ફટકો :** સરદાર સરોવર નર્મદા યોજનામાં કચ્છને પાણીની વધુ ફાળવણીની રહીસહી આશા પર સર્વોચ્ચ અદાલતે તાજેતરમાં પાણી ફેરવી દીધું હતું. કચ્છ જળ સંકટ નિવારણ સમિતિની અરજી પરથી પાણીની ફાળવણી અંગે કોઈ દરમિયાનગીરી કરવાનો ઈન્કાર કરી દેતાં અદાલતે એવું મહત્ત્વનું નિરીક્ષણ આપ્યું હતું કે સરકારની ગેરવાજબી નીતિ સામેનો ઈલાજ પ્રજા પાસે રહેલો છે. ટૂંકમાં પ્રજા સરકારની ખોટી નીતિને મતાધિકાર વડે નામંજૂર કરી શકે છે. ■

## જાણો અને માણો

★ સંબંધો બગાડનારી ખાણ : અદેખાઈ છે.
સંબંધો વધારવાની ખાણ : ઓળખાણ છે.
ટૂંકી મુદતનો રાજા : વરરાજા છે.
પાણીનો એકમાત્ર દાનેશ્વરી : મેઘરાજા છે.
વિકાસ અટકાવનારો રામ : આરામ છે.
પ્રમાદ અટકાવનારો ભાત : પ્રભાત છે.

★ ધર્મનું પ્રવેશદ્વાર હૃદયની સરળતા છે. શંકા અહંકારનું સંતાન છે જ્યારે જિજ્ઞાસા નમસ્કારનું સંતાન છે.

★ જ્યાં અધિકાર ત્યાં ગુલામી છે. જ્યાં અહોભાવ ત્યાં સન્માન છે. પાપ અટકે તે ક્ષણિક છે, સ્વભાવ બદલાય તે શાશ્વત છે.

★ પુણ્ય હોય તો ઈચ્છા પૂર્ણ થાય પણ પાત્રતા હોય તો ઈચ્છા ન જાગે. ખુમારીથી પ્રભુ ચરણના સેવક બની જાવ તો કોઈના ચરણ પકડવાની જરૂર નહીં રહે.

★ સંપ ત્યાં જંપ, નહિતર ધરતીકંપ. જીભને એકેય હાડકું નથી પણ તે અનેકના હાડકા ભાંગી નાખે છે.

★ મનનો રોગ છે 'આધિ', તનનો રોગ છે 'વ્યાધિ' અને જડવસ્તુની ચિંતા તે 'ઉપાધિ' છે. ત્રણેનો સમન્વય કરી બહાર નીકળે તે છે 'સમાધિ.'

★ અત્યારનું ઘડતર વિચારથી થાય છે, જ્યારે વિચારનું ઘડતર વાતાવરણથી થાય છે. જીભમાં ઝેર તો દુનિયાથી વેર.

★ બુધ્ધિનો ઉપયોગ બજારમાં, સ્નેહનો ઉપયોગ સંસારમાં અને શ્રધ્ધાનો ઉપયોગ ધર્મમાં કરવો જોઈએ.

★ પાપ કરતાં ડરે, થઈ જાય તો રડે અને ગુરુ પાસે જઈ કરગરે તે મનુષ્ય છે 'શ્રાવક.'

★ જ્યાં સુધી અહમ્ ને જીતાય નહિં ત્યાં સુધી અર્હમ્ (પરમાત્મા)ને પામી શકાય નહિ.

★ કોઈનાય અંતરની આહ કદી ન લેશો. તે તમારા સુખી જીવનમાં દાહ લાવશે. દયા વિનાની આંખ, સેવા વિનાના હાથ અને દાન વિનાનું દ્રવ્ય નકામું છે.

★ દેહથી સંસાર છૂટે તેનું નામ ત્યાગ. દિલથી સંસાર છૂટે તેનું નામ છે વૈરાગ્ય.

★ ઉદારતા તિજોરીમાંથી નહિ હૃદયમાંથી પ્રગટે છે. દુર્ગુણો એક વિચિત્ર ખાસિયત છે. જીવનમાં પ્રવેશે હરણવેગે ને જાય છે કીડી વેગે.

★ હૈયે પ્રીત, કંઠે ગીત અને મુખે સ્મિત – આ છે જીવન જીવવાની રીત. ક્યારેક જેલ તો ક્યારેક મહેલ – આ છે જીવન જીવવાની રીત.

★ હાથ-પગ કર્મનું પ્રતીક છે, મગજ જ્ઞાનનું પ્રતીક છે અને હૈયું ભક્તિનું પ્રતીક છે. તેમ ત્રણેય ગુણોથી જ આધ્યાત્મિક જીવન જીવાય છે.

★ સંપત્તિના ઘસારાથી દાન ધર્મ છે, ઈન્દ્રિયના ઘસારાથી તપ ધર્મ છે, મનના ઘસારાથી માન ધર્મ છે.

***(સંકલિત)***

*નિષ્ફળતા નીચે ગબડી પડવામાં નથી, ગબડી પડ્યા પછી ત્યાં પડ્યા રહેવામાં છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## વાર્ષિક સ્નેહ મિલન તથા ક્ષમાપના સમારંભ

## નિમંત્રણ

*સ્નેહી શ્રી,*

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ૫૧મો વાર્ષિક સ્નેહમિલન તથા ક્ષમાપના સમારંભ **રવિવાર, તા. ૨૨-૯-૨૦૧૩ના રોજ** સવારે ૯.૩૦ કલાકે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે યોજવામાં આવેલ છે.

અમદાવાદ - ગાંધીનગર સ્થિત સર્વે કચ્છી જૈન પરિવારજનોને પધારવા ભાવભર્યું નિમંત્રણ છે તથા સમાજની નિયાણી બહેનોને પણ તેમના પતિ તથા બાળકો સહિત પધારવાનું ભાવભર્યું નિમંત્રણ છે.

આ પ્રસંગે સ્વામિવાત્સલ્ય માતુશ્રી પાનબાઈ ધારશી ફુરિયા (મેરાઉ - અમદાવાદ), માતુશ્રી વાલબાઈ વાલજી નાગડા (ચાંગડાઈ - મુંબઈ), શ્રીમતી લક્ષ્મીબહેન માવજી ધારશી ફુરિયા (મેરાઉ - અમદાવાદ) તથા શ્રીમતી સુશીલાબહેન બાબુભાઈ નાગડા (ચાંગડાઈ - મુંબઈ)ના પરિવારોના સંયુક્ત સૌજન્યથી રાખવામાં આવેલ છે કે જેનો પધારેલા સર્વે સભ્યોએ લાભ આપવા વિનંતી.

વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ યોજવામાં આવેલ છે.

- સવારના ૦૯.૩૦ થી ૧૦.૦૦ :
  - ❖ શ્રી કચ્છી જૈન ભવન ખાતે આગમન અને મિલન
- સવારના ૧૦.૦૦ થી ૧૨.૦૦ :
  - ❖ આવકાર, સામૂહિક ક્ષમાપના
  - ❖ ગત વર્ષ દરમ્યાન સમાજ દ્વારા થયેલ કામગીરી વિષે ટૂંકી રજૂઆત
  - ❖ વિશિષ્ટ વ્યક્તિઓ / પ્રતિભાઓનું સન્માન
  - ❖ ગત વર્ષ દરમ્યાનની 'મંગલ મંદિર'ના શ્રેષ્ઠ લેખ / શ્રેષ્ઠ આંજો કાગર સંબંધી નિર્ણાયક સમિતિનું બહુમાન
  - ❖ ગત વર્ષ દરમ્યાનના 'મંગલ મંદિર'ના જાહેર થયેલા શ્રેષ્ઠ લેખ / શ્રેષ્ઠ આંજો કાગરના લેખકશ્રીઓનું બહુમાન
  - ❖ 'મંગલ મંદિર'ના શબ્દ રમત તથા સુડોકુના વિજેતાઓનું બહુમાન.
  - ❖ અન્ય વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓનું બહુમાન
  - ❖ પ્રાસંગિક પ્રવચનો
  - ❖ આભારવિધિ
  - ❖ ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થી / વિદ્યાર્થિનીઓને પુરસ્કાર.


***કાર્યક્રમમાં સમયસર પધારવા ખાસ આગ્રહભરી વિનંતી છે.***

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

| | |
|---|---|
| **પ્રતાપ નારાણજી દંડ** | **અશોકકુમાર સાકરચંદ મહેતા** |
| **માનદ્ મંત્રી** | **મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ** |

*સ્વામિવાત્સલ્યના પાસ ત્રણેય ભવન ઉપરથી સવારના ૧૦.૦૦થી સાંજના ૬.૦૦ દરમ્યાન તા. ૧૫-૮-૨૦૧૩થી તા. ૧૫-૯-૨૦૧૩ સુધી આપવામાં આવશે. ત્યારબાદ પાસ વિતરણ સંપૂર્ણપણે બંધ કરવામાં આવશે કે જેની નોંધ લેવા વિનંતી.*

*ઉદ્યમ આપણને ત્રણ આફતોમાંથી ઉગારે છે : કંટાળો, કુટેવ અને જરૂરિયાત.*





## સરનામા ફેરફાર

- **પથિક ભોગીલાલ સાવલા**
  બી-૪૦૧, વંદેમાતરમ હોમ્સ, ચેનપુર બસ સ્ટેન્ડ પાસે,
  જી.એસ.ટી. રોડ, ન્યુ રાણીપ, અમદાવાદ-૩૮૨ ૪૭૦.
- **અશ્વિન જેઠાલાલ મોરબિયા**
  ડી-૧, ૧૦૪, નીલમ એપાર્ટમેન્ટ,
  હીરાબાગ, આનંદ પાર્ક, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
- **રાજેશ રામજી ગોગરી**
  ૫૧, રચના સોસાયટી,
  કાલુપુર બેંકની બાજુમાં, શિવરંજની, સેટેલાઈટ,
  અમદાવાદ-૩૮૦ ૦૧૫.
- **મૂલચંદ નાનજી મારુ / અલ્પા મૂલચંદ મારુ**
  ૨૦૨, સમઉત્કર્ષ રેસીડેન્સી, ૧૯, શ્રીનિવાસ સોસાયટી,
  શારદા મંદિર રોડ, સુખીપુરા, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
  ફોન : ૨૬૬૦૫૦૯૦

## સગપણ

- **મંગળવાર, તા. ૭-૪-૨૦૧૩**
  **ચિ. સચીન તિલક લોડાયા (વારાપધ્ધર - અમદાવાદ)**
  **ચિ. સ્નેહા નલીન હીરજી છેડા (નલિયા - કલીકટ)**
- **રવિવાર, તા. ૨૩-૬-૨૦૧૩**
  **ચિ. અજય અમૃતલાલ મોણશી ગાલા (ફરાદી - અમદાવાદ)**
  **ચિ. પ્રાચી લલિતકુમાર મગનલાલ રાંભિયા (નાના ભાડિયા - રાજપીપળા)**

## અભિનંદન



શ્રીમતી જક્ષા મહેન્દ્ર રવજી શાહ (રાંભિયા)ના સુપુત્ર **ચિ. હાર્દિક** એ વર્ષ ૨૦૧૩માં MBA (Finance) અને CFAની ડિગ્રી પ્રાપ્ત કરેલ છે.

આપશ્રી પ્રગતિના શિખરો ઉત્તરોત્તર સર કરો તેવી શુભેચ્છા.

## સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સક્રિય વિવિધ યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### વૈયાવચ્ચ ખાતે

| | | |
|---|---|---|
| રૂા. | ૨૫૧/- | શ્રી નિમેષ છેડા - મુંબઈ |
| રૂા. | ૨૫૧/- | શ્રી મુકેશ ભવાનજી શાહ - મુંબઈ |
| રૂા. | ૫૦૧/- | શ્રી લલિતકુમાર રાંભિયા - રાજપીપળા |
| રૂા. | ૫૧/- | એક સદ્‌ગૃહસ્થ - આડેસર |
| રૂા. | ૨૫૦૦/- | શ્રીમતી ભાગ્યવંતીબેન અમૃતલાલ શાહ - વાપી |
| રૂા. | ૫૧/- | શ્રી જગદીશ મણિલાલ વોરા - ભુજ |
| રૂા. | ૫૧/- | શ્રી મયૂર મોરબિયા - વાપી |
| રૂા. | ૫૧/- | શ્રી જયેશ લાલકા - વાપી |
| રૂા. | ૧૦૧/- | શ્રી મનસુખલાલ મહેતા - ભુજ |
| રૂા. | ૨૦૧/- | શ્રી નિમેષ શાહ - ચેન્નાઈ |
| રૂા. | ૨૫૧/- | શ્રી ફેનીલ યશવંત શાહ - ચેન્નાઈ |
| રૂા. | ૫૧/- | શ્રી શિલ્પેશ વોરા - અંજાર |
| રૂા. | ૧૦૧/- | શ્રી અરવિંદ ડી. શાહ - અમદાવાદ |
| રૂા. | ૧૫૧/- | શ્રી સુરેશ શામજી સાવલા - મુંબઈ |
| રૂા. | ૫૦૧/- | શ્રી કુસુમકાંત ટોકરશી નાગડા - મુંબઈ |
| રૂા. | ૨૫૧/- | શ્રી બચુભાઈ ઉત્તમચંદ મહેતા - ભુજ |
| રૂા. | ૨૦૧/- | શ્રી અશોક જગજીવન ઝવેરી - સુરત |

### 'મંગલ મંદિર'ને ભેટ

| | | |
|---|---|---|
| રૂા. | ૨૦૧/- | શ્રી અંકિત નાનાલાલ કોરડિયા - અમદાવાદ |
| રૂા. | ૨૫૧/- | શ્રી શાંતિલાલ સોમચંદ ચંદુરા - સુરત |
| રૂા. | ૨૫૧/- | શ્રી મહેન્દ્ર રવજી શાહ - અમદાવાદ |
| રૂા. | ૨૫૧/- | તિલકચંદ લોડાયા - અમદાવાદ તરફથી પુત્ર ચિ. સચીનના સગપણ નિમિત્તે |

### વયસ્ક સમિતિને ભેટ

| | | |
|---|---|---|
| રૂા. | ૧૦,૦૦૦/- | શ્રી મહેશચંદ્ર અમૃતલાલ મહેતા - ભુજ |
| રૂા. | ૧૦,૦૦૦/- | શ્રી ભૈરવ ગિરીશકુમાર સંઘવી - અમદાવાદ |
| રૂા. | ૧૦,૦૦૦/- | શ્રી હિતેશ ગિરીશકુમાર સંઘવી - અમદાવાદ |

### શૈક્ષણિક સહાય ખાતે

| | | |
|---|---|---|
| રૂા. | ૧૦૧/- | શ્રી જીગર હરિલાલ શેઠિયા - મુંબઈ |
| રૂા. | ૨૦૧/- | શ્રી રોહિત ઉમરશી સતરા - મુંબઈ |
| રૂા. | ૫૧/- | શ્રી વિનોદ અરવિંદ મહેતા - મુંદ્રા |

### શ્રી જલારામ અન્નક્ષેત્ર ખાતે

| | | |
|---|---|---|
| રૂા. | ૨૦૦૦/- | શ્રી વસંત સાવલા, શ્રીમતી વિમળાબેન ગડા તથા શ્રી હીરેન શાહ |

### જનરલ ડોનેશન ખાતે

| | | |
|---|---|---|
| રૂા. | ૩૫૧/- | શ્રી હીરેન વોરા - અમદાવાદ |

*દરેક દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર.*

# મહિલા ઉત્કર્ષ સમિતિ

## સમિતિ દ્વારા આયોજિત અનેકવિધ હરીફાઈ અને દરેકને ઈનામ

પ્રતિ વર્ષની જેમ સમિતિએ આ વર્ષે પણ અનેક વિવિધતાસભર હરીફાઈઓનું આયોજન કરેલ છે. જેમાં આપ સૌ બહેનોને ઉત્સાહભેર ભાગ લેવા અને હાજરી આપવા હાર્દિક નિમંત્રણ છે.

**(૧) રંગોળી હરીફાઈ :**

*તા. ૧૫-૮-૨૦૧૩, ગુરૂવાર*

***સૌજન્ય :*** શ્રી નવીનચંદ્ર લહેરચંદ સંઘવી પરિવાર.

***વિષય :*** સ્પર્ધાના દિવસની અગત્યતા પ્રમાણે સ્થળ પર આપવામાં આવશે.

***સમય :*** સવારના ૧૧.૦૦ કલાકે
(મોડા આવનાર ભાગ લઈ શકશે નહિ.)

***નોંધ :*** અપાયેલ વિષય અને સમય પ્રમાણે માત્ર ને માત્ર રંગોળીના જ કલરનો ઉપયોગ કરીને રંગોળી બનાવવાની રહેશે. ભોજનની સગવડ રાખેલ છે.

**૨. લગ્નગીત ગાવાની હરીફાઈ**

*તા. ૨૧-૮-૨૦૧૩, બુધવાર*

***સૌજન્ય :*** શ્રીમતી દમયંતી ખીમચંદ વેલજી ધરમશી

***વિષય :*** લગ્ન પ્રસંગના દરેક અવસરને અનુરૂપ ગીતો તૈયાર કરવાના રહેશે. હિંદી / ગુજરાતી / કચ્છી / ફિલ્મી / નોન ફિલ્મી ગીતો અપાયેલ વિષયને સંબંધિત તૈયાર કરવાના રહેશે. સમય મર્યાદા ૩ મિનિટની રહેશે.

સ્પર્ધાના સમયે અવસર ચિઠ્ઠી ઉપાડીને નક્કી થશે. એ પ્રમાણે ગાવાનું રહેશે.

**૩. ડ્રોઇંગ હરીફાઈ**

*તા. ૨૧-૮-૨૦૧૩, બુધવાર*

***સૌજન્ય :*** વિમળાબેન શિરીષ કોરડિયા

***વિષય :***
- કચ્છી મ્યુઝિયમ (શાહીબાગ વિશ્રામગૃહ),
- કચ્છના કારીગરો
- કચ્છનો મેળો
- મારું વતન - કચ્છ
- તમારી આદર્શ મહિલાનું રેખાચિત્ર
- પર્યાવરણ દિવસની ઉજવણી
- કુદરતનો પ્રકોપ
- આધુનિક શહેર
- ઝુલતા મિનારા
- રીવર ફ્રન્ટ.

ઉપરોક્ત બધા જ વિષયોની પ્રેક્ટીસ કરવાની રહેશે. સ્પર્ધાના દિવસે આ વિષયોની ચિઠ્ઠી બનાવવામાં આવશે. સ્પર્ધકે વિષય ચિઠ્ઠી ઉપાડીને નક્કી કરવાનો રહેશે. સ્પર્ધા માટે જરૂરી સાધનો આપવામાં આવશે.

આ સ્પર્ધા બહેનો (૧૮+) માટે છે — બાળકો માટે નહીં.

**૪. બ્યુટી હરીફાઈ :**

*તા. ૨૩-૮-૨૦૧૩, શુક્રવાર*

***સૌજન્ય :*** ગૂર્જર પરિવાર

***વિષય :*** સાડી પહેરવાની હરીફાઈ (સમય મર્યાદામાં રહીને)

***નોંધ :*** હેર ડ્રેસીંગ, મેક-અપ, ઘરેણાં સાથે ઘરેથી તૈયાર થઈને આવવાનું રહેશે.

**૫. વાનગી હરીફાઈ**

*તા. ૨૩-૮-૨૦૧૩, શુક્રવાર*

***મિષ્ટાન્ન હરીફાઈ : સૌજન્ય :*** શ્રી રામજી વેલજી સાવલા

***ફરસાણ હરીફાઈ : સૌજન્ય :*** શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ વેલજી સાવલા.

***આ બંને સ્પર્ધામાં નવીનતા :***

***કુકિંગ :*** રસોઈને અનુરૂપ પ્રશ્નોત્તરી, ગેમ્સ, ક્વીઝ વગેરેની મદદથી નિર્ણાયક વિજેતા જાહેર કરશે.

***નોંધ :*** વાનગી ઘરે કે સ્થળ ઉપર બનાવવાની રહેશે નહીં.

★ ★ ★

**<u>સમય</u> : દરેક સ્પર્ધાનો સમય બપોરના ૨.૩૦ વાગ્યાથી (રંગોળી સિવાય)**

**<u>સ્થળ</u> : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.**

**નોંધ :**

૧. રંગોળી હરીફાઈનો સમય સવારના ૧૧.૦૦ કલાકે.
૨. મોડા આવનાર બહેનો હરીફાઈમાં ભાગ લઈ શકશે નહીં.
૩. સ્પોન્સરરના પરિવારજનો તે હરીફાઈમાં ભાગ લઈ શકશે નહીં - બીજી હરીફાઈમાં ભાગ લઈ શકાશે.
૪. નિર્ણાયકનો નિર્ણય આખરી ગણાશે.
૫. સ્પર્ધકોએ બધા જ નિયમો ધ્યાનથી વાંચવા. તેનું પાલન કરીને કાર્યકરોને સહકાર આપવા વિનંતી.

***કન્વીનર : શ્રીમતી સુલુ જલદીપ શાહ***

# "સંકલ્પ"

## શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન - અમદાવાદ

"સંકલ્પ" શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન - અમદાવાદની વાર્ષિક સામાન્ય સભા રવિવાર, તા. ૨૯-૯-૨૦૧૩ના રોજ સાંજે ૪.૩૦ કલાકે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે રાખવામાં આવેલ છે.

"સંકલ્પ"ના જે સભ્યો નવી કારોબારી કમિટીમાં સ્વેચ્છાએ સમય ફાળવી, સેવા આપી શકતા હોય તેઓએ પોતાના નામ તા. ૨૫-૯-૨૦૧૩ સુધી નીચે જણાવેલ સભ્યો પાસે નોંધાવવા વિનંતી. વધુ માહિતી 'મંગલ મંદિર'ના આગામી અંકમાં આપવામાં આવશે.

*નીતિન શાહ : મો. ૯૯૭૯૮ ૮૨૪૦૧*
*અલ્પેશ મહેતા : મો. ૯૦૯૭૬ ૨૮૨૮૦*
*રચના પીયૂષ પારેખ : મો. ૯૨૨૭૨ ૫૬૫૬૮*

***નીતિન શાહ, મંત્રી - 'સંકલ્પ'***

# વયસ્ક સમિતિ

## સમિતિ દ્વારા આયોજિત મધ્યપ્રદેશ પ્રવાસ અંગે માહિતી

### તા. ૨૮-૯-૨૦૧૩થી તા. ૨-૧૦-૨૦૧૩

**તા. ૨૮-૯-૨૦૧૩**

શાંતિ એક્સપ્રેસ દ્વારા અમદાવાદથી નાગદા — સાંજે ૭.૧૫ વાગે

**તા. ૨૯-૯-૨૦૧૩**

| | |
|---|---|
| સવારે ૩.૩૦ વાગે | નાગદા આગમન અને ત્યાંથી નાગેશ્વર પ્રસ્થાન |
| સવારે ૫.૦૦ વાગે | નાગેશ્વર આગમન. સવારે નવકારશી, પૂજા. |
| સવારે ૧૧.૦૦ વાગે | નાગેશ્વરથી પ્રસ્થાન |
| બપોરે ૧૨.૩૦ વાગે | અષ્ટાપદ તીર્થ - દર્શન - ભોજન |
| સાંજે ૫.૦૦ વાગે | મોહનખેડા આગમન, દર્શન, ચૌવિહાર, પ્રદર્શન મુલાકાત. |

**તા. ૩૦-૯-૨૦૧૩**

| | |
|---|---|
| સવારે | નવકારશી, પૂજા. |
| બપોરે ૧૨.૦૦ વાગે | મોહનખેડાથી પ્રસ્થાન |
| બપોરે ૧.૦૦ વાગે | ભોપાવર તીર્થ |
| બપોરે ૨.૩૦ વાગે | અમીઝરા પાર્શ્વનાથ |
| સાંજે ૫.૩૦ વાગે | માંડવગઢ મુલાકાત, ચૌવિહાર, રાત્રિ રોકાણ, રાણી રૂપમતીના મહેલની મુલાકાત (સમય હોય તો) |

**તા. ૦૧-૧૦-૨૦૧૩**

| | |
|---|---|
| સવારે | નવકારશી, પૂજા |
| સવારે ૧૦.૦૦ વાગે | પ્રસ્થાન |
| બપોરે ૧૨.૦૦ વાગે | ધાર આગમન, દર્શન, ભોજન |
| બપોરે ૧.૦૦ વાગે | ધારથી પ્રસ્થાન |
| સાંજે ૫.૦૦ વાગે | ઉજ્જૈન આગમન, વિવિધ સ્થળની તેમજ મણિભદ્ર, અવંતિકા પાર્શ્વનાથ, દાદાવાડી દર્શન - ભોજન |
| સાંજે ૭.૦૦ વાગે | હાસમપુર પ્રસ્થાન - દર્શન |
| રાત્રે ૧૧.૦૦ વાગે | ઉજ્જૈનથી અમદાવાદ પ્રસ્થાન |

**તા. ૦૨-૧૦-૨૦૧૩**

સવારે ૯.૩૦ વાગે અમદાવાદ આગમન.

***જે લોકોએ પૈસા ભરી દીધા હશે તેમની જ ટિકીટ કઢાવવામાં આવશે.***

### રેલવે માહિતી

- ગાડીનું નામ : ગાંધીનગર - ઈંદોર એક્સપ્રેસ
  અમદાવાદથી નાગદા તા. ૨૮-૯-૨૦૧૩ : ગાડી નં. ૧૯૩૦૯
  ઉપડવાનો સમય : સાંજે ૭.૧૫ વાગે
- ઉજ્જૈનથી અમદાવાદ : તા. ૦૧-૧૦-૨૦૧૩ ગાડી નં. ૧૯૩૧૦
  ઉપડવાનો સમય : રાત્રે ૧.૦૦ વાગે

*નોંધ :* ધર્મશાળા, ભોજનશાળા, બસ ડ્રાઈવર અંગેની માહિતી, તીર્થ તેમજ અન્ય અગત્યના ટેલિફોન નંબર અને માહિતી અંગે પરિપત્ર તા. ૨૨-૯-૨૦૧૩ના રોજ સ્વામિવાત્સલ્યના કાર્યક્રમ સમયે મેળવી લેવા.

★

સમિતિ દ્વારા તા. ૧૭-૭-૨૦૧૩ના રોજ આયોજિત એક કાર્યક્રમ દરમ્યાન ઉપરોક્ત માહિતીની જાણકારી દરેક સભ્યશ્રીઓને આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સમિતિના કન્વીનરશ્રી દ્વારા વિવિધ પ્રકારની રમતો રમાડવામાં આવી હતી. જેમાં ઉપસ્થિત દરેક સભ્યોએ આનંદભેર ભાગ લીધો હતો.

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વયસ્ક સમિતિને નીચે જણાવેલ દરેક દાતાશ્રીઓ તરફથી રૂા. ૧૦,૦૦૦/- (કુલ : રૂા. ૩૦,૦૦૦/-)નું અનુદાન પ્રાપ્ત થયેલ છે.

૧. શ્રી મહેશચંદ્ર અમૃતલાલ ઈંદરજી મહેતા - ભુજ

૨. શ્રી હિતેશ ગિરીશકુમાર ગોપાલજી સંઘવી - મુંદ્રા

૩. શ્રી ભૈરવ ગિરીશકુમાર ગોપાલજી સંઘવી - મુંદ્રા

સમિતિ ઉપરોક્ત અનુદાનનો સાભાર સ્વીકાર કરે છે તથા સર્વે દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.

***રજનીકાંત પારેખ, કન્વીનર - વયસ્ક સમિતિ***

# સરસ્વતી સન્માન

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ધોરણ-૮ અને તેનાથી ઉપરના વિદ્યાર્થીઓના સન્માનનો કાર્યક્રમ ગુરૂવાર, તા. ૧૫-૮-૨૦૧૩ના રોજ સમાજના ધ્વજવંદનના કાર્યક્રમ બાદ સવારે ૯.૩૦ વાગે રાખેલ છે. જેની રૂપરેખા નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૦૯.૩૦ થી ૦૯.૩૫ : | મહાનુભાવશ્રીઓનું સ્ટેજ પર આગમન |
| ૦૯.૩૫ થી ૦૯.૪૦ : | પ્રાર્થના |
| ૦૯.૪૦ થી ૦૯.૪૫ : | આવકાર પ્રવચન |
| ૦૯.૪૫ થી ૦૯.૫૦ : | અતિથિશ્રીઓ અને દાતાશ્રીઓનું સ્વાગત |
| ૦૯.૫૦ થી ૦૯.૫૫ : | દીપ પ્રાગટ્ય |
| ૦૯.૫૫ થી ૧૦.૦૫ : | અતિથિશ્રીનું વક્તવ્ય |
| ૧૦.૦૫ થી ૧૧.૧૫ : | વિદ્યાર્થીઓનું સન્માન |
| ૧૧.૧૫ થી ૧૨.૧૫ : | શ્રી જયરાજ પંડ્યાનું સ્વાગત અને વક્તવ્ય |
| ૧૨.૧૫ થી ૧૨.૨૦ : | આભારવિધિ અને ત્યારબાદ અલ્પાહાર. |

***કન્વીનર : પંકજ ગોગરી — વિદ્યાર્થી પુરસ્કાર સમિતિ***

★

## મહિલા ઉત્કર્ષ સમિતિ — રંગોળી હરીફાઈ

સમિતિ દ્વારા શ્રી નવીનચંદ્ર લહેરચંદ સંઘવી રંગોળી હરીફાઈનું આયોજન પણ ઉપરોક્ત દિવસે કરવામાં આવેલ છે, જેની વિગત આ અંકમાં અન્યત્ર આપવામાં આવેલ છે.

***સારો સ્વભાવ સુંદરતાની ખામીને તો દૂર કરી દેશે, પરંતુ સુંદરતા સ્વભાવની કમી દૂર કરી શકશે નહિ.***

# તન-મનને તાજા રાખતા કાર્યક્રમો આપવાનો સિલસિલો વયસ્ક સમિતિએ બરકરાર રાખ્યો છે

## નર્મદા બંધની મુલાકાત

છેલ્લા કેટલાક દિવસોથી આસમાનમાં વાદળો ઘેરાયા હતા અને દિવસ દરમ્યાન ધીમી ધારે ઝરમર ઝરમર વરસાદ પડતો હતો. વચ્ચે વચ્ચે હળવા ઝાપટા પણ આવી જતાં વાતાવરણ ખૂબ આહ્લાદક બન્યું હતું.

આ વાત છે નર્મદા બંધ વિસ્તારની – નર્મદા જિલ્લાની. એકંદરે સમગ્ર નર્મદા જિલ્લામાં વરસાદની આ સ્થિતિ હતી. નર્મદા જિલ્લામાં ચાર ટકા ઘટ સાથે કુલ ૪૬૯ મિ.મિ. વરસાદ નોંધાઈ ચૂક્યો છે. ચોમાસુ તેની ચરમ સીમાએ પહોંચ્યું હોય તેમ ગુજરાતમાં મોટાભાગના વિસ્તારોમાં વરસાદ થયો છે. છેલ્લા સપ્તાહમાં અનેક વિસ્તારોમાં મેઘરાજાની અવિરત મહેર વરસી છે અને તેના કારણે ઘણા નદી, ડૅમ, તેમજ સરોવર પાણીથી છલકાઈ રહ્યા છે. આ રીતે કેટલાક દિવસોથી સરોવરમાં નવા પાણીની આવક વધતાં નર્મદા બંધ ઓવર-ફ્લોની સપાટીએ પહોંચી ગયો હતો. આ પ્રકારનું દૃશ્ય પ્રત્યક્ષ નિહાળવાનું કોને ન ગમે?

અનોખા ખુશનુમાવાળા વાતાવરણના માહોલની વચ્ચે ગુરૂવાર, તા. ૨૫-૭-૨૦૧૩ના રોજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વયસ્ક સમિતિ દ્વારા યોજાયેલ એક પિકનિકમાં જોડાયેલા લગભગ ૬૫ જેટલા સભ્યો નર્મદા બંધની સાઈટ પર પહોંચ્યા હતા.

ડેમના ચાર પોઈન્ટ્સ પૈકી પ્રથમ તબક્કે ડેમની સમીપે પહોંચીને તેની ઊંચાઈ, તેના ૩૦ બેરેજ અને તેમાંથી એકધારા ધસમસતા પાણીનો ફ્લો તેમજ રોપ-વે વગેરે નિહાળીને સૌ આનંદવિભોર થઈ ગયા હતા. દુનિયાની અજાયબી સમા નાયગ્રા ધોધ જેવી અનુભૂતિ થઈ રહી હતી. ત્યાં એકઠા થયેલા તમામ મુલાકાતીઓ બંધને બેક ગ્રાઉન્ડમાં રાખીને પોતાની તસવીરો વિવિધ રીતે કેમેરામાં કંડારવા મગ્ન થઈ ગયા હતા. તેવી રીતે ડેમનો સર્વગ્રાહી નઝારો માણીને સૌ મસ્તીથી ઝૂમી ઊઠ્યા હતા.

તે સાથે સાઈટ પર નક્કી થયેલા અન્ય ત્રણ પોઈન્ટ્સની મુલાકાત લેવાની તક દરેક સભ્યોએ ઝડપી લીધી હતી. અન્ય એક પોઈન્ટથી ડેમને વધુ નજદીકથી જોઈને તેની અદ્ભુત કામગીરીથી સૌ ખૂબ પ્રભાવિત થયા હતા. સાઈટ પર ત્રણ કિ.મી.ના અંતરે ઊભા કરાયેલા સરદાર સરોવરના ૨૫૦ મેગાવોટ કેનાલ હાઈફ્રો પાવર હાઉસ તેમજ સરોવરની પ્રત્યક્ષ મુલાકાત કરીને ત્યાંની વિવિધ માહિતીથી સૌ સભ્યો વાકેફ થયા હતા.

આગલા દિવસે જ ૬૨૮૦ ક્યુસેક પાણીની આવક અહીંની નર્મદા કેનાલના ઍસ્કેપમાંથી અમદાવાદની સાબરમતી નદીમાં થયેલ હતી. તેવી રીતે ૫૦૬૪ ક્યુસેક પાણી નદીમાં અને ૧૦૧૦ ક્યુસેક પાણી કેનાલમાં સિંચાઈ અર્થે છોડવામાં આવ્યું હતું તેવી માહિતી જાણવા મળી હતી.

ત્યાં પ્રાપ્ત થયેલ અન્ય માહિતી અનુસાર સરદાર સરોવર નર્મદા યોજના મુખ્યત્વે ખેતી અને પીવાના પાણી માટે તૈયાર કરવામાં આવી હતી. વર્ષ ૧૯૮૮માં આ યોજનાનો આરંભ થયો ત્યારે તેનો અંદાજિત ખર્ચ રૂા. ૯૪૦૬.૦૪ કરોડ જેટલો હતો. જેમાં જળ વિદ્યુત ભાગનો ખર્ચ રૂા. ૧૫૫૧.૮૬ કરોડ હતો. અમુક તબક્કે યોજનામાં વિલંબના કારણે આ યોજના પાછળ અત્યાર સુધી ખર્ચ રૂા. ૩૯,૫૭૧ કરોડ સુધી પહોંચી ગયેલ છે. બીજી તરફ, બધા જ પ્રકારની મુખ્ય નહેર, શાખાઓ, પેટા શાખાઓ, માઈનોર શાખાઓ વગેરેની ૭૫,૦૦૦ કિલોમીટર લંબાઈની નહેરની ગુંથણી સામે વર્ષ ૧૯૯૫થી ૨૦૧૩ સુધી માત્ર ૧૦ હજાર કિલોમીટરનું કામ થયું છે, તેવી વિગતની જાણકારીથી આંચકો અનુભવ્યો હતો.

કચ્છ જિલ્લા સંબંધી એવી માહિતી મળી હતી કે ત્યાં બ્રાંચ કેનાલમાં અભયારણ્ય અને જમીન સંપાદનના મુદ્દા ક્ષેત્રે ધારેલી પ્રગતિ હજુ થઈ નથી.

નર્મદા બંધની ૧૨૧.૯૨ મીટરની ઊંચાઈનું બાંધકામ ઘણા સમયથી થઈ ગયું છે તેમાં ૧૮ મીટર ઊંચાઈના ૩૦ દરવાજા ચડાવવાનું કામ થતાં તેની ઊંચાઈ ૧૩૮.૬૨ મીટર થશે. આ પ્રકારની ઘણી બધી માહિતી મુલાકાત દરમ્યાન જાણવા મળી હતી.

ઉપરોક્ત પિકનિકમાં સમાજના ઉપપ્રમુખ શ્રી કાંતિભાઈ સાવલા, માનદ્ મંત્રી શ્રી પ્રતાપભાઈ દંડ, સહમંત્રી શ્રી દિનેશ મહેતા, ખજાનચી શ્રી કે.ડી. શાહ, સહ ખજાનચી શ્રી રમણિકભાઈ ગોસર, ટ્રસ્ટી શ્રી મણિલાલભાઈ ગોસર, શ્રી મગનભાઈ સંઘવી, શ્રી આણંદજીભાઈ વીરા, શ્રી શાંતિલાલભાઈ સાવલા, શ્રી નરેન્દ્રભાઈ શાહ, કારોબારી સભ્ય શ્રી રજનીકાંત પારેખ વગેરે તેમજ સમાજ પરિવારજનો સામેલ હતા.

શ્રી લલિતભાઈ (નાના ભાડિયા - રાજપીપળા)ના સૌજન્યથી ડભોઈમાં સવારે શૂલપાણેશ્વર આરામગૃહ ખાતે નવકારશી કર્યા બાદ સૌએ બસ દ્વારા નર્મદા બંધની સાઈટ તરફ પ્રયાણ કર્યું હતું. બસમાં શ્રી લલિતભાઈનું સન્માન કરવામાં આવ્યું હતું. નર્મદા બંધના મુખ્ય પોઈન્ટ્સ નિહાળ્યા બાદ સ્વાદિષ્ટ ભોજન લઈને રાજપીપળામાં સ્થાનિક જૈન સંઘની વાડીએ સૌ પહોંચ્યા હતા. ત્યાંના સમાજની સૌજન્યથી સાંજના સમયે ચા-નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. તે સંઘના અગ્રણી શ્રી લલિતભાઈ વગેરેના માર્ગદર્શન અને આયોજનના કારણે આ પિકનિકની કામગીરી આસાન થઈ હતી. ત્યાંના સંઘ હોદ્દેદારશ્રી તેમજ ટ્રસ્ટીશ્રીઓનું ઉચિત સન્માન કરવામાં આવ્યું હતું અને શ્રી પ્રતાપભાઈ દંડે ત્યાંના સમાજ પ્રત્યે આભારની લાગણી દર્શાવેલ હતી.

પિકનિક દરમ્યાન શ્રી રમણિકભાઈ ગોસર, શ્રી આણંદજીભાઈ વીરા અને શ્રી રજનીકાંત પારેખે સંપૂર્ણ વ્યવસ્થા સંભાળેલ હતી. જ્યારે ચિ. કવિતા અને ચિ. મિતકુમારે બસમાં આખા રસ્તે અલ્પાહાર તેમજ ચોકલેટનું સુંદર રીતે વિતરણ કર્યું હતું.

પિકનિકની સફળતા પ્રત્યે સાથે રહેલા સભ્યશ્રીઓ તરફથી વિવિધ પ્રત્યાઘાતો જાણવા મળ્યા હતા.

***કન્વીનર રજનીકાંત પારેખ, વયસ્ક સમિતિ***
***સહયોગ : દિનેશ મહેતા***

## મેડિકલ કાર્ડ

***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના શ્રી કચ્છી જૈન ભવન સ્થિત મેડિકલ સેન્ટરના "મડિકલ કાર્ડ" ધરાવતા સભ્યોનું નીચેની સૂચનાઓ તરફ ખાસ ધ્યાન દોરવામાં આવે છે.***

૧. મેડિકલ કાર્ડ દ્વારા કન્સેશનલ દરે મેડિકલ સેન્ટરની વિવિધ સેવાઓનો લાભ લેનાર તમામ પરિવારજનોને જણાવવાનું કે મેડિકલ સેન્ટરમાં સેવાનો લાભ લેવાના સમયે રીસેપ્શન / બિલીંગ કાઉન્ટર પર આપશ્રીનું મેડિકલ કાર્ડ રજૂ કરવું ખૂબ જ જરૂરી છે. મેડિકલ કાર્ડ વગર તબીબી સેવાનો કન્સેશનલ દરે લાભ આપવાનું અશક્ય થશે.

૨. મેડિકલ સેન્ટરના કોમ્પ્યુટરમાં નવો પ્રોગ્રામ ચાલુ કરેલ હોવાથી મેડિકલ કાર્ડ ધરાવતા બધા જ સભ્યો અને તેમના પરિવારજનોની વિગત પણ નવા પ્રોગ્રામ પ્રમાણે અપડેટ કરવાની હોતાં તા. ૧૫-૮-૨૦૧૩થી તા. ૩૧-૮-૨૦૧૩ દરમ્યાન દરેક કાર્ડ ધારકોએ પોતાના કાર્ડની બંને બાજુની ફોટો નકલ મેડિકલ સેન્ટરના કાઉન્ટર પર પહોંચાડવી ખૂબ જરૂરી છે. તેના વગર નવા પ્રોગ્રામમાં આપશ્રીના પરિવારજનોના નામ ઉમેરી શકાશે નહિં. તેથી દરેક સભ્યોને આ બાબતે સહયોગ આપવા નમ્ર અનુરોધ કરવામાં આવે છે.

૩. ચાલુ મેડિકલ કાર્ડમાં જેઓને પોતાના કાર્ડમાં સુધારા-વધારા કરાવવાના હોય (દા.ત. જુદા રહેતા પુત્ર કે સાસરે રહેતી દીકરીના નામ કમી કરાવવાના હોય અથવા પરિવારમાં પુત્રવધૂ, નવા જન્મ પામેલ બાળકનું નામ ઉમેરવાનું હોય) તે સિવાય કોઈ ફેરફાર હોય તે માટે તેઓએ મેડિકલ કાર્ડ સમિતિનો સંપર્ક સાધી ઉપર જણાવેલ સમય મર્યાદામાં જરૂરી સુધારા કરાવી લેવા અપીલ કરવામાં આવે છે.

૪. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના નોંધાયેલા જે સભ્યશ્રીઓએ હજુ લગી પોતાના પરિવારના 'મેડિકલ કાર્ડ' મેળવેલ નથી તેઓને પણ વિનંતી કે મેડિકલ કાર્ડ સમિતિના કન્વીનરશ્રીનો સંપર્ક સાધી પોતાના કાર્ડ વહેલી તકે બનાવડાવી લેવા.

૫. અત્યારની પરિસ્થિતિમાં મેડિકલ સેવા ખૂબ જ મોંઘી થઈ ગયેલ હોવાથી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની આ અદ્વિતીય તબીબી ક્ષેત્રની સેવા પ્રવૃત્તિનો લાભ લેવા દરેક સભ્ય પરિવારજનોને ખાસ અપીલ કરવામાં આવે છે.

**કન્વીનર – સભ્યપદ તથા મેડિકલ કાર્ડ સમિતિ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

### જૂન / જુલાઈ - ૨૦૧૩

- **મંગળવાર, તા. ૨૫-૬-૨૦૧૩**

★ ભાનુશાળી સમાજ - અમદાવાદ વતી શ્રી જગદીશભાઈ ભાનુશાળી આજરોજ ભવન પર આવેલ હતા અને શ્રી કચ્છી જૈન ભવન પર ચાલતા મેડિકલ સેન્ટર અંગેની માહિતીઓ તેમને આપવામાં આવી હતી. ભાનુશાળી સમાજ મેડિકલ સેન્ટરમાં જોડાય તે અંગે પણ ચર્ચા કરવામાં આવેલ હતી.

★ શ્રી સુરેશચંદ્ર મહેતા આજરોજ ભવન પર પધારેલ હતા કે જ્યારે નર્મદા નદીના કચ્છને ફાળવવામાં આવેલ વધારાના પાણી અંગે તેઓ સાથે ચર્ચા કરવામાં આવેલ હતી.

- **ગુરુવાર, તા. ૨૭-૬-૨૦૧૩**

★ આજરોજ સવારમાં શ્રી રજનીભાઈ પારેખ કેનેરા બેંકના શારદા મંદિર બ્રાંચના મેનેજરશ્રીને શ્રી કચ્છી જૈન ભવન પર લાવેલ હતા. તેઓશ્રીએ ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયાની ૨૦ વર્ષ લગી વાર્ષિક રૂા. ૧,૦૦૦/- ભરવાની પેન્શન યોજના સમજાવેલ હતી. સરકાર પણ એ યોજનામાં દરેકને રૂા. ૫,૦૦૦/-નો ફાળો આપે. ૬૦ વર્ષ સુધીની ઉંમરની વ્યક્તિ આ યોજનામાં જોડાઈ શકે. ૨૦ વર્ષના અંતે સારું એવું રીફંડ મળી શકે અને પેન્શન પણ મળી શકે. બચત માટે આ યોજના સારી કહી શકાય.

★ આજરોજ શ્રી મગનભાઈ સંઘવી તથા શ્રી આણંદજીભાઈ વીરા સાથે સમાજની બંધારણીય વિગતો અંગે ચર્ચા કરવામાં આવેલ હતી. ચૂંટણીના નીતિ-નિયમોમાં પણ સુધારા અંગે ચર્ચા કરવામાં આવેલ હતી.

★ આજરોજ રાત્રે શ્રી કચ્છી જૈન ભવન પર મેડિકલ સમિતિની એક મીટિંગ મળેલ હતી. આ મીટિંગમાં શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી અશોક મહેતા, ડૉ. હિતુભાઈ, શ્રી નરેન્દ્રભાઈ ખોના, શ્રી દિનેશભાઈ મહેતા, શ્રીમતી હાસ્યલતાબેન મહેતા, શ્રીમતી દક્ષાબેન તથા શ્રી પીન્ટુ ઉપસ્થિત રહેલ હતા. આ મીટિંગમાં વિવિધ ડૉક્ટરોની શિફ્ટ, નવી એપોઈન્ટમેન્ટ, મેડિકલ સેન્ટરના રીનોવેશન, ફેકો મશીન વસાવવા, નવું સોનોગ્રાફી મશીન ખરીદવા, મેડિકલ સ્ટોર્સ વગેરે મુદ્દે ચર્ચા કરવામાં આવેલ હતી.

- **શુક્રવાર, તા. ૨૮-૬-૨૦૧૩**

★ આજરોજ ભવન પરના સમાજના સ્ટાફના સભ્યો કિરણભાઈ

શાહ, કિન્નરીબેન શાહ, પીંકીબેન પટેલ, ભાવેશાબેન પટેલ તથા જયસુખ સંઘવીને ત્યાં વિવિધ પ્રસંગોની ખુશાલીના અનુસંધાને સ્ટાફના સભ્યો માટે એક પાર્ટીનું આયોજન ગોઠવવામાં આવેલ હતું. તેઓએ સમાજ પર નિયમિત પધારતા ટ્રસ્ટીશ્રીઓ તથા કારોબારી સમિતિના સભ્યશ્રીઓને પણ આ પાર્ટીમાં ઉપસ્થિત રહેવા આમંત્રિત કરેલ હતા. આ પાર્ટી ખૂબ જ સારા વાતાવરણમાં ઉજવાયેલ હતી.

- **શનિવાર, તા. ૨૯-૬-૨૦૧૩**

★ આજરોજ મુંબઈથી પ્રસારિત થતી ખબર પત્રિકામાં અશોક મહેતાનો કચ્છની નર્મદા બ્રાંચ કેનાલ વિષેનો લેખ પ્રસારિત કરવામાં આવેલ હતો.

- **રવિવાર, તા. ૩૦-૬-૨૦૧૩**

★ આજરોજ ભવન પર એક મીટિંગનું આયોજન ગોઠવવામાં આવેલ હતું. જેમાં શ્રી અશોક મહેતા, શ્રી હીરેન શાહ તથા શ્રી જયરાજ પંડ્યા ઉપસ્થિત રહેલ હતા. શ્રી જયરાજ પંડ્યાએ જણાવેલ કે અમદાવાદમાં કોમર્સ વિભાગની કૉલેજો તો અનેક છે પરંતુ આપણે જેને ઉચ્ચ કક્ષાની ગુણવત્તાવાળી કૉલેજ ગણાવીએ તેવી કૉલેજો ખૂબ અલ્પ માત્રામાં છે. તેથી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે, અમદાવાદ ખાતે એક ઉચ્ચ ગુણવત્તાવાળી B.Com. / BCA / MCA વગેરેના અભ્યાસક્રમવાળી કૉલેજની સ્થાપના કરવી જોઈએ. તે સામે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની શિક્ષણ પ્રત્યેની પ્રાયોરીટી બોયઝ તથા ગર્લ્સ હોસ્ટેલની હોવાની વિગતો જણાવવામાં આવતા આ બાબતે ફરીથી મળીને ચર્ચા કરવાનું નક્કી કરવામાં આવેલ હતું.

- **ગુરુવાર, તા. ૪-૭-૨૦૧૩**

★ સમાજની વિવિધ સમિતિઓના કાર્યો કરવાના નીતિ-નિયમોને ફાઈનલ સ્વરૂપે ટાઈપ કરાવી તૈયાર કરાવ્યા.

- **રવિવાર, તા. ૭-૭-૨૦૧૩**

★ આજરોજ સવારમાં શ્રી કચ્છી જૈન ભવન પર ટ્રસ્ટ મંડળની એક મીટિંગ મળેલ હતી. અંદાજિત ૧૫ ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા. શ્રી હીરજી પાસુ શાહની દીર્ઘ સેવાને દૃષ્ટિ સમક્ષ રાખી તેમને ટ્રસ્ટ મંડળની મીટિંગમાં કાયમી આમંત્રિત ટ્રસ્ટી તરીકે લેવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવેલ હતું. શ્રી કચ્છી જૈન ભવન પરના સાંસ્કૃતિક કેન્દ્રનો હાલનો કોન્ટ્રાક્ટ તા. ૩૧-૩-૨૦૧૪ના રોજ પૂરો થતો હોવાથી તેના ભવિષ્યના આયોજનો વિશે એક સમિતિની રચના કરવામાં આવેલ હતી.

- **બુધવાર, તા. ૧૦-૭-૨૦૧૩**

★ આજરોજ માટુંગા ખાતે મુંબઈમાંના સૂચિત અતિથિ ભવન અંગે એક મીટિંગ મળેલ હતી. જેમાં શ્રી અશોક મહેતા, શ્રી કાંતિલાલભાઈ સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી શાંતિલાલભાઈ સાવલા, શ્રી દિનેશભાઈ બાબરિયા, શ્રી પંકજભાઈ બાબરિયા તથા શ્રી પ્રકાશભાઈ બાબરિયા મળેલ હતા. સી.સી. પરમિશન માટે આવતીકાલે એસ.આર.એ.માં જવાનું નક્કી કરવામાં આવેલ હતું. એગ્રીમેન્ટ બાબતે ચર્ચા કરવામાં આવેલ હતી.

★ આજરોજ યોગી સભાગૃહ - દાદર, મુંબઈ ખાતે કચ્છ શક્તિ તરફથી કચ્છી નૂતન વર્ષના દિવસે ઍવોર્ડ સમારંભ રાખવામાં આવેલ હતો. જેમાં સામાજિક ક્ષેત્રે નોંધપાત્ર કાર્યો કરવા બદલ શ્રી અશોક મહેતાને "કચ્છ શક્તિ નેશનલ ઍવોર્ડ - ૨૦૧૩" અર્પણ કરવામાં આવેલ હતો. ભારતભરમાંથી વિવિધ ક્ષેત્રની ટોટલ ૧૯ વ્યક્તિઓને આ ઍવોર્ડ આપવામાં આવેલ હતા. કાર્યક્રમ સમયે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના શ્રી કાંતિલાલભાઈ સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી શાંતિલાલભાઈ સાવલા, શ્રી મણિલાલ કુંવરજી ગોસર, શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર, શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ, શ્રી વીરેન ધીરજલાલ શાહ, શ્રી મૂળજી નરશી લોડાયા, શ્રી બંસીલાલ મગનલાલ ગડા, શ્રીમતી રેવંતીબેન મણિલાલ ગોસર, શ્રીમતી નવલબેન ગિરીશ શાહ તથા અન્ય અનેક હિતેચ્છુઓ ઉપસ્થિત રહેલ હતા.

- **ગુરુવાર, તા. ૧૧-૭-૨૦૧૩**

★ આજરોજ શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી પારસભાઈ બાબરિયા અને શ્રી પંકજભાઈ બાબરિયાએ એસ.આર.એ.ના અધિક્ષક ઈજનેર શ્રી પવારની મુલાકાત લીધેલ હતી અને સાયન ખાતેની સ્કીમના કોમ્પોઝીટ બિલ્ડિંગની સી.સી. અંગેની ચર્ચા કરેલ હતી. એસ.આર.એ.ના સી.ઈ.ઓ. શ્રી નિર્મલ દેશમુખ ઉપસ્થિત ન હોતાં, તેમને મળી શકેલ નહીં.

- **સોમવાર, તા. ૧૫-૭-૨૦૧૩**

★ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના વર્ષ ૨૦૧૩-૨૦૧૪ માટે ટ્રસ્ટ મંડળની ૬ અને કારોબારી સમિતિની ૬ જગ્યા માટે આવેલ ઉમેદવારોનું લિસ્ટ ચૂંટણી પંચે જાહેર કરેલ હતું. આ લિસ્ટ મુજબ દાતા ગ્રુપના ૩ ટ્રસ્ટી માટે ૪ ઉમેદવાર, માનદ્ ગ્રુપના ૨ ટ્રસ્ટી માટે ૩ ઉમેદવાર, સ્વજન ગ્રુપના ૧ ટ્રસ્ટી માટે ૧ ઉમેદવાર તથા કારોબારી સમિતિની ૬ જગ્યા માટે ૧૭ ઉમેદવારોના નામ આવેલ હોવાની જાહેરાત કરવામાં આવેલ હતી. તા. ૨૦-૭-૨૦૧૩ સુધી ઉમેદવારી પાછી ખેંચી લેવાની મુદત છે. ત્યારબાદ ચૂંટણી પંચ તરફથી ઉમેદવારોના નામની ફાઈનલ યાદી જાહેર કરવામાં આવશે.

- **બુધવાર, તા. ૧૭-૭-૨૦૧૩**

★ શ્રી કચ્છી સમાજ - અમદાવાદના આગામી કાર્યક્રમોના અનુસંધાને તેમના પ્રમુખ શ્રી કૈલાસદાન ગઢવી તથા કચ્છશ્રુતિના તંત્રી શ્રી ભરતભાઈ ઓઝા શ્રી કચ્છી જૈન ભવન પર પધારેલ હતા. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના દસેક ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા. શ્રી કચ્છી સમાજના આગામી કાર્યક્રમોના અનુસંધાને જૈન સમાજના ફાળા નિમિત્તે તેઓએ શ્રી કચ્છી જૈન ભવનની મુલાકાત લીધેલ હતી.

★ આજરોજ વયસ્ક સમિતિનો એક કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. અંદાજે ૭૦ વ્યક્તિ ઉપસ્થિત રહેલ હતી. આગામી નાગેશ્વર ટૂરના આયોજન, આ ટૂરમાં આવનાર સભ્યોને સમજાવવામાં આવેલ હતા. થોડી રમતો પણ રમાડવામાં આવી હતી. સમૂહભોજન બાદ સહુ છૂટા પડેલ હતા.

• **ગુરુવાર, તા. ૧૮-૭-૨૦૧૩**

★ આજરોજ યલો પેજિસ ડિરેક્ટરીના ગીતા મંદિર પટેલ સમાજના બાકી રહેતા ફોર્મ અંગે જરૂરી ચર્ચા કરવામાં આવેલ હતી. આ મીટિંગમાં શ્રી દિનેશ જગજીવન શાહ, શ્રી અશોક મહેતા તથા શ્રી પરબતભાઈ પટેલ ઉપસ્થિત રહેલ હતા.

★ આજરોજ મહિલા ઉત્કર્ષ સમિતિના કન્વીનર શ્રીમતી સુલુબેન સાથે બેસી મહિલા ઉત્કર્ષ સમિતિની વર્ષ ૨૦૧૨-૧૩ની બાકી રહેતી હરીફાઈઓ અંગે જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા. ■

## ઊડતી નજરે....

### જૂન-૨૦૧૩ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા<br>શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ. | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ............<br>જેમાંથી – | ૧૦,૫૦૬ |
| | (બ) | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ............ ૪૮૯ | |
| | (ક) | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ............ ૮૧ | |
| | (ખ) | મોતિયા - આંખનાં ઑપરેશન (સાપ્તાહિક બે દિવસ) ............ ૩ | |
| | (ગ) | સોનોગ્રાફી ............ ૮૭૪ | |
| | (ઘ) | ટી.એમ.ટી. (માત્ર ડૉક્ટર દ્વારા ભલામણથી) ............ ૬ | |
| | (ચ) | બોડી ચેક-અપ ............ ૩૫૧ | |
| | (છ) | અન્ય ............ ૮,૭૦૨ | |
| ૨. | | જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ............ ૨,૩૪૫<br>શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગની કેન્ટીનમાં લાભ લેનાર વ્યક્તિઓ ......... ૫,૯૫૪<br>શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર વ્યક્તિઓ ............ ૩૧૪<br>કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની મુલાકાત લેનાર કુલ વ્યક્તિઓ ............ ૧,૭૧૨ | ૧૦,૩૨૫ |
| ૩. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન,<br>પાલડી, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ............ ૯૫૯<br>શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ ......... ૩,૪૮૦ | ૪,૪૩૯ |
| ૪. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન,<br>ગીતા મંદિર, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ............ ૪૯૭ | ૪૯૭ |
| | | જૂન - ૨૦૧૩ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ ............ | ૨૫,૭૬૭ |

*નોંધ : અહેવાલના સમય દરમ્યાન મેડિકલ સેન્ટરમાં રીનોવેશનના કામકાજના કારણે કેટલાક વિભાગોમાં તેની કામગીરી મોકૂફ રાખવામાં આવી હતી.*

# ચાતુર્માસમાં આત્મમાંગલ્યની ઉપલબ્ધિ કરાવતા આ છે અનન્ય જૈન અધ્યાત્મ- ગ્રંથો

### લે. પંડિત સુખલાલજી

| | |
|---|---|
| જૈન ધર્મ અને દર્શન | 200 |
| સમાજ, ધર્મ અને સંસ્કૃતિ | 130 |
| પરિશીલન | 150 |
| દાર્શનિકચિંતન | 155 |
| અનેકાન્તચિંતન | 180 |

### લે. રતિલાલ દીપચંદ દેસાઈ

| | |
|---|---|
| અમૃતસમીપે | 360 |
| જિનમાર્ગનું જતન | 280 |
| જિનમાર્ગનું અનુશીલન | 300 |
| રાગ અને વિરાગ | 57 |
| ગુરુ ગૌતમસ્વામી | 56 |

### લે. પંડિત બેચરદાસ દોશી

| | |
|---|---|
| સંગિતી | 180 |

### લે. પં દલસુખ માલવણિયા

| | |
|---|---|
| માધુરી | 150 |

### લે. જયભિખ્ખુ

| | |
|---|---|
| કામવિજેતા | 190 |
| ભગવાન મહાવીર | 150 |
| ભગવાન ઋષભદેવ | 190 |
| ચક્રવર્તી ભરતદેવ | 130 |
| વીરધર્મની વાતો ભા-1-2 | 280 |

### લે. રોહિત શાહ

| | |
|---|---|
| મારા મહાવીર, તારા મહાવીર | 60 |
| અનુમોદના | 25 |

### લે. ચંદ્રહાસ ત્રિવેદી

| | |
|---|---|
| જૈન આચારમીમાંસા | 80 |
| કર્મવાદનાં રહસ્યો | 100 |

### લે. માવજી કે. સાવલા

| | |
|---|---|
| અવધૂત આનંદઘન પદલહરી | 110 |

### લે. કીર્તિદા શાહ

| | |
|---|---|
| મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની જૈનપરંપરા | 100 |







### લે. આ. પૂર્ણચંદ્રસૂરિ મહારાજ

| | |
|---|---|
| કલ્યાણભાવના | 30 |
| કલ્યાણસંદેશ | 30 |
| કલ્યાણકામના | 30 |
| કલ્યાણની કેડી | 20 |
| જૈનત્વનું જાગરણ | 20 |
| મિચ્છામિ દુક્કડમ્ | 20 |
| ગરવી ગાથા ગિરિરાજની | 50 |
| અમર ઉપા. શ્રી યશોવિજયજી ગણિવર | 40 |
| તાજો ઇતિહાસ, તાજી સુવાસ | 100 |

### લે.આચાર્ય વાત્સલ્યદીપસૂરિ મ.

| | |
|---|---|
| જૈન સજ્ઝાય અને મર્મ | 70 |
| જૈન ધર્મ | 70 |
| જૈનોપનિષદ | 65 |
| ભગવાન મહાવીરની આગમવાણી | 40 |
| અમૃતધારે વરસો ! | 150 |
| જૈન ધર્મની આગમકથાઓ | 70 |
| અમાસ અને પૂનમ | 90 |
| ત્યાગનો વૈભવ | 60 |

## ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-380001
ફોન : 22144663 ફેક્સ : 22144663

**સંસ્કાર સાહિત્યમંદિર**
5, N.B.C.C. હાઉસ, સહજાનંદ કૉલેજ પાસે, આંબાવાડી, અમદાવાદ-15
ફોન : 079-26304259

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
13, શિવરંજની સોસાયટી, અશ્વમેધ બંગલોઝના નાકે, અંડરબ્રિજ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-15. ફોન : 079-26761366

**Since 1958** **Leading. Innovating. Growing.**





Winner of Excellence Awards
CEAT 2010 & 2011
CFBP - 2011
Apollo CV - 2012

**ISO 9001 : 2008**

## V-Trans offers unmatched service edge to all its customers

### Our Divisions

**V-Trans**
Reliable Hard Freight Transport

**V-Xpress**
Timebound Multimodal Express Cargo Service

**V-Logis**
Warehousing & Inventory Management

- **Specialized in swift, safe movement of parcels from a small 10 kg parcel to bulk sundry, Full truck Loads, ODC and Projects at most cost effective rates**
- **Expertise in multi point door pickup and door delivery**
- **Next Day Delivery Service on select 25 routes and scheduled dispatches to major locations**
- **Geographical presence across India at 400 locations in 26 states - further expanding**
- **Unique V-Trans advantages: Full transit insurance, centralized Customer Service Cell with Toll Free Nos. Specialized Key Accounts Management for multi location servicing, fully computerized operations, all logistic solutions under one roof**

**Corporate Office : V-Trans (India) Limited**
5-A, Navre Apartments, S. V. Marg, Sion (West),Mumbai - 400 022. Tel: 022 - 2402 0880. Fax: 022-24043144
Email: info@vtransgroup.com Web: www.vtransgroup.com

**V-Trans Toll Free no. : 1800-220-180** **V-Xpress Toll Free no. : 1800-220-240**

*With*

*Best Compliments*

# ASHAPURA

## GROUP OF INDUSTRIES

**ASHAPURA GROUP OF INDUSTRIES**

Jeevan Udyog Building, 3rd Floor, 278, Dr. D. N. Road,

Fort, Mumbai - 400 001, INDIA.

Tel. : +91-22-6665 1700 Fax : +91-22-2207 9395 / 2207 4452

E-mail : ashapura@vsnl.com

Website : www.ashapura.com

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2012-2014 Valid upto 31st December, 2014.
Published on 1st of Every Month and Permitted to Post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978

A World Class Exterior & Interior Acrylic Paints




*You Can't Buy Better Even At Higher Price !*

INDOCEM (INDIA) PVT. LTD.
(An ISO 9001: 2000 Certified Company)

**Ahmedabad** : 27541226, 27544161, 25743401, Fax : 079-27544199, **Bangalore** : 080-26758800, 26758028, **Baroda** : 0265-2412446, 2434041, **Bhopal** : 0755-2556785, **Bhuj** : 02832-223290, 250959, **Goa** : 0832-2752582, **Hubli** : 0836-2251415, **Hyderabad** : 040-24740401, 55598874, **Mangalore** : 0824-2410320, 4252325, **Mumbai** : 022-26858636, 26858639, **Nasik** : 0253-2511247, **Pune** : 020-26110951, **Rajkot** : 0281-2222766, **Surat** : 0261-2543332,